

ઝવેરચંદ મેઘાણી



★



તૈયાર થાય છે : કનુ દેસાઈનાં

બે નવાં રંગભર્યા આલ્બમો

★

ચિત્ર લેખા

અને

પ્રણય માધુરી

★

બીજા આલ્બમો સર્વ
જાણીતા વિક્રેતાઓ વેચે છે.



Nerol's
Ringwormine

દરાજ [દાદર] ખસ, ખરજવા ઉપર નેરોલનું
લંગર છાપ રીંગવર્માઈન વાપરો
એક જ બાટલીથી દાદર જડમુળથી જાય છે.

ખરજવા ના હજારો કેસોમાં રીંગ-
વર્માઇન અકસીર પુરવાર થયું છે. દરેક ગામમાં
દવાવાળા તથા ગાંધીને ત્યાં વેચાય છે.
જથાબંધ તથા એજન્સી માટે લખો

ધી નેરોલ એજન્સી અત્તરવાળા

અમદાવાદ.

દરેક જાતના તાવ, મરોળ કમળો તથા પેટનાં
તમામ દર્દો પર

નેરોલ

એગ્યુમિશ્ચર નં. ૮૦૮

અકસીર છે. તાવની સરસ દવા તરીકે નેરોલ ૮૦૮

ગુજરાત કાઠિયાવાડના ગામેગામ આજ ૨૫ વર્ષ થયાં
વપરાય છે. દરેક જગાએ વેચાય છે.

વિલોપન

અને બીજી વાતો

લેખક

ઝવેરચંદ મેઘાણી

લોક પ્રકાશન લિમિટેડ વતી
મુદ્રક અને પ્રકાશક
ચંદ્રવદન બળવંતરાય ઠાકોર
પ્રજાબંધુ પ્રેસ, રેવડી બજાર, અમદાવાદ

વિ. સં. ૨૦૦૨
ઇ. સ. ૧૯૪૬
મૂલ્ય રૂ. ૩

'પ્રજાબંધુ' ની
૧૯૪૬ ની ભેટ

નિવેદન

અમદાવાદ સાથે મારે બાવીસ વર્ષની જૂની લેણાદેવી છે. ગુજરાત સાહિત્યસભા, ગુજરાત વર્નાક્યૂલર સોસાઇટી, કુમાર કાર્યાલય, એ પ્રત્યેક મંડળ તરફથી મારા સાહિત્ય–સંસ્કારના બીજાંકુરોને જળસિંચન તેમજ ઉષ્મા સાંપડતાં રહ્યાં છે. આ વાર્તાસંગ્રહે એક નવી સ્નેહકડી આપી છે. 'પ્રજાબંધુ' એ મારું પ્રિય સામાહિક છે. એના સંચાલકોના સ્નેહના દબાણ વગર આ સંગ્રહ કદાચ આટલો વહેલો અસ્તિત્વમાં ન આવ્યો હોત.

અમદાવાદવાસી જે સંખ્યાબંધ વ્યક્તિઓનાં નામ મારા સાહિત્યોત્કર્ષ પર અંકિત છે, તેમાંની એક, મોટે ભાગે નેપથ્યવાસી રહેલી વ્યક્તિની સ્મૃતિને આ પુસ્તકની સાથે જોડતાં મારું મન હળવું બને છે. ડૉ. હરિપ્રસાદ દેસાઈ જો ન ભેટત તો આની પહેલી વાર્તા 'વિલોપન'નો પતો ન લાગ્યો હોત. એનો કોઈ કરતાં કોઈ સ્થળે નિર્દેશ નથી. એનાં મૂળના શોધક ડૉક્ટર સાહેબ જ છે. શહેર અમદાવાદનું સંમાર્જન અને સૌંદર્યવિધાન કરતાં કરતાં એ જૂની ઘટના એમને હાથ પડી છે.

ડૉ. હરિપ્રસાદ, વાતડાહ્યા પુરુષોની વહી જતી પેઢીના એક વિરલા પ્રતિનિધિ છે. ઘેરે, દવાખાને કે સાઇકલ પર રસ્તામાં, જ્યાં ભેટી જાય ત્યાં, માણસ જેટલા નિખાલસ તોરથી પોતાના આપ્તજનની પાસે ઝીણાં મોટાં અંગત કૌટુમ્બિક સુખદુઃખની વાતો

કરે, તેટલા જ પૂરા તોરથી ને લાગણી સાથે ડૉ. હરિપ્રસાદ ગુજરાત—અમદાવાદનાં શિલ્પ સ્થાપત્યની, જૂના ઈતિહાસની, જનકથાઓની, નિત્યનવરસવતી વાતો કરે, કરતાં થાકે નહિ. પ્રત્યેક વાતનું મધ્યબિન્દુ હોય માનવીનું માંગલ્ય.

એવા એક મેળાપમાં એમણે અમદાવાદની મોચીની વાડીના મંદિરના કોઈ પૂજારીની, પૂજારીએ પોતે વટલીને પણ મંદિરને મુસ્લિમ ધ્વંસમાંથી બચાવ્યાની, અને મરતાં મરતાં એ મંદિર-દ્વારે પોતાની કબર થાય એવી ઇચ્છા કર્યાની, એમને સંજવારીમાં જડેલા મોતી સમી લોકકથા કહી. ને એમણે જોયું હશે કે પોતે એ પ્રસંગથી મારું મર્મસ્થલ સર કર્યું છે. એટલે તો પછી એ મને છોડે શાના ! એક દિવસ સૂર્યાસ્ત થઈ પણ ગયો હતો. ઉપાડ્યો મને મોચીની વાડીની મુલાકાતે, જમાલપુરની પાછલી મેર. વાડી જડે નહિ: અમદાવાદના પોતે તસુ યે તસુ ભોમિયા, પણ અમદાવાદ પોતે જ ઉપર તળે થઈ ગયેલું: મીલમજૂરોના ગંદકીભર્યાં વસવાટોએ કદરૂપ ને કઢંગો બનાવેલો એ પ્રદેશ: પૂછી પૂછી, રઝળી રઝળી ભાળ મેળવતાં રાત પડી ગઈ, છેવટે પહોંચ્યા, મને દેરું બતાવ્યું. મીલનાં ગંદાં પાણીને લઈ જતું માણેક નદીનું વહેન બતાવ્યું, કબરો બતાવી, કબર પર નવી ફરસબંદી, 'ચિતારા હિન્દુ હરદાસ અને એના પરિવારની સમાધ' એવો નવો લેખ સાઇકલનો દીવો ધરીને વંચાવ્યો. પણ 'ચિતારા' શબ્દથી પોતે મુંઝાયા; પૂજારી તો નો'ય એ! માંડ્યું ચાંલ્લાઓળમાં ભટકવા, ન્યાતના નાના મોટા વૃદ્ધો જે કોઈ મળ્યા તેની જોડે વાતો કરી, 'ચિતારા' શબ્દની સાર્થતા પકડી, (મોચીઓમાં ચિતરકામ કરનારો એક વર્ગ હતો) એ પૂછપરછમાંથી નવા પ્રસંગો પકડ્યા, મને ફરી તેડાવ્યો, ચાંલ્લાઓળમાં હાટડે હાટડે તેમજ ઘરોમાં લઈ ગયા, કસબો બતાવ્યા, ફરી પાછા મોચીની વાડીએ લઈ જઈ દિવસના ઉજાસમાં એ દેરાનો ને એ કબરોનો પરિચય કરાવ્યો, વર્ષો પૂર્વે પોતે જોયેલી ત્યારની એ

જગ્યાની રમણીયતાનાં સ્મરણો કર્યાં. પછી અમદાવાદ પ્રથમ વસ્યું તે વેળાની એની નગરરચનાનો નકશો દોરી બતાવી, મને ફેરવી સ્થળે સ્થળનો પ્રત્યક્ષ પરિચય આપ્યો, અસલના સુલતાનોનાં નિવાસસ્થાન ચાંદાસૂરજના મહેલની અંદર, તેના અત્યારના નિવાસી માલિક એક પારસી સર્જનના સૌજન્યથી મને લઈ ગયા. એમ મૂળ વાર્તાનો કાચો માલ પૂરો પાડ્યો અને તત્કાલીન વાતાવરણ બાંધી આપ્યું. 'સદુબા'ની કિલ્લી વાર્તાનું શ્રેય પણ એ જ પ્રમાણે એમને ફાળે જાય છે. મને શાહપુરમાં ભાટવાડે લઈ ગયા, દેરી બતાવી, તત્કાલીન મરાઠા અમલની અધોગતિનો પરિચય આપ્યો, અને પછી પાંચ–છ જાણકાર બારોટ ભાઈઓનો મેળાપ કરાવી તેમનામાં પેઢાનપેઢી ચાલતી આવેલી સદુમાતાની કથા કહેવરાવી. આમ કાચો માલ ડૉ. હરિપ્રસાદે સંપડાવ્યો, કસબ મેં કર્યો, તથાપિ એમણે જો પોતાની લાગણીએ અને કલ્પનાએ સમૃદ્ધ એવી પટભૂમિકા ન બાંધી આપી હોત, મારી દિવેટને એમણે પોતાને દીવડે પ્રકટાવી ન દીધી હોત, તો હું આ જનકથાઓને કોણ જાણે ક્યારે કલાદેહ આપી શક્યો હોત.

વિલોપન અને સદુબા, એ બે વાર્તાઓની વચ્ચે પૂરેલી સર્વ સ્વકલ્પિત વાર્તાઓ ('મેં તમારો વેશ પહેર્યો' એ સિવાય)નાં મૂળ વાસ્તવ–ભૂમિની અંદર બાઝેલાં છે. અર્વાચીન ગુજરાતી સામાજિક, સાંસારિક ને આર્થિક જીવનની માટી ઉપરતળે થઈ રહી છે. કૈં કૈં નાની મોટી ઘટનાઓ આપણી આંખો સામે ને ઉંબર પાસે બની રહી છે. એમાંથી ત્રાગ પકડીને કરેલું કંતામણ અને વણાટ જો સાધારણી-કરણના સર્જન–નિયમને સંતોષી શકશે તો જ સાર્થક ઠરશે.

આમાંનાં પોણોસોએક પાનાં રોકતાં લખાણો સામયિકોમાં એક વાર દેખા દઈ ગયાં છે. બાકીનાં બધાં પ્રથમવાર પ્રસિદ્ધિને પામે છે. 'ભલે ગાડી મોડી થઈ' એનો ઉત્તરાર્ધ બધો નવો

ક્રમ

				પૃષ્ઠ
૧.	વિલોપન	....	....	૧—૫૩
૨.	ચમનની વહુ	....	....	૫૪—૬૪
૩.	‘ અભિમાની ’	....	....	૬૫—૭૬
૪.	ચાંદી	....	....	૭૭—૯૦
૫.	‘ મારો બાલુભાઈ ’		....	૯૧–૧૦૫
૬.	પદભ્રષ્ટ	....	....	૧૦૬–૧૨૧
૭.	અલ્લામિ[illegible]ી ટાંક		....	૧૨૨–૧૪૦
૮.	મેં તમારો વેશ પહેર્યો		....	૧૪૧–૧૪૫
૯.	ભલે ગાડી મોડી થઇ		....	૧૪૬–૧૭૦
૧૦.	ઘૂંસાલાલ હૂંઠો	....	....	૧૭૧–૧૭૯
૧૧.	દેવનો પૂજારી	....	....	૧૮૦–૧૮૮
૧૨.	કડેડાટ	....	....	૧૮૯–૨૦૩
૧૩.	મારો વાંક નથી	....	....	૨૦૪–૨૨૭
૧૪.	જાત્રા	....	....	૨૨૮–૨૩૮
૧૫.	સહુબા	....	....	૨૩૯—૨૬૪

વિલોપન

: ૧ :

અમદાવાદ શહેરનાં ચોકચૌટાં આઠે પહોર ઉદ્યમે ગાજી રહેતાં. પણ ચાંલ્લાઓળ નામે ઓળખાતી અલબેલી બજારની તોલે અમદાવાદનું એકેય ચૌટું આવે નહિ. એમાં આ વર્ષ તો હિંદુઓનું નવરાતર અને મુસલમાનોનું મોહરમ એ બન્ને પર્વો નજીક નજીક આવતાં હતાં. માતાજીની માંડવીઓ અને તાબૂતો તૈયાર કરવામાં લત્ત લત્તો નડામાર ચલાવતો હતો. દુકાને દુકાને સોનેરી રૂપેરી અને લાલ લીલા પિરોજી રંગનાં પાનાં બની રહ્યાં હતાં. ચૌટે ચૌટે ભવાઈ થવાની હતી. વેશ કાઢવા માટે પણ મોડ મુગટ ઝીક સતારા મઢવતા. ભવાયાનાં પેડાંના નાયકો બેસી ગયા હતા. આ સર્વ શણગારની કળાવિધાયક આખી કોમ મોચીઓની હતી. નીચે તેઓનાં હાટ હતાં, ને હાટ ઉપરના મેડા એ તેમનાં પ્રત્યેકનાં ઘર હતાં. દેવો, માનવીઓ અને પશુઓનાં તેઓ શણગારનારાં હતાં. કોઈ કોઈ દુકાને ઘોડા લઈને યોદ્ધાઓ બેઠા બેઠા જીનગરો પાસેથી ઘોડાનાં જીન કઢાવી કઢાવી પોતાના પશુને બંધબેસતા રંગ નિહાળતા હતા. કોઈ કોઈ હાટડે જોદ્ધાઓ ઢાલગર પાસેથી ઢાલો કઢાવી પોતાની પીઠ પર માપી જોતા હતા. એક દુકાને એક બાઈ દેવનાં

નેત્રોની ભરેલ દાબડીઓ, રખે એ આંખોને ઈજા થાય તેવી જાળવણુ રાખીને નીચે ગાદી ઉપર ઠાલવતી હતી અને તેમાંથી પાર્શ્વનાથની નવી પ્રતિમાને શોભે તેવાં બે નેત્રો વીણતા શ્રાવકનાં રૂપાં દેરાંવાળાં બેઠા હતા.

આ ચાંલ્લાઓળની એક નાની એવી દુકાનના ઊંડેરા ખૂણામાં દેવીની સ્થાપના સન્મુખ ઘીના ચાર દીવા પિત્તળની ચોખંડી દીવીમાંથી ધીરો, ઠંડો પ્રકાશ પાથરતા હતા અને તે પ્રકાશમાં બેઠો બેઠો એક પચ્ચીસેક વર્ષનો જુવાન એક ચોકઠા પર જડેલ આછા પીળા પટ ઉપર પીંછી વતી રેખાઓ દોરતો હતો.

હજારમાં એકાદ જ જોડી જડે એવી સ્વપ્નઘેરી એની આંખો હતી. એની આંગળીનાં ટેરવાંમાંથી ગુલાબી રંગની ઝાંય એ ચિતરકામના પટ પર પડતી હતી. એના કપાળમાં દેવી અઙ્કુચરાના ચારે દીવા પોતાનું પ્રતિબિમ્બ નિહાળતા હોય એમ લાગતું હતું.

'જો ભાઈ હરદાસ!' દુકાનમાં ભીંતને થડ એક તકિયે અઢેલીને પડેલો એક જીર્ણ દેહવાળો ડોસો મિચેલી આંખે બોલી ઊઠ્યો: 'પ્રથમ પહેલું માનસરોવરનું ધ્યાન ધરવું. એમાં નહાઈને રાજકુંવરી જેમ મરદ બની ગઈ હતી, તેમ એની કલ્પનામાં સ્નાન કરનાર ચિતારાની પીંછી પુરુષાતન પ્રાપ્ત કરે છે. એકલી આંગળાંની કરામત નકામી છે. મારી મા ત્રુડવી જોઈએ. કલ્પાય છે મા બૌચરાંનું માનસરોવર?'

'હા બાપુ, નિર્મળાં જળ ઊપસે છે હવે તો.' કહેતો એ હરદાસ નામનો જુવાન પોતાના ચિતરામણમાં તળાવના આરા બાંધીને એમાં નીલાં નીર પૂરવા લાગ્યો. ડોસાએ આગળ કહેવા માંડ્યું:

'ને પછી માનો કૂકડો આલેખ. સાંજરૂને બરાબર ઘૂંટજે હો કે! માનો કૂકડો મોળો ન થાય તે જોજે. મોગરાનાં ફૂલ જેવો સફેદ કરીને પૂંછડીએ જાંબુડિયાં બે પિચ્છ કાઢવાં. મા અંબાજીનો

જેવો વાઘ, તેવો જ બંકો કરજે આપણી બૌચરીનો કૂકડો. પણ ચિતારાની ખરી ખૂબી તો કૂકડાની માંજરમાં જ પ્રગટવી જોઈએ હો હરદાસ! આ મારી કંઈ સવારીના વાહનની જેવી તેવી શોખીન છે બેટા? આ વાઘેશ્વરી એના સિંહ પર શું ચડશે! એવી આ બૌચરી કૂકડે રાંગ વાળે છે. શો બંકો એની ડોકનો મરોડ! શી એની કલગીની છટા! માંજર તો જાણે કંકુડાં ઢોળતી હોયની!— આલેખ્યું?'

'હા બાપુ.' યુવાને પોતે દોરેલો હતો તે આકૃતિ પરથી આંખોનું ત્રાટક જરાકે ડગમગવા દીધા વગર જ જવાબ વાળ્યો. 'હવે તો પીંછીને મારે ચલાવવી નથી પડતી. એની મેળે મેળે જ ચાલે છે.'

'એની મેળે ચાલે છે!' વૃદ્ધનું ખોળિયું તકિયા પરથી ઊંચું થઈ ગયું. 'બસ ત્યારે. મા મારી પ્રસન્ન થઈ ગઈ. બસ હવે જ તને અધિકાર છે, માની મૂર્તિ ચીતરવાનો. ચીતરવા લાગ બેટા, પ્રથમ પહેલાં ચરણો કર માનાં, ચરણોની રજ લઈને પછી ઊંચે ઊંચે ચડતો જા. ચરણો કર્યાં ને? હાં, તો હવે ચરણો શણગાર. માને પગે નૂપુર ઝાંઝર સોહે. રણે ચડે તોય મા પગે અડવી ના રહે, ધરતીનાં ધીંગાં પડને માડી રણઝણ રણઝણ ઝાંઝરે ઝણકાવતી જાય હો હરદાસ! માનો તો સંગ્રામ પણ રમણલીલા શો હોવો જોઈએ. ને પછી કછોટો વળાવ માને—ચુંદડીનો કછોટો ભીડવજે. પછી માની છાતી—દૂધેભરી, વજ્જે મઢી, વાત્સલ્યે ને વીરત્વે છલકાતી માની છાતી—ગળે એકાવળ હાર,—મુખડું માનું કરુણાર્દ્ર, ને કઠોર, ભીકું અને ભયાનક,—એ બે રસની મેળવણી કરી જાણી તેં?—'

'બાપુ, મારે કરવું નથી પડતું. મા જ કરાવી રહી છે'. જુવાન હરદાસનો કંઠ હવે તો તદ્દન બદલી ગયો હતો. એનાં નેત્રો પર પોપચાં ઢળી પડ્યાં હતાં. એની પીંછીને જ આંખો ઊગી હતી. વૃદ્ધ બોલે જ જતો હતો:

'કડે ઢળકતી કેશવાળી માને—કાને કનકનાં કુંડળ માને—હસતા હોઠ માને—નમણું નાક—નાકે નથડી—શુભ લલાટ, સિંદૂરભર્યો સેંથો, શિર પર મુગટ—અને હવે આલેખ બાહુ. હાથમાં ખળકતો ચૂડો દે, પહોળાં પાનાનું ચમકતું ખડ્ગ દે, ખપ્પર દે, ફૂલહાર દે, મરદાઈનો કુંભ દે, હરદાસ! આ તો પૌરુષદાત્રી છે. તેત્રીસ કરોડ દેવતામાં પુરુષાતણનો કુંભ તો એક આપણી ચુંવાળવાળીને હાથ જ છે. માટે હવે આલેખ એણે જેને પુરુષાતણ દીધાં તે ત્રણ જણાંને.'

હવે તો હરદાસે બાપના બોલ્યા કે સૂચવ્યા વગર જ આલેખવા માંડ્યું. સરોવરને એક કાંઠે કૂકડાની અસવાર મા બૌચરી ઊભી છે, ને સામે કાંઠે તળાવમાં તાજાં નહાઈને નીતરતા દેહે ત્રણ જણાં માની સામે મીટ ધારીને ઊભાં છે—અર્ધાં તો જળમાં જ ઊભાં છે હજુ. એક કૂતરો છે, એક ઘોડો છે ને એક જુવાન છે. ત્રણે જણાંનાં મોં પર આશ્ચર્ય, આનંદ અને નવીન તનમનાટ અંકાયો છે. ત્રણેનાં શરીર પર નવો રોમાંચ ઊઠ્યો છે. ઘોડો પુચ્છનો ઝુંડો ઊંચો ફરકાવતો હણહણતો દેખાય છે. અસવાર પોતાના હાથ પહોળા કરીને નવા પુરુષાતનના સાદ સાંભળતો ઊભો છે. આવું ચિત્ર ઊપસી આવતું હતું ત્યારે જુવાન ચિતારાનો બુઢ્ઢો બાપ પડ્યો પડ્યો એ આખી કથા બોલતો હતો—

'પાટણવાડાના ચાવડા રાજની કુંવરી બેટા, ને કાલર દેશના સોલંકીની કુંવરી. બેઉ હજુ તો માના ઓદરમાં હતાં તે ટાણે માવતરે કોલ દીધા હતા સામસામા, કે એકને કુંવર ને બીજાને કુંવરી આવશે તો પરણાવશું. પછી તો બેઉને ઘેર બાળી જન્મ્યાં. ચાવડાએ કહાવ્યું કે 'મારે ઘેર કુંવરી અવતરી છે, હે સોલંકીરાજ! તમારે ઘેર શું જન્મ્યું તે જલદી જણાવો.'—સોલંકી જવાબ વાળે છે કે 'મારે ઘેર પાઘડિયાળો પુતર આવ્યો છે. આપણે બોલે બંધાયા છીએ તે મુજબ વિવાહ કબૂલ છે.' બેઉ છોકરાં મોટાં થયાં. પરણાવ્યાં બેઉને. ચાવડાની કુંવરી કોડભરી સાસરે આવી, ને પહેલી જ

રાતે શયનની ફૂલસેજલડીમાં એણે સોલંકીના કુંવરમાં માવતરનું કૂડ દીઠું. એ પુરુષ નહોતો, એ તો હતી પોતાના સરીખી જ નારી. આંસુડાં પાડીને ચાવડી કુંવરી પાછી પિયર ગઈ, માવતરને કળાવા ન દીધું પણ વહેમ તો પડે જ ને બેટા! લખી મોકલ્યું સોલંકીને કે જમાઈ જાતે આવીને તેડી જાય તો જ હવે તો વળાવશું દીકરીને. સોલંકીની દીકરી મરદના પોશાક પહેરી, ઢાલતરવાર બાંધી, ભમ્મર ભાલો હાથમાં લેઈ, ઘોડી પર ચડી પાટણ પહોંચી. સાસુએ જમાઈનું પારખું લેવા માટે ત્રાંબાકુંડી મૂકાને કહ્યું, ઊઠો રાજ, નહાવણું કરવા. એ કહેણમાં સોલંકીની કુંવરીનું મોત હતું. વસ્તર ઉતારે તેટલી જ વાર હતી. અસતરીનાં જોબન અછતાં રહે કેમ બેટા? પણ આ મારી એને છાબડે આવી બેઠાં. નહાવા માટે પોશાક ઉતારવા પંડ તે પૂર્વે તો કાળી ચીસો પડી પાધરમાંથી, કે ધાજો રે ધાજો રજપૂતડા, કાઠીઓ આપણાં ગૌધણ વાળી જાય છે, ક્ષત્રીનો બેટો હોય તે વહારે ધાજો. સાંભળતાં જ સોલંકીની દીકરીએ અંગરખાની કસ છોડેલ તે ફરી બાંધી વાળી, હથિયાર પડિયાર પાછાં સજ્યાં, ભમ્મર ભાલે ઘોડીએ પલાણી, ભૂમરાણની દિશામાં ઘોડી દોટાવી મેલી. લૂંટારાને સીમાડે જઈ હાકોટે સાવધ કર્યા. કોઈ તેજનો ગોળો આવે છે દેખી, હોશકોશ હારી કાઠીઓ નાઠા, ગૌધણ વાળ્યું, પણ ઘોડાની અસવાર થંભીને ઊભી રહી. અરેરે, હવે પાછી હું શું મોં લઈને જાઉં! મારાં શૂરાતન શા કામનાં? મેં તો ચાવડાની દીકરીનો જનમારો બાળ્યો. તે હવે હું નાવણ કેમ કરીશ? આ કાયાની એબ ઉઘાડી પડશે. અહીં જ મરું? કે નાસી જાઉં? જગતને સીમાડે ઊતરી જાઉં? કોઈ ડુંગરાની ખીણ કે ખાપમાં દેહને ફગાવી દઈ ધરતીના ખોળામાં ખપી જાઉં? શું કરું હે જગદમ્બા!

'એ વખતે હે બાઈ! જગદ્ધાત્રીએ એની ધા સુણી. એણે એક કૌતક દીઠું. પાસે એક પાણીનો ધરો છે. એક કૂતરી ત્યાં આવેલી તે તાપે અકળાઈ ગઈ છે, ધરામાં પડે છે, પાણીમાં ખંખોળિયું

ન્હાઈને બહાર નીકળે છે, તે કુંવરી કૌતક ભાળે છે. શું કૌતક? કે આ કૂતરી હતી ને કૂતરો કાં બની ગઈ! કે પછી શું મારો અભાગી જીવડો જ આ ચીથરાં ફાડે છે? અરે લેને જોઉં, આ ઘોડીને તો નવરાવું! ઘોડીને નાખે છે ધરામાં. ઘોડી બહાર આવે છે નહાઈને, અને ઘોડો બની ગઈ હોય છે; પછી તો પોતે ઝંપલાવે છે જળમાં, ને કાયા એની પલટી જાય છે. પાણી અડકયાં ને નારી મરદાઈમાં આવી ગઈ. પોકાર: પાડી ઊઠે છે, બોલાવે છે નિર્જનતામાં, અરે હે જગવિધાતા! કોણ છો તમે? આ પુરુષાતણ કોણે મારે રોમે રોમે રેડી આપ્યું? કોણે મારાં કાજ સધાર્યાં? પ્રત્યક્ષ થાઓ! નજરે થાઓ! હવે અદીસતાં ન રહો! ને બેટા, સોળ વરસની સુંદરી મા મારી બૌચરી ત્યાં પ્રકટ થયાં. રાંગમાં માંજરવંતો કૂકડો રમે છે! અકળ છે આ મનખા-પદારથ; ગેબી છે આ જગત; એનાં રહસ્યોમાં રમણ કરે છે મા મારી. જૂજવાં છે એનાં રૂપ. એને મળી હતી મા એ રૂપે, બીજાને ત્રૂઠી હશે બીજે ત્રીજે રૂપે, પણ આ રૂપ તો આપણે ભાગે આવ્યાં, આપણા દેશનો જુવાન રૂપનું વરદાન પામ્યો—કેવું વિરલ વરદાન! એને હતું તે દુ:ખની તોલે અન્ય કયું દુ:ખ આવી શકે? માટે જ આપણે પૂજીએ છીએ પુરુષાતણની દેનારીને, તારી ઉપાસના આજ સફળ થઈ બાપ! તેં માને ચીતરી. હે મા! કૈંક માનવ-શરીરો આ જુગમાં નથી પુરુષ હોતાં તેમ નથી હોતાં અસ્ત્રી. બેયની વચ્ચે ગોથાં ખાય છે. હૈયામાં એને હરહંમેશ શારડી ફરે છે, જગતની ઠઠ્ઠાને, હાંસીને ને ધિક્કારને એ પામે છે. જેમનની એને જાણ નહિ, એબ ઉઘાડી પાડી ન શકે, દોષ એનો એકે નહિ તો પણ મહાપરાધીની માફક નીચા મૂંડીએ જીવવું: મર્યા કરતાં ય વધુ નપાવટ જીવતર: એ આખી માનવ જાતને આશ્વાસન એક આપણી માનાં જ છે. સૌએ તરછોડેલાંને માએ પોતાનાં કર્યાં છે. કોઈ ન કળે એવી મનવેદનાને માડીએ પ્રેમ કરી પંપાળી છે—ને મા જાણે કે ઠપકો દઈ રહી છે કે હે મૂંઝાતા મરદો! ગર્વ શા

કરો છો? કૂલ્યા શું ફરો છો! જોબનનો કૂંપો કેટલા દી' જાળવી શકશો? નરમાઈ રાખો, પતરાજી છોડો, નારીના અવતારની અવગણના ન કરો. તમમાં ય ક્યાં નર્યાં પુરુષાતણુ જ ભર્યાં છે? અરે અંતરને અંધારે ખૂણે નારી તો તમ સર્વમાં બેઠી છે. માટે એને ય કોઈક દન રમવા દ્યો. એમ કહીને જ માએ માગી લીધું છે, કે મરદ હોય તેણે પણ મારી આગળ વરસમાં એકવાર આવીને નારીવેશ ભજવવા. આ રીતે, ગુમાન ઉતારે છે મા અને મૂછો આમળનારાઓયે નવરાતરની એકાદ રાતે એના મુજરા લ્યે છે. હે ભાઈ! મૂછોના ગરવ નો'ય માના દાસને સંકોમળ તત્ત્વની સેવા કંઈ મરદાઈને મારી નથી નાખતી. છેલ્લાં બળિદાન તો ફૂલની કળી સમા જ કૂંણા કલેજાવાળા આપી શકશે. માનો ચૂડો તેં પહેર્યો છે હરદાસ, તેનો મરમ સમજજે. કસોટીના તો કારમા કાળ આવનારા છે હજુ. હું એ જોવા જીવતો નહિ હોઉં, ત્યારે એ જોવું ય રહેશે ને ચૂડાનાં મૂલ્ય ચૂકવવાની પણ વેળા આવશે. તારાં ગરદ ઉજળાં રહે! માનાં ઘરના જતન કાજે મનખ્યા દેહ ભલે ખપો. આખો જનમારો ચીતરજે ભાઈ, મંગળ ચીતરજે, સુંદરને ઉતારજે. માનાં આનાંની લાજ સાચવજે. મારે તો આયુષ્ય ઉજળાં થયાં. આપણા રામના તો આટા ફળ્યા અવનિમાં. હવે તો હું મેડે જ શોધ્યા બાપુ! ને મેડે જ મરીશ. હાટ તારે એકલને જ રહ્યું.

એમ કહીને બાપ બોલતો બંધ થઈ ગયો. એની આંધળી આંખોમાંથી નીરધારા ચાલી રહી હતી.

આખી ચાંલ્લાઓળના કસબી નરનારીઓ એ દુકાને ગરબા જોવામાં તો જમા થઈ ગયાં. જાણ પડી કે હરદાસને મા બહુચરી પ્રસન્ન થયાં છે, હરદાસે માનાં અલૌકિક રૂપ ધરતી પર ઉતાર્યાં છે. માએ એની સામે સાક્ષાત બિરાજીને પોતાનું રૂપ આલેખ્યું છે. વાહ માનાં રૂપ! જેવી એના બાપને હાજરાહજૂર હતી તેવી સવાઈ મા બેટાને ત્રૂઠી.

'તપ કાંઈ થોડાં તપ્યો છે હરદાસ!' નરનારીઓમાં વાતો ચાલી. 'રસણિયાની ને ઠાસગરો જીનગરોની છોકરીઓ એની પાછળ ભમતી હતી પણ ઊંચી નજર કરી નથી. રાજા બાદશા તેડાવતા હતા છબીઓ ચીતરવા, માગ્યાં દામ દેતા હતા, પણ કહે કે પહેલાં તો આલેખીશ દેવતાને, તે પછી જ માંડીશ માનવીનાં મોરાં. આકાશે તાકીને કેટલાં જાગરણ કર્યાં છે બાઈ! મસાણે બેસીને કાળી રાતોમાં માનું ધ્યાન ધર્યું છે. પહાડો ભમીને વનસ્પતિના રંગો ખોળ્યા છે હરદાસે. ભલે ફળ્યાં માડી! સપાત્રે ત્રૂઠ્યાં છો.'

'હવે તો,' એક બુઢ્ઢીએ કહ્યું: 'માનું એક થાનક અહીં—'

'છાનાં મરો ડગરાં રે! મૂંગાં મરી રહો.' બીજી એક ડોશીને વારી; 'પાતછાનાં રાજ છે એ તો વિચારો! દેરાં તોડશે કે બાંધવા દેશે? એક શ્રાવકોનું ચિંતામણ ને બીજું માણેકનાથનું, બે વતરેક ત્રીજું દીઠું કોઈ દેરું? તોડશે કે બાંધવા દેશે મારી બે!!

'તોડશે—ભૂંડાં હશે તેને.' ડોશીએ દૂબળા હાથને લાંબે લહેકે જીભ ચલાવી; 'સાચાંને કોણ તોડી શકતું બે! ને અહીં આવ્યે આપણી ન્યાતને કેટલી સાલ વીતી તે તો સંભારો. પાટણવાડું મેલ્યું તે દનથી દીવે જ પગે લાગતાં બેઠાં છીએ. બાળમોવાળા, છેડાછેડી, નિવેદ, માનતા, સઘળું કરવા સારુ છેક પાટણવાડે ધક્કા ખાવા પડે! પાતછા પોતે તો સઘળી વસ્તીને નવી નગરી વસવવા તેડી લાવ્યો છે. આપણા ધરમ નીમ ને નાતજાત રક્ષવાના બોલકોલ દઈને તો તેડાવ્યાં છે!'

'પણ દેરાં દેરી ન બાંધવાની શરતે તો!' કોઈક બોલ્યું.

'હવે પાતછા પાતછા શું કરો છો?' બીજીએ કેડે બાળક વળગાડેલું તેને લબડતું રાખીને પણ એક હાથ ઊછાળીને કહ્યું: 'ત્રણ પેઢીનો પાતછા—તે અગઉનો તો હિંદુ રતો! ટાંકનો ક્ષત્રી. વૈરી રજપુતાણી, હિંદુ દેવસ્તાનાંને હાથ અડકાડે? અડકાડે એ તો સતપરવા

વહોણુંને, પૂજારાનાં દૈવત ગયાં તેથી રતો મારી બે! હરદાસને મા હાજરાહજૂર હશે તો જોઈ શું હવે. બાકી છેક ચુંવાળ જેટલે લાંબાં થવાતું નથી હવે તો. અક્કેક પેઢી ગઈ દેવસ્થાનાં વન્યા. ખમ્મા તને બેટા હરદાસ, માની રખ્યા તને.' એમ કહી એણે જુવાન ચિતારાને ઓવારણાં લીધાં. બીજી સર્વે પણ ઓવારણે લળી લળીને ચાલી. દેવીના નવા ચિતરની સામે ચાંલ્લાઓળને ઘેરેઘેરથી પાણીભર્યાં શ્રીફળનો ઢગલો થયો.

સૌના ચાલ્યા ગયા પછી એક સોળેક વર્ષની છોકરી ત્યાં આવી અને હાટને પગથિયે પગ દીધા વિના સીધો ધમકારો કરતી ઉપર ચઢી.

હરદાસ એને ઓળખતો હતો. પેલી નેત્રોવાળીની દીકરી રળિયાત હતી. કેટલી બધી મદમાતી છોકરી! રોજ રૂવાબ છાંટતી સામે મેડે ચડતી ઊતરતી. ભર્યાં ભર્યાં કટોરા જેવાં લોચન. એની સામે મીટ માંડવાનું પણ હરદાસને ગમતું નહિ. મદોન્મત્ત માનિનીઓનો એને કંટાળો હતો. મનમાં થતું, આ રળી આવડી છકી તે શી પડી છે!

પણ જે પલે છકેલી રળિયાત હાટ પર ચઢીને માતાના ચિત્ર સામે ઊભી રહી, તે એક જ પલમાં એનો મદભાવ એના મુખ પરથી ગળવા લાગ્યો હોય તેવું દેખાયું. ચિત્રની સામે એ આપોઆપ લળી પડી. ગાંભીર્યની રેખા ને રંગો મોં પર ઊપસી આવ્યા. એનાં નેત્રોમાં માતાનો દીવો દીપ્તિ આંજતો હતો.

અદબ રાખીને એ પાછી વળી ગઈ ત્યારે હરદાસ એની પીઠ અને પગલાં પણ જોતો રહ્યો. નેત્રોવાળી મોચણની છોકરી રળિયાત જાણે નવો જન્મ પામી હતી.

'સાચી વાત—' એનું હૃદય કહેવા લાગ્યું; 'હમણાં પેલી બાઈઓ જે વાત કહી ગઈ તે સાચી લાગે છે. એકાદ દેરું તો

જોઈએ, કે જ્યાં ઊભાં રહેતાં બે પાંચ પળ માટે પણ જોબનના મદ ગળી જાય. એક દેરું નથી, તો આ મારી ન્યાતનાં જનોને ઘણું ઘણું નથી. કોઈ બેસવા ઠેકાણું નથી. કોઈ ગર્વ ગળવાની જગ્યા નથી. શા તોરમાં છકેલાં ફરે છે આ બધાં !'

'એકાદ દેવસ્થાનું જોઈએ......'

એટલું વિચારીને એ વિમાસી રહ્યો હતો. એક જાહેર દેરી ચણવાની પણ આ મુસ્લિમ નગરીમાં રજા નહોતી. મરદ મોટા માજનને ય નહોતી ત્યાં બાપડા મોચીઓની શી ગુંજાશ!

માણેક નદીનો નિર્મળ આરો, પંખીના કલશોરે ગાજતી એક નાની વનરાજિ, તેની વચ્ચે એક–એક જ બસ દેરું, દેરામાં મા બૌચરાની જગજ્જનની–મૂર્તિ, એ મૂર્તિની કને હું બેઠો રહું, દીવે તેલ પૂરતો બેઠો રહું, ને ત્યાં દર્શને આવતી માનિનીઓના મદ–નિતાર દેખી દેખી આનંદ પામું......

હરદાસની આંખોને એ એક જ ઉત્કંઠા ઘેરી રહી. પણ હરદાસ જાણતો હતો.

એ અશક્ય વાત હતી.

ઘડીવાર પછી આખી પોળમાં નીરવ શાંતિને ખોળે હાટડે હાટડે મહોરમનાં તાબૂતો માટે, માતાની માંડવીઓ માટે અને કેટલીક પોળોમાં છૂપે ભોંયરે સંઘરવામાં આવેલી જિન દેવપ્રતિમાઓની આંગીઓ માટે શણગારશિલ્પ બનવા લાગ્યાં. યોદ્ધાઓ ચમકતા ફૂબાવાળી નકસીદાર ઢાલો વોરી વોરીને જતા આવતા થયા, ને ખાંચાળી, પંચકલ્યાણી તેમજ આરબી અશ્વો, મોંથી લઈ માણેકલટ લગીના, તેમજ ગરદનથી માંડી પીઠના બાજઠ સુધીના સોનેરી રૂપેરી સાજે શણગારાઈ, દશેરાની સવારી માટે દૂર દૂર દેશાવરે ચાલ્યા જવા લાગ્યા.

: ૨ :

અમદાવાદની ચાંલ્લાઓળ આ રીતે ગુજરાતનાં દેવતાઓને, માનવીઓને અને પ્રાણીઓને લાડે કોડે આભરણો સજાવતી હતી. રસીલાં રાજનગરજનોનું આ ચાંલ્લાઓળ એક લાડકવાયું સ્થાન હતું. નવલી નગરી હજી તો બંધાતી આવે છે. જોબન એનું કળીએ કળીએ ઊઘડતું જાય છે. ચાંપાનેર અને પાટણનો ત્યાગ કરીને આ રોનકદાર પુરીની શોભામણી કમાણીની સુગંધે સુગંધે શિલ્પીઓ ને કારીગરો, વૈસ્યો અને મજૂરો ઉચાળા ભરી ભરી ચાલ્યા આવે છે. ચાંલ્લાઓળની કસબી મોચી ન્યાત હજુ તાજી જ આવી વસી છે. સાચી વાત હતી એ ડોશીની, કે અહીં હજુ એમની ઇષ્ટદેવી બહુચરાજીનું એક પણ થાનક બંધાયું ન હોઇ માનતા જાત્રા જુવારવા માટે છેક ચુંવાળને વડે થાનકે જવામાં પાર વગરની વપત્ય પડે છે. અમદાવાદ શહેરનાં તોરણ બાંધનાર મુસલમાન પાદશાહ નવાં દેરાં ચણવા દેતો નથી. કર્ણાવતી અને આશાવલ નગરીના કાળનાં, કોઇ કોઈ જંગલમાં ઊભેલાં જૂનાં દેવાલયો પણ પડે છે તે પછી તેનો યે જીર્ણોદ્ધાર કરવાની રજા મળતી નથી. પડેલાં મંદિરોની મૂર્તિઓને માટે ધીરે ધીરે પોળોની અંદર પૃથ્વીનાં પેટાળમાં ગુપ્ત થાનકો કરવાં પડે છે. છતાં હિંદુ ને મુસ્લિમ ઉત્સવો પૂરબહારમાં અને પડખોપડખ ચાલુ છે. દર નવરાત્રમાં મા બહુચરની માંડવી મુકાય છે, દીવા ચેતવાય છે, બાઇઓ ગરબે રમે છે ને પુરુષો માની પાસે વેશ કાઢી ભવાઈ ખેલે છે.

જુમામસ્જિદના મિનારા પરથી સાંજની અઝાનના સૂર ઓઘારાંમાં સમાઈ ગયા અને નમાજમાં ઝૂકેલા લગભગ જનો એ આલેશાન ચોગાનને ખાલી કરી મિસ્કિનો ફકીરોનાં ડબલાંમાં ત્રાંબિયા ટપકાવતા ચાલ્યા ગયા. તે પછી ચોકમાં ભૂંગળો ચહેંચવા લાગી, અને તેના આરોહઅવરોહની સાથે સૂર મિલાવતા ભવૈયાના નાયકો માતાના મંડપ નીચે ગાવા લાગ્યા—

સેવ્યો તો લખ લાભ દે, વિદ્યા તણો ઉપદેશ,
અવસર પહેલો સમરીએ ગવરીપુત્ર ગણેશ;

આવે માતા ઉજન થકી, પાયે ઝાંઝરનો ઝમકાર,
ચાચર એલે ખેલશું, રક્ષા કરો અંબા માત.

એવાં દેવદેવીનાં આવાહનો ગવાયાં અને પછી માનવીનાં રૂપની, નેહની સાખીઓ નગરીના નીરવ વાયુમાં તરતી મૂકી—

મારૂ! તારા દેશમાં દીઠાં ત્રણ રતન,
એક ઢોલો ને બીજી મારૂડી, ત્રીજો કસુંબલ રંગ.

મારૂ નાહી ગંગજળે, ભીની વેણુ સુકાય,
ચંદન કેરે રૂખડે, બાળો નાગ ઝકોળા ખાય.

અગ અગ જેવડી મારૂડી, તલ તલ જેવડા સરેશ,
હું તુ જ પૂછું ઢોલા મારૂડી, તમે માણી કેટલી જણેશ?

પગ તો માણ્યા ઢોલા મોજડી, કેડે તો માણી કંદોર,
ઉર તો માણ્યું મારે કંચવે, મુખ તો માણ્યું કાંઈ તંબોળ.

ને પછી મારૂના પહોર મંડાતાં તો ઝાંઝપખાજ રમણે ચડ્યાં—

પહેલે ને પહેલે રે પહોર મારૂજી ઢોલા,
દીવડા કોણે અંજવાળ્યા રે
હો મારૂજી ઢોલા!— થૈ થૈ થા થૈ ભલે રે ભૂંગળીઆ!

બીજે ને બીજે રે પહોર મારૂજીના ઢોલા,
કેસરી તિલક બનાયા રે હો
હો મારૂજી ઢોલા!— થૈ થૈ થા થૈ.

ત્રીજે ને ત્રીજે રે પહોર મારૂજીના ઢોલા,
ફૂલડે સેજ બિછાયા રે હો
થૈ થૈ થા થૈ.

ચોથે ને ચોથે રે પહોર મારુજીના ઢોલા,
પિયુડે કંઠ વળગાડ્યાં રે
હો મારુજીના ઢોલા !– થૈ થૈ આ થે.

દૂધની ધારાવાડી કરી બાંધી લીધેલ ગોળાકાર પડની ચોપાસ સ્ત્રીઓ, પુરુષો ને બાળકો બેસી ગયાં હતાં. અને એ પડની અંદર રમવા આવતા એક પછી એક વેશ પ્રેક્ષકોને ખડખડાટ કે માર્મિક રીતે હસાવતા, સામાજિક અવસ્થાઓનાં ચિત્રો બતાવતા હતા. મિયાંબીબી આવ્યાં ને પ્રેક્ષકોમાં બેઠેલા મુસલમાનોનાં ટીખળ ચાલ્યાં. ઝંડાઝૂલણ ને તેજો તેજણ વાણિયાં આવ્યાં, અને મિયાંઓ હસ્યા: છેવટે ઝંડો ને તેજણ બે દુખિયાંઓ પોતપોતાનાં જીવતર રોળાઈ ગયાંના પરિતાપ કરી જુદાં પડ્યાં ત્યારે પ્રેક્ષકોમાં ઊંડા વૈરાગ્યવિફલતાના નિસાસા પડ્યા. કજોડાના વેશે ક્ષત્રિય જોનારાઓનાં હૈયાં વીંધ્યાં. કંસારાના વેશમાં કંસારાની ઠેકડી અને બાવાના વેશમાં હિંદુ જોગી–વૈરાગીના ઢોંગનો ભવાડો. ગોરજીના વેશમાં શ્રાવકોનાં ધર્માલોકોનાં ધતિંગ ! સૌ કોમો સંગાથે બેસીને વિના ગુસ્સે, વિના માનહાનિએ ને રસાસ્વાદની બુદ્ધિથી આમ નિહાળતી હતી. તે વેળા પોતાની મેડી પર હરદાસ પણ મા ભૌચરીનાં કાલાંવેલાં કરવા એક નવો વેશ સજતો હતો.

એ સજતો હતો વાદીનો વેશ. ભગવી કફની, ગળામાં ઠાંસોઠાંસ માળાઓ. માથે ભગવી પાઘડી, ખભે કરંડિયાવાળી કાવડ. હાથમાં કોડીએ, શંખલે ને કાચે જડેલી તુંબડાંની મોરલી. સામેની હારમાં બરાબર સામો જ મેડો હતો તેની બારીમાં ઊભી હતી રળિયાત. એ ભવાઈ જોવા નહોતી ગઈ. આજ સુધી તો જતી ને ઘણાં વર્ષો સુધી ખુલ્લે મોંએ ખડખડાટ હસી લીધા પછી ગયા નવરાતરમાં એકાએક કોણ જાણે શાથી પણ એણે ખડખડ દાંત બતાવવા છોડી દઈ મોં આડે પટોળી

ઓઢણીનો પાલવ ઢાંકીને ભવાઈ જોતે જોતે મર્મમાં હસી લીધું હતું. તે પછી આ નવરાતરની અગાઉના દહાડામાં એણે દેવમૂર્તિઓનાં નેતર (નેત્રો) બનાવતે બનાવતે હરદાસને નીચેના હાટમાં એક સ્ત્રીનું ચિતર કરતો દીઠો ને તુરત એની કાંચળીના ઉરભાગના પર ભરેલો મોરલો કહી ઊઠ્યો કે ખબરદાર છે રળિયાત! હવે તું ભવાઈ જોવા જતી નહિ. દેવનાં નેત્રો, ઝીણાં ને મોટાં, તમામ એના ખોળામાં પડ્યાં પડ્યાં સાક્ષી પૂરતાં હતાં કે હૈયાનો મોર આવું કાંઈક કહી ગયો છે. એ ત્રાંબાનાં નેત્રો પોતાની કારીગરી કરનારી રળિયાતને તાકી તાકીને જોતાં હતાં. મૂંગું મૂંગું કહેતાં હતાં કે જાણીએ છીએ તારા મનનો મરમ. અમથી કશુંય અજાણ્યું નથી. દડ દડ આંસુડાં પાડ છ તે અમને ધાતુનાં બનેલાંને પણ દઝાડે છે રળિયાત! તું ચાય તે કરે પણ વાદીનો વેશ જોવા તારાથી નહિ જઈ શકાય. જોવો હોય તેટલો અહીંથી જ જોઈ લે—સામા મેડામાં બળતા દીવેલના ઉજાશમાં.

'તે મને એકલીને કાં કહો છો?' રળિયાત દેવનાં નેત્રોને મનમાં મનમાં જવાબ દેતી હતી: 'ત્યાં તમે જ જુઓની! એ બે આંખોય શું મને નથી જોઈ રહી! ઓ ઝગે, માતાની દીવીની બે જ્યોતો જેવી ઝગે છે. તે મને એકને જ કાં બધાં ચોકી નજે રાખો છો? ના રહું તો શું કરું? બીજાંનાં બૈરાંનાં ચિતર કરે છે ને મારા મોંમાં શી એબ દીઠી કે મને જ નથી ચીતરતો? માડી રે! વાદીનો વેશ, સાપ રમાડશે. મારા મે અંતરના ભોરિંગને રમાડી રહ્યો છે—એને બીક નથી વખની.'

એવું વિમાસતા ને બબડતા એ રળિયાતના મનને કરંડિયેથી સૂતા નાગને જગાડતો હરદાસ જ્યારે વાદીનો વેશ પૂરેપૂરો સજી કરીને મેડેથી ઊતર્યો, ત્યારે પડમાં ખબર અપાઈ. એના પગના ઘૂઘરા રણઝણ્યા એટલે પ્રેક્ષકોની વચ્ચે કેડી પડી ગઈ. ભૂંગળિયાએ

ભૂંગળોના સ્વરો છેડયા, ને નાયકો બની બેઠેલાઓ વાદી બજાવતા ગાવા લાગ્યાઃ—

વાદીડો આયો રે લોલ જોગીડો આયો
એની મોરલીઓના મારે કાળા વાસંગીને ખેલવતો
વાદીડો આયો રે થા થૈ થા–થૈ.
વખડાંના ભોગી મારા લાલ વાદીડા
મારા ફૂલ વાદીડા રે
મોરલીએ મીઠી તારે અમૃતની ધારો રે
વાદીડો આયો થા તા–થા–થૈ.

'વખડાંનો ભોગી' એવા શબ્દે બિરદાવેલો વાદીવેશી હરદાસ જ્યારે મોરલી બજાવ્યા વગર પણ મોરલીના સૂરોનું વાતાવરણ સરજી રહ્યો અને વગર નાગે નાગના ફેણ માંડેલાં રૂપ પોતાના નાટારંભથી અને હાથની મોંની છટાથી દેખાડી દેખાડી એક સચોટ ઇંદ્રજાળ પાથરી રહ્યો હતો, હજારો માનવો તલ્લીન હતાં, વાદીની નાગ સાથેની રમત નજરોનજર નિહાળતાં હોય તેવાં સ્તબ્ધ બન્યાં હતાં, વાદીના હાથ કોઈ અંતરીક્ષમાં ડોલતા ફણીધરને રીઝવતા, ખિજવતા, પંપાળતા, પટકતા, ઉછાળતા, ગળે વીંટતા, મસ્તકે ફેણ મંડાવતા અને હોઠે કરીને ચૂમતા દેખાતા હતા. 'શાબાસ!' 'વાહવા!' સાક્ષાત વાદી' એવા ધન્યવાદનાં લોકવચનોને સાંભળતો હરદાસ 'જે જે મારી મા બૌચરી' 'તારાં કાલાં કરું છું માડી!' એવા શબ્દો વચ્ચે વચ્ચે કહેતો જતો હતો, ને એની આંખોનાં કાળાં કાજળ ચમકી ચમકી જાણે સહસ્ર સાપની જીભના લબરકાનું નૃત્યમાં આલેખન કરી રહ્યા હતા, તે વખતે એકાએક પ્રેક્ષકોમાંથી એક હાકલ પડી :

'બસ કર, હવે બસ કરી જા.'

એ કોણે રંગમાં ભંગ પાડયો? હરદાસનું નૃત્ય અટકી ગયું અને હજારો લોકો એ બોલનારને શોધવા લાગ્યા. એક આદમી ઊભો થયો. એ વાદી હતો. એણે કહ્યું :

'અમારી, શંભુનાં છોરુની ઠેકડી કરી રહ્યો છો?'

'શું છે ભાઈ?' નાયકોએ એને પૂછ્યું.

'જૂઠો વેશ બંધ કરાવો કહું છું.' વાદીએ હાથ લાંબા કરીને ત્રાડ મારી.

'જૂઠો?'

'જૂઠો! એક હજાર ને એકવાર જૂઠો કહું છું. માતાને ઠગે છે રમનારો. પૂછો એને, માનું વરદાન લાયો છે? લાયો હોય તો દેખાડે, સાબિત કરે, નીકર આ જ પલે એના વેશને ફાડી લીરા કરીને પડ વચ્ચે ફેંકીશ. એના ઘૂઘરા હું એના માથામાં મારીશ.'

હરદાસ તો ચિતરામણમાં આલેખાઈ ગયો હોય એમ ઊભો હતો. એ કાંઈ બોલતો નહોતો. પોતાનો કયો દોષ થાય છે તેની એને સમજ પડતી નહોતી. માણસોનાં પણ મોં વકાસી રહ્યાં હતાં.

'પણ તારે શું જોઈએ છે તે તો કહે ગારુડી!' નાયકોએ વાદીને પૂછ્યું.

'મારે જોવું છે અમારા વાદીના વેશનું સાચજૂઠ.' ગારુડીએ પોતાની કાબરી લાંબી દાઢીએ હાથ નાખ્યો: 'આ ખોટા કરંડિયા ને હરાઈ નાગ નહિ હાલે. સાચો વેશ કરી જાણતો હોય તો ઉપાડ આ મારા સાચુકલા નાગ.' એમ કહીને એણે પોતાના બે કરંડિયા-વાળી કાવડ હતી તે ઉઠાવીને પડ વચ્ચે આણી મૂકી. અંદરથી ઊઠતા ફૂંફાડાથી કરંડિયા કમ્પી રહ્યા. માણસોએ બબ્બે હાથ છેટે ખસી જઈ પડને પહોળું કરી આપ્યું.

ગારુડીનો પડકાર સંભળાતાં તો મશાલોના ભડકામાંથી રામ જવા લાગ્યા. મશાલોમાં નવું તેલ નાખવાના હોશ મશાલચીઓ હારી બેઠા. અર્ધો ઉજાસ ચોખ્ખા અંધકારના કરતાં વધુ બિહામણો લાગ્યો. જાણે એ એક બાકી રહેલી ચિતાના અજવાસે પ્રદીપ્ત એક મસાણ હતું. નજીક જ વહેતી માણેક નદીનાં બગલાંના તી–તી–સ્વરો સ્પષ્ટ

સંભળાય એટલી બધી નીરવતા પ્રસરી ગઈ. એ મસાણના કોઈ એકલવાયા સાધક જેવો, અથવા તો કાપાલિકોએ મંત્રસાધનામાં ભોગ ચડાવવા બાંધેલો કોઈ બત્રીસો ઊભો હોય તેવો હરદાસ વાદી-વેશમાં સૂનમૂન એક તરફ ઊભો હતો.

'ઊભો છો શું વાસંગીના ચોર ?' ગારુડીએ હરદાસને ફરી આહ્વાન સંભળાવ્યું: 'રણઝણાવ તારા ઘૂઘરા, ને ગળે વીંટી લે આ મારા બે દેવતાઓને. નીકર ઉતારી નાખ વેશ, ને માફી માગ આ મારા માવતરની.' એમ કહીને તેણે ફરી પાછાં કરંડિયાનાં ઢાંકણાં હલાવ્યાં, જેના જવાબમાં અંદરથી ફુંફુકારા ઊઠ્યા.

સેંકડો આંખો ને કાન હરદાસ તરફ મંડાઈ ગયા. એક પળ તો હરદાસ હેબતાઈને હેરી રહ્યો. પછી એણે નાગના કરંડિયા સામે આંખો માંડી. ગારુડીએ ઢાંકણાં અધૂકડાં કર્યાં હતાં. કાબરચીતરાં ગૂંચળાં દેખાતાં હતાં. આંખોનું ત્રાટક કરી લીધા પછી, હરદાસના પગમાં હળવું, કલેજું શ્વાસ લેતું હોય એટલું હળવું સ્પંદન જન્મ્યું. પગની ઘૂઘરીઓમાંથી પ્રથમ તો એક જ ટહૂકો, પછી બીજો, પછી ત્રીજો. ને પછી પગના પોંચાના ભાગે આછી એવી એક ટાપલી ભોંય પર દીધી. હજુ કોઈને સમજ નહોતી પડતી કે હરદાસ શું ચિંતવી રહ્યો છે. એ ખબર ન પડી ત્યાં સુધી તો પ્રેક્ષકો પણ નિરાંતવા બેઠા હતા. પણ ગારુડીએ ફરી પડકાર દીધો કે 'બોલી નાખ. માફી માગ આ વાસંગીની.'

હરદાસની જીભે નહિ પણ મૂંગા હાથપગે જવાબ વાળ્યો. એના પગ તાલબંધી નાટારંભમાં પ્રવેશ્યા. એના હાથે મોં પાસે મોરલીનો આકાર રચ્યો, ને એણે ગારુડીની સામે શિર ઉલાળી ચેષ્ટા કરી, એટલે ગારુડીએ કરંડિયાનાં ઢાંકણ પર હાથ ચલાવ્યા. હજારો લોકો દૂર હટ્યા, કોઈ નાઠા, માતાની માંડવી પાસેથી બજવૈયા ગાનારા નાયકોનું ટોળું પણ ઊઠીને છેટે રવાના થઈ ગયું.

પડમાં ફક્ત બે જ જણ હતા. એક હરદાસ ને બીજો ગારુડી. હરદાસના પગના ઘૂઘરાને હવે ઝાંઝપખાજની જરૂર નહોતી રહી. એણે તો એની પોતાની જ તરજ બાંધી લીધી હતી.

બે હતા તેમાંથી ચાર બન્યા. કાબરા લાંબા બે કાળસ્વરૂપ સાપ મૂંઢો એક ઊંચી ફેણ કરીને આ મગતરા જેવડા માનવીને કરતા લબરક લબરક ઝીભે જોઈ રહ્યા. ફુંફાડાને તો વિરામ ન રહ્યો. ત્યાં ત્રણ જ અવાજ રહ્યા હતા. માણેક નદીનાં બગલાંના તી—તી સૂર, હરદાસના પગનો ઘૂઘર–રવ, અને બે નાગના અવિરત ફુંફાડા; ત્રણેના લયતાલ એકબીજામાં મેળ લઈ ગયા.

મશાલો લઈને છેટે ઊભેલાઓએ બમણાં ત્રમણાં તેલ રેડીને ભડકા ઊંચા કર્યા હતા. સેંકડો આંખો જોઈ શકતી હતી કે એ... એ... બે ય કાળ કરંડિયાની બહાર નીકળ્યા. એ...એ હરદાસની સામે મંડાયા, એ...એ હરદાસ ભાગ્યો કે શું? અરે ના. આ તો સામે મંડાયો. ઘૂઘરા વિરમ્યા નહિ, તાલ તૂટતો નથી, નાગની સામે મંડાયો. ત્રાટક કરે છે, એ...એ...હાથ લંબાવે છે, એ...એ મૂઓ ...એ ગયો...એ ટચકાવ્યા કે શું! હમણાં જઈ પડશે...એ મારી મા! એને બચાવજે, એને છાપટે આવજે, એની પાસે અમીનો કૂંપો ભરી ઊભજે માડી! એ ટચકાવશે...ભૂસ દેતો પડશે, અરેરે આપણો ચિતારો જશે, અમદાવાદ રાંડશે...એ હાથ નાખ્યો...લીધા ...અરે મૂઓ આ તો! ઓ બાપ! આ શું! બેઉ સાપને તેણે હાથમાં ઉપાડયા, અરે આ શું!......

ફાટે ડાચે ગારુડી નિરખતો હતો અને બેઉ નાગ હરદાસને ગળે રેશમના દુપટ્ટા જેવા રમતા હતા, ચડતા ને ઊતરતા હતા, ખભે પડીને ઝૂલતા હતા.

ગારુડી હરદાસના પગમાં પડી ગયો. બોલ્યો કે 'શાબાશ વાસંગીના સેવક! તું સાચો; ને મારા મોઢામાં...' એટલું કહીને એણે ભોંય પરથી ચપટી ધૂળ ઉપાડી મોંમાં મૂકી.

ત્યાં તો લોકો પાછા ધસી આવ્યા. નાયકોએ સાજ બજાવ્યાં. હરદાસના ખભા, મસ્તક ને મોં સાથે ગેલ કરીને નાગ ઊતરી ગયા, શાંતિથી કરંડિયામાં જઈ બેસી ગયા.

ચોકમાં હરદાસના ઘૂઘરા સાંભળતી રળિયાત મેડાની બારીએ વળગી રહી હતી. દેખાતું તો કંઈ નહોતું પણ એના કાનને આંખો આવી હતી. વાદીવેશે જતો જોયો. ને પછી ઘૂઘરા ગૂંજ્યા. તેણે એને આખું દૃશ્ય દેખાડ્યું હતું. પછી ઠમકાર અટકી ગયા. કોઈક કરડા કંઠની હાક પર હાક પડી, માણસો ભાગ્યાં હોય તેવો ભાસ થયો, નાગ—બે નાગ—એને ગળે વળગાડ—એવાં અફવાનો એને કાને અફળાયાં. ને પછી નિર્જન નિ:સ્તબ્ધ નિશાંધકારમાં મૂંગા માનવીનો ઘૂઘર–રવ બોલ્યો. એથી ફાળ ખાઈને રળિયાત બારીને બારસાખે ચોંટી રહી હતી. અને એકેક ઘડી એકેક જુગ જેવડી ગઈ હતી એ તો રળિયાતના દાબડામાં પડેલાં દેવમૂર્તિઓનાં ફૂડીબંધ નેત્રોને જ ખબર હતી. બીજા કોઈને નહિ. અરેરે, હરદાસે ન જાણ્યું હોય તો જ ભલું. નહિતર મારી કેવી ફજેતી થશે!

હરદાસ સાપને રમાડીને પાછો આવ્યો ત્યારે મોડી રાત વીતી ગઈ હતી. એ મેડે ચડ્યો ત્યારે સામી બારી સળવળાટ કરીને બિડાઈ ગઈ તે એને સમજાયું હતું. નેમચંદ મોચાની દીકરી રળિયાતના મોંના 'ખમા માતાજી!' એટલા શબ્દો બીડેલા બારની ચિરાડમાંથી બહાર આવીને હરદાસને હાથે પગે ને હૈયે, આખે કલેવરે જાણે કે સ્પર્શ કરતા હતા.

રળિયાતની મા પણ ચોકમાંથી પાછી ફરી અને મેડે જઈને અંધારે પોતાની પથારી પર પડી પડી, કેમ જાણે દીકરીને સહેતુક સમજાવતી હોય તેમ બબડી: 'માનો સેવક બનવા ગયા બાપડો, પણ શું કમાયો? ડગલે ને પગલે દોહ્યલી પરીક્ષાઓ દેવાની. આજ સરપ તો કાલ વળી સિંહ ને વાઘ: આજ ગારુડી તો કાલે પરમે કોઈક અઘોરી બાવો: એવી આવીને કહેશે કે આ કરી બતાવ ને તે

કરી દેખાડ, નહિ તો માનો સેવક નહિ, વિદ્યાવાળો નહિ. બળી એ વિદ્યા! એના ઘરમાં જનારું બૈરું તો સમે સુખે કદી નીચો શ્વાસ સુધ્ધાં નહિ મેલવાનું. પાછો બન્યો ચિતારો. ચીતરવાનાં તો રૂપ અને જોબન જ ને? મારા જેવી ભૂંડા મોંવાળી ઓછી જ એની સનમખ બેસશે? મોટા હવેલીઓવાળા શ્રાવકોની ને વૈશ્ણવોની બેટી વહુવારુની સનમખ બેસીને એનાં ચિતરામણ કરવાનાં. ચિત ચકડોળે જ ચડે કે બીજું કશું? ઘરનું બૈરું કડવું ઝેર લાગે. એથી તો આપણા મોચીના બીજા સર્વે કસબ સોગણા સારા. આ તારા બાપા મને રોજ પાસે ને પાસે રાખી 'નેતર'નું કામ શીખવતા. આ હાટડે હાટડે જોઈએ તો એકેય મોચી બૈરાંને જોડે રાખ્યા વગર બેઠો નહિ દેખો. મોડિયા બનાવતી હશે, પાનાં કોરતી હશે, રસણ કરતી હશે, મિનાકારી જડતી હશે, પણ પાસે ને પાસે. ચિતારો તો ક્યાંઈ ક્યાંઈ ભટકે, એની પાછળ ચોકી રાખે કોણ? અરે બૈ! શા અવતાર છે? હે મારી મા, સૌને સવળી મત સુઝાડજે.'

એવું બોલતી બોલતી મા તો ઊંઘ ખેંચવા લાગી, પણ દીકરીને સારી રાતનું જાગરણ સોંપતી ગઈ. માને પૂરું ઘારણ વળી ગયું તે પછી રળિયાતે ધીરે રહીને દાબડો ઉઘાડી અંદર ચળકી ઊઠેલાં દેવ–ચક્ષુઓને નિહાળી જોયું. અરેરે, કેટલાં બધાં નેત્રો અંધારે પણ કરડા દૃષ્ટિપાત કરી રહ્યાં છે! અરે તમે બધાં જ શું મને ના કહો છો? મારું અકલ્યાણ ભાખો છો?—ના. એક ઠેકાણે બે નેત્રો અમીની નજરે મને નિહાળી રહ્યાં છે. એ બેને વીણી લઈ, જુદાં મૂકી દઈ, બારી લગાર ઉઘાડી મેલીને રળિયાત જાગતી પડી રહી, તે છેક કૂકડા બોલ્યા વેળ સુધી. આંખો મળી. પ્રભાતના પ્રથમ અંજવાસમાં એ જ્યારે જાગી ગઈ ત્યારે સામા હાટમાં હરદાસ કશુંક ચિત્રામણ કરતો દેખાયો. ચિત્ર પાસે દીવો બળતો હતો.

કોને ચીતરતો હશે? મને?

હાસ્તો! નહિ તો રાતે જાગીને શા માટે ચીતરે? હાય! હાય! મને ઊંઘતીને આલેખી હશે? દૈ જાણે હું કેવા યે ઢંગમાં પડી હઈશ. મારી ઓઢણીની શી દશા હશે?

લાજને રળિયાતનું મોં લાલ ટશરો મેલી રહ્યું.

: ૩ :

ભદ્રના પાદશાહી મહેલને બીજે માળે ચોરસ એક ફરસબંધી-વાળો ચોક હતો. તેની કોર પર ચિતારા હરદાસને લઈ જઈ બેસારવામાં આવ્યો હતો. એની એક બાજુ પીંછીઓ અને રંગોની કટોરીઓ પડી હતી. સન્મુખ એક બાજઠ પર પહોળું રેશમી પટ ચાપડા બીડીને ગોઠવ્યું હતું. એની ડાબી બાજુએ એક પહોળી રૂપાની ત્રાસક પડી હતી. એમાં પાણી ભરવામાં આવ્યું હતું. એ સ્વચ્છ સ્ફટિક સમું પાણી ધીરે ધીરે લહેરિયાં લેતું હતું. છેલ્લું લહેરિયું વિરમી જવાની રાહ જોતો હરદાસ નીચે નિહાળીને પીંછીને પંપાળી રહ્યો હતો. હરદાસની સામે બીજા માળને જરૂખે પાદશાહ મરાઠની મોરલારંગી ગાદી પર રત્નજડિત હુક્કાની નળી તાણતા સોરમદાર ધુમાડાનાં ગૂંચળાં વેરતા બેઠા હતા અને આ જુવાન હિંદુ ચિતારાના ચહેરાનું બારીક નિરીક્ષણ કરતા હતા. હરદાસ ચિતારો તો પોતાની સકળ સૃષ્ટિ એ પાણીના થાળ, બાજઠ પરના પટ અને રંગની કટોરીઓમાં જ સમાઇ ગઈ હોય તેમ આજુબાજુ કે ઊંચેનીચે નજર પણ ફેરવતો નહોતો. બાદશાહની નજર ચિતારાના ચહેરામાંથી કંઈ શિકાર પકડી શકતી નહોતી.

'ઉજાસ બરાબર છે ના?' પાદશાહે પ્રશ્ન કર્યો તેના જવાબમાં હરદાસે પાદશાહની સામે સહેજ આંખો ઊંચકીને જણાવ્યું, પૂર્વની જાળીનો પડદો જરા ઢાળી દઇએ તો?

પ્રભાતનો સમય હોઈ ઊગમણો પ્રકાશ એ નકસીદાર જાળીમાંથી ચળાઇને પ્રવેશતો હતો છતાં ઊગતી જુવાનીના જેવી થોડી ઉગ્રતા દાખવતો હતો.

બાદશાહની નજરનો દોર ખેંચાયો. ને ત્યાં ઊભેલી બાંદીઓમાંથી એકે મુલાયમ પગલે જઈ જાળીનો પિરોજી પરદો નીચે ઢાળ્યો.

તાસકનું જળ સ્થિર બન્યું, ને એના પર ત્રણ માળના ગભારા વચ્ચેથી નીતરતા આકાશી પ્રકાશે લીંપણ કરી લીધું, એટલે ચિતારાએ બાદશાહની સામે નજર કરીને સંપૂર્ણ તૈયારી જણાવી. બાદશાહે, સામી બાજુના એક ઝરૂખા સામે, ઊંચે, ત્રીજે માળે, સ્નેહભરી મીટ માંડી, તે પછી તુરત જ પોતાની જળભરી તાસકમાં તાકી રહેલ હરદાસે એટલા પાણીના પટ પર એક જીવતી સુંદરીનું પ્રતિબિમ્બ પડેલું દીઠું. નીચું જોઈને બેઠેલ ચિતારાએ પોતાનો ડાબો હાથ જરી ઊંચો કરીને, પોતાના માથા પરના ઝરૂખા તરફ પ્રથમ સહેજ એક પાસ ઇશારત કરી, પછી લગાર આગળ, પછી પાછું જરાક જ જમણી ગમ. બસ, એણે હથેળીની ઇશારતથી બતાવ્યું કે હવે બધું બરાબર છે. એનો હાથ નીચે આવ્યો, ને એના જમણા હાથની પીંછીએ, ડાબી ગમના થાળ પર જળછવાયા પ્રતિબિમ્બનું જ ધ્યાન ધરી રાખી, રેશમી પટ પર રેખાઓ તાણવા માંડી.

તારલાની ટીબકીઓવાળી ઓઢણી આલેખી ફક્ત મથરાવટી સુધી: સરખે સેંથે વહેંચાયેલા વાળની ગણી ગણીને તાણતો હોય તેવી લટો, નમણું લલાટ, ભમ્મરની કમાન, આંખોનાં કમળ, અરે નયનોમાં લળકતી કીકીઓ સુધ્ધાં, દીવાની શગ સરીખું નાક, નાકમાં નાજુક બુલાખ: પછી હરદાસની પીંછી એ આકૃતિના હોઠ પર ઊતરે છે, ગાલ પર છૂંદણાં મૂકે છે. ઓઢણીને બેય બાજુએ ઢળકાવે છે, ને આ બધું હરદાસ ચિત્રના પટ પર જોયા વગર જ આંકી રહ્યા છે. એની દૃષ્ટિ તો જળ—થાળમાં છવાઈ ગયેલ પ્રતિબિમ્બ પર જ લાગેલી છે. એ એક સુંદરીની, કમ્મર સુધીની પ્રતિછાયા છે.

થોડી વારે હરદાસની પીંછી એ આકૃતિના ઉરભાગ સુધીનો ઉઠાવ કરતી ઊતરી ગઈ. આછી ઓઢણીના ત્રાગડે ત્રાગડા એણે જળ–પ્રતિબિમ્બમાંથી જોઈ લીધા. કાંચળીના બુટ્ટા, ડોકની પારદર્શકતા, પયોધરનો દાડમ–ઘાટ, કોણીની કળાઈ સુધીનું સંઘેડાઉતાર સૌંદર્ય–કંડારણ અને આછી ચૂંદડીમાંથી આરપાર દેખાઈ આવતા પેટ પરની ત્રિવલીના ત્રણ સ્પષ્ટ આંકા, એટલાં વાનાંએ ચિત્રકારની લક્ષવેધિતામાં આકાર ધરી લીધો, અને એ જળમૂર્તિમાં જરીક હલન થયું જોયું કે તત્ક્ષણ હરદાસે ફરીથી હાથ ઊંચા કરીને એ ગોખે ઊભેલી માનવ–સુંદરીને સમજ પાડી કે 'બસ, આજનું કામ પૂરું થયું.'

જરૂખો ખાલી થઈ ગયો. અને ચિતારા હરદાસે પોતે આલેખેલ આકૃતિ ઉપર બાકીની રેખાઓ આપમેળે કલ્પનાથી જ તાણવા માંડી. હવે એને વધારે દેહભાગ જોવાની જરૂર નહોતી રહી. એણે જેટલી આકૃતિ જળમાં જોઈ કાઢી હતી તેના પરથી જ બાકીનો નીચલો દેહ ઉતારવા માંડ્યો. ખોખું તો તૈયાર થઈ ગયું.

બીજા દિવસની સવારે ફરી પાછા પાદશાહી મહેલ, પાછી એ જ પ્રમાણે બેઠક, ઊંચે નજર કરવાની નહિ, આજુબાજુ જોવાનું નહિ, નીચે પાણીની જે તાસક ભરેલી છે તે જ ચિત્રકારની આરસી છે. ઉપરના જરૂખામાંથી એક લાવણ્યમૂર્તિ સુંદરી બહાર ડોકું કાઢી તાસકમાં પોતાનું પ્રતિબિમ્બ પાડીને અચંચલપણે ઊભી રહે છે, એની છાતી પર્યંતની આકૃતિ પાણીમાં પડે છે, ને હુક્કો તાણતા પાદશાહની આંખો સામે મોચી ચિત્રકાર એ જળમાંથી વધુ વધુ રેખાઓ ઉપાડી લઈ ચિત્રપટ પરની છબીને ઉપસાવે છે. પ્રભાતની પીળી તડકીમાં પડેલો ધગધગાટ આવ્યા પૂર્વે તો એ જરૂખાવાસી સુંદરી અદશ્ય બની જાય છે. અધૂરું ચિત્ર બાદશાહ જુએ છે ને એના હુક્કાના લહરાતા ધુમાડાની વચ્ચે આકૃતિનો સુડોલ ઘાટ એને હરખ પમાડે છે. પણ પાદશાહ પોતાની પ્રસન્નતાને કળાવા દેતો નથી.

'ઘોડવેલમાં મૂકી આવો ચિતારાને.' પાદશાહે આજ્ઞા દીધી. જવાબમાં ચિતારાએ જણાવ્યું:

'નહિ જહાંપનાહ! હું ચાલીને જ જઈશ.'

'કેમ?'

'શહેરને, શહેરની નવી થતી કારીગરીને અને માનવીઓના ચહેરાને જોતો જોતો જઈશ. મારી માતાનો એવો આદેશ છે.'

'માતા કોણ?'

'દેવી બૌચરી, જેની કૃપાથી જ મારાં ચિત્રો રચાય છે.'

બાદશાહના ચહેરા પર એક આછો મલકાટ સળવળીને પાછો ચહેરાની સુરખીમાં સમાઈ ગયો, અને ચિતારો હરદાસ વળતે દિવસે એ જ સમયે આવવાનું કહી નીચે મસ્તકે ભદ્રની મહેલાતોની બહાર નીકળી ગયો. અહીંથી ને તહીંથી જ્યાં કાન માંડે ત્યાંથી ટાંકણાના હળવા અવાજ આવી રહ્યા હતા. નવી મસ્જિદો ને મકબરાના ઘુમ્મટો, મેરાબ તેમ જ મિનારા શિડતા હતા. હિંદુ કળા ઇસ્લામી ભાવનાની જોડે, માલિકને દ્વારે બહેનપણાં કરતી હતી. મસ્જિદના શણગાર કરતા હિંદુ કારીગરો અને તાજા વટલેલા મુસ્લિમ શિલ્પીઓ સંગાથે બેઠા હતા. પ્રથમ પોતાનાં દેવદેવીઓને ચીતરતો ને પછી શહેરનાં સામાન્ય માનવોનાં રૂપ આલેખતો હરદાસ હવે છેક પાદશાહની રાણીને ચીતરવા સુધી બઢતી પામ્યો હતો જેથી કુતૂહલનું પાત્ર બન્યો હતો.

'કાં હરદાસ, ભદ્રમાં જઈ આવ્યા? ચીતરકામમાં ખુદા જશ અપાવશે હાં કે?' કમળની પાંદડીઓ ઉપસાવતો કડિયો રહેમાન મસ્જિદના પાછળ ભાગના સ્થંભ પરથી કહેતો હતો.

'માની કરુણા, રહેમાનભાઈ!' હરદાસે જવાબ દીધો.

'તકદીર ખુલ્લે છે ત્યારે જ તો ભાઈ!'

'હા જ તો. માની કૃપા વગર બીજું તો શું દૈવત છે આપણમાં?'

'અલ્લાહ મોટો છે બાપા! એ તમારી ઉમેદ પૂરશે.'

એકનો અલ્લાહ અને બીજાની માતા: બેઉ આવા વાર્તાલાપમાં એકાકાર બનતાં હતાં. ભાષાના પ્રયોગો ન્યારા ન્યારા હતા, ભાવમાં ભિન્નતા નહોતી. કલાકારો પોતાની સર્વ સિદ્ધિઓને વિશ્વનિર્માતાની જ કૃપાનાં ફળ ગણતા. હતા. હરદાસની તો એ પાકી શ્રદ્ધા હતી કે ઊંચા જરૂખા પરથી પાણીની તાસકમાં પડતી માનવ–આકૃતિ, માનો ગુપ્ત દીવડો જો ન જલતો હોય તો દેખાય જ બીજી શી રીતે? પોતાનાં નેત્રો નિર્વિકાર રહે જ શી રીતે? જળમાં જોયેલું પ્રતિબિમ્બ પોતાના આછેરા સ્મિતને પણ સંયમ પળાવે શી રીતે? એ બધો પ્રસાદ માનો જ તો.

રાણીની છબીમાં છેલ્લા રંગો પૂરી કરીને હરદાસ ઘેર આવ્યો હતો. ગોરાં ગોરાં રૂપની ગુલાબી, તેના પર આછો આસમાની ઘાઘરો, ને તેના ઉપર આછી કેસરી ઓઢણી, એ શણગારના રંગોને અને લેશ પણ દબાવી ન નાખે તેવાં સહેતાં સહેતાં આભૂષણો, આસપાસ મઢી લીધેલો હિંદુ સ્થાપત્યનો સુકોમળ શણગાર, રાજપૂતશાઈ ગોખ–જરૂખા, જરૂખાની પાળે પારેવડાં ઘૂમે, ને પાછળ ચાલી જાય પહોળા જળસ્રોતનો સાળુ લહેરાવતી સાબરમતી: પ્રત્યેકની વિગતોનો તો કંઈ પાર નહોતો રાખ્યો હરદાસે. સંધ્યા-કાળના દીવા ચેતાયા ત્યાં સુધી ચિત્રને મઠારતો હરદાસ બેઠો હતો. ચિત્ર પાદશાહને સોંપી, ઊઠી, વળાંક લેતી સાબરમતી પર એક નજર નાખી, પછી પોતે ઘેર આવ્યો, અને એનું થાકેલું શરીર નિદ્રામાં પડયું.

: ૪ :

વળતા પ્રભાતે એ પાદશાહના તેડાની વાટ જોતો તૈયાર થઈ બેઠો હતો. તેડું આવ્યું. પણ હરદાસને કૌતુક થયું. આજે એને તેડી જતા રાજ–માણસોમાં રોજની અદબ આમન્યા નહોતી. રસ્તે સહુ ચુપકીદી રાખીને ચાલતા હતા. ' ચલો જલદી, જલદી ચલો ! '

એવો ધીમો દમ છાંટતા હતા: અને રસ્તે હરદાસ જ્યારે રોજિંદી રીતે મસ્જિદની કોતરણીના ચાલુ કામને નિહાળવા અટક્યો ત્યારે જમાદારે આવી એનો હાથ ઝાલીને ધસડયો. મસ્જિદના બહારના ચોકના એક સ્થંભ પરની ખુબસૂરતી તરફ હરદાસનો લંબાયેલો હાથ હેઠો પડી ગયો. એને ધકેલીને લઇ જતા હતા તે ટાણે રળિયાત માથે બેડું લઇને માણેક નદીનો હળવો ઢોળાવ ચડી રહી હતી. હરદાસને અજાયબી લાગી. આવું મંગળ શુકન થાય છે, પનિહારી અને તે પણ રળિયાત જેવી હૃદયવાસિની કુમારિકા સામે મળે છે, તે છતાં આ અમંગળનાં એંધાણ કાં વીપરે છે! હશે, મારી મા! જે હોય તે ભલે હો.

પાદશાહ જે એકાંતસ્થાનમાં બેઠા હતા ત્યાં હરદાસને પ્રવેશ કરાવીને પાદશાહની આંખોની નિશાનીથી સર્વે અનુચરો બહાર ચાલ્યા ગયા. પાદશાહે ગાદી પર તકિયાને અઢેલીને હરદાસની ચીતરેલી જે નવી છબી મૂકી હતી તે હાથમાં લીધી, ફરી ફરી એની ઉપર આંખો માંડી. હરદાસે એ આંખોના રંગપલટા નિહાળ્યા. એમાં આગ અને પાણી, બેઉનો વિગ્રહ ચાલતો હતો.

ધીરે ધીરે પાદશાહની આંખો ઉંચકાઇને હરદાસની સામે મંડાઇ. ત્યારે એના ખૂણામાં રાતા ટશિયા ફૂટી ગયા હતા. એણે હોઠને કરડા કરી પૂછ્યું:

‘ આ તસવીર તારી જ ચીતરેલ કે? ’

પાદશાહે સન્મુખ ધરેલી છબીને જોઇ ચિતારાએ જવાબ વાળ્યો: ‘ હા નામવર! મારી જ ચીતરેલ. ’

‘ બીજા કોઇનો હાથ નથી આમાં? ’

‘ ના. ’

‘ નજીક આવ. ’

હરદાસ પાસે ગયો.

'નિહાળીને જોઇ લે. આખું જ ચિત્રકામ તારું છે ને ?'

'મારું પોતાનું જ તો.'

'આંહીં જો.' એ શબ્દોની સાથે પાદશાહની આંગળી એ ચીતરેલી આકૃતિના જમણા પગના બરાબર સાથળ પર પડેલા એક બારીક કાળા ટપકા પર ફેરી: 'આ શું છે ?'

આછા વાદળાની આરપાર દેખાતો હોય એવો એ એક તલ હતો. એ એક જ ટપકું આખા દેહની માધુરીને શગ ચડાવી રહ્યું હતું. ચિતારો પોતે જ વિસ્મયમાં ગરક બન્યો હતો. આગલી સાંજે આ તસવીરનું છેલ્લું મહારકામ કરીને પોતે ગયો ત્યારે જે રૂપ એણે જોયું હતું તે આ ક્ષણે સાતગણું વધી ગયું હતું. આકૃતિના ગોરા સાથળ પર, આ ટપકું પોતે તો મૂક્યું નહોતું. મૂકવાનું કોઇ પ્રયોજન નહોતું. આ શું થયું ? અહો ! ગોરી ગોરી માધુરીના આખા ગુલાબ પર આ એક ભમરો ન બેઠો હોત તો મારી કળા ઝાંખી લાગત. સમતોલપણું ગુમાવી બેસત. પણ આ પાદશાહ કોપે છે શા માટે ?

'જોઇ રહ્યો ?', પાદશાહના કંઠ તપ્યો.

'હા જી.'

'એ શું છે ?'

'હું પોતે જ સમજી શકતો નથી.'

'હં—હં !' પાદશાહના હોઠ કુટિલ રીતે મરડાયા: 'સમજી શકતો નથી ? સુંદરીઓનાં ગુલબદન સારી પેઠે જોયાં તપાસ્યાં લાગે છે, છતાં સમજી શકતો નથી ?'

'નામવર !' હરદાસની આંખો ઢળી પડી ને એણે કહ્યું: 'સુંદરીઓનાં શરીર મેં નથી જોયાં. મેં હજી લગ્ન કર્યું નથી. આ ટપકાની મને ખબર નથી.'

'આ ટપકું—હરદાસ ! હજારોમાં એકાદ નાજનીનની જાંઘ પર ખુદા ચોડે છે તેવો આ એક તલ છે.'

પાદશાહની આ ઉક્તિ પણ મોઘમ હતી. હરદાસને એના ગર્ભિતાર્થની ગતાગમ ન પડી. પાદશાહ પોતાના ચિત્રકામની પ્રશંસા કરે છે કે ખામી બતાવે છે ?

છોભીલા પડી જઈને હરદાસે પાદશાહની સામે નેત્રો માંડયાં.

પાદશાહના હોઠ પર મલકાટ અને રોષની કુસ્તી ચાલતી હતી. સ્મિતને મરડી નાખીને સુલતાને પૂછ્યું:

'તને ક્યાંથી માહિતી મળી ગઈ? સાચું બોલ.'

'મને સાચજૂઠની જાણ નથી. હું તો નામદાર, ફક્ત બોલું જ છું. કહો. શું બોલું ?'

'તને આ માહિતી કોણે આપી ? બેગમના બદન પર બરાબર જાંઘ પર જ આ તલ છે.'

હરદાસ આ સાંભળીને આખું રહસ્ય પામી ગયો. એના મનમાં ઉદ્‌ગાર ઊઠ્યો: 'ધન્ય મારી માતા!' એણે સુલતાનને કહ્યું:

'હું ચીતરું છું તે વિષે તો નામદાર, હું કોઈને કશું પૂછતો નથી.'

'તો તેં આ તલનું ટપકું શા પરથી મૂક્યું ?'

'મેં નથી મૂક્યું. રોજ આપને ચિત્ર સોંપીને જાઉં છું. આપ એને ક્યાં મૂકતા હશો ?'

'સખ્તતાળા ચાવીમાં. મારી ખાનખી પેટીમાં.'

'તો નામદાર, ગઈ કાલે સાંજે એ દેખ્યું હતું આપે ?'

'નહિ. બિલકુલ નહિ.'

'તો એ કદાચ માખીએ મૂકેલ દાધ હશે.'

'તો તો એ ઊખડી જશે.'

'લાવો તો નામદાર!' એ ચિત્ર લઈને હરદાસે એ તલ પર નખથી કપડું ઘસ્યું: જાણે કંઈક તણખલું ચોટયું હોય તેમ એ ડાઘ નીકળી ગયો.

'અલ્લાહ!' ઉચ્ચારી સુલતાને રાહત અનુભવી. એના મન પરથી એક શિલાનો બોજ ખસી ગયો. એને ખાતરી થઈ કે એ ટપકું આ ચિતરકામનો કોઈ અંશ નહોતો. અકબંધ અને આબાદ એ છબી હતી.

પણ પાદશાહે તસવીરને ફરીથી નિહાળી, નજીકથી અને દૂરથી અવલોકી, જરા વધુ ઉજાસમાં ધરી જોઈ, જરા વધુ અંધારમાં રાખીને નિરખી, પછી એણે એક નિઃશ્વાસ નાખ્યો, એના હોઠ અક્કડપણું છોડીને સહેજ મરક્યા. એણે ચિતારાને કહ્યું:

'ના, ના, નહિ ચાલે.'

'શું જહાંપનાહ?'

'એ તલ વિના તો નહિ ચાલે. એ ખૂબસૂરતી ખંડિત થઈ ગઈ. પૂર્ણ હતું તે ખાલી બન્યું. ફરીથી તું જ હવે એ તલ મૂકી આપ.'

ચિતારો હસ્યો. એણે પીંછી લઈને તલ પૂર્યો. અસલ રૂપ પૂર્ણપણે પાછું પ્રકટ થયું.

'ઇન્શાલ્લાહ.' બાદશાહે મોં પર હથેળી પસારી. 'ચિતારા, એ માબી સાચી હતી. હું જૂઠો હતો. એ માબાને કોણે મોકલી હશે?'

'મારી મા બૌચરીએ—મારી જગદંબાએ.'

'કાફર—'એ નાનકડો પણ રક્તભીનો શબ્દ મુસ્લિમ સુલતાનના હોઠ લગી આવીને પાછો વળી ગયો. મનમાં એને મથામણ ઊપડી હતી. કાફર કહીને જેને નિંદીએ ફિટકારીએ છીએ તેમનાં જીવનમાં કોઈક અણદીઠ, કોઈક નિગૂઢ શક્તિ રમી રહી છે શું? આ તલનું

ટપકું શું સૂચવે છે? આ જુવાને જેની છબી આંકી છે તેનો ચહેરો તો શું, ઓઢણીનો છેડો પણ પોતે જોયો નથી. આટલા દિનોમાં એણે ઊંચી કે આડી નજર નાખી નથી. તાસકના પાણીમાં પડેલ પ્રતિબિમ્બ જોઈ જોઈ, તે પણ ફક્ત છાતી સુધીની છાયા જોઈ એણે આખાનું બદન આલેખ્યું છે. એવી શક્તિ એને બક્ષનાર કોણ? આ તસનું આલેખન શું માર્બાનો માત્ર અકસ્માત હતો? અકસ્માત પણ અલ્લાહની કરામત નથી શું? આ હિંદુનાં કલ્પેલાં દેવદેવીઓ, એ પણ અલ્લાહે જ સર્જેલી માનસી શક્તિઓ નહિ હોય શું? કંઈ ગમ પડતી નથી. ઇન્સાનની નિગાહ ઉપર સુધી પણ પહોંચતી નથી.

આ મારી અંદર કોણ બોલી રહ્યું છે? મારી ચાર પાંચ પેઢી પરનું હિંદુ લોહીબુંદ જ તો? એ લોહીનો પુકાર હજુ રૂંધી શકાયો નથી. એટલે જ આ તસવીરનાં ચિતરામણ પર આટલી જોશીલી ચાહના થાય છે, ને એટલે જ હું આ નિરાકાર અલ્લાહનાં બંદગીખાનાંને હિંદુ શિલ્પના મુલાયમ શણગારો પહેરાવી રહ્યો છું. અલ્લાહ, કોણ કહેશે કે તું સૌંદર્યનો વિરોધી છે? આ ગુલાબોનો, કમળોનો, પરીન્દાંનો, પહાડો અને દરિયાવનો, પ્રભાત અને સાંજનો તું મહાન કસબી છે. એવો જ શું અમને—તારા ગુલામોને યે તું એ કરામતોનો પ્યાર લગાડી રહ્યો છે!

: ૫ :

'ચાલ દરબારમાં.' એમ કહીને એણે હરદાસને સાથે લઈ દબદબાભર્યાં દીવાન તરફ પગલાં દીધાં.

હમણાં જ હરદાસને કતલ કરવાનો હુકમ દેશે એવી ધારણા રાખીને બહાર સર્વ ઊભા હતા. શહેરભરમાં સમાચાર ફેલાઈ ગયા હતા કે રાણીની તસવીરમાં કશીક બેઅદબી કરી બેસવાથી હરદાસ સુલતાનના ખોફનો ભોગ બનનાર છે. મસ્જિદો મકબરાઓ અને

નળીઓ પર ટચાકા મારતાં ટાંકણાં થંભી રહ્યાં હતાં, ચાંલ્લા-બોળ ચુપચાપ અને ગમગીન બની ગઈ હતી. હરદાસ–મા ઔચરીનો પાક બંદો–શી ખતા ખાઈ બેઠો હશે?

ને નેત્રાવાળી નેમચંદની વિધવાની દીકરી રળિયાત એકાંતે દાબડો હાલવીને દેવનેત્રાને પૂછતી હતી. 'મારું કુમારિકાનું ભર્યું બેડું મળેલું શુકન શું જૂઠું પડશે? હું શું ડાકણી છું?'

તેને બદલે સુલતાને તો ચિતારાને માનવંતો દરજ્જો દીધો, પોશાક પહેરાવ્યા અને પૂછ્યું. 'બોલ હરદાસ, તને શું ઇનામ આપું?'

'જહાંપનાહ. આપશો ખરા?'

'બરાબર આપીશ.'

'તો માગું છું, એક ચાબૂક કરે તેટલી જ જમીન. શહેરની બહાર, માણેક નદીને કીનારે.'

'ચાબૂક કરે તેટલી જ જમીન? શું કરીશ?'

'દેરું કરીશ, મારી મા ઔચરીનું.'

'ફરીવાર એવી માગણી કરીશ નહિ, કમબખ્ત! સુલ્તાનીઅતના શાસનમાં હિંદુ દેરાં ચણવાનું મંજૂર નથી. બીજું જે કહે તે આપું.'

'ના ગરીબપરવર. બીજું કશું નથી જોઇતું.' હરદાસનું વદન વિલાઈ ગયું.

કચેરી કોડી ગઈ. હરદાસ ભારે પગલે ઘેર ચાલ્યો ગયો, ને સુલતાનનું દિલ પણ મહેલમાં ગયા પછી બેચેની અનુભવતું રહ્યું. એના અંતઃકરણમાં સંગ્રામ મચી રહ્યો. પોતાના ને બેગમના દિલને અદ્‌ભુત પ્રસન્નતા આપનારી તસવીર નજર સામે જ પડી હતી. દિલના ટુકડા નિચોવીને છબી આલેખી આપનાર ચિત્રકાર ભાંગેલું હૃદય લઈને સુલતાનને દ્વારેથી પાછો ગયો હતો; બીજી તરફ એ જનારની લાપરવાહી સુલતાનને સતાવી રહી હતી. નાનકડી રયાસત

માગી હોત તો પણ આપી દેત! પણ એણે પોતાને માટે કશું માગ્યું નહિ. એણે માગ્યું દેવીનું સ્થાનક! આવી તમન્નાનો શો ભેદ છે! દેવદેવતા જેવી વહેમમાં નાખતી બાબતો પાછળ આ શી હિંદુ ઘેલછા! નહિ નહિ, એની હસ્તીને જ નાબૂદ કરી નાખવા આવેલા ઇસ્લામ એવાં પાખંડોની ફરી શરૂઆત નહિ જ સાંખી શકે. એક દેરું—બીજું દેરું—ત્રીજું—પાંચ—પચીસ—પાંચસો, આ હિંદુઓની મંદિરઘેલછાને કોઈ માપ નથી. એ લોકોની વેવલાઇનો કોઈ અંત નથી. જવા દે!

પણ પાછું હૃદય બોલવા લાગ્યું : 'એ દેવી બીચરી તો ચાહે તે હો, છતાં આ ચિતારાના દિલમાં આટલી મોટી સ્વાર્થત્યાગની ભાવના પડી છે તેનું શું?' અને પોતાનો દમ નીચે મકવાનું કોઈ સ્થાન તો જોઇએ જ ને!

મુલ્લાંની બાંગ સંભળાય છે : સુલતાન ઊઠે છે. જુમામસ્જિદમાં પ્રવેશ કરે છે. હજારો મુસ્લિમોનાં શિર ત્યાં ઝૂકયાં છે. શાંતિની ગોદમાં કૈંક સંતપ્તો બેઠાં છે. કરડા ને ખુન્નસભર્યા ચહેરા પર ત્યાં નમ્રતા નીતરી રહી છે. ગર્વિષ્ટ મસ્તકો ત્યાં ધરતીની ધૂળ લૂછી રહ્યાં છે.

નિહાળીને સુલતાનને હરદાસ યાદ આવે છે. હરદાસની યાચના યાદ આવે છે.

જેમ આ હજારો લાખોને પોતાના ગર્વ, તાપ, તૃષ્ણા અને તુચ્છતાના બોજ નીચે ફરવાને આ જમીન છે. તેમ શું મારાં બીજા હજારો લાખો પ્રજાજનોને જરૂર નહિ હોય? કરડાઈ, ગરૂરી ને રોષ, મેલી મનવાંછ્છાઓ અને અંતરની આગ, એ તો સર્વ ઇન્સાનોને સતાવે છે. મારાં હિંદુ લોકોમાં ગુજરાતી એ ગુપ્ત મનોવેદનાનું કોણ બેલી?

આપું જમીન? કરવા દઉં દેરું? કાજીઓ ને મુલ્લાંઓ મને ફાડી ખાશે તો?

ના, ના, એમને પણ હું સમજાવી લઈશ.

ખોટી ખટપટ મારા સામે ખડી થઈ જશે તો? મુસ્લિમો વિફરી જશે તો?

દિલમાં ઘોળાઘોળ ઊપડી ગઈ. અજંપો વધતો ચાલ્યો. બે દિવસ તો સુલતાને તીવ્ર બેચેની અનુભવી, પછી એણે મુલ્લાંઓને ને કાજીઓને બોલાવી ચર્ચા કરી અને એક અપવાદ તરીકે હરદાસને દેરું કરવા દેવાની બાબત પર સંમતિ મેળવવામાં, દિવસો સુધીની જીકરને અંતે સુલતાન સફળ થયા.

વળતે દિવસે સુલતાન પોતે નવા મંદિરની જગ્યા કાઢી આપવા જવાના હતા. હરદાસની પાસે રાત જ બાકી હતી. મોચીવાડમાં એણે ભટકીને એક આખું ભેંસનું ચામડું લીધું, ને એ ચામડામાંથી સળંગ એક જ વાધરી, કોઈ ઠેકાણે કટકો ન પડે તેવી રીતે વેતરાવી. લઈને પોતે ઘેર જઈ સૂતો. પછી પાદશાહે એને શહેર બહાર તેડી જઈ, ભવિષ્યમાં પણ કોઈ દિવસ અન્ય ધર્મનાં સ્થાનોની સાથે અથડામણમાં ન આવી પડાય તેવી જગ્યા માણેક નદીને કિનારે નક્કી કરીને હરદાસને કહ્યું કે 'માપી લે તારા એક ચાબૂક વા જગ્યા.'

એ વખતે હરદાસે પોતે તૈયાર રાખેલ હતો તે ચાબૂક લાવીને એની દોરી જ્યારે લાંબી કરી ત્યારે સુલતાન ચમકી ઊઠયા. ચાબૂકની દોરીનો છેડો પચાસ ચાબૂકદોરી જેટલો લાંબો હતો. 'આ શું?'

'નામવર, એ દોરી સળંગ છે, મેં કોઈ ઠેકાણે સાંધો કર્યો નથી. એ મારો ચાબૂક છે. મારે ઘોડવેલી હાંકવી નથી. મારે તો મારી માની સેવા કરવી છે. ચાબૂક વા જમીન આપવાનો બાદશાહનો બોલ ફોક ન જ જવો જોઈએ.'

'ખેર, દોર કુંડાળું.' સુલતાન હરદાસની આ યુક્તિ પર પ્રસન્ન બનીને બોલ્યા; અને એ ભેંસના આખા ચામડાની અંદરથી કાપી કાઢેલી સળંગ દોરી વડે ભોંય પર વિશાળ વ્યાસ અંકાયો. જરીફોએ એટલી જગ્યા માપી દઇ ખૂંટા ખોડ્યા.

હિંદુ ને મુસ્લિમ બેઉ કોમના કારીગરોએ મળીને એ જગ્યા પર આ વિશ્વના પરમ ચિત્રકાર પ્રભુની તર્જની શું એક દેરું ચણ્યું, માની મૂર્તિ ઘડવામાં આવી, અને એ મૂર્તિનાં નેત્રોની જોડ જેમ રળિયાતે મેળવી આપી, તે રીતે ચિતારા હરદાસ અને રળિયાતની જુગલ જોડ માએ નક્કી કરી આપી. નેતરવાળી વિધવા મોચણ, પોતે જ એક વાર નકામ માન્યો હતો તે હરદાસને હોંશે કોડે પોતાનો જમાઇ કર્યો. હરદાસ–રળિયાતનું યુગલ દેરાના વાસ્તુની પૂજામાં બેઠું.

માના દેરાને ઓટે બેસીને ચિતારા હરદાસનો આનંદ એક જ વસ્તુ નિહાળવાનો થઇ પડ્યો. માની મૂર્તિના કરતાં સવિશેષ તો દર્શને આવનારાં માનવીના દિદાર નિહાળવાનો આનંદ. એક દિવસ મદભરી માનિની રળિયાતને ચૌચરમાના ચિતરની સન્મુખ જેવી દીઠી હતી દુકાનની અંદર, તેવી જ એણે સેંકડો હજારોને દીઠી અહીં: દરવાજામાં પેસતી વેળા ઠસ્સાભરી, ઠાઠમાઠમાં ચકચૂર, રૂપમાં આંજતી, વિલાસી રતિમૂર્તિઓ, ઓટે ચડીને જ્યારે મંદિરના ચોકમાં ઊભી રહી માની મૂર્તિ સન્મુખ તાકતી, કે નિમિષમાં તો એ જુદી જ ભાતની નારીઓ બની જતી. પગના ઠમકાર થંભી જતા, મદાલી આંખો માર્દવ ધરતી, છલકતા હાથ જાણે ગમ ખાઇને જોડાઇ જતા, વાચાળતા એકાએક વિરમી જતી.

હજારો માનવજનોનાં જીવનમાં અગોચરપણે આવું સૂક્ષ્મ પરિવર્તન મૂકી આપતું માનું મંદિર ચિત્રકારની પીંછીને રોજ નવા વિષયો સુઝાડતું રહ્યું. એ પીંછીએ માનવ મોંના જ નહિ પણ માનવ-

મનના આકાર સુધ્ધાં પકડયા. એ જે કોઇ કલ્પનાકૃતિ અગર જીવતું માનવ ચીતરતો ગયો તેની અંદર બાહ્ય શરીર—સામ્ય તો બરાબર ઉપસાવી આપતો, પણ વિશેષમાં જે માયલું મનોરહસ્ય મૂકતો તેને લીધે એક અનેરું માંગલ્ય છબીમાં લહેરી ઊઠતું. આ મનોરહસ્યનો મસાલો હરદાસની પીંછીમાંથી કદી ખૂટ્યો નહિ, કારણ કે દેરાને ઓટે બેઠાં બેઠાં પ્રહરો લગી દર્શનાતુરોનાં મોં વાંચ્યા કરવાનું એનું ધૈર્ય ખૂટ્યું નહિ. જાતરાળુઓને જોયા કરવામાં જ એને માનાં બહુવિધ રૂપનાં દર્શન થતાં. એકની એક જ બૌચરા અનંત તેમ જ અનેકવિધ રૂપલીલા અહર્નિશ ખેલ્યા કરતી.

સુલતાનાની તસવીર કાઢનારા આવા અસામાન્ય કૃપાપાત્રને તો પછી તેડાં પર તેડાં આવ્યાં. વજીરો, અમીરો ને ઉમરાવોની હવેલીઓ હરદાસ ચિતારાની એકાદ પ્રસાદી વિના તો ગૌરવહીણી ગણાવા લાગી. એની કૃતિથી પ્રત્યેક મહેલાત શોભતી બની ગઈ. સર્વ મુખે એક જ બોલ ફરતો થયો કે 'કહો ન કહો ભાઈ, પણ આ માણસની પાસે કાંઈક ઇલમ છે.'

તો બીજા કહેતાં કે 'એ આવું ચીતરે છે કારણ કે નેકપાક આદમી છે. એની પીંછીમાંથી નાપાક કોઇ ચીજ નીકળતી નથી.'

એવી લાગણીને પરિણામે, નવી એક પાદશાહ—પેઢીના ઉગમ દરમ્યાન તો હિંદુઓને થોડાં વિશેષ દેરાં કરવાની પણ રજા મળી. ડરતાં ડરતાં પણ સોનાના કળશ અને દેવ—ધજાઓ અમદાવાદના આકાશમાં ડોકિયાં કરવા લાગ્યાં. એ દેખીને સૌથી વધુ પ્રસન્ન હરદાસનું હૃદય બન્યું. પીઢ વયે પહોંચેલો ચિત્રકાર રાતે દેરેથી ઘેરે આવીને પત્નીને કહેતો: 'સારું છે રળી! માનવીઓના મદ ગળે છે મંદિરોમાં ગયે; મનની ઉફાંદો શમે છે. યાદ છે ને?'

પ્રૌઢા રળિયાત વહેલાંની વાતનું સ્મરણ દેવાતાં મોં મલકાવીને નીચું જોઈ જતી.

: ૪ :

ચાલીશેક વર્ષોનો કાળ, એ શું મહાકાળેશ્વર ભગવાનની વિરાટ ક્રીડાને માટે નાનોસૂનો ગાળો ગણાય ? અને ચણતાં વાર લાગે છે પણ પાડતાં કંઇ વાર લાગવાની હતી ? અમદાવાદના તખ્ત ઉપર ગુજરાતનાં રાજપૂત લોહીમાંસનો અવાજ દહાડે દહાડે તીણો ને ઝીણો પડતો ગયો, એક બે ને ત્રણ પેઢીએ તો એનું ગળું તદ્દન રુંધાઇ ગયું.

પોતાની જાહોજલાલીનાં છેલ્લાં શિખરો જોઇ કરીને ચાંદ્રાસ-ઓળ પાછી વળી હતી; મોચી કારીગરોનો વૃદ્ધ આગેવાન હરદાસ પોતાના એકના એક પુત્રને પીંછી અને વિદ્યા ભળાવી દઇ સવાર-સાંજ મોટે ભાગે માની વાડીમાં જ ગાળતો હતો. જગ્યાના કૂકડા એ રખેવાળને જોતા ત્યારે ગર્દન ઊંચી કરી માંજર ઝુલાવતા મસ્ત નાદે કૉક–કૉક ગાણું ગાતા. જગ્યા ફરતા કોઠાદાર ગઢની પ્રદક્ષિણા કરીને બુઢ્ઢો બદામડીઓનાં ઝૂંડ વચ્ચે બેસતો, ત્યારે કોઇ કોઇ વાર ઘોડાંની તબડાટી સંભળાતી અને ગઢની રાંગની બહાર બાદશાહી અસવારોનો બોલાસ સંભળાતો : 'આની પણ નોંધણી કરી લ્યો.'

નોંધણી—એ બોલ બુઢ્ઢા હરદાસનું કલેજું ઊંચું કરતો. એને ખબર હતી કે અસલ વેળાનાં હિંદુ દેરાંની નોંધણી ચાલી રહી છે. હશે ! આપણે શી ફિકર છે ? મારી માનું દેરું તો સુલતાને જ મંજૂર કરેલું છે, આ રહ્યો દસ્તાવેજ.

વાડીનું વિશાળ ચોગાન પોતે સાવરણી લઈ સાફ કર્યાં જ કરે છે. માતાના કૂકડાને ચણ છાંટે છે. વખતસર કોસ જોડાવીને ઝાંડવાંને પાણી પિવરાવે છે, જાતરાળુઓની સાર સંભાળ રાખે છે. માનો અખંડ દીવો ઓલવાય નહિ તે માટે પૂજારીના કરતાં એ પોતે જ વિશેષ જાગ્રત રહે છે. માણેક નદી હરદાસની આંખોને રોજ રોજ નવા રંગો રેખાઓ દેખાડતી વહ્યા કરે છે.

એક દિવસ રાત્રિએ ઘેર આવીને ઊભો રહ્યો. બુઢ્ઢી રળિયાત ખવરાવવા બેઠી. એણે કહ્યું : 'કંઈ જાણ્યું ?'

'શું છે ?'

'હું આજે ગઈ હતી વૈકુંઠરાયને ઘેર, દીકરી પરણે છે તેને માંડણુ કરવા. (માંડણુ એટલે મંડન. પરણતી હિંદુ કન્યાઓનાં મસ્તક મોં પર ને લલાટ પર સતારા, કંકુ ઇત્યાદિની શોભા સજવા માટે મોચણો જતી.) ત્યાં જાણ્યું કે એની ન્યાતનું પ્રાચીન શિવાલય પરમ દા'ડે તોડશે.'

'તોડશે!'– આભા બનેલા હરદાસના હાથમાં કોળિયો થંભી રહ્યો.

'નહિ ત્યારે? પાદશા કહે કે હવે તો જૂનાં પણ નહિ રહેવા દઇએ.'

'હં– એમ?–ઓ હો!' એવા ઉદ્‌ગારો કાઢતો વૃદ્ધ પોતાની અરુચિને છેતરતો લૂછ લૂછ કોળિયા લેવા લાગ્યો.

'દેવનાં નેતર જ જુઓને!' રળિયાત પોતાની ચૌદ વર્ષની દીકરી નેત્રાને ફાકીઓ કાઢતી હતી તે તરફ આંગળી બતાવી કહેવા લાગી : 'ડોળા જ ફાડે છે, ને સરખી જોડ તો હવે મળતી જ નથી. શું થવા બેઠું છે મારી મા!'

હરદાસ એ નેત્રાના ખૂમચા સામે તાકી રહ્યો. રળિયાત પાછું બોલી:

'દેરાંને ખાલી પણ કરવા લાગ્યા છે. કેટલી ય પોળોવાળાએ મૂર્તિઓને ઉઠાવી ઉઠાવી ઊંડાં ભોંયરાં કરી ત્યાં સ્થાપના કરી પણ લીધી અને દેરાંમાં અહીં તહીં ફેરફારો કરી મહીં માલથાલ પણ પણ ભરી લીધા છેક ગભારાઓ સુધી. ધજા–કળશ ઉતારી નાખ્યાં.'

'આરતીઓ ?'

'આરતીઓ સવારસાંજ ઘરનાં ભોંયરાંમાં જ જરી ટન–ટન ઝાલરો કરીને ઉતારી વાળે છે. મારું તો આજે કંઈ કાળજું બળે છે કંઈ કાળજું! અરેરે, વૈંકુંઠ ક્ષત્રીની દીકરીનાં લગન રખડી પડચાં. કેવા કોડે મેં એને માંડણું કર્યું હતું! આજે જઈ જોઉં છું તો ઘરબારને તાળાં! પૂછતાં કોઈ જવાબ જ ના આપે તો! હાય જાણે હું મોઈ પાદશાને ખબર પહોંચાડી દઈશ! કહ્યું કે અરે બહેનો! બેઓ! મારે ઘેર પણ રૂડાં દેવસ્થાનાં છે, મને તો કંઈક કહો, બહુ કગરી ત્યારે જાણ પડી કે એમનું દેરું તોડવાના છે એથી શહેર છોડી આજ ને આજ વહેલી પરોઢે ઊપડી ગયાં ક્યાંઈક દેશાવરે.'

'અને બીજું જાણ્યું? પરમ દહાડે રાતે પેલી ડાઘ્ડી નીકળી હતી ને એ...એ...એ...કરતા ડાઘુઓનું ટોળું જતું'તું તે દેખીને તમે પૂછતા હતા કે કોણ મરી ગયું, પણ તમને ખબર પડી કોણ મરી ગયું?'

'ના.'

'કોઈ જ નથી મુઉં!'

'ત્યારે?'

'છળ હતું.'

'શાનું છળ?'

'ચિંતામણના પ્રાચીન દેરાની પ્રતિમાને શહેરમાં લઈ આવ્યા શ્રાવકો!'

'હેં?'

'હોવે.' રળિયાત લહેકા કરી કહેતાં હતાં: 'પાદશાને ખબર ન પડી જાય તે માટે મૂર્તિને નનામી રૂપે બાંધીને, ઢાંકીને, મસાણે મડું લઈ જતા હોય તેમ શહેરમાં લાવ્યા, ને પોળને ભોંયરે પધરાવી દીધી. કેવી કરામત કરી શ્રાવકોએ!'

'સરસ કરામત, રળી! બહુ સરસ કરામત.'

વાળુ કરીને મૂંગો મૂંગો હરદાસ મેડે બેઠો છે. વિચારમાં એનાં ચક્ષુ બિડાઈ ગયાં છે. હાથમાં માળાના પારા ટપક ટપક પડતા આવે છે. તે વખતે મેડે ચાંલ્લાંઓળના, ઢાલગરઓળના ને જીનગર ડબગર ઓળના મોચી ન્યાત–પટેલોનો પગરવ થયો. એ ચારેક ચિંતાતુર ચહેરાની સામે હરદાસની સુજાણુ આંખો ફરવા લાગી.

'જાણ્યું તો હશે હરદાસ.' એકે કહ્યું.

હરદાસે સસ્મિત હકારમાં માથું હલાવ્યું એટલે વાર્તાલાપ આગળ વધ્યો:

'જૂનાં દેરાંની નોંધણી શહેરમાં સપાટાબંધ ચાલે છે.'

'જાણ્યું છે.' હરદાસે માથું હલાવ્યું.

'આપણી માના દેરાને તો...'

'ના, એને તો કંઇ નડતર નહિ કરે. એ તો પાદશાની જ બક્ષીસ છે. દસ્તાવેજ આપણી પાસે છે. પણ દલ બળે છે, બીજાં દેરાં ભંગાતાં દેખીને.'

'દલ શીદ બાળવું મારા ભૈ? બીજાના શા વાદ? આપણું સચવાય છે તો શાંતિ રાખીને બેઠા રહેવું.'

ત્યારે ત્રીજાએ ઉમેર્યું: 'આપણો જો કોઇક દન પણ વારો આવે એવું લાગશે, તો આપણે પણ માની પ્રતિમાને ત્યાંથી ઉઠાવી અહીં પોળમાં કોઇક ભોંયરે રાખશું. ને વાડીમાં ચામડાં ભરી દઇશું.'

'જેવી માની મરજી હશે તેમ થશે ભાઇઓ!' હરદાસના હોઠને ખૂણે એક આછું સ્મિત ફરકયું જે ભાગ્યે જ આ આગેવાનો જોઇ શકયા.

એકે કહ્યું: 'કહે છે કે કાં મૂર્તિ ને દેરું તોડીએ ને નહિ તો આગેવાન કલમાં પડવા કબૂલે. માનવદેહને ભ્રષ્ટ કરવાની વાતથી તો ત્રાસી જવાય છે. પતઈ રાવળ જેવો ચાંપાનેરનો ધણી વટલવા

કરતાં છેદાઈ જવા તૈયાર થયો. ને પેલો જુનાગઢનો રાવ મંડળિક તે વટલીને આપણી નજર સામે તકિયામાં ભૂંડે હાલે ભમે છે ને ડબલામાં પારકાં એઠાં પાણી પીએ છે. કેટલા કેટલા વટલવા લાગ્યા છે! ગઈ કાલ સુધી જનોઈઓના ધણી હતા તે આજ રોજે ખીચડું લઈ રહ્યા છે. આજે તો હરદાસ, વેળાસર માને બેસવવાની જ વાત છે. જતે જનમારે તમારાથી કશું બીજું થાય નહિ ને અમારાથી જોયું જાય નહિ. વળી એ તો પાછી વેળા પલટશે, આજ નડારો પાદશા તો કાલ કોઈક દયાવાન દિલવાળો આવશે, ત્યારે ફેર દેરું દૂધે ધોશું, ને માની ધામધૂમ સાથે ફરી પ્રતિષ્ઠા કરશું. ઊંચાં વરણવાળાઓ પણ એ જ કરી રહ્યા છે. ભલભલા દેવ ભોંયરે ઊતરવા કબૂલ થયા છે, ધજા ને કળશની કોઈ દેવને તૃષ્ણા નથી, તો આપણી માનું શું ગજું ભાઈ? જે સહુનું તે વહુનું. ખરું?'

'મા જેમ કહેશે તેમ કરશું ભાઈ!' એથી વધુ એક શબ્દ પણ હરદાસના હોઠમાંથી નીકળ્યો નહિ.

'જોઈ રાખજો હરદાસ, મા તમને એ જ કહેવાની.' એમ કહી, વાતનું સાદામાં સાદું ને સરલમાં સરલ સ્વરૂપ બાંધી આપ્યાનો સંતોષ લઈને મોચી ન્યાતના આગેવાનો મેડેથી ઊતરી ગયા.

રાતમાં રળિયાત જાગરણ કરતી પતિની પથારી આગળ બેસી રહી. હરદાસ વચ્ચે વચ્ચે જાગી જતો ત્યારે રળિયાત પ્રશ્ન કરતી: 'મા કંઈ કહે છે હેં?'

'મા બીજું શું કહે ઘેલી? માના કહ્યા વગર આપણે શું ન સમજીએ તેવાં અક્કલહીણાં છીએ? મા તો વેળા આવશે તે વારે સૂઝવશે રસ્તો.'

'દેવનાં નેતર કરડાં જુએ છે.' રળિયાતને એ એક જ ધૂન હતી.

'પણ તેં જે બે નેતર માની મૂર્તિને ચોડયાં છે તેની પત તો આપણે જ પાળવાની છે. એ બે નેતરને હું હરરોજ નિહાળું છું. એમાં માનાં અમી ઝલકે છે.'

'દેરું ખાલી કરીએ તો?'

'ઘર ખાલી થાય, દેહનાં ખોળિયાં ખાલી થાય, પણ દેવસ્થાનાં ખાલી ન થાય, રળી!' પતિએ યૌવનકાળનું લાડીલું નામ લઈને પત્નીને જણાવ્યું.

રળિયાતે પતિના મસ્તક પર હાથ મૂકયો, કારણ કે એ કશું સમજી શકી નહિ.

'સૂઈ જા રળી! સૂઈ જા! માણસમાંથી માણસપણું જવા દીધે દેવસ્થાનાંનાં દેવતાનો શો ખપ રહેવાનો છે?'

'એટલે શું?'

'એટલે એમ, રળી! કે આ દેવસ્થાનાં કોને માટે? હજારો લાખો માનવીઓને માટે; ને આપણે ઘરના ચાર જીવડા જીવીએ છીએ તે કોને માટે?'

'કશું સમજમાં આવતું નથી.'

'મને પણ સમજ પડતી નથી. હું કંઈ વાર્ણાને ગોઠવતો નથી. કશુંક બોલ બોલ કરે છે રુદામાં. કશુંક ગૂંચવાડામાંથી મારગ ગોતે છે રળી! માણેકનદીનું વહેન બદલી ગયું છે. આપણે નીચલી વરણ, આપણી અક્કલ કામ કરે નહિ. મા સુઝાડશે. વાટ જોઈએ. શી ઉતાવળ છે? આપણે તો દસ્તાવેજ છે. પાદશાનું જ દીધેલ છે દેરું. એને કંઈ કરે નહિ તો!'

પતિનો પ્રલાપ અકળ અગમ હતો. વાણી મેળ ધરતી નહોતી. અરેરે! ગાંડપણુ તો નહિ આવી જાય?

'પણ હેં રળી!' પતિ પડખું ફેરવીને પાછો બોલવા લાગ્યો: 'હું ને તું માણેકનદીને કાંઠે મળ્યાં. આ સામસામે મેડેથી એક-બીજાનાં અંતરમાં સમાયાં. માણેક બદલી ગઈ. પણ તું તો વહેન નહિ બદલાવે ને?'

'ના, બેઉનાં વહેન એક જોડે જ સમદરમાં.'

'હા, માની કરુણાના સમદરમાં.'

'બસ ત્યારે, ચાલો ઊંઘીએ.'

થોડા મહિના પછી પાદશાહી શહેર–સૂબાનાં પંદરવીશ ઘોડાંએ સુકોમળ ને નાજુક ચાંલ્લાઓળની સાંકડી કાયા પર હમચી ખૂંદી નાનાં બાળકોને હડફેટે લીધાં અને ભયની હવા ફેલાવી દીધી. ચિતારા હરદાસના નામની હાકલ પડી. હરદાસ હાટડાની કોર પર આવીને ઊભો રહ્યો. શહેરના સૂબાએ એને પૂછપરછ કરી, બહુચરાજીના દેરાવાળી મોચીની વાડી વિશે નોંધણી ટપકાવી લીધી; અને મંગળવારે દસ્તાવેજ સાથે દેરે હાજર રહેવા હુકમ દઈ, બેપાંચ વધુ છોકરાંને ઘોડાના પગનાં ઠોકરે ઉરાડી, હાટડે હાટડે જૂતના માતાના મુગટ, લગ્નના મોડીઆ વગેરે વસ્તુઓનું રમખાણ મચાવતાં સૂબાસવારી પાર નીકળી ગઈ.

મંગળવાર આડા ચારપાંચ દિવસ હતા. મોચીની ન્યાતના આગેવાનો જે સાદી સરળ જુક્તિ તે દિવસ રાતે સૂચવી ગયા હતા તેને પાર પાડવામાં કશો અંતરાય નહોતો. પણ માતાની આજ્ઞા શી હતી તે હરદાસ કશું કહેતો નહોતો, અને એવી આજ્ઞા વિના પોતે કશું કરવા તૈયાર નહોતો.

મંગળવારનું પ્રાતઃસ્નાન પોતે, રળિયાતે અને બન્ને બાળકોએ પતાવી લીધું ને પછી માને મંદિરે તેઓ આવી પહોંચ્યાં. કૂકડાની પ્રભાતી નેકીએ તેમનો સત્કાર કર્યો, બાકી તો ત્યાં કોઇ નહોતું. પૂજારી પણ નહોતો. એક પણ જ્ઞાતિજન ડોકાયો નહોતો. જાતરાળુ-ઓની વિદાયના સમાચાર સૂના પડેલા મંગાળાની તાજી રાખ આપી રહી હતી. આટલી વિશાળ જગ્યામાં, જ્યાં રોજ વહાણું વાયેથી લઇ મધરાત સુધી માનતા કરનારાંઓના કિલકિલાટ મચી રહેતા ત્યાં કેવળ પાંચ કૂકડા સિવાય કોઇ નહોતું. મંદિરે જઇને જોયું, પૂજારીએ

જતા પહેલાં પૂરેલું તેલનું કોડિયું, દીવાની વાટને પોતાના કલેજામાંથી ભિનાશ આપી આપીને જ્યોતને જલતી રાખી રહ્યું હતું. પાદશાહી સૂબો તપાસે આવનાર હતો એ ખબર પડી ગઈ હતી.

'રળી! આ તો જો રળી!' હરદાસે પત્નીને માતાના દીવાનું કોડિયું બતાવીને કહ્યું : 'આપણી દેહ શું આ માટીના લોંદાથી યે જશે? આ રૂનો ધાગો તો જો, પોતે સળગી જઈને પણ માની જ્યોતને અણિશુદ્ધ રાખી રહ્યો છે રળી! માએ આ બે જણાં દ્વારા આપણને ઘણું કહી નાખ્યું. મા બોલે છે રળી! આ કચરાના કોડિયાથી ને રૂના ધાગાથી યે શું આપણે જશું? આપણે આવી ચડયાં તો તેલ પુરાય છે, વાટ સંકોરાય છે, ઝાંખી જ્યોત ફરી ઝગારા મારી ઊઠે તે, દેરું ઝળાં ઝળાં બને છે, અને જો તો ખરી, પેલી માની એ આંખો! તારાં જ ચૂંટેલ એ નેતર–હસે છે, હા કહે છે, અનુમોદે છે, કે દીવો ન ઠરવો જોઈએ, મનખાદેહ કોડિયામાંથી પણ ન જવો જોઈએ, આપણે કોડિયાં તો બની શકશું ને રળી! બોલ બેટા રવદાસ, ને તું યે કહે દીકરી કંકુ, આપણી મળમૂતરથી ભરેલી કાયાનાં મૂલ્ય કેટલાં? આ તો અમસ્થો કહું છું હાં કે? બાકી આપણું દેરું તો ના જ તોડે. પાદશાહનું દાન છે તો!'

હરદાસ બોલતો હતો તે વાણીએ અત્યારે હવે નિશ્ચયાત્મક રૂપ ધરી લીધું હતું. હવે તે રાત્રીનો અસંબદ્ધ પ્રલાપ નહોતો પણ સ્પષ્ટ વિચારણા હતી. એણે પાઘડીનો છેડો ગળા ફરતો નાખી મા પાસે માથું ઝુકાવ્યું, રળિયાતે પાલવ પાથરી માને પાયલાગણ કર્યું; પુત્રપુત્રી પણ નમ્યાં—

એવે સમયે મંદિરના ગઢની બહાર ઘોડાંની પડઘી ગાજી ઊઠી.

એ સાંભળીને હરદાસનું શિર માતાની સન્મુખ વધારે નીચું ઢળ્યું. એની આંગળીઓ દેવીના દીવાની વાટ સંકોરવા લાગી.

અંદર પ્રવેશતા કાળભૈરવ જેવા માણસોને દેખીને કૂકડાએ આક્રોશ કર્યો. પાંચે પંખીઓની ગરદન ટટ્ટાર બની ગઈ.

હરદાસે આ ઘસતમાં કોદળી પાવડા અને ત્રિકમો ધારણ કરેલું દાઢીઆળું એક મોટું ટોળું દીઠું.

'તારું નામ હરદાસ મોચી?' આગેવાને પ્રશ્ન કર્યો. તેના જવાબમાં હરદાસનું સફેદ કેશવાળું મસ્તક હકાર દઇને જરા નીચું નમ્યું.

'આ મંદર અમારે જમીંદોસ્ત કરવાનું છે.' મોવડીએ પાદશાહી ફરમાનની જાણ કરી.

'આ......આ......જુઓ.' તૂટક શબ્દો બોલતે બોલતે હરદાસે છાતીએથી એક દસ્તાવેજ ખેંચીને આગેવાનની સામે હાથ લંબાવ્યો.

'ઓ હો......' કહેતાં કહેતાં આગેવાને એ દસ્તાવેજના શાંતિથી ટુકડા કરી ભોંય પર વેરી નાખ્યા.

ચોમેરે કોદાળીઓ, ત્રિકમો ને પાવડા ઊછળી રહ્યા. ચોમેરે ખડખડ હાસ્ય સંભળાયાં. ચોમેરે અધીરાઇની હવા ઘેરાઇ વળી.

'મેં—મેં—' હરદાસ છેલ્લી વાણી કાઢતો હતો, 'એ છબી ચિતરી હતી તે સુલતાનનાં રાણીની હતી. એ છબી મારી માએ ચીતરાવી હતી. મારી મા વગર બીજું કોણ ત્યાં તલનું ટપકું પૂરત?'

'બકે છે.' કાજીએ સરદારની સામે જોઈ હાસ્ય કર્યું. હરદાસની વાણીએ વધુ વેગ પકડ્યો.

'ને મારી માએ કોઇનું કશું અહીં બેસીને બગાડ્યું નથી.' હરદાસની ડોકી એ કહેતાં કહેતાં ડગમગતી હતી; 'અહીં તો મારી માની સન્મુખ મનુષ્યોના ગર્વ ગળ્યા છે; મનના મેલ ધોવાયા છે; અમદાવાદનાં તાબૂતોને અમારા કસબ વડે અમે શણગારી આપ્યાં છે હરએક સાલ. આંહીં માણેક નદીને કાંઠે બેઠેલી મા અમારી નિર્દોષિતા છે. આંહીં પાસે કોઈ મસીદ પણ નથી. આંહીંની ઝાલર

આરતી ઝાંઝે દૂર સંભળાતી પણ નથી. આ એક જ દેરું છે. ન તોડો. અમારી સ્ત્રીઓ ક્યાં જઈને અંતરની આપદાઓ વીરમશે?'

'ન તોડો પાદશા!' સ્વામીની પાછળ ઊભી ઊભી રળિયાત બોખે મોંએથી વીનવતી હતી. 'માનાં નેતર મેં કૈંક રાત જાગીને શોધ્યાં હતાં. એ નેતરનાં અમી તો નિરખો! તમને મા આશિષો દેશે.'

'ખાલી લવારી ન કર, મોચી!' સરદારે કરડાઈ વાપરી. 'હટી જા……'

કોણ જાણે કેમ પણ સૂબો છેલ્લું ફરમાન આપતો ન હતો. કોદાળી–પાવડાની અધીરતા રુંધાઈ રહી હતી. માતાના કૂકડા ચીસો પાડતા હતા તેના પ્રતિઘોષ પાડતો મંદિરનો ગઢ બિહામણો બન્યો હતો.

સરદારની આંગળી હલી, અને ત્રિકમ–પાવડા લઈ મજૂરો મંદિર તરફ દોડ્યા.

રળિયાતનો દેહ એની આડે ફર્યો.

'ન તોડો, ન ભાંગો!' હરદાસ બોલ્યો: 'મને કહો તો ખરા, બીજું જે કંઈ કહો તે કરવા રાજી છું. મને મારવો હોય તો—'

'સબૂર.' સરદારે ભાંગનારાઓને અટકાવીને કહ્યું: 'તું મુસ્લિમ થવા તૈયાર છે?'

'હેં? હેં? ઊભા રહો. હું વટલું? શું કહો છો આ તમે? મને મારી નાખો એ બસ નથી. શું? હું વટલું? મનખા દેહ હારું?—હેં—રળી!' એણે પત્ની તરફ નેત્રો ઠેરવ્યાં: 'આ તો જો, મને વટલવા કહે છે.'

હરદાસે ક્ષણવાર શ્વાસ લીધો. સૂબો અને કાજી, તરફડતા મુરઘાને દેખીને જલ્લાદ હસે તેવું હસતા હતા, ને માથું ધુણાવતા હતા.

હરદાસની દૃષ્ટિ એક ત્રાજૂડીનું રૂપ ધરી રહી. બેઉ આંખો એ ત્રાજુડીનાં છાબડાં જેવી બની. કશુંક તોળાઈ રહ્યું હતું. એક પલ્લામાં મંદિરનો ઉચ્છેદ, ને બીજામાં પોતાની જાતનો, ધર્મનો, સંસ્કારનો વિધ્વંસ. હરદાસ અણુદીક કોઈક ધારણુ તોળતો હતો.

'બીજું કંઈક કહોને! મારું માથું માગોને!' એની જીભ સૂબાની ને કાજીની સામે રગતી હતી: 'હેં—બીજું કશુંક—'

'કશું નહિ. જલદી કર. બોલ, કલમાં પઢીશ?'

'પણ હું માથું દઉં.'

'માથાં તો અમે ઘણાં લીધાં છે, મોચી! એનો તોટો નથી રહ્યો. જાન લઈને તો થાકયા છીએ. જાન લેવી છે હવે નો.'

'હાં,' કાજીએ ટમકું મૂકયું; 'તો જ આ દેરાંનો નિકાલ આવશે કોઈક દાંડો.'

'જલદી ફેંસલો કર હવે કમબખ્ત!'

'હા — હમણાં જ કરું — વાર નહિ લગાડું — મને જોઈ લેવા દો.'

બોલીને હરદાસે મંદિર પર મીટ માંડી. એની દૃષ્ટિએ સમગ્ર દેરાને, ધરતીથી લઈ શિખરની ટોચ સુધી સ્પર્શ કરી જોયો. એ દર્શન છેલ્લું હતું. ઘડી પછી આ ચોગાનમાં પગ નહિ મૂકી શકાય. માનાં નેત્રો, માનો દીવો, માની માંગલ્યમયી આકૃતિ, કશું ફરી નહિ દેખી શકાય. માના ચાચર પાસે, પ્રત્યેક સાલ નવરાત્રીની ભવાઈમાં પગે ઘૂઘરા પહેરીને વિધવિધ વેશે નાચી નહિ શકાય. માના ગઢની બહાર, હડકાયા કૂતરાની જેમ, બેસી રહેવાનું, ભમવાનું, મનુષ્યોના થૂથૂકાર વેઠવાનું, આંગળીચિંધામણું, ચાંલ્લાઓળને ખોળેથી હડધૂત થઈ ગબડી જવાનું, અરે 'મા મારી' એટલા શબ્દથી પણ વંચિત બની જીવવાનું, કોઈક મસીદને ઓટલે પડયાં પડયાં ઊંઘવાનું, ડબલામાં ખેરાતનું ખીચડું લઈ પેટ ગુજારવાનું..........ત્રાજવાને એક પલ્લે આવા ભાવિની ભયાનકતા ચડી બેઠી. હરદાસ પલભર તો મુંગળાઈ ગયો.

બીજા પલ્લામાં એણે વળતી જ પળે વજન વધતું નિહાળ્યું :

આ દેરું ઊભું રહેશે, માની મંગળમય મૂર્તિ અખંડિત રહેશે, મોડીઆળી ને ચૂંદડિયાળી મા ચૌચરી સૌની સામે નિરખી રહેશે, સૌના ઉપર માનાં અમીભર્યાં નેત્રો વરસશે—મારી રળિયાતે જોડવેલાં એ નેત્રો.

'તો ભલે સરદાર સાહેબ !' હરદાસે નિકાલ આણ્યો, 'ચાલો, મને કત્લમાં પઢાવો.'

રસાલાની મોખરે હરદાસ ચિતારો જુમામસ્જિદે ચાલ્યો. નગર અમદાવાદ એને નિરખી રહ્યું. એ પ્રભાતે હિંદુ ચિતારો હરદાસ કાજીની સમક્ષ કલમાં પઢયો. અને એનું મસ્તક તેજ સાંજની પાક નમાજમાં સેંકડો મુસ્લિમોની સામે અદબભેર ઝૂકી રહ્યું.

હૃદયમાં એ બોલતો હતો : 'મા, તું ને રહીમ કંઇ જુદાં છો ? તું મા–રૂપિણી છે, ને એ પિતાસ્વરૂપ, એટલો જ ફરક છે. એ ફરક પણ, હે મા, માનવોએ કલ્પેલો છે. તું ને એ અભિન્ન છો. હે મા ! હે રહીમ ! હે મંગલા ! હે અલ્લાહ ! હે જગદમ્બા ! હે અકબ્બર ! તુંહિ છો, તુંહિ છો, એક છો, અભિન્ન છો.'

એ રાત્રિએ હરદાસે સર્વ ફકીરો મિસ્કિનોની જોડે ઊભા રહીને અહમદશાહને રોઝે ખેરાતનું ખીચડું લીધું; ને મોડી રાતે એ ત્યાંથી અદૃશ્ય થયો.

હરદાસ વટલાયો !—લોકોમાં થૂથૂકાર થઇ પડ્યો. પોતાની મંદિર–મૂર્તિઓને સલામત છુપાવી દેનારાઓ આ નાદાનની નાદાનિયત પર હસ્યા. બીજાઓએ એને ભ્રષ્ટ કહ્યો, ત્રીજાઓએ એની કાયરતા ગણી. જીવનમાં જેમણે પોતાના પગને કાંટો પણ અડકવા આપ્યો નહોતો તેવા કેકે આમ પણ કહ્યું કે 'આથી જીભ કરડીને મરી જવું શું ખોટું હતું !'

મોડી રાત થઇ ગઇ પણ ચાંલ્લા ઓળવાળે મેડે દીવો પેટાયો નહિ. લોકોમાં જે તમાશાના શોખીનો હતા તેઓની ત્યાં ઠઠ મળી હતી તે પણ પછી તો વિખરાઇ ગઇ.

કોઇએ કહ્યું: 'હવે મોં શું બતાવે?'

'હવે તો અહીં એ રહે તે પણ આપણને કેમ પરવડે!'

'પણ પાછા એને અહીંથી કાઢવા નહિ આપે તો!'

'અહીં રહીને એ તો મરઘાં કાપશે, પરમાટી રાંધશે.'

'ના રે ના, જુઓને, એને તો પાછા મોટી મહેલાત રહેવા માટે આપશે અને હાકેમ નીમશે.'

'આવું હરદાસ માટે કલ્પવું ન જોઇએ. એ નક્કી ક્યાંઈક નાસી ગયા હશે. ને ગળાફાંસો ખાશે.'

બીજે દિવસે સવારે મોંસૂઝણું થયે કોઇક દોડતા ચાંલ્લાઓળમાં આવી ખબર આપ્યા:

'ઓ બેઠા હરદાસ—ત્યાં માને દેરે.'

'હાય હાય! દેરામાં?'

'ના રે ના, ગઢની બહાર, માણેકને કાંઠે.'

'જીવતા જોયા?'

'નહિ ત્યારે?'

'શું કરતા હતા?'

'નમાજ પડતા હતા!'

'હાય હાય! કોઇ બીજું છે ત્યાં?'

'નહિ—ફક્ત માના કૂકડા એની ગોદડીની આગળ જઇ ચણે છે, ને એના ડબલામાં પાણી ભર્યું છે તેમાં કૂકડા માંજર પલાળી રહ્યા છે.'

બીતું બીતું ગામલોક હરદાસને જોવા ચાલ્યું. એમણે જઇને જોયું તો કોઇક એક ફકીરની પાસે બેઠો બેઠો હરદાસ એ ફકીર કંઇક વાંચતો હતો તેનું શ્રવણ કરતો હતો. નજીકમાં અન્ય મુસ્લિમો પણ હરદાસની અદબ રાખીને ચુપચાપ બેઠા હતા. એમાંના ઘણાખરા તો શહેરની નવી મસ્જિદો ને રોજાઓનાં શિલ્પ કંડારનારા સુપરિચિત કારીગરો હતા. ફકીરનો હરએક શબ્દ સાંભળતો હરદાસ પોતાનું, લાંબા, શ્વેત, ચોટલાદાર વાળવાળું નિર્મળ જેવું માથું હલાવતો હલાવતો કહેતો હતો: 'બરાબર. સાચું છે. સમજું છું.'

માતાના કૂકડા એની ગોદમાં જઇ લપાયા હતા, ને ફકીરના વાચન પ્રત્યે 'કૉક—કૉક—કૉક' કરતા હતા.

થોડા દિવસ પછી લોકભય સમી જતાં એક પ્રભાતે એણે આંબલીઓળનાં નરનારીવૃંદ આવતાં જોઇ આંખોમાં જળજળિયાં અનુભવ્યાં. ગામ પરગામથી ગાડાં આવતાં હતાં. વડલા અને આંબલીની વનઘટાને છાંયે બળદો છૂટતા હતા. ઘોરીની કોટે ઘૂઘરમાળ રણઝણતી હતી. નવપરિણીત વરવધૂઓ છેડાછેડીએ બંધાઇને ઊતરતાં હતાં. લાંબા ચોટલાવાળાં બાળકોને તેડી વેલમાં માતાઓ આવતી હતી. સહુ થાનકમાં દાખલ થતાં હતાં. માણેક નદીમાં સ્નાન કરવા યાત્રિકો ઊતરતાં હતાં. માથાબોળ નહાઇ-ધોઇને તેઓ માને નિવેદ ધરતાં હતાં. શ્રીફળો વધેરાવાના ધડાકા સંભળાતા હતા. માનાં મંગળ ગીતોના સામટા સ્વરો ગગનારોહણ કરતા હતા અને કૂકડા ગઢ બહાર નીકળીને હરદાસની ગોદડી પાસે ચણતા હતા. યાત્રિકોનાં રાંધણાંની ધૂમ્રશિખાઓ ગઢ ઉપર થઇને ઊંચે ચડતી હતી. દેરાની ઊંચી ધજા ફરકતી હતી.

ગરીબડે મોઢે હરદાસ એ સર્વને જોઇ રહ્યો. બપોર થયા, છેટેથી એણે આવતી દીઠી રળિયાતને. પત્ની પારકે ઘેરથી માગેલું ધાન લઇ પતિને જમાડવા આવી હતી.

થાળી પીરસીને એ પાસે બેઠી.

'રળી !' હરદાસે એને જરા છેટે જવા નિશાની કરી.

રળિયાત વધુ નિકટ આવી. બોલી: 'જોડે જ જમીશું.'

'નહિ રે નહિ રળી ! આપણાં છૈયાં—'

'એવે કરારે ક્યાં પરણી હતી ?' રળિયાતે સ્મિત કર્યું, ને કોળિયો ઉપાડ્યો. 'ખાવા મંડો, બીજી કશી વાત સમજશો નહિ.'

'પણ રળી, તું માનાં દર્શન હારી જઈશ.'

'મારે કાળમુખીને વળી દર્શન શાં ? જ્યાં તમે ત્યાં મા.' એમ કહી એણે પતિને મોંએ કોળિયો મેલ્યો. પોતે પણ ખાવા લાગી.

: ૫ :

પછી તો હિંદુઓનું એ એકલું અટૂલું દેવમંદિર હમેશ ગાજતું રહ્યું. હરદાસની પાછળ એની સ્ત્રી વટલી, દીકરો ને દીકરી વટલ્યાં, એની જાણ થતાં મુલ્લાં ને કાજીઓ હરખાયા. પાદશાહત આનંદ પામી અને હિંદુ કોમમાં એકથી બીજા છેડા સુધી ફિટકાર વધુ ઉગ્રપણે ફેલાયો : આ વટલેલને શરમ નથી ! લજવાવું જોઈએ તેને બદલે નમાજ પડે છે ને તસ્બી ફેરવે છે. હજુ પણ ઇસ્લામી ખીચડું ખાય છે. એમનું હતું તે આખો પરિવાર વટલાયો ! દરવેશોની પાસે વિધર્મનું ભણતર ભણે છે. અલ્લા અલ્લા રટે છે.

વખત જતો ગયો, પણ લોકોએ રાખેલી ધારણા સાચી ઠરી નહિ. ચિતારા હરદાસને પાદશાહ તરફથી હવેલી મળી નથી. એ તો ચીંથરેહાલ બનીને ત્યાં જ રહ્યો છે—માના દેરાની બહાર ગઢની રાંગની ઓથે. સવારથી લઈ સાંજ સુધી એ નીરખ્યા કરે છે માતાનાં જાતરાળુઓને. સૌની સામે એનું મસ્તક ઝૂકેલું ને નયનો મિચાયેલાં હોય છે.

એમ કરતાં કરતાં હરદાસની કાયા કથળવા લાગી. ટાઢ, તડકો ને વરસાદ, ત્રણે ઋતુઓ આવી આવીને ચાલી ગઈ, દરવેશોએ એને

શહેરમાં આવવા ઘણું યે કહ્યું, પણ એણે દેરાનું સાન્નિધ્ય અને માણેક નદીનો કાંઠો છોડી ક્યાં યે જવા ના પાડી. માના કૂકડા વહેલા પરોઢે બોલે ત્યારે હરદાસ ઊઠીને નમાજમાં બેસે.

લોકોની દૃષ્ટિએ પલટો ખાધો. આ માણસ વટલ્યા પછી પણ અહીં શા માટે ખુવાર મળી રહ્યો છે? આણે કંઇ સાહેબી તો જમાવી નહિ! લોકહૃદય કૂણું પડ્યું, લજ્જા પામ્યું. પણ સાચો ભેદ હજુ સમજી નહોતું શક્યું.

માતાનાં જાત્રાળુઓએ આંબલી તળે એને સૂતેલો જોયો. ધીરે ધીરે એના શ્વાસ ખૂટવા લાગ્યા. બન્યું ત્યાં સુધી એણે નમાજ પડી. પણ પછી તો એના સૂતેલા શરીરને રળિયાત જ નમાજ પડાવે છે. પડખાભર પડ્યો પડ્યો પોતે ભોંય પર આંગળીથી ચીતરે છે—નદી. ઝૂલો, કૂકડા.

'કશી ઇચ્છા, હરદાસ?' ન્યાતીલાઓએ અંતકાળ નજીક સમજીને પાસે જઈ પૂછ્યું. ઘણો વિચાર કરી, જરા મલકાઇ, વેદનાને પીતે પીતે હરદાસે કહ્યું: 'બની શકશે? નહિ બને. ના, કંઇ નહિ. જવા દો. મરતા માણસનું મગજ ઠેકાણે ન્હોય, ભાઇઓ!'

'બનાડીશું, હરદાસ, બોલો.'

'લગાર સંકોચ લાગે છે.'

'લગાડો નહિ.'

'તો એટલું—એટલું ફક્ત કરશો? મને આ વાડીના પ્રવેશ-દ્વારની વચ્ચોવચ્ચ દફનાવવા દેશો? મારી કબર બરાબર ખડકી બહાર માર્ગમાં જ કરાવશો?' એનાં નેત્રો, બોલતે બોલતે ભિંજાઇ રહ્યાં.

કબર! અને તે પણ પાછી દેવીના દ્વાર સન્મુખ! સાંભળનારા ચમક્યા. હિંદુ દેરાના ઉંબરમાં ઘોરખાનું! તેઓને આ માગણીના મર્મની ગમ પડી નહિ. હરદાસે ક્ષીણ અવાજે, શબ્દે શબ્દે વિરામ લેતે લેતે કહ્યું:

'મા પાસે તો આ જન્મે કે પરજન્મે પહોંચી નહિ શકું. પણ માનાં દર્શન કરનારાઓની ચરણરજ મારે માથે અડકશે તોય હું જંપીને માટી તળે પડ્યો રહીશ.'

સાંભળનારાઓને રહસ્ય સૂઝ્યું. હરદાસ વટલ્યો હતો કેવળ માના દેરાની રક્ષાને ખાતર. એનો પ્રાણ મામય હતો. કેવાં કંગાલ આપણે સુગાનારાં!

'કહો. એટલું કરશો?'

બોલતાં બોલતાં હરદાસની આંખોનાં નીર એની લાંબી દાઢીના વાળ પર દડ દડ વહ્યાં.

'કરશું, હરદાસ!' એને જવાબ દેનાર ન્યાત-મુખી પણ આંખો લૂછતો લૂછતો બોલ્યો.

થોડે દિવસે એનું કલેવર પડી ગયું. ન્યાતીલાએ એની માગણી પૂરી કરી. વાડીના દ્વારને ઉંબરે જ એનો દેહ દટાયો. ધરતીથી બહુ ઊંચો નહિ એવો પથ્થર એ ઘોરનું ઢાંકણ બન્યો.

જીવતી રહેલી રળિયાત વહેલી પરોઢે પતિની કબરને મોર-પિચ્છની સાવરણી લઈ વાળતી. કૂકડા બોલતા, લોબાનનો ધૂપ થતો, માણેક નદીમાંથી ઠંડક વહીને વાયુ વાઈ જતો. પછી રળિયાત દૂર બેઠી બેઠી જોતી, જાત્રાળુઓના પગ એ પથ્થર પર લુછાઈને અંદર પ્રવેશતા.

ન્યાતીલાઓ લજ્જિત બન્યા. હરદાસના મૃત્યુસ્થાનને આમ શું ચગદવું રહ્યું? આપણા ઉદ્ધારકની આ વલે!

ના, ના, ખડકી જ ફેરવી નાખો.

એ પ્રવેશદ્વાર પૂરી દેવામાં આવ્યું. બીજે ઠેકાણે ખડકી મુકાઈ. હરદાસની આરામગાહવાળો ભોંય-ખૂણો વાડીની દિવાલની અંદર વાળી લેવામાં આવ્યો. માતાના મંદિર અને હરદાસની કબર વચ્ચે અંતરાય પાડતી આડશ ચાલી ગઈ.

પછી રળિયાત મૂઈ, બાળકો મુઆં. તેમને પણ હરદાસની બાજુએ જ દફનાવ્યાં.

આજે ચિતારો હિંદુ હરદાસ ત્યાં માતાજીના સાન્નિધ્યમાં, સકળ પરિવાર સાથે સૂતેલ છે. એ ચારે કબરોને ઊંચી લઈ, ઉપર ચકચકિત, નકસીદાર, લીલી લાદી જડી છે. દેરું અણીશુદ્ધ ઊભું છે. માનો દીવો જલે છે. પણ ત્યાં કૂકડા નથી, વૃક્ષઘટા નથી, માણેક નદી મોતી જેવાં નીરે વહેતી તે વહેનમાં તો મિલોનું ગંધ મારતું પાણી ચાલ્યું જાય છે. વાડીના કોટ બહાર કબરોનો સુમાર નથી રહ્યો. વાડીની અંદર જાત્રાળુઓના હર્ષકિલ્લોલને બદલે ગરીબ મિલમજૂર ભાડૂઆતોનો જીવનવિગ્રહ મચી રહ્યો છે. વાડીનું સ્થાન ખદબદતી, ગંધાતી, કચપચતી કંગાલ–વસ્તીની જટિલ અટવીની વચ્ચે શોધી કાઢવું પણ મુશ્કેલ છે. છતાં—માનો દીવો બળે છે.

★

ચમનની વહુ

: ૧ :

પરણીને આવ્યા પછી ચારપાંચ રાત તો એ માંડ ત્રીજે મજલે વરને ઓરડે સૂવા ગઈ હશે. છઠ્ઠી રાતે એને એકલીને માટે બીજા માળે એક ખંડમાં સૂવાનું ગોઠવાઈ ગયું. એનું નામ લાડકી વહુ.

એ ઘરને ત્રણ માળ હતા એટલા પરથી જ તમે સમજી શકો કે નાના એવા શહેરગામમાં લેરચંદ કપાસીની કેવી મોટી સાયબી હશે. રૂના રાજા તરીકે લેરા શેઠને એ પંથકમાં પાણીશેરડે પનિહારીઓ પણ જાણે.

પનિહારીઓએ તોરણિયા કૂવાને કાંઠે વળતા જ પ્રભાતે 'વાયરલેસ'થી જાણ્યું કે લેરા કપાસીના દીકરા ચમનની વહુ લાડકીને ધણીની પથારી છોડવી પડી છે. અને તેમનામાં વાતો વહેતી થઈ.

'કાંક કે'વાપણું હશે તયેં જ ને માડી!'

'હા, નકર ગલાબના ગોટા છે, એક વાર તો મોળા પગરણની હોય તોયે મેલી દેવાનો જીવ ન હાલે.'

'આમ તો ખોરડું મોટું, સાસુ અજાણૂડ, ડેલી કેવી બંદોબસ્ત-વાળી, વળી રૂપાળો ધોરી રસ્તો પડખે થઈને વયો જાય, એટલે

આમ તો ઘરની વઉવારુની શી દેન કે આદમી હારે આંખ્યું ય મેળવી શકે!—'

'હવે રાખોને મારી બઈ! ઝાઝા જાબદાઈયું ત્યાં ઝાઝાં ફાંકાં. હેઠે હોટલું, પાનબીડીની હાટડિયું, સપાઈના પે'રા; એમાં ય હવે તો સપાઈયુંમાં ય મુઆ ઘણાખરા જુવાન ફૂલફટાકિયા જ હાલ્યા આવે છે. રાત બધી બેઠા હોય ઓટે.'

'ને અંતે તો ઘર જ ખોટીલું ના! સાસુના ભવાડા......

સડેડાટ સિંચણિયાં ગરેડીઓ પર થઈને કૂવામાં દોડે છે, લોઢાની ગરેડી...રી...રી...રી કરતી સિંચણિયાંના સરસરાટ સ્પર્શથી જાણે કે દાઝતી હોય તેમ ચીસ પાડે છે, ઘડા ને ડોલો પાણી સાથે ભફ સ્વરે અફળાઈને પછી ભ...ભ–ભ...ભ અવાજે ભરાય છે, ઉપર ખેંચાતાં પાછી ગરેડીઓ કી...ર, કી...ર, કી...ર, કરતી જાણે વેણનો વેદનાભાર અનુભવે છે, અને બેડાં ઊંચકી ઊંચકી ચાલી જતી સ્ત્રીઓ સિંચણિયાંને વીંટવાની પેઠે વાતને પણ જ્ઞાનગૂંચળે વિંટાળી લેતી જાય છે કે—

'હશે મારી બાઈ! પારકાની શી પંચાત! સૌ સૌનાં ઘરનાં ધણી. ઈ ભલેને સપાઈને લઈને બેસતી કે પાનબીડીવાળાને લઈને. ક્યાં ઈ આપણા કોઈના ભાયડાને લઈ જાય છે! સૌનાં ઢાંક્યાં સારાં! હે ભગવાન, સૌનું ઢાંક્યું રે'વા દેજે.'

બિચારી પનિહારીઓ! ભગવાનને બજાવવાનાં હતાં ઢાંકવાનું કામ, પોતે બજાવતી હતી ઉઘાડાં કરવાનું કર્તવ્ય.

પોતાના દીકરાનો શયનખંડ વહુએ છઠ્ઠે જ દિવસે ત્યાગ્યો હતો એ વાત ચમનની બા ગુલાબબાએ જાણી ત્યારે એને જરીકે ફાળ પડી નહિ. દીકરાને કે વહુને એણે કશું કહ્યું કે કારવ્યું નહિ. કહ્યુંને કે ગુલાબબા તો અડીખમ બાઈ હતાં. પરશાળમાં ચાકળો નાખીને બેસતાં ત્યારે રાજાની રાણી લાગતાં. પ્રભાતે પોતે પરશાળના જેર

પર બેસી ભાંગમાં બોળી બોળી દાતણ ઘસતાં ત્યારે તો સવાયું રૂપ ભભકતું. સાડલાનો સરગટ ઢળી પડ્યો હોય, ઘેરી અટલસના કમખામાં છાતીએ સળી જેવી આછી યે કરચલી ન પડતી હોય, ઉઘાડી રાતી ડોકમાં હેમની માળા ઝૂલતી હોય અને આવેતૂને જ્યારે ‘ આવો ! ’ એટલું જ કહેતાં હોય ત્યારે સામાંને એમ લાગે કે પોતાને મોતી–થાળે જાણે વધાવી રહેલ છે. જેવાંતેવાંને તો એ ‘ આવો ! ’ જેટલા બે અક્ષરો પણ દુર્લભ.

‘ આવો ! ’ એટલું કહીને એક વાર એક આવનારીને લાડકી વહુએ સત્કારી હતી. વહુને એમ કે સાસુના મોંમાં દાતણ છે એથી એ બોલી શકયાં નહિ હોય પોતે વિવેક કરવો જોઇએ. પણ એ આવનારીના ગયા પછી ગુલાબબાએ વહુને સ્પષ્ટ કહી દીધું કે ‘ હું બેઠે તમારું એ કામ નહિ. જે કરતાં હો તે જ કર્યાં કરવું.’

તે પછીથી લાડકી વહુ સવારે ઊઠી પાણિયારે રસોડે જ લાગી જતી ને રાતે જેટલું બની શકે તેટલું મોડું થવા દઇ પરભારી પોતાને બીજા માળને ઓરડે ચડીને સૂઇ જતી.

: ૨ :

‘ કેમ મોટી બાઇજી ! ’ પખવાડિયું તો માંડ માંડ જીરવી શકાયેલ પ્રશ્નને લઇ એક સાંજે એક પડોશણ સગી આવી ચડી અને વાતે વળગી; ‘ આ તો ગામમાં ભારી ચાલ્યું છે ! શી બાબસ્તા છે આવડી બધી ? ’

‘ કશી નહિ બાઇ ! ’ ગુલાબબા સાંજે પણ ભાંગ ઘસતાં ઘસતાં થંભીને કહી ઊઠયાં: ‘ એક વાતની અમારા પિયરમાં તો સાત પેઢીથી ગાંઠ વળી છે, કે અતિ રૂપ–અતિશે રૂપ ઘરઆંગણે લાવવું નહિ. મેં ચમનના બાપાને પે’લેથી કહ્યું’તું, કે વાણિયા ! વાણિયા ! તમે વધુ પડતું રૂપ ગોતો મા; પણ ઈ ન માન્યા; ને મારી

ઉપરવટ જઈ રૂપનો જ ઢગલો લઈ આવ્યા ચમન માટે. આ એનાં જ દખ થયાં છે.'

'એમ કેમ બોલો છો મોટી બાઇજી!' આવનારીએ ક્રોસ કર્યો; 'ચમનભાઇ શું ઓછા રૂપાળા છે? કોના ભાર છે કે તમારા ચમનભાઇને લગી જાય એવી દીકરી જણે? એવી જણનારી તો હજી પાકી નથી આપણી હાલારની પ્રથમીમાં.'

'એ તો ઠીક છે બધું બાઇ! જેવી હું હોઉં એવું મારું પેટ પાકે. મારામાં શું એવું રૂપ બળ્યું 'તું!' વિધવા ગુલાબબા એ બોલ બોલતી વેળા હતાં તેથી સવાયાં રૂપાળાં લાગ્યાં.

'એમ કેમ કહો છો? ચમનભાઇના રૂપ આગળ તો હાલારની છોડીઉં માતર પાણી ભરે. દેન નથી કોઇ નાગરની છોકરીની, કે ચમનભાઇથી ભૂલ ખાઈ ન જાય.'

'અરે બાપુ!' ગુલાબબાએ ગર્વમાં કહ્યું કે કલેશમાં તે તો ન સમજાય તેવો કોયડો રહ્યો, પણ એમણે કહ્યું: 'મારો ચમન થોડો ઓછો રૂપાળો હોત ને, તો તો હું પરભુનો પાડ માનત. નિશાળમાં છોકરાઓએ સુખે ભણવા નથી દીધો, ઊગીને સમો થયો ત્યાં તો સાધુઓ લઈ જવા ફર્યા, નાટક કંપની આવીને આંહીં પછવાડેને ડેલે પડી'તી તે એણે ચમનને ફસાવવામાં બાકી ન રાખી, દીકરાને મારે આટલાં વરસ ડાબલીમાં સાચવવો પડયો છે એ મુઇ મારી કૂખને પ્રતાપે જ તો! પણ હું તે મૂઈ કરું શું? અમારા બાપને ઘેર સાત પેઢીથી નીમ, કે રૂપ ઘરમાં ન લાવવું. પણ મારી બાનું રૂપ પરણીને આવ્યા પછી જ ચોર જેવું માલીપા લપાઇને બેઠેલું તે બહાર નીકળી પડયું એમાં કોઇ શું કરે? પણ મેં કોઇ દી' મારા રૂપનું ગુમાન કર્યું નો'તું. ચમનના બાપાને જ ઈશ્વર માન્યા. પછી ભલે ઈ મને પરણી લાવ્યા ત્યારે સૌ કહેતું કે કાગડો દહીંથરું ઉપાડી આવ્યો! મારે તો ઈ કાગડો સાક્ષાત શ્રીકૃષ્ણ મહારાજ

જેવો હતો. હવેલીએ જતી તોય એનામાં જ મનનો વાસો રહે એવું માગતી. સારા પ્રતાપ વ્રજવિહારી મહારાજના તે ચમન આઠે વર્ષે આવ્યો. મેં તો વાંચ્છયું'તું કે છોકરો એના બાપ માથે જ ઊતરે, પણ તમારા સસરાએ મારાથી ઊલટું જ વાંચ્છયું કે નહિ, બસ, ચમન એની મા માથે ઊતરે. એની મનછા ફળી. જેવો છે તેવો પણ મારો છે. ને મારા ચમનને કોઇ વધુ પડતું રૂપ લઇ આવીને તુચ્છકારે ઇ કેમ પોસાય? ચમનને જેમ પોસાયું હશે એમ થતું હશે બાઇ! વહુને એના વરે નોખી સૂવા કાઢી તેમાં હું શું કરું? કાઢે ધણી હોય તો. પોતાનામાં પોતાપણું હોય તો વહુએ જ જઇને શરણાગત થવું જોઇએ ને?'

નીચે પરશાળમાં જ્યારે આ વાતો ચાલતી હતી તે જ વેળા લાડકી ત્રીજે માળે પતિનો પલંગ ઝાપટવા, દીવાબત્તી મૂકવા, પાણી વગેરેની વ્યવસ્થા કરવા ગઇ હતી. ઓચિંતી જઈ ચડી હતી. ત્યાં એણે જે જોયું તેથી એ સ્તબ્ધ બની ગઈ.

એક ગોરી યુવાન સ્ત્રીને દીઠી, મોં નહિ, પીઠ દીઠી. અરીસામાં જોતી જોતી, પીળા રેશમી ચણિયા પર બાંધણીની ઓઢણી ગોઠવતી, કાંચળીઆળા બાહુઓ ઘડીક ઢાંકતી તો ઘડીક ઉઘાડા કરતી, લટકાં કરતી--

આ શું? આ ઓઢણી તો મારા જેવી, આ કમખો ને ચણિયો પણ મેં પહેલી રાતે પહેરેલાં તેને જ મળતાં—ને આ મારો જ ટ્રંક ખુલ્લો પડયો છે શું!—હા, અરે, આ તો મારી જ બધી ચીજો! પતિએ કોઈ રખાતને પહેરાવી છે શું?

પણ એ ક્યાં? પતિ ક્યાં!

ઝાળ લાગી. ઊભી ઊભી અદૃશ્ય હૃદયાગ્નિએ સળગી રહી. હોઠ કમ્પવા લાગ્યા. ઝટ જાઉં, દોડું, એ પરસ્ત્રીનાં કુલટાનાં ઝંટીઆં પીંખું—

ઝંટીઆં પીંખવાના વિચારની સાથે જ દૃષ્ટિએ એ સ્ત્રીના માથા તરફ દોટ દીધી. અને એણે દીઠાં નહિ—ઝંટીઆં કે કેશ દીઠાં નહિ. એણે દીઠી બાબરી જ ફક્ત.

—ને અરીસા સામે ઊભેલ સ્ત્રીએ લાડકી તરફ મોં ફેરવ્યું. શરમથી એ મોં પાછું ફરી ગયું તે પૂર્વે તો લાડકીને સ્પષ્ટ દેખાયું.

એ સ્ત્રી નહોતી. ખુદ ચમનલાલ હતો. ને એણે ધારણ કરેલા પોશાક લાડકીના પોતાના જ હતા.

સ્ત્રીવેશધારી પતિ સંતાઈ ગયો, ને લાડકી નીચે ઊતરી ગઈ.

: ૩ :

તે પછી તો એણે ચમન ઘરમાં ન હોય ત્યારે જ પતિનો શયન–ખંડ સાફસૂફ કરવાની ચીવટ રાખી. ચમન નિયમિત પેઢી પર જાય છે, નિયમિત ખાયપીએ છે ને નિયમિત સભા સમિતિઓ તેમજ કોર્ટ કચેરીઓમાં હાજરી આપે છે; નહાવું ધોવું, સ્વચ્છ સુઘડ કપડાં પહેરવાં, હજામત કરાવવી, ઘરની જરૂરિયાતોની ખરીદી કરવી, મહેમાનોને સાચવવા, એકેએક કામમાં ચમન નિયમિત અને અંગ્રેજીમાં જેને 'નોર્મલ' કહે છે તેવો રહે છે. માત્ર સૂર્યાસ્ત પછી ચમન જુદી સૃષ્ટિનો માનવી બની રહે છે. એ સૃષ્ટિ એના ત્રીજા માળના ઓરડામાં વાસો કરે છે. એ દુનિયામાં પ્રવેશ કરવાને માટે આલીશાન મકાનને પાછલે ભાગે બારણું આવેલું છે. દીવે વાટો ચડે છે. અને એ પાછલા બારણાનો અવરજવર મચી રહે છે, ત્યાંથી ચાલ્યા આવે છે—એ શહેરના સારા ન ગણાતા ચાર–છ જુવાનોઃ પાનપટ્ટી ચાવતા ચાવતા, પિચકારીઓ લગાવતા લગાવતા તેઓ જે દાદરથી ઉપર જાય છે તે ઘરમાં કામકાજ કરતી લાડકી વહુ જોઈ શકે છે; પોતાના બીજા માળના ઓરડાની બારીઓ પણ ચાડિયણો છે. એ ચાડિયણોને લાડકી બંધ કરીને ચુપ મરી રહેવાનું શીખવે છે.

અને 'આવો' એવો જેનો મુખબોલ શહેરના ચમરબંધીઓને પણ દુર્લભ છે તે ગુલાબબા આ સર્વને સાંજે સત્કારતાંઃ 'આવો!

અબ્દુલ્લાતૂન બાઇ આવો ! સતાર બાઇ, આવો. આવ હડીઆ, આવ ચંદુડા !' એવા બોલે લટી પડે છે. વહુ જ્યારે નીચે ઘરકામ કરતી હોય છે ત્યારે ગુલાબબાનો ચાકળો નીચે પરશાળમાં જ હોય છે. વહુને રેઢી મૂકીને ડગલું પણ દૂર થવું એ તો ઝવેરાતના દાબડાને ઉઘાડો રાખીને અળગા જવા બરોબર છે એમ પોતે સમજે છે. ' રૂપ ! માડી ! અતિશે રૂપ તો સાપના ભારા છે.' એ ગુલાબબાનો મુદ્રાલેખ બની ગયો છે.

ગુલાબબાની આ બીક, દિનપ્રતિદિન શરાફી વ્યાજ સાથે વધતી જાય છે તેમાં પણ તેમનો દોષ નથી. દોષ લાડકી વહુનો છે વહુનું શરીર ઊતરતું નથી, રૂપની કોર સુદ્ધાં સુકાતી નથી, વહુ તો સંપૂર્ણ સૌભાગ્ય ભોગવતી સદ્ભાગ્યવતી હોય તેવી નીતર્યાં જ કરે છે. નથી ક્યાંય બહાર જતી આવતી, નથી કોઇ જોડે બહેનપણાં, નથી કોઇ આવે તેની સાથે એકાંતે સુખદુઃખની ગોઠડી કરતી, ને નથી કોઇને ' આવો ' કહેવાનો પણ અધિકાર માગતી. નથી માંદી પડતી, નથી ઓછું અદકું અન્ન ખાતી, નથી કલેશ કરતી, રડતી કે વાદપ્રતિવાદ મચાવતી. નથી નિસાસા પણ નાખતી. નથી કોઇનાં છોરુ દેખીને વલોપાતે ચડતી, આવી વહુના રૂપના તે શા ભરોસા નહિ ને કોઇક દી' ઓખર કરવા જાય તો ! મોટા ઘરની કીર્તિ પર પાણી ફરી વળે. માટે રૂપનાં તો રખવાળાં કર્યે જ છૂટકો મારી બાઇ અતિશે રૂપ કાંઇ સારાં છે બાપુ !

એક વાતનું મહાસુખ હતું. લાડકી વહુને પિયરમાં ચીતળના પાદર જેવું કોરું ધાકોર હતું. ન કોઇ કાગળની ચબરખી યે લખનાર કે ન કોઇ સારેમાઠે પ્રસંગે તેડું કરનાર. અડીને કોઇક કોઇક સગાં હતાં, તે શહેરમાં આવે ત્યારે હાઉકલો કરી જતાં. એમને ' આવો !' કહેનાર તો ગુલાબબા જ બેઠાં હોય ને બા આઘાંપાછાં હોય તો ' આવો !' ન કહેતાં તુરત લાડકી વહુ અંદર જઇ બાને જ તેડી

લાવતી. બાના આવતાં સુધી મહેમાન ફળીમાં જ ઊભો ઊભો, સિગ્નલ બહાર ઊભી રહેલી રેલગાડીની દશાને યાદ કરતો.

પણ પછી તો વાટ જોઇ જોઇને બેઠેલું ગામલોક પણ કંટાળ્યું. વાટ હતી લાડકી વહુના 'ઓખર કરવા' નીકળવાની. આજ પડશે, કાલ પડશે, પાંચે પંદરે પણ પડયા વગર થોડી જ રહેશે! એવું બોલનારા લોકો જર્મની જપાનના પરાજયમાં બ્રહ્માંડ ફર્યેય ન માનનારાઓની માફક આખરે ભોંઠા પડયા. ને 'એવું જો બને તો એમાં બાયડીનો વાંક પણ શો? મોટા મુનિવરો ય તૂટયા છે અને સતી સાધ્વીઓના પણ ગઢ છૂટયા છે.' એમ કહી હાટડે, દુકાને, કારખાને, લાતીમાં ને મંદિરોમાં, ઘાણીએ ને ચક્કીએ બેઠેલાં માણસો લાડકીને ઓળખ્યા પાળખ્યા વગર પણ એનો પક્ષ લેવાની તકની રાહ જોતા હતા. પણ મહિનો માસ, છ બાર માસ, વરસ વળોટ, બે પાંચ વર્ષ—એટલી મુદત તો ગામના એકાદ અણદીઠેલ માનવીના સતના પારખાની વાટ જોવા કોણ નવરું હોય? ગુલાબબાના બાકીના દીકરાઓ પણ એક પછી એક સારે ઠેકાણે પરણી ગયા, પરણેલાની વહુઓની એક પછી એક અધરણીઓ આવી ગઇ, નાનેરી વહુઓને ખોળે બેટડા રમતા થયા, એ લગ્નો. સીમંતો, પુત્રજન્મો. આણાં પરિયાણાં અને ઊજવણામાં પણ લાડકી વહુ એવી ને એવી ઊભી રહી,—પછી તો વાટ જોઇ રહેનારાઓને ખાતરી થઇ કે લેવાદેવા વગરનાં આપણાં કામકાજ ખોટી થાય છે. બીડીઓ વાળનારા પણ પછી તો જુદી વાતોએ ચડી ગયા.

આમ અગ્નિ–કુંડમાં જીવવું એ લાડકી વહુને માટે જેટલું મુશ્કેલ નહોતું તેટલું તો આ લોકોને લાડકી વહુનું અડગપણું માનવું મુશ્કેલ બની ગયું. છેવટે એક મતભેદ પર આવીને સૌ ઊભા રહ્યા. એક પક્ષ કહે કે વહુ પોતે જ છે બીજી જાનકી. ને બીજો પક્ષ કહે કે નહિ, એ તો અડીખમ ગુલાબ શેઠાણીની સાતથરી ચોકીને આભારી છે. ભોંમાં જીવતી ભંડારી હો, જીવતી! જાણો છો?

પોતાના સગા ધણી લેરા કપાસીને જ નોંતું પાઈ દીધું! એમથી કાંઈ વહુ સતી બનીને નથી બેઠી.

: ૪ :

પાંચ વર્ષ વીતી ગયાં હતાં. આખું શહેર ચમન-લાડકીના લગ્નજીવનની લીલાથી વાકેફ હતું. આખા પ્રદેશને જાણ હતી કે લેરચંદ કપાસીનું મોત તે રાજકોટથી અવારનવાર આવનાર એક દાક્તર સ્નેહીને કારણે નીપજેલું કમોત હતું, ને એ નિપજાવનાર ગુલાબબા હતાં, કારણ કે કોઈ દી' નહિ ને એક કમનસીબ કાળ-દિને લેરા કપાસીએ આ દાક્તર સ્નેહીના નિયમિત છેક રાજકોટથી થતા આવનજાવન સામે અણગમો બતાવતી જરીક જીભ જ કચરી હતી. આખું શહેર આ ઘરની તલેતલ વાત જાણતું હતું. તે છતાં નવું ટીખળ વહેતું મુકાયું.

'ગુલાબ બાઈજી!' સારા ઘરની એક સ્ત્રીએ જ્યારે સોયમાં દોરો પરોવ્યો: 'આ તે કંઇ જીવને સારું લાગે?'

'શું?'

'ચમનભાઇનો વેલો જ શું વિના કારણ બળી જવા દેવો છે?'

વીજળીની ચાંપ દબાઈ હોય તેમ ગુલાબ શેઠાણી ઝબકયાં અને ધારે રહીને બોલ્યાં:

'આપણે જાણ્યું કે આજ નહિ તો કાલ, કાલ નહિ તો પરમે, પાંચે પંદરે બધું સમું સૂતર થશે ને શ્રીનાથજી સૌનું પેટ ઠારશે.'

'ચમનભાઇ તો જોગંદર જેવા છે, ઈ તો આયખું કાઢી નાખશે મોટી બાઈજી, પણ એના વેલાનો શ્યો વાંક?'

'ચમનને સમજાવીએ બાઈ! માને તો સારું.'

ટીખળમાંથી તો ગંભીર તત્ત્વજ્ઞાન પાણીમાંથી બરફ જામી જાય તેમ જામી પડયું. ગુલાબ શેઠાણીએ ચમનભાઈનો નવો સંસાર મંડાવવાની વાત સાથેસાથ જોરશોરથી વહેતી મૂકી. અને આખા શહેરમાંથી એક કરતાં એક પણ માણસ ના પાડનારો ન મળ્યો.

ઊલટું, 'હા, શા સારું ને! હજી તો ઊગીને ઊભો થાય છે બાઇ! ને આ ઘરમાં ક્યાં સાંકડ થઈ જવાની છે?' એવી ટાપસી પૂરનારાં સો જણ મળ્યાં. દુનિયા ખરેખર ટીખળી છે.

એકાદ મહિનામાં તો ચમનભાઇને કન્યા દેનાર બાપ પણ જડી ગયો, અને ટીખળની અવધિ તો એ થઈ, કે ૪૦ વર્ષના પુરુષને ૨૪ વર્ષની કન્યા સાથે પરણતો અટકાવવા એ 'કુમળી કળી'ના જે તારણહારો 'પ્રચંડ ઝૂંબેશ' કરવા નીકળી પડતા તેમને આ ચમનભાઈનાં લગ્નની વાત પચી ગઈ. ત્રીજે દિવસે તો શ્રીફળ આવવાનું હતું.

આ બધું લાડકી વહુએ પણ જાણ્યું. છતાં સાંજના રાંધણાના સ્વાદમાં કોઇએ કશો ફરક જોયો નહિ. સાંજે અફલાતૂન, સતારીઓ વગેરે ચમનભાઇની મિત્રમંડળી પિચકારીઓ લગાવતી ઉપર ચઢી તેમને માટે ખાણી પીણી બનાવીને પણ રોજની જેમ એણે મોકલી. રાતે એ સૂવા ગઈ, અને સવાર સુધી એના ઓરડામાંથી કશો નવીન સંચાર કોઈ કાન માંડવા છતાં સાંભળી શક્યું નહિ. પરોઢિયે એ ઊઠતી હતી તે પ્રમાણે જ ઊઠી અને ચાપાણી પત્યા પછી ચમનભાઇને બદલવાનાં કપડાં પણ એણે આપ્યાં, કોટનાં બટન ઘાલતી વેળા એકાદી વાર કડી પડી પણ ગઈ નહિ. ઘરમાં જે જે લાવવા કરવાનું કહેવાનું હતું તે પણ સાસુની મારફત કહેવરાવ્યું અને બાકીની દિનચર્યા પણ આખો દિવસ સૂર્ય જે નિયમિતતાથી આકાશને આંટો લઈ રહે છે તે જ નિયમિતતાથી ચાલુ રહી.

પછી તે રાતે ચમનના ઊંઘવા ટાણે લાડકીએ પતિના શયન-ખંડમાં પગ દીધો ત્યારે એના પગનાં તળિયાં હેઠળથી એક હજાર આઠસો ને ત્રીશ રાત્રિઓ સળવળી ઊઠી. પાંચ વર્ષે પોતે આ સ્થળે, ધણીની હાજરી હોય ત્યારવેળાના રાત્રિના પ્રહરમાં, બીજી વાર પ્રવેશ કરતી હતી.

ચમન ચોંકી ઊઠ્યો. એ જાણે મારવા આવી હતી, ખંજર લઈ આવી હતી, અગર ધણીની રૂબરૂ પોતે જ પ્રાણ કાઢવા

આવી હતી! ભયભીત બની ઊઠ્યો ને દૈવતવિહોણી એની અમાણસાઈ બોલી ઊઠી : 'પણ–પણ–શું છે–તે—!'

'બીઓ મા.' લાડકીએ કહ્યું : પત્ની તરીકેનું આ એનું, જીવનમાં પહેલું જ સંભાષણ હતું : 'હું એટલું જ કહેવા આવી છું, કે એકનો ભવ તો બગાડ્યો, હવે બીજીનો શીદ બગાડવા ઠર્યા છો?' અને એ બોલતાં બોલતાં એની આંખના ધુમાડામાંથી બે જળબિંદુઓ બંધાઈ ગયાં. બેબાકળો પુરુષ–સત્તાવીશ વર્ષની વયનો છતાં એક બીધેલા બાળકની જેમ બોલી ઊઠ્યો:—

'તું–તું–તું–શું કહી દઈશ સૌને!'

'રામ રામ કરો. હું કોઈને નહિ કહું. મારા કહેવાની બીક બતાવવા નથી આવી. હું તો કોઈને નહિ કહું, તમને પરણવા જ દઈશ, ગીતો પણ ગાવા સૌ ભેળી બેસીશ. માટે મારાથી બીશો નહિ. તમારી જાતથી જ બીજો. બીજીનો ભવ શું બગાડવો છે?'

એટલું કહીને એ દાદર ઊતરી ગઈ ને પોતાને ઓરડે જઈ સૂઈ રહી.

પ્રભાતે ઊઠીને એ પચીસ–ત્રીશ પરોણાઓને માટે કબાટમાંથી કપ–રકાબી કાઢતી હતી, ગુલાબદાની વગેરેની સજાવટ કરતી હતી, ગોર આવી પહોંચ્યો તેને માટે કંકુ, ચોખાની થાળી અને ગોળ–ધાણાનો ખૂમચો ભરતી હતી, તે વખતે ચમને બહારથી આવીને ચાકળા પર બેઠેલાં અડીખમ રાજરાણી જેવાં ગુલાબબાને કહ્યું:

'બા, બધું બંધ રહ્યું છે. હું જઈ આવ્યો કાકાની પાસે, અને કહી આવ્યો.'

'તું શું કહી આવ્યો?'

'કે બંધ રાખ્યું છે.'

'તું! તું! તું–તું આ શું બોલે છ? તું ઊઠીને કહી આવ્યો–તું ઊઠીને? કપાતર!'

દરમ્યાન તો પસીને રેબઝેબ થતો ચમન ઉપર ચડી ગયો અને ગુલાબબાની તથા લાડકી વહુની આંખો સામસામી સો સો તલવારો અફળાવી રહી.

★

‘અભિમાની’

મારા વકીલાતના કામના અંગે બે ગાઉ પર ટીંબરવા ગામે ગયેલો. પણ અસીલ ઘેર નહોતા. ધરમધક્કો થયો એવો ખેદ લઈને હું ટીંબરવાથી શહેરમાં પાછો વળતો હતો. નીકળતાં નીકળતાં વળી સાધારણ યાદ આવી ગયું કે અહીં વાસુદેવ રહે છે. મહાત્માજીએ કહ્યું તે મારી બાબતમાં પણ, બેશક મહાત્માજીની બાબતથી જુદી રીતે, સાચું જ છે કે ’૪૨ તે ’૪૪ નથી; એટલે ’૪૨ના ઓગસ્ટ–સપ્ટેમ્બરમાં હું જે વાસુદેવને રાષ્ટ્રવીર કહી વર્તમાનપત્રમાં એની બિરદાવલિનાં બયાનો મોકલતો હતો (બેશક એ કોઈ છાપાં છાપતાં નહોતાં) તે વાસુદેવને એના જેલમાંથી છૂટ્યા પછી હું મળ્યો પણ નહોતો; તેમ નહોતી ત્રિવેણી વિશે કશી માહિતી. સાંભળ્યું હતું કે વાસુદેવ અને ત્રિવેણી બેઉ એકબીજાને માથે પછાડવા જેવાં અભિમાની હતાં. ખાવા ભલે ધાન ન હોય છતાં બરો બાર ગામનો રાખે એવાં માણસોની દુનિયામાં ક્યાં ખોટ છે?

યાદ આવ્યો ત્યારે તો હવે એને ફળિયે થતો જાઉં, નહિ તો ભૂંડો દેખાઈશ, એમ વિચારીને ટપાવાળાને પાદર જઈ ગાડી થોભવવા કહ્યું ને હું વાસુદેવને ફળિયે ફક્ત ડોકિયું કરવા ચાલ્યો.

મનમાં એમ તો ખરું કે એ જો ન જ ભેટે અને બાલબચ્ચાંને કેમ છે એટલું પૂછીને જ ચાલ્યા આવવાથી પતી જાય તો ઠીક. કારણ કે ત્રિવેણી ભારી અભિમાની છે. એટલે આદરમાન ન આપે ને વખતે મોઢું પણ તોડી લ્યે!

શેરીમાં જ વાસુદેવ ભેટી પડયો. દરબાર દીપુભાની ડેલીએ બેઠો હતો ત્યાંથી કૂદકો મારીને કેમ જાણે મારા પર હુમલો કરતો હોય એમ મને ભેટી પડયો. એનું જોર, એનું જોમ, એના મોં પરની લાલી, એના શરીરની સ્ફૂર્તિ, બધાં જ અગાઉ હતાં તેવાં જોઇને મને કોણ જાણે કેમ પણ કાંઇક બેચેની થઇ આવી. આવી બેચેની આપણે જે ધારી મૂકયું હોય તેનાથી વસ્તુસ્થિતિ ઊલટી નીકળી પડે છે ત્યારે થવી સ્વાભાવિક છે. જે ઘરને રાતમાં આગ લાગી હોય તેને આપણે સવારે ભસ્મીભૂત ખંડિયેર જોવાની ધારણા રાખી હોય, પણ કોઇકે વખતસર એ આગ ઓલવીને ઘરને હેમખેમ રાખ્યું હોય તો કોણ જાણે કેમ પણ એક પ્રકારની નિરાશા થાય છે. એમ પોલીસનો મરણતોલ માર ખાઇને મૂર્છિત બનેલો વાસુદેવ બેભાન સ્થિતિમાં ટીંગાટોળી થઇને જેલમાં ગયેલો એટલે એ જીવતો રહ્યો તો છો રહ્યો પણ કાંઇક ખખડી તો ગયો જ હોવો જોઇએ એવી જે કલ્પના મેં કરેલી તે ખોટી પડી.

એ કહે 'ચાલો.' મેં કહ્યું: 'ગાડી બહાર ઉભાડીને ડોકિયું કરવા જ આવ્યો છું.'

'પણ ડોકિયું તો કરી લેશો ને?' એમ કહીને એણે સામેની દરબારી ડેલીમાંથી એક માણસને પાદર ગાડી પાછી વાળવા મોકલ્યો.

'તમે વળી એ ડેલીએ ક્યાંથી?' મેં ટપકો ! વચ્ચેના એકડાં કરીને મારગ ઓળંગતાં કહ્યું: 'દીપુભા તો તમારા વિરોધી છે ને?'

'વિરોધી તો શું મારા બે!' વાસુદેવ વાતને રોળીટોળી નાખતો મારો હાથ ઝાલી પોતાની ડેલીમાં પ્રવેશતો પ્રવેશતો બોલ્યો : 'સૌ પોતાનાં હિતો માટે લડે. મારા દાદાને દીધેલ જમીન એ અમને તો ન જ ભોગવવા દે ને! એમાં વિરોધ શો ?'

વાસુદેવની આ ચાબાઈ મને ગમી નહિ. મેં કહ્યું : 'પણ મારે કાને તો એટલે સુધી વાત આવેલી કે તમે જેલમાં હતા ત્યારે રાતમાં દીપુભાની ડેલીએથી જ બાળબચ્ચાં સાંભળે તેમ બોલાતું કે 'અભાગિયો પોલીસે આટલું આટલું માર્યો તો ય જીવતો કેમ રહ્યો! મરી કેમ ન ગયો ?'

'તમને, ત્યારે તો, આ ખબર છે ને શું?' વાસુદેવ મને ફળિયામાં બેત્રણ ઢોરોની વચ્ચેથી દોરી જતાં જતાં રાત્રિના પ્રથમ અંધકાર વચ્ચે બોલ્યો.

એનો ચહેરો એ બોલવા ટાણે હું જોઈ ન શક્યો. પણ એ હમણાં કંઈક પ્રહાર કરશે એવી મને બીક લાગી. હમણાં જાણે મને ડાંભશે કે 'ખબર હતી ત્યારે તમે કેમ ત્રિવેણીની સારસંભાળ સુધ્ધાં ન લીધી!' પરંતુ ના, વાસુદેવ મનની મોટપથી આવું ન બોલ્યો તે કરતાં તો મારી સામે એવું બોલવાની હિંમત જ ન કરી શક્યો એમ હું માની લઉં છું. કારણ કે એ કરેંગે મરેંગેવાળી જમાતનો માણસ ટાણું આવ્યે ઘા ભૂલે એવો મહાનુભાવ હોય એમ માનવા હું તૈયાર નથી. હોય તોયે શું? એ જે કંઈ હોય, મુદ્દાની બાબત તો હું એને શું માનું છું તે છે.

વારુ, એણે તો ફળીમાં પેસતાંની વાર જ ચાર છોકરાંનું ધાડિયું ધસી આવ્યું તેને પોતાના ખોળામાં, ખંધોલા પર તેમ જ ઝૂલતા પગના પોંચા પર ચડાવતે ચડાવતે ઉમેર્યું :—

'ત્રિવેણી આખી રાત રોજ આંહીં ડેલીને દરવાજે જ જાગતી બેસી રહેતી. કારણ કે દરબારી માણસો ખોરડે ચડીને અંદર આવશે

એવી એને બીક હતી. એક વાર તો એ લોકો બંદૂક લઈ ખોરડે ચડેલા પણ ખરા, બંદૂકનો ભડાકો પણ કરેલો, ને આણે પડકારા પાડયા એટલે જ ઘર બચ્યું.'

'આણે' એ શબ્દ બોલતાં બોલતાં વાસુદેવે અંધારી પરશાળમાં સરકીને પાછા રસોડામાં ચાલ્યા જતા એક ભર્યા ભર્યા માનવદેહના સંચરાટ તરફ મોં ચિંધાડયું.

ત્રિવેણીને મેં બેત્રણ વારથી વિશેષ જોઈ નહોતી, પણ અભિમાની છે એમ જાણ્યું હતું. મને એવી તુંડમિજાજી સ્ત્રીની પ્રશસ્તિ ન રુચી. ફાનસ એક જ હતું ને તે રસોડામાં તબકતું હતું. એટલે પરશાળમાં ફરકી ગયેલ સ્ત્રીનું છેલ્લાં ત્રણ વર્ષથી તોબરો ચડેલ મોં મને જોવા ન મળ્યું, તથાપિ એ નક્કી કોઈક મીઠા સ્વભાવની માનિની હોવી જોઈએ. ઠીક, એ તો જમતી વખત જોઈ શકાશે એમ ગણતરી રાખીને મેં ખાટ પર ઝૂલતાં ઝૂલતાં વાત ચલાવી—

'કેટલાં છોકરાં તમારે?'

'પાંચ.'

'પાંચેને લઈને અહીં જ શીદ પડ્યાં રહ્યાં ત્રિવેણી?'

આટલું બોલતાં તો બોલાયું પણ તુરત ફાળ પડી. હમણાં જાણે પરખાવશે કે 'તો શું તમારે ત્યાં આવીને પડે?' વાસુદેવની '૪૨ ઑગસ્ટ પૂર્વેની તિખાશ તો જાણીતી હતી તેમાં ય એણે ગજવેલી સભાઓ, પોલીસનો ખાવેલો માર, એને કંઠે પડેલી સૂતરની વરમાળો અને બે વર્ષનો જેલવાસ, એટલાં એટલાં વાનાં એની તિખાશમાં શું બાકી રહેવા દે?—ત્યાં તો એણે સલુકાઈથી જવાબ વાળ્યો :

'અહીંથી તો એને મારા પકડાયાને વળતે જ દહાડે કાઢેલી.'

'કોણે?'

'મારા કાકાએ.'

'શું કહે છે તું!'

'ન કાઢે તો કરે ય શું બિચારા!' વાસુદેવની આ ઉદારતાથી હું જરા લેવાઈ ગયો; 'આ તો એમની જગ્યા: દાદાને દરબારોએ આપેલી: મારા પિતાએ હક્ક ઉઠાવી લીધેલો: કાકા મોટું મન રાખીને મને રહેવા આપતા, પણ કાકાને તો મેં ગૃહસંસાર માંડીને કોચવેલા.'

'કોચવેલા?'

'હા જ તો. નાગનાથની જગ્યા જેવા ધીકતા ધર્માલયનો મને બ્રહ્મચારી બનાવવાની ગણતરીએ તો એમણે મને ભણાવ્યો ગણાવ્યો, અને એક તો મેં ઘરસંસાર માંડ્યો. ઉપરાંત પાછો આ બધા ધરમ-વિરોધી કામમાં પડ્યો. કાકાની ઉમેદો તો પડી ભાંગી, ને ઉપર જાતે અમારા ઘર માટે ઘસાતું બોલાયું. તે છતાં કાકાએ મને અહીં રહેવા દીધો.'

'પણ આ ઘરમાં શું બળ્યું છે!' મેં સંધ્યાના છેલ્લા ઉજાસમાં ટીંબરવા ગામના ખંડેર–ઢગલા જોયેલા અને તેની વચ્ચે ખંડેર બનવાની ઝડપી ઉમેદવારી કરી રહેલું આ વાસુદેવનું ખોરડું પણ નિહાળી લીધેલું એટલે કહ્યું.

'ગમે તેમ પણ વિસામો છે, કાકાનો ગરાસ છે. ને સરકાર શંકાથી કે દબાણ લાવવા માટે મારા ગુના બદલ એમનું બધું આંચકી લ્યે એવી એમને બીક લાગી હશે.'

'આ બધું એણે તમને જેલ જતાં પહેલાં કહેલું?'

'ના, શરમાયા હશે. પણ ત્રિવેણીને તો વળતે જ દહાડે સવારમાં આવી ઘર ખાલી કરાવ્યું. એ તો એણે તુરત ખાલી કરી આપ્યું હતું.'

સાંભળેલું સાચું પડ્યું. ત્રિવેણી બહુ ઘમંડી હોવી જ જોઈએ.

'કાકાને કંઈ સમજાવ્યું પણ નહિ?'

'ના ના. એ એવી નથી. કાકાએ તો ટંકબપોરની યે રાહ જોવા ચોખ્ખી ના કહી. તુરત ત્રિવેણી ગામમાં જઈને ગાડું ભાડે કરી આવી, પિયર ચાલી ગઈ ઘરવકરી અને છોકરાં સાથે.'

'અમને તો કોઈને આ ખબર જ નથી. અમને કોઈકને ખબર પડી હોત તો...'

બોલતાં સું તો મારાથી બોલાઈ ગયું, પણ તુરત જ હું ડર્યો. હમણાં જાણે વાલણ રસોડામાંથી બહાર ધસી આવી મોં તોડી લેશે કે, 'તમે બધા ખબર લેવા કેમ ન આવ્યા?'

ત્યાં તો સારું થયું કે વાસુદેવનો નાનો છોકરો રસોડામાંથી થાળી લઈ બહાર નીકળ્યો અને વેલણ વતી થાળી વગાડવા લાગ્યો.

'વગાડ મા ભાનુ!' વાસુદેવે એને વાર્યો. છોકરે અટકી જઈને તોતલી બોલીમાં પૂછ્યું: 'ન વદાલું તાતા? મેમાનને ન દમે એટલે?'

'હા, એટલે.'

વાસુદેવના એ શબ્દોમાં તો કેવળ અર્થહીન હકાર હતો, પણ નાના બાળકના બોલ મારે માટે ઊંડા અર્થના સૂચક બન્યા. આ લોકો જાણે જગતનાં ગુનેગારો હતાં. એનું બાળક પણ કોઈને બીજાને જે ન ગમે તે ન કરવાની સંભાળ રાખવાનું શીખ્યું હતું.

વાસુદેવે આગળ ચલાવ્યું: 'મને પણ જેલમાં ત્રણે મહિને ખબર પડી હતી. મને ફાળ પણ પડી હતી. ત્રિવેણીને માટે આ પહેલી વારનો અનુભવ હતો. મને ચિંતા હતી કે એ મારા કામને, મેં લીધેલ પગલાંને અને દેશને, દેશનેતાઓને ધિક્કારવા લાગશે.'

'ઠીક પણ,' મેં કહ્યું: 'એ બધાં ઠેકાણાસર એને મોસાળ પહોંચી ગયાં એટલું સારું થયું.'

'ના,' વાસુદેવ હસ્યો: 'એ જ મહિને એ તો કચ્ચાંબચ્ચાંને પાછાં લઈ અહીં આવીને પડેલી.'

'કાં ?'

'જરા અભિમાની છે ખરી ને. ભાઇ–ભોજાઇની ઓશિયાળી ન બની શકી. જેલમાં પહેલી મુલાકાતે આવી ત્યારે કહ્યું કે આવા કાળમાં તો સસરાને આંગણે જ શોભું.'

'એટલે શું પાછાં તારા કાકાને ઘેર......'

'અરે હોય! રામ રામ કરો. એમ તો બડી અભિમાની છે. આ ગામને જ એણે એના સસરાનું ઘર માન્યું. અહીં આવીને એક કોઢિયું ભાડે રાખીને પડી.'

'નિર્વાહનું સાધન તો પિયરથી લાવ્યાં હશે.'

'ના રે ના; એમ તો એ ભારી અભિમાની છે. ચાર કમાતલ ભાઇઓ છે, પણ એક રૂપિયો યે હાથમાં પકડવાની ના પાડીને ચાલી આવી. અહીં એક ઓળખીતા રબારી હતા તેની ભેંસ વેચાતી લીધી ને દૂધ ઘી વેચવા લાગી.'

એ જ વખતે ડેલીમાં કોઇક મનુષ્યો પેઠાં. મને તો અંધારામાં ઓળખાયાં નહિ, પણ વાસુદેવ જાણે ગંધ પારખી લેતો હોય તેમ બોલ્યો, 'એ આવો સાંકુબા! બાલુબા! ભેંસ દેવાઈ ગઈ છે. આવો.'

બે કાળા ઓળા પરશાળ પર ચડયા, રસોડે ગયા, પાછા વળ્યા, ડેલી બહાર નીકળી ગયા, ત્યારે વાસુદેવે સ્ફોટ કર્યો: 'ઉજળવાળું વરણ: સગા દરબારની ડેલીઓ અહીં ચોમેર. દા'ડે તો દૂધ લેવા આવી શકે નહિ, પૂરાં વસ્ત્રો પહેરવા ન મળે, બીજે ક્યાંઈ દૂધ લેવા જઇ શકે નહિ, એટલે આવે ટાણે અહીં આવીને ખરીદી જાય અધશેર પાશેર, છોકરાંને વાળુ કરાવવા.'

કહેતો કહેતો વાસુદેવ ઊઠયો, પાવડી જેવું કાંઇક લીધું અને બે ભેંસો તથા એક ગાય પાસેથી એમનાં છાણના પોદળા ઘસડી દૂર કરીને પાછો આવીને બેઠો. ત્યાં બીજો અવાજ ડેલીમાં આવ્યો: 'વાસુદેવભાઇ! દાદા! દૂધ હશે?'

મને પણ આ પરિચિત બોલના લહેકા લાગ્યા : શબ્દો ન સંભળાયા હોય તો એમ બોલાયું લાગે કે ‘ એ બા ! મને શિરામણુ દઈ જાવને ! ’

‘ એ હા, હા, આવો રૂડી ફુઈ ! અંદર હાલ્યાં આવો, છે દૂધ. ’

રૂડી ફઈ અંદર આવી, પરશાળ નીચે ઊભી રહી. રસોડેથી ત્રિવેણીએ આવીને અંધારામાં એક અધશેરની ટબૂડી ભરીને અધ્ધરથી ધાર કરી. ત્યારે અવાજ ચોખ્ખું બોલી ઊઠયો કે દૂધ લેવા આવનારના હાથમાં ટીનનું ડબલું હતું.

‘ પહેલાં તો—’ વાસુદેવના હવેના બોલમાં કવિતાની મીઠાશ હતી : ‘ પહેલાં તો ત્રિવેણી આ ઢેઢભંગીઓને ડેલી બહાર ઊભાં રાખતી. મને પણ હું અંત્યજવાસમાંથી આવતો ત્યારે છાંટ નાખ્યા વગર ઉંબરે ચડવા ન દેતી. કોણ જાણે શું થયું છે કે મારા જેલમાં રહેવા દરમિયાન એ તેમને પણ આ રીતે દૂધ વેચતી બની ગઈ. કહે છે કે આપણું દૂધ લેવા કોઈ નહોતું આવતું ત્યારે આ રંડવાળ્ય ગરાસણીઓ ને આ ઝાંપડાંઓએ જ આપણી ઘરાકી ટકાવી રાખી. આનંદ છે ભાઈ ! લીલાલેર છે. જેલમાંથી આવ્યા પછી જોયું તો એણે એકનાં ત્રણ દુઝાણાં કરી નાખેલ—કહે કે ત્રણસોક રૂ. નું કરજ વહોર્યું છે પણ લેણદાર સારા છે. એક તો કાસમ પિંજારો છે ને બીજો ખોડો રબારી છે. બેમાંથી એકે ય ઉતાવળ કરતા નથી. દૂધ ઘી વેચીને ત્રિવેણી કરજ ભરે જાય છે. છોકરાં પણ દૂધછાશનો ઠીક ઠીક મારો રાખે છે.’

એમ કહીને એણે ખાટલા પર ઊંઘમાં ઢળી ગયેલાં ચારે છોકરાંનાં શરીર પર હાથ ફેરવ્યો.

રસોડામાંનું ફાનસ બહાર આવ્યું હતું. તેને અજવાળે મેં ત્રિવેણીને અમારા તરફ પીઠ વાળીને બેઠેલી નિહાળી. એ પીઠ પણ જાણે બોલતી હતી કે ‘ ભારી અભિમાની ! ’

'તમારા કાકા તો પછી મોં દેખાડવા નહિ આવ્યા હોય.' મેં પૂછ્યું.

'ના, મને જેલને બારણે લેવા આવેલા ને!'

'પછી?'

'પછી શું? મેં એને કહ્યું કે કાકા, તમે આમ કેમ કર્યું? એમણે કબૂલ કર્યું કે પોતે બીકને વશ બની ગયેલા તે સાચી વાત છે. પણ એણે માફી માગી, અમને પાછાં આજ ઘર રહેવા કાઢી આપ્યું. મેં કહ્યું કે ખેર! મને એનું કાંઈ નથી.'

'પણ આટલું બધું બન્યું—આટલાં મિત્રો સ્નેહીઓ હતાં, તેમનામાંથી તો કોઈને કહેલું હતું તમારી વહુએ!'

'હા, એની સામે મિત્રોસ્નેહીઓની એ જ ફરિયાદ રહી છે. એમાંનાં બેને તો ઊંડો ધોખો રહી ગયો છે. એક તો રજનીબહેન, ને બીજા હેમન્તભાઈ. રજનીબહેન તો તમે જાણો છો કે મારા પર પોલીસનો માર પડ્યો ને હું બેભાન બન્યો ત્યારે સરકારનો લેશ પણ ડર રાખ્યા વગર મને ઝોળીમાં નંખાવી એમને બંગલે લઈ ગયાં હતાં અને ત્રણ દિવસ ત્રણ રાત મારે ઓશીકેથી ખસ્યા વગર મારી સારવાર કરી મને શુદ્ધિમાં લાવ્યે રહ્યાં હતાં. હેમન્તભાઈને આ ત્રિવેણીએ આજ પાંચ વર્ષથી પોતાના સગા ભાઈ માનેલા છે. એ બેઉના કાગળો મને જેલમાં મળ્યા હતા. હેમન્તભાઈએ લખ્યું હતું કે 'હું દૂર દેશાવરથી ટીંબરવે મારે ઘેર રજા પર આવી ત્રણ દિવસ રહ્યો છતાં ત્રિવેણી મને મોં દેખાડવા પણ ન આવી એટલી બધી અભિમાની!' ને રજનીબહેને પણ મને જણાવ્યું કે 'ત્રિવેણી આવી મારી પાસે ડોકાઈ પણ નથી, નહિતર અમે શું એને મદદ ન કરત?'

'તો પછી તમારે ત્રિવેણીને કહેવું જોઈતું હતું ને!'

'મેં એને મુલાકાતમાં કહ્યું જ હતું.'

'શું?'

' કે શાબાશ ! '

' શું શાબાશ ? '

' એણે ચાર છોકરાં વચ્ચે દટાઈ ગયેલીએ મારાં કોઈ સંબંધી પાસે ન હાથ લંબાવ્યો, ન ઓશિયાળું મોં બતાવ્યું.'

આ સાંભળી હું છોભીલો પડયો.

વાસુદેવના તે પછીના શબ્દો મારી અકળામણને વધારનારા હતા:

' ૪૨ના ઓગસ્ટની દરરોજ રાતની સભાઓમાં મારી વીરઘોષણા થતી. હું તો તે દિવસોમાં ઘેર પણ નહોતો આવતો. રખે કદાચ આ રડશે ને મને પોચો પાડી દેશે એ બીકે ! હું મારથી મૂર્છિત બન્યો તે વખતે મને ઝોળીમાં લઈ જતો જોનારે કોઈકે આને અહીં આવીને કહ્યું કે વાસુદેવ તો ખલાસ થયો. બસ એ એક જ વાર, આ ટીંબરવેથી રાજકોટ સુધી બે ગાઉ મોં ઢાંકી ફૂટતી ફૂટતી આવી હતી. પણ મને જીવતો જોઈને પાછી વળી ગયેલી. પછી મને ઓચિંતો પકડી ગયા એટલે એનો ને મારો મેળાપ થયો નહોતો. પણ મેં મૂર્છા વળી ત્યારે કહેલું છાનુંમાનું, કે આ બધા વીરઘોષ–જયઘોષથી ભરમાતી નહિ.'

' અરેરે ! ' મેં મનમાં પ્રસન્નતા અનુભવીને અને મોં પર સંતાપ લાવીને કહ્યું: ' ત્યારે તો તમે પણ અમારી માફક ધરાઇ ગયા.'

' શાનાથી ? ' વાસુદેવ ચમકયો.

' કરેંગે મરેંગેથી.'

' એટલે ? '

' એટલે શું '૩૦–૩૨માં અમે પણ ' ચડજા બચ્ચા સૂલી પર: ઝુગ ઝુગ હોતી હૈ ! ' એવી ચડાવણુ વિદ્યાના ભોગ બનીને ઝંપલાવ્યું હતું. બહાર આવ્યા ત્યારે કોઇએ ભાવ ન પૂછયો. અંદર હતા ત્યારે ય

કોઈએ પૂછ્યું નહિ કે ઘેર શી સ્થિતિ છે. નફરત આવી ગઈ ભાઈ! આ એની જ નફરત આવી ગઈ, અને ચડી ગયા ધંધાપાણીએ. એમ તમે પણ—'

'ભૂલો છો મોટાભાઈ!' વાસુદેવે જરા પણ ઉતાવળ ન હોય તેવી અદાથી મને પૂરેપૂરું બોલવા દઈને પછી ટાઢાબોળ સ્વરે સંભળાવ્યું: 'ત્રિવેણીએ હવે તો મને વધુ છૂટો કર્યો છે. હવે તો એ કહે છે કે છોકરાંનું બહાનું બતાવીને ઘેર બેસતા નહિ. આ તમને કરું છું તે વાત માટે પણ એ તમે નહિ હો ત્યારે મારી ધૂડ કાઢી નાખશે; કહેશે કે 'શું જોઈને બીજાનો ધોખો કરો છો? હું છું જ, સાડીસાત વાર અભિમાની છું, હું કોઈ ઠેકાણે પોસાઉં નહિ, ને દેશનું કામ એ કાંઈ કોઈના ગગાની જાન નહોતી જોડી તે આના ને તેના ધોખા કર્યા કરો છો.' તમે જ કહો, હવે આમાં મને નફરત શાથી આવે? ઊલટાના રસના ઘૂંટડા આવે છે યાર! ઊલટાની ભૂખ ઊઘડી છે કામ કરવાની.'

વાસુદેવને વધુ કાંઈ આવું બોલતો રોકવાની ગણતરીથી મેં વચ્ચે વાત નાખી: 'લે! હું તને એક વાત કરતાં ભૂલી ગયો છું. મારે અત્યારે દૂધ ને રોટલા સિવાય કશું જ ખાવું નથી હો કે! ફક્ત દૂધ ને રોટલો.'

'વારુ!' કહેતો એ ત્રિવેણી પાસે જઈ, કાંઈક વાતો કરી પાછો આવીને કહે, 'એ ભારી અભિમાની છે. મહેમાનને રોટલો આપે તેવી નથી. લાપસી, દાળ, ભાત ને શાક ક્યારની રાંધીને બેઠી છે. રોટલો પણ તમારે ખાવો હશે તો તૈયાર છે. પણ એ તો છેલ્લે મળી શકશે.'

ભારી અભિમાની!

મારે લાપસી—અને તેમાં ધરાઉ ઘીની ઊંધી વાળેલી વાટકી—આરોગ્યા વિના છૂટકો ન રહ્યો. જમતાં જમતાં મેં ત્રિવેણીને નિહાળી

શકાય તેટલી નિહાળી. બેશક અભિમાનના તો મોં પર થરો ચડેલા. બોલતી નહોતી. સામાન્ય જે કંઈ શબ્દો બોલી તેના ઉચ્ચાર તદ્દન ગ્રામ્ય હતા. એક પણ પુસ્તક કે લેખ એણે વાંચ્યો હોય તેવો સંભવ નહોતો. ગર્વભરી ચાલ્ય, પ્રત્યેક હાવભાવ ને ચેષ્ટામાં ગર્વ ગર્વ ને ગર્વ.

ગર્વ કે સમતા ? અભિમાન કે આત્મતૃપ્તિ ? બરો કે ગરવું મૌન ?—સમસ્યાને ઉકેલવા યત્ન કરતો હું આખી રાત પથારીમાં જાગતો રહ્યો. વાસુદેવ મારી પાસેના જ બિછાનામાં ઘસઘસાટ ઊંઘતો હતો. મેં મારી જાગ્રતાવસ્થામાં એ ધૂડીઆ ઓરડામાંથી એકાદ વાર એક ધાવણા બાળકનો રડવાનો અવાજ સાંભળ્યો હશે. તે સિવાય એ પાંચ બાળક અને છઠ્ઠી માતાની રાત્રિ નિરુત્પાત અને નીરવ હતી. ને બહારથી કોઇક દૂર ગાતા ભજનિકના બોલ ગળાઇ આવતા હતાઃ—

'ખૂંદી રે ખમે માતા પૃથમી ને
'વાઢી તો ખમે રે વનરાઇ ;
'કઠણ વચન બોલ્યાં સાધુડાં ખમે,
'નીર તો સાયરમાં રે સમાય !
'જી રે લાખા ! ભગતીનો મારગ
બોત રે કઠણ છે હો જી !

વળતા દિવસનું પ્રભાત : અભિમાનિનીને નખશિખ નિહાળી. દાતણ ને લોટા મૂકી ગઇ, દૂધના વાટકા હાથોહાથ દઈ ગઈ, વિદાય લેતી વેળાએ એને, એની ખુશામદ કરતો હોઉં અથવા તો એના આભારમાં ભાવભીનો બની ગયો હોઉં તેવી અદાથી 'જે ! જે !' કરી હાથ જોડ્યા. તેની સામે કોઇ શિષ્ટતા બતાવ્યા વગર એ નીચાં નમેલાં લોચને અને મોટા કંકુચાંદલાનું કોઈ સ્ફટિકના ચોકમાં મંડળ પૂરેલ હોય એવા ચોખ્ખા ચણાક લલાટે ઊભી થઈ રહી. હું ન ભૂલતો હોઉં તો તેના મોં પર થઇને એક અતિ આછી પાતળી સ્મિત—લહરી ફરકીને ચાલી ગઈ. પણ ત્યારથી આજ સુધી એ એક જ શબ્દ મને સતાવી રહેલ છેઃ અભિમાની !

★

ચાંદી

અમે આઠે મુસાફરો સેકન્ડ કલાસના ડબ્બામાં ગોઠવાઈ ગયા હતા. અમારામાંના એક દેશી ખ્રિસ્તી જુવાન હતા તેણે પોતાનું બિસ્તર ઉમંગાને ચીવટથી આખી બેઠક ઉપર પથારી કરી નાખી હતી. પટા સીધા ગોઠવ્યા, તેના પર એક પણ કરચલી રહેવા દીધા વગર રજાઈ, ચાદર જે Hippy Dreams (સુખમય સ્વપ્નો) એવા અક્ષરોથી ભરેલું આઠોલિયાના રૂનું મુલાયમ બાલોશીઉં માંડયું.

'હવે કેટલી વાર છે ગાડી ઊપડવાને? નવ ને વીસ તો થઈ ગઈ.' એક બીજા બૂટ–સૂટ ધારી સુઘડ મુસાફરે કાંડાઘડિયાળમાં, જાણે પોતાનું પ્રારબ્ધ જોતો હોય એટલી તીવ્ર દૃષ્ટિ કરીને દુભાતે અવાજે કહ્યું.

'હવે કશો ડર ન રાખશો.' ત્રીજાએ ઉપલી બેઠક પરથી જણાવ્યું.

'કેમ?'

'પોરબંદરની ગાડીનું ઢસા સ્ટેશને મિસકનેકશન થયું છે એટલે એનાં કોઈ પેસેન્જરોનો ધસારો થવાનો હવે સંભવ નથી.'

અમે સૌએ મોટી રાહત અનુભવી, 'એ તો બહુ જ સારું થયું. નહિતર કમબખ્તી બોલી જાત આપણી.' એમ પણ એ બૂટ-સૂટ ધારીએ સિગારેટ પીતાં પીતાં કહ્યું. એની સિગારેટના, એન્જિન કાઢતું હોય એટલા ધુમાડા મારા તરફ આવતા હોવા છતાં, હું આજ સુધી તો થર્ડકલાસીઓ માંડ માંડ હવે સેકન્ડ કલાસની બઢતી પામ્યો હોવાથી બેઅદબી થઈ જવાની બીકે બોલી શકયો નહિ.

અમારામાંના ઘણાખરાને છેક વીરમગામ સુધીની રાત ખેંચવાની હતી એટલે પોરબંદરની ટ્રેનનાં સેંકડો ઉતારુઓ ડબામાં રાતભરને માટે રઝળી પડ્યાં એ મોટી પ્રભુકૃપા લાગી. જેમણે જેમણે નવી ભરતી આવવાની બીકે બેઠકો પર પોતાનો સરસામાન મૂકી રાખ્યો હતો તેમને પણ નિરાંત વળી એટલે બેગો, થેલીઓ, ફ્રૂટના કરંડિયા, ટિફિનના ડબા ઇત્યાદિ ટપોટપ નીચે ઊતરી પડ્યાં. પ્લેટફોર્મ પર વરસાદની આછી ઝરમર આવતી હતી તેણે પેટ્રોમેક્સની માંદલી જેવી બત્તીને પણ ઝાંખી કરી નાખી હતી. અમે પણ જિવાતનાં ટોળાં વળતાં હોવાથી એક સિવાયની બીજી બધી બત્તીઓ બંધ જ રાખીને બેઠા હતા. વારે વારે અમારાં હલનચલનમાં, સંડાસ જવા આવવામાં, બારીઓ ઉઘાડવા બીડવામાં, ધૂડ જેવી વાતમાં પણ 'Excuse me (માફ કરજો!)' અને તેના જવાબ રૂપે 'Never mind (કંઈ નહિ! કંઈ નહિ!)' એવા વિવેકશબ્દોની ફેંકાફેંકી ચાલી રહી હતી. અને બેઉ બાજુના ત્રીજા વર્ગના ડબાઓને બારણે બારણે બોલી રહેલી અસભ્ય ટપાટપી એ કોઈ દરિયાપારની દુનિયામાંથી આવતા ભણકારા જેવી અમને લાગતી હતી. મતલબ કે અમે ગોઠવાઈ ગયા હતા.

ગાડી ઊપડવા આડે પાંચ જ મિનિટ બાકી રહી હોવાના ડંકા પડ્યા ત્યારે તો અમારામાંના એકે 'હા...શ!' ઉચ્ચાર્યું. અને બીજાએ એની મીમાંસા કરતાં કહ્યું: 'આજકાલ કાળાં બજારોમાંથી સેકન્ડક્લાસીઆઓનો રાફડો ઊભરાયો છે.'

બરાબર એ જ વખતે હું મારી પાસેની બારી પર પડતો વરસાદ રોકવા બારણું ઊંચેનીચે કરતો હતો, પણ એક કાચની ને બીજી લાકડાની એમાં કઈ કેમ ચઢે ને બિડાય તેની મને ગમ પડતી નહોતી. એથી એ ટકોરનું નિશાન હું જ હોઉં એમ મને લાગતાં હું વધુ મૂંઝાતો હતો. મારા નગુણડવેડાને ઢાંકવામાં મારી હીરાજડિત વીંટીવાળી આંગળીઓ સફળ થતી નહોતી. એક ભાઈ લહેકાથી બોલ્યા:

'અરે સાસરાવને તાબા બનેલા શાવકારોને ન આવડે પંખાની ચાંપ દાબતાં, ન સૂઝ પડે સંડાસ વાપરવાની, આંહીંને બદલે ત્યાં બેસી બગાડે,—એમાં ય મારા સાસરાવ પોટલાં જેવી બૈરીઓને લઇને ચડે, છોકરાંની વેજા,......મારા હાળા નવા સેકન્ડકલાસીઆઓનું તો ભલું પૂછવું.'

'આપ ક્યાંના છો?'

'હું રાજકોટનો છું. શિખંડસમ્રાટ બરફીવાલાનું નામ તો તમે સાંભળ્યું હશે, એ જ હું પોતે. દસ મણ સામટું શિખંડ પણ ઓર્ડર આપો કે બે કલાકમાં અમે પૂરું પાડીએ છીએ.'

એથી વધુ એ ભાઈ બોલે તે પહેલાં તો એક ગાર્ડ, એક સાંધાવાળો, બે હમાલ, અને ત્રણેક ઉતારુઓની એક ફોજનો અમારા બારણા પર ધસારો થયો, ગાર્ડના હાથમાં અધ્ધર રાતા રંગનો દીવો બતાવતું, એન્જિન તરફ ધરી રાખેલું ફાનસ હતું, ને એ આ નવી ટુકડીને અંદર ધકેલતો હતો.

અમારી ગોઠવણ વિંખાઈ ગઈ, ને અમે ચુપ બન્યા. પેલા શિખંડસમ્રાટે કહ્યું: 'પણ આંહીં ક્યાં જગ્યા છે!'

'તો ફર્સ્ટ કલાસમાં જાઓ મિસ્તર!' એમ કહેતા ગાર્ડે પેલાં પ્રવાસીઓને કહ્યું: 'જુઓ છો શું? જલદી ચડો. ગાડી સ્ટાર્ટ કરું છું.'

બે હમાલોના હાથથી ઉંચકાયેલો એક બીમાર બુઢ્ઢો પ્રથમ અંદર ધકેલાયો, ને એની પાછળ અરધી બારણામાં જ ઊભેલી એક બાઇનો અવાજ સંભળાયો: 'એ ભાઈ! મજૂર! બાપુ જરા હળવે હળવે, સાચવીને એને બેસાર!'

એ બુઢ્ઢો જો એકલો જ હોત તો અમારું વર્તન કેવું રૂપ ધરત તે હું બીજાઓની બાબતમાં કહી નથી શકતો, પણ મારે મારી બાબતમાં તો પેટછૂટું કહેવું જોઇએ—ને આ વાર્તા છે, વાર્તાના

પાત્ર તરીકે હું આમ કહેવામાં કશી જહેમત વહોરતો નથી માટે તો દયા સારુ એકાદ વાર પેટછૂટી ન કરું ?—કે મારા મોંમાંથી 'ઓહો, કોઈ બાપડા માંદા લાગે છે' એવો ઉદ્ગાર નીકળ્યો અને મેં એ બીમારને ઊંચકવામાં મદદ કરી તે બધી મારી કરુણાનો પ્રેરક પેલો નારી-સ્વર જ હતો.

મારા જ મનોભાવમાં ભાગીદાર બનતો હોય તેમ પેલો ખ્રિસ્તી યુવાન પણ અંગ્રેજીમાં બોલી ઊઠ્યો કે 'પાડ પ્રભુનો ! આપણા ખાનામાં કોઈ નારી નહોતી. તેની ઓછપ પ્રભુને સાલી હશે. આવો કાકા, બેસો અહીં.' એમ કહેતાં કહેતાં એણે પોતાના બિસ્તર પરની જ જગ્યા એ બીમારને ખાલી કરી આપી.

ગાડી તો આટલી વારમાં સૂસવાટ કરતી વેગે ચડી ગઈ હતી. અને ડબાના હલબલાટથી એક વાર તો એક બેઠક પર પટકાઈ પડવામાંથી માંડ બચી ગયેલી એ સ્ત્રી ડબાની વચ્ચે એનાં મેલાં ગોદડાં ને મેલી ચાદર તળિયા પર પાથરવા લાગી. એક યુવાન એને સામી બાજુએથી મદદ કરતો હતો. અને એ સ્ત્રીના ચહેરા પર ચોંટેલી અમારી સર્વની આંખોની કમિટી એક પણ 'માઈનોરિટી નોટ' વગર સર્વાનુમતિથી પોતાનો અહેવાલ એ ચહેરા પર લખી રહી હતી, કે 'આ સ્ત્રી એક વાર અદ્ભુત રૂપાળી હોવી જોઇએ. આજે એની આંખોની નીચે કાળાં કુંડાળાં પડ્યાં છે, એનું શરીર ક્ષીણતા દાખવે છે, પણ એના માથા પર ભરપુર પૂરા કાળાભમર કેશ છે, પાછળનો અંબોડો પણ કહે છે કે આ કેશને એ જ્યારે માથાબોળ સ્નાન કરવા માટે અગર તો સ્નાન કરીને પછી છૂટા મૂકતી હશે ત્યારે એ ઘૂંટણથી નીચે તો નિશ્ચિતપણે ઢળકતા હશે.

અમારી નેત્ર-કલમોના ઘોદા કેમ જાણે એના કપાળમાં વાગી રહ્યા હોય એમ એણે અરધે માથે સરકી ગયેલો પાલવ ખેંચીને પોણા કપાળ સુધી નીચે ઉતારી લીધો. અને બુઢ્ઢા જણાતા

બીમારને બાંયતળિયાના બિછાના પર સુવારી, એક પર બીજું ઓઢાડી, ઓઢણની ચારે બાજુની કોર સરખી દબાવી પોતે એના પગ પાસે બેસી ગઈ. સાથેનો યુવાન હજુ ઊભો ઊભો કહેતો હતો: 'વેળાસર ઠેકાણું પડ્યાં હો કાકી!'

અમારામાંનું કોઈ હજુ આ બે જણમાંથી એકેયને માટે બેઠક પર જગ્યા ખાલી કરી આપવા સળવળતું નહોતું. હું ઉત્સુક હતો—પણ પેલા જુવાનનો સમાવેશ ક્યાંઈક થઈ જવાની રાહ જોતો હતો. પણ કોને ખબર, મારા જેવી જ રાહ પેલા રાજકોટ-વાળા શિખંડ–સમ્રાટ પણ જોતા નહિ હોય! માણસ એકબીજાના મનોવ્યાપાર જાણી શકતો હોત તો કેટલાય ગૂંચવાડાના ત્વરિત ફેંસલા આવી જતા હોત કે ગૂંચવાડા વધી પડત તે વિષય પર, હું એક ઘીના ધંધામાં પડેલો તાજેતરનો વેપારી તો શું વિચાર ચલાવી શકું? મારે બી. એ. માં પહોંચીને તો સાઈકોલોજી (એટલે કે મનો-વિજ્ઞાનશાસ્ત્ર)નો જ વિષય લેવો હતો, પણ મામાની મહેરબાનીથી હું ઘીની સોનાબાલી કંપનીનો પેટા–વેપારી બની ગયો હતો. સૌ બાપ્પાઓની કૃપાથી મારે આજકાલ સારું છે.

'કેમ છે? સારું છે ને?' મારા જ મનના શબ્દો પકડીને પેલી સ્ત્રીએ પથારી પર નીચું મોં નમાવીને બે ગોદડાંના પડ દ્વારા પેસારવા જેટલા જોરથી અવાજ કર્યો. એ અવાજ એટલો મીઠો હતો કે હવે અમારી આંખોની સાથે કાનની પણ સબ–કમિટી એ અવાજ પર અહેવાલ લખવા બેસી ગઈ.

ગોદડાં નીચેથી કશોક જવાબ આવ્યો, અને આ સ્ત્રીએ પોતાને કાકી કહેનાર જુવાન તરફ જોયું. બીમારને બેઉએ બેઠા કર્યા, અને એમ કરતી વેળા ફરી પાછું સ્ત્રીએ પેલા હમાલોને કહ્યું હતું તેમ જ કહ્યું: 'એ......હળવેથી હો ભાઈ! જાળવીને.'

'લ્યો બતી કરી દઉં કાકા.' એમ કહી એ જુવાન સંડાસના દીવાની ચાંપ ગોતવા લાગ્યો. પણ એને એ જડી નહિ. પેલા

ખ્રિસ્તીએ એને મદદ કરી; ને રાજકોટના શિખંડ–સમ્રાટ મારી બાજુમાંથી હળવા અવાજે બોલ્યા : ' મારા સાસરાવ નવા સેકન્ડ કલાસીઆ ! '

કાકા અને કાકી એવા જે બે શબ્દો પેલા જુવાને આ બીમાર અને સ્ત્રી માટે વાપર્યા તેણે અમારી આટલી વારની ભ્રમણા ભાંગી નાખી. આ તો પતિ–પત્ની નીકળ્યાં ! અમારી આઠે ઉતારુઓની આંખો આપસઆપસમાં સંતલસ કરવા લાગી પડી. ને હું તો આ વાર્તાના પાત્ર તરીકે પેટમાં પાપ સંઘરવાની જરૂર જોતો નથી તેથી કહું છું કે મને આ જુવાન સ્ત્રીની આ બુઢ્ઢા માણસ માટેની આળપંપાળ જરા પણ ગમી કે સમજાઈ નહિ.

કારણ કે કજોડાં મેં અગાઉ જોયાં હતાં. બુઢ્ઢા ધણીઓની જોડે મુસાફરી કરતી જુવાન સ્ત્રીઓના છણકાનો હું, મામાની કૃપાથી છેલ્લો જ્યારથી સેકન્ડ કલાસીઓ બન્યો ત્યારથી બે વરસનો પ્રત્યક્ષ સાક્ષી છું. તેમનાં ઝલકાતાં જોબન, આભૂષણે ભાંગી પડતાં વૈશાખી આંબાડાળો શાં અંગો, વર દાંતનું માળખું ઉતારીને બે ઘડી જડબાંને આરામ પણ ન આપી શકે તેવી એમની તકેદારી, " આવતે સ્ટેશનેથી ઊનાં ભજિયાં લઈ દેવાં પડશે હો ! ' એવી માગણી, પ્રભાતને પહોર પાલગઢ સ્ટેશને પતિ દૂધનો કપ પીવા લાગે કે તુરત જ ' ઓલી દવાની ગોળી તો લીધી ને ! ' એવા શબ્દે ઠપકો, અને હું જોઉં છું એવા સ્પષ્ટ ભાન સાથે પતિના માથાની ટાલ પર હેતની ટાપલી, પતિની સામે બીડી બાકસ કાઢીને ધરવાની મસ્તીભરી આવજત અને ' મને મૂકીને એકલા દિલ્લી નહિ જ જવાય ' એવી ધમકી, ને આ બધાં હેતવર્ષણોની વચ્ચે મારી સામે કવચિત્ કવચિત્ ઉલાળી લેવાતો નીચલો હોઠ—એવા અનુભવના મારા ઢગલામાં આ વખતે કશો ઉમેરો થતો નહોતો.

બીમાર સંડાસમાં ગયા પછી, થોડી જ વારમાં પ્રથમ તો પેલા ખ્રિસ્તી બાઈ ઊંચા નીચા થવા લાગ્યા, પછી હું, પછી

શિખંડ–સમ્રાટ, ને પછી બીજા સર્વે. દોડતી ગાડીમાં આ દુર્ગંધ શાની? અરે પણ આ બદબો વધી કેમ રહી છે! બારીઓ ઊઘડવા લાગી. પવનના સૂસવાટા અંદર પ્રવેશ્યા. પણ નાક બધાંનાં અકળાતાં કેમ અટકતાં નથી? સંડાસ તો આ પહેલાં બેત્રણ વાર ઊઘડયું ને બિડાયું હતું, આવી બદબો ત્યારે તો નહોતી આવી, ત્યારે આ શું થયું?

'Hell! Oh! What a hell of stinking! (નરકની જ બદબો)' ખ્રિસ્તી ભાઈબંધ ક્યાંઈ રહી શકતો નહોતો. અમે સૌ બેચેન હતા. બીડીઓ પીનારાને એમની ધૂમ્ર—સોરંભ બચાવી શકતી નહોતી. અને શિખંડ–સમ્રાટે ભોજન માટે ઉઘાડેલા ટિફિન–બાક્સનાં ખાનાં એ ઝટઝટ પાછાં બંધ કરી દેવા લાગ્યા હતા. અમારાં પોતાનાં કપડાં પણ ગંધાઇ ગયાં લાગ્યાં. મેં મારો અત્તર છાંટેલ રેશમી રૂમાલ બહાર કાઢી નાકે ધર્યો. મામાની કૃપાથી આ ઘીની મોનોપોલીએ મારા તાજા દાંપત્ય—સંસારને અત્તરે મહેકાવી દીધો છે; પણ હું મૂર્ખો, આગલાં વર્ષોના સુગંધહીન જીવનની પકડમાંથી હજુ છૂટી શક્યો નહોતો તેથી પત્નીએ આજે સાંજે જ અત્તર છાંટેલો રૂમાલ ગજવામાં મૂકી આપેલો તેનું સ્મરણ મોડે મોડે મનમાં ઊગ્યું. છતાં, ખરું કહું છું કે અતરમાં પણ કંઈક ભયાનક ભેળ થયો હોય તેટલે સુધીની શંકા આ ડબામાં ઘુમરાઈ રહેલી બદબોએ મારા મનમાં જન્માવી.

પણ આ સ્ત્રી કેમ સંડાસના બારણા પર ઊભી ઊભી આ બદબોનો કશો અનુભવ સુધ્ધાં કરતી નથી? એ કેમ અકળાતી નથી? એ તો નાકે સાડલાનો છેડો નથી ધરતી! એ શા કારણે નીચું જોઈ ગઈ છે? આ અમારી સૌની મૂંગળામણને માટે એ શીદ લજ્જિત બની ગઈ? આમાં એની કશી જવાબદારી હશે શું?

સારી વાર થઈ. સંડાસનું બાર ઊઘડયું. ઊઘડવાની સાથે તો અસહ્ય દુર્ગંધનો એક પ્રચંડ ઝપાટો અમારાં નાક પર તમાચા

લગાવી રહી. સંડાસ બિડાયું. છતાં બદબો શમી નહિ. બદબો તો ડબામાં ચક્કર લગાવી રહી છે, ઘુમરાય છે, નૃત્ય કરે છે, ચૂડેલની જેમ અમને ચોંટી પડે છે, અને એ સ્થિતિની વચ્ચે નિર્લેપ જેવી, આ નરકવાસ લાંબા કાળના અનુભવથી જેને કોઠે પડી ગયો હોય તેવી કોઈ મેતરાણી જેવી એ નારી, જેવી હતી તેવી જ સ્વસ્થ રહીને, ફરીવાર 'કાકા' ને સુવાડતી હતી, ઓઢાડતી હતી, ને ઓશીકે નમી, 'કંઈ જોઇએ?' એવું પૂછતી હતી.

વસ્ત્રો એનાં સુઘડ હતાં. વસ્ત્રવિધાન કલાયુક્ત કહી શકાય તેવું કાળજીભર્યું હતું. ઓળેલ વાળની વચ્ચે, માનવીની નજરને દાટ કાઢવી ગમે તેવો અકબંધ સીધો સેંથો હતો. કંકુને ચાંદલે મઢેલું કપાળ અજવાળી રાત સમું હતું. સોનાની ચીપે મઢ્યાં કસુંબલ કંકણ, કાંડાં સાથેની ભાઇબંધીને, થોડાંક વેગળાં વિખૂટાં પડી ગયા છતાં પણ હજુ સાચવી શોભાવી રહ્યાં હતાં. હાથ પરનાં છૂંદણાં, રાતુંચોળ લોહી ચાલ્યું ગયું હતું તેમ છતાં પોતાની નીલપના ચમકાટ સાવ ગુમાવી બેઠાં નહોતાં.

આવી સ્ત્રીને બદબો કેમ નથી કનડતી?

બેએક વધુ સ્ટેશનો વટી ગયા બાદ હવામાં પાછો શુદ્ધ પ્રાણ-વાયુ આવતો થયો, અને પેલા ભત્રીજા જુવાનને અમારા શિખંડ-સમ્રાટે કહ્યું કે 'એમને અહીં ઉપર બેસાડોને!' મેં પણ તરત મારી ને શિખંડ-સમ્રાટ વચ્ચેની જગ્યા ખાલી કરી આપી તૈયાર રાખી યુવકે 'કાકી! ઉપર બેસો.' એમ કહ્યું પણ ખરું, પણ કાકીએ અમને નિરાશ કર્યા. ભત્રીજાને કહ્યું કે 'મને અહીં જ ફાવશે, તમે બેસો.'

ટપ દઇને ભત્રીજો અમારી બેઉની વચ્ચે બેસી ગયો, અને એ બાઇએ ના પાડી તેનું કારણ કલ્પતાં કલ્પતાં મને પછી મોડે મોડે યાદ આવ્યું કે મારે અમારી બેઉની વચ્ચે નહિ પણ એક

બાજુની જગ્યા ખાલી કરવી જોઈતી હતી. તો એ સ્ત્રીને 'કાકા'ની પથારી પણ નજીક પડત અને એ શત્રુઓની વચ્ચે ઘેરાઈ જવા જેવો ભય ન રહેત. પણ મારી સમજશક્તિ સાચું ઘી, વેજીટેબલ, અને મૂએલાં ઢોરની ચરબી, એ ત્રણના મિશ્રણની વિદ્યામાં અહોનિશ રોકાઈ રહેતી હોઈ હું લાચાર બન્યો.

'કાકાને શો મંદવાડ છે?' મેં યુવાન ભત્રીજાને પૂછ્યું.

'ચાંદીનો.'

એ શબ્દ એના મોંમાંથી પડ્યો ને સાથે જ અમે આઠ જણ ડાચાં વકાસી રહ્યા; ઉપલી બેઠક પર સૂતેલા પણ બેઠા થઈ ગયા. શિખંડ–સમ્રાટને ચડેલી ચીતરીને એની જીભે દાંત અને તાળવા સાથે અફળાઈને જાહેર કરી. સામી બેઠક પરનો ખ્રિસ્તી જુવાન ખડો થઈને 'કાકા' પંદર મિનિટ પૂર્વે જ્યાં બેઠા હતા તે ચાદર બિસ્તર પરથી દૂર કાઢવા લાગ્યો.

'એ બધું જ તમારે લૉન્ડ્રીમાં (ધોબીને ત્યાં) આપી દેવું રહેશે.' એક ગૃહસ્થે એને અંગ્રેજીમાં કહ્યું.

અને મેં પણ નીચે સૂતેલ 'કાકા'ની પથારીને અડકતી મારી સૂરણની ગાંઠ ખસવીને બેઠક નીચે દૂર ધકેલી, છતાં મારાં આંગળાંને કોઈક કાળો કાંરમો રોગ–બિલાડો કરડી જતો હોય તેવું મનથી અનુભવ્યું.

દુર્ગંધના રૌરવની સમજ અમને સૌને હવે પડી, અને હું તો વરાળો કાઢવા લાગ્યો: 'આ દશા! અહીં સેકન્ડ કલાસમાં બેઠા પછી પણ અમારી આ દશા! અહીં ને અહીં સાંકળ ખેંચી ગાડી ઊભી રખાવી આ નારકીઓને બહાર કઢાવી ન શકાય? આવતે સ્ટેશને એમને ગાંસડાંપોટલાં સહિત ઉતારી ખુદ મુસાફરી જ બંધ ન કરાવી શકાય? ઓહ! ચાંદીનો રોગ! આ તો હવામાંથી પણ ચોંટી પડે. ધારો કે મને જ ચોંટ્યો; તો મારી શી વલે? પાંચ જ માસ

પર પરણેલી મારી લલિતા શું ધારશે? મરદાનગી ચાલી જશે. દુનિયા ક્યાંઈ ઊભો રહેવા નહિ દે. ને લલિતા—લલિતા શું આ સ્ત્રીની જેમ મારી પાસે ઊભી પણ રહેશે?

શિખંડ—સમ્રાટે પણ એના પગ ને ચંપલ બન્ને ઉપર લઈ લીધાં હતાં. આઠમાંથી કોઈનો એક જોડો પણ નીચે રહ્યો નહોતો. રહી હતી એક આ અભાગણી સ્ત્રી. ભત્રીજાએ મંદવાડનું રહસ્ય બહાર પાડયું ત્યારે, એણે આંખોને ઊંચી કરી કરી અમારી સૌની સાથે પરિચિતપણાનું જે વાતાવરણ કેળવવા માંડયું હતું તે ફરીએક વાર વિખરાઈ ગયું અને એની દૃષ્ટિ પાછી નીચે ઢળી ગઈ. તે સિવાય એના મોં પર આ અરધા કલાકમાં કશો જ ફરક નહોતો પડચો. એનું જીવન પૃથ્વી પર હતું તેના કરતાં અદકેરું જાણે અંતરીક્ષમાં હતું.

'My wife—' ખ્રિસ્તી મુંબઈવાસી ત્રાસભરી શકલ કરીને બબડચો: 'will never forgive me if she comes to know this : (મારી પત્ની જો આ જાણવા પામશે તો તો મારા બાર વાગી જશે.')

'ક્યાંથી આવો છો?' મેં પેલા ભત્રીજાને પૂછ્યું.

'મહુવાથી.'

'જવું છે ક્યાં?'

'મુંબઈ.'

ઓય મોતના દાંડા! આ તો વીરમગામ સુધી છૂટકો નથી.

'સેકન્ડ ક્લાસની ટિકિટો કપાવી છે?'

'ના, આ તો થર્ડમાં આમને ઊભા રાખવા જેટલી પણ જગ્યા નહોતી એટલે ગાર્ડને કહી જંકશનથી જ વધુ ચારજ ભરી બેઠાં. તમારી સૌની એટલી મહેરબાની.' બોલતો બોલતો યુવાન હાથ જોડી રહ્યો.

મારો સવાલ અક્કડ હતો, પણ એ જાણે કે મનની અંદર બેવડ વળી ગયો.

અમે સૌ ફરી પાછા ચુપ બન્યા, અને ગાડીના સૂસવાટા વચ્ચે વરસાદની તડતડાટી સંભળાતી રહી. વળી થોડો પોરો ખાધા પછી, કોણ જાણે શાથી પણ એ બાઈના મોંને નિહાળી જોયા પછી નવી પ્રશ્નાવલી કરવાની હિંમત આવી.

'આ તમારા કાકા થાય છે?'

'હા.'

'કેટલુંક થયાં આ રોગ છે?'

'દસબાર વર્ષ થયાં.'

સાંભળીને અમારા મોંમાંથી ફરી સિસકારા ઊઠ્યા. જે નરકનો અમે પા અરધો કલાક અનુભવ કર્યો તેની અંદર આ સ્ત્રી બાર વર્ષથી જીવે છે!

'એમનું આ કેટલામું લગ્ન?'

'પહેલી જ વારનું.'

'કેટલાંક વર્ષથી પરણ્યા હશે?'

'પંદર વર્ષથી.'

એ પ્રશ્નોત્તરીએ અમને સૌને એક જટિલ સમસ્યામાં નાખી દીધા. આ રોગ આ બે જણાંનાં સંસારમાં કોણ લઈ આવ્યું? કાકા, કે કાકી? સમસ્યા લટકી પડી. વધુ ચોખવટ મગાય તેવી હિંમત રહી નહોતી. દરેક પ્રશ્ન પૂછતાં પહેલાં એ સ્ત્રીની સામે આંખો ગયા વગર રહેતી નહોતી. આંખો જાણે કે પૂછી જોતી હતી: 'પૂછું? વધુ પૂછું? તારી બેઅદબી તો થતી નથી ને? તને અપમાન તો લાગતું નથી? તને આરોપીના પિંજરામાં ઉભાડી ઉલટતપાસ કરનારા વકીલો જેવા તો અમે લાગતા નથી ને?

સર્વ મૂંગા સવાલોનો એ નારી પાસે એક જ ઉત્તર હતો: નહિ નીચે નહિ ઊંચે પણ પાધરી દોર પેલા સંડાસ તરફ તાકી રહેલી અનિમેષ દૃષ્ટિ, સ્વસ્થ મોં, સાધો સેંથો, સૌભાગ્યનો ચાંદલો,

અને સૂતેલ પુરુષના શરીર પર રૂના પૅાલની હળવાશથી પડેલો જમણો હાથ: એ એક જ એનો જવાબ હતો. અમે એને બેગા થઈને ફાડી ખાતા હતા. એ પોતાની જાતને, પોતાના જીવનને, પોતાના અંતરતમ જીવન—રહસ્યને ચુંથાવા દેતી હતી. અથવા એને હવે કશું ચુંથાવાપણું લાગતું નહિ હોય.

વરસાદ અને અંધકારની બિભીષિકા વચ્ચે રાતની ટ્રેન રસ્તો ચીરતી અને છાતીએ ચોંટાડેલી ટાર્ચ—બત્તીના પ્રકાશમાં ખદબદ જંગલ—જિવાતને આંધળી કરતી ધસે જતી હતી. આ સ્ત્રી ને આ ટ્રેન, બેઉ વચ્ચે એક નિગૂઢ સમાનતા હતી.

ને અમારા પ્રશ્નોના ઉત્તરમાં પોપટ પેંડ પડતો બત્રીજો જે ભોળે ભાવે ભણી ગયો તે આ હતું:—

'મારા કાકા ને મારા બાપ એ ત્રણ ભાઈઓ. ગામમાં તેલપળી કરી કરી ગુજરતા. મારા બાપનું એકનું તો ઘર બંધાયું, પણ બાકીના ત્રણને કોઈ કન્યા આપે નહિ. મારી બા મને એના એકના એક પુત્રને બે વર્ષનો મૂકી મરી ગયાં, તે પછી મારા બાપ પણ વિધુર જ રહ્યા. હાથે રોટા ટીપીને ખાઈ લ્યે ને મને ઉછેરે. વચેટ કાકા પચીસ વર્ષના થયા, ત્રીસ વર્ષના થયા, બત્રીસે પહોંચ્યા. બાપાએ પૈસો પૈસો બચાવીને દોઢેક હજાર રૂપિયાનો જીવ ભેગો કર્યો. પણ એટલાથી ય કોઈ કન્યા મળી નહિ. વચેટ કાકાનો શરીરનો બાંધો બહુ મજબૂત, પાંચ મણની દાણાની ગુણ વખારેથી પીઠ પર ઉપાડી હાટડે લઈ આવે પણ શ્વાસ ન ખાય. આહાર પણ જબરો. ત્રણે ભાઈ જોડે જમવા બેસે અને મારા બાપ વચેટ કાકાના ખોરાક સામે જોઈ રહે. ઘણા વખત સુધી તો કાંઈ બોલે નહિ. પણ એક દિવસ કહેવાઈ ગયું: 'આટલું બધું ખાઈને શરીર શીદ ખડકી રહ્યો છો? તું જોવછ ને, ઘર બંધાય તેમ છે?' તે પછી કાકાએ આહાર ઉતારી નાખ્યો, અમારા સાધુઓનો સમાગમ વધાર્યો, અને બેએક વર્ષે એણે દીક્ષા લીધી. ધોરાજી ગામે એની દીક્ષામાં

જમણ ... ન કરી. બેન્ડ વાજાં બોલાવ્યાં, બે જમણ કર્યાં, પચીસ ... સાધ્વી ભેગાં થયાં, ને મારા કાકાને જ્યારે ઓઘો (જેન ... હંમેશાં જિવાતને પોતાના માર્ગમાંથી વાળવા સૂતરની સફેદ ... રાખે છે તે) આપ્યો મોટા મહારાજે, ત્યારે એણે કેવા ... ને કોડથી પોતે સાધુ બને છે તે બતાવવા ઓઘો માથે ... નૃત્ય કરતા હોય એમ ઉછાળો માર્યો. ને પછી એમને એક ...નાં લઈ ગયા. ત્યાંથી એ પા કલાકે પાછા બહાર આવ્યા ત્યારે ... શરીરે સાધુવેશ હતો અને એમના શિર પર મૂંડો હતો. કાકા ... રાખવાના ભારી શોખીન હતા. લૂગડાં ફાટલાં પહેરતા પણ ... આવ્યા વગર ન રહી શકતા. એવા રૂપાળા વાળને ઠેકાણે મૂંડો ... હું સામે ઊભેલો તે રડી પડ્યો હતો.

...તો ચાલ્યા ગયા સાધુઓની સાથે, પણ અમારી નવી આબરૂ ... બંધાણી. નાના કાકાને એ આબરૂના જોર પર કન્યા મળી. એ વ... નાના કાકા પણ ત્રીશ વર્ષના. પોતે એક બે વાર કહ્યું તો ખરું, ... પરણાવવો રહેવા દ્યો. પણ પેટની વાત શી હતી તે કોઈને ... નહિ. શરમમાં ને શરમમાં રહી ગયા. કોઈકે એમ પણ કહ્યું હ... એવા રોગ તો પરણવાથી મટી પણ જાય છે. એમ બધા ... વળી ગયો.'

'પણ દવા ન કરાવી?'

'...ગામમાં તો શરમ લાગી. હું પાંચ વરસથી મુંબઈ છું. તેડાવવાના ઘણા કાગળો લખ્યા. પણ ધંધામાંથી નવરાશ મળે નહિ. પાછાં આવ્યાં આ લડાઈનાં વરસ. ધંધા તૂટી ગયા. હાટડી વધાવી લેવી પડી. નોકરીએ રહ્યા. રજા મળે નહિ. કાકી થોડા દાગીના લાવ્યાં હતાં તે વેચી દવા કરાવી. કુલ ચાર ધારાં વહેતાં હતાં. હવે તો એક ... વહે છે.'

અહીં અમારા શ્વાસ વળી પાછા થંભી રહ્યા. એક છિદ્રની આટલી બદબો, તો ચારની કેટલી? એ ત્રિરાશીનો હિસાબ કોનાથી ગણાશે?

'બહેન!' મારા બિસ્તર પરથી ઊઠીને મેં સામી સીટ પર જતાં કહ્યું: પહેલીજવાર આ ડબ્બામાં 'બહેન' શબ્દ સાંભળતાં એ બાઇ વીજળીનો આંચકો વાગે એમ ચમકી. એણે ભયભીત નજરે મારી સામે પોપચાં ઊંચક્યાં.

મેં કહ્યું: 'બહેન, તમે અહીં ઉપર આવીને બેસો.'

'હા, હા,' મારી સાથે શિખંડ–સમ્રાટ પણ ઊઠીને બોલ્યા, 'આવો બહેન, તમે સંકોચ વગર બેસો.'

એણે આખી બેઠક ખાલી થયેલી જોઇ. એ સારી વાર થોથરાતી બેઠી રહી. પણ અમારી આઠેની જીભ ચાલુ થઇ: 'બેસો બહેન, બેસો. તમે તો પગે લાગવા પાત્ર છો બહેન! શાબાસ બહેન! તમે તો દેવી જેવાં છો.'

દડ–દડ–દડ: અત્યારસુધીની સૂકી અને એકધ્યાન એની આંખો ટપકી પડી અને એણે ભત્રીજાને નિશાની કરી. બન્નેએ મળીને એ બીમારને પથારી સહિત ઊંચકી બેઠક પર સુવારી દીધો. પછી પોતે સંકોડાઇને એક ખૂણે બેસી ગઇ.

અમે—હું ને શિખંડ–સમ્રાટ, બીજી બેઠક પરના ત્રણ જણની વચ્ચે સંકોડાઇને બેઠા બેઠા ઝોલે ચડી ગયા. અક્કેક ઝોલામાં મને અક્કેક સ્વપ્ન આવતું હતું. જાણે હું તેલ, સડેલ ઘી અને વેજીટેબલના મિશ્રિત તાવડાના ખદખદાટ વચ્ચે મારી લલિતાને બદબોથી ગુંગળાઇ મરતી જોતો હતો.

વીરમગામ આવ્યું ને અમે ઝબક્યા ત્યારે એ બાઇ અનિદ્રિત સ્વચ્છ આંખે બેઠી હતી.

અમે આઠે જણાએ—જેમાં પેલા ખ્રિસ્તી જુવાન પણ શામિલ હતા— આ બીમારની પથારી ઊંચકી અને કસ્ટમના પાંજરા તરફ ચાલ્યા.

'ધીરે હો ભાઇ! બાપુ! જરા ધીરે હો!' પાછળ એ સ્ત્રી કહી રહી હતી.

★

'મારો બાલુભાઈ'

દૂરથી ટ્રેનનો દીવો દેખાયો, અને છેક તે ઘડીએ વાર્તાકાર સ્નેહીની સાથે વિશાખા–બાલુ વાળો બનાવ નીકળી પડયો. મેં એ કિસ્સો વર્ણવવામાં બનતી ઝડપ કરી, પણ ગાડીની ઝડપ મારી જીભની ઝડપના કરતાં, ડિસ્ટન્સ–સિગ્નલની આ બાજુ આવ્યા પછી પણ વધારે રહી. ગાડી ઊભી રહ્યા પછી હું દોટાદોટ જગ્યા ગોતતો હતો ત્યારે વાર્તાકાર પણ મારી સાથોસાથ દોડતા દોડતા 'હં પછી?' 'હં પછી?' એમ પૂછ્યે જ જતા હતા. ગાડી ચાલવા લાગી એટલે પોતે ગાડીની સાથે ચાલતા, દોડતા, 'હં પછી? હં પછી?' કરતા રહ્યા અને સ્ટેશન–યાર્ડને છેક બીજે છેડે એન્જિનમાંથી પાણી ભરીને ઊભેલ સાંધાવાળાની બૈરીઓની હડફેટમાં આવી ગોથું ખાઈ ગયા એ પણ મેં ચાલતી ગાડીએથી જોયું; ને ગાડીએ વળાંક લીધો ત્યારવેળાની છેલ્લી ઘડીએ મેં જોઈ લીધું કે પાણીભરેલ બેડાં ગબડી પડેલાં અને સાંધાવાળાની બૈરીઓ લાંબા હાથ કરી કરી મારા સ્નેહીને કાંઈક 'પત્રં પુષ્પં ફલં તોયં'ની પ્રસાદી પીરસી રહી હતી.

વળતે દિવસે બપોરની ગાડીમાં તો મારે દરવાજે ટપાના ઘોડાના ઘૂઘરા અટકી ગયા અને બૂમ પડી, 'એ સાહેબ, તમારા મે'માન છે.'

હું જઈને જોઉં છું તો માથે હળદરમાં રંગાયેલા પીળા પાટાપીંડીવાળા એક જણને ટપાવાળો ટેકો આપીને ઉતારતો હતો! મારે ઘેર જુવાન દીકરી નહિ, નીકર તો પલભર શંકા પડી જાય કે

પીઠીઆળા મારા જમાઇ તોરણે પધાર્યા હશે. મારા તરફ ફરેલ એ મોં પાટાની વચ્ચેથી જરા વારે પરખાયું. મારા વાર્તાકાર સ્નેહી પોતે જ! હજુ તો હું આશ્ચર્ય બતાવું તે પૂર્વે એના સોજેલા હોઠ ફફડી ઊઠ્યા : ‘ પેલી વિશાખાની ને બાલુની વાત સાંભળવા આવ્યો છું.’

વાત સાંભળવાના ચરહનું આ ધોયું જોઇને મારા મનમાં એક વાક્ય રમી રહ્યું : ‘ બહુરત્ના વસુંધરા ! ’ હું સમજી ગયો કે ગઈ કાલ રાતે એના ગામને સ્ટેશને મારી ગાડી સાથે ‘ હું પછી ? હું પછી ! ’ કરતા કરતા, પૈસો ભીખતા કોઇક ભિખારીની માફક દોડતા, પેલી સાંધાવાળી બાઇઓનાં ભર્યાં બેડાં સાથે ભટકાઇને જ આ વાર્તાનવેશ હોઠે તાલે રંગાયા હોવા જોઇએ.

મેં કહ્યું, ‘ ભલા આદમી, આટલી ઉતાવળ શી હતી ! રવિવારે તો હું પાછો આવવાનો હતો.’

એ કહે, ‘ મારાથી ન રહેવાયું. વિશાખાને મેં પાંચેક વરસ પર સુરતમાં જોઇ છે. બે જ મિનિટ જોઈ છે, પણ જો હું ચિત્રકાર હોત તો અત્યારે જ પ્રત્યેક રંગરેખા પૂરીને આલેખી આપત. આટલું રૂપ મેં તે પહેલાં કે પછી કદી દીઠું નથી. એવાં રૂપનું આમ બને જ કેમ ! ’

‘ ચાલો અંદર. અમારી ગૃહલક્ષ્મીને ખબર છે બધી.’ એમ કહી. એને ટેકો આપી મેં બેઠક–ખંડમાં લીધા અને મારી પત્નીને બોલાવી : ‘ અરે ફ્રાઉ, અહીં આવજે તો જરી.’

પત્નીને ‘ ફ્રાઉ ’ કહી સંબોધવાનું હું જર્મનીમાંથી શીખી લાવેલો.

‘ એ મારા હાથ એંઠા છે. રાંધું છું. હમણાં આવું છું.’ ફ્રાઉએ, હિટલરસ્થાપિત ગૃહિણી–આદર્શે ગુંજતો જવાબ વાળ્યો.

વાર્તાકાર કહે, ‘ તો ચાલોને આપણે જ રાંધણિયામાં જઈ બેસીએ. વાર્તાઓ મેળવવાનું સાચું સ્થાન જ રસોડાં છે.’ ને હું હા પાડું તેની રાહ પણ જોયા વિના પોતે રસોડા બણી લંગડાતા લંગડાતા ચાલ્યા. મારે પાછળ ખેંચાવું પડ્યું. મિત્રના આ દેદાર

દેખી ફાઉ સંકોચાઇ ગઈ. બાજરાનો રોટલો તાવડીમાં નાખતાં એ સરખો પડયો નહિ. પતિના તાજા મિત્ર બનેલ વાર્તાકારને પોતે ઓળખતી નહોતી. લૂગડાં ઠીકઠાક કરી શકે તે પહેલાં તો વાર્તાકારે એક પાટલો ઉપાડી, રસોડાની સામે જ ઢાળી તે પર બેસતાં બેસતાં ફાઉને કશા જ પ્રારંભિક 'બે બોલ' સંબોધ્યા વગર સીધું શરૂ જ કરી દીધું: 'વિશાખાનું વેવિશાળ કરેલ તે બાલચંદ્ર શું તમારો ભાઇ થતો હતો?'

ફાઉએ બીકભરી આંખ મારી સામે જોયું. મેં હસીને એને નિર્ભય બનાવી: 'ફાઉ, આ આપણા વાર્તાકાર બાઈ, જેની હું તને વારંવાર વાત કહું છું.'

ફાઉનું મોં મચકોડાયું. એનો ભાવ હું પામી ગયો. વાર્તાકારોને એણે હંમેશાં નમણા, ફૂટડા, ફાંકડા કલ્પેલ હતા. તેને બદલે એક તો આ બાઈ શીળીઆટા હતા તેમાં પાછા હળદરના લપેડા ને પાટાપીંડી. એમણે ફાઉને કહેવા માંડ્યું :

'વિશાખાને મેં જોઇ છે. રૂપરૂપના ઢગલા અને સંસ્કારિતા પણ એ રૂપના સોનાની વચ્ચે નીલમ શી લળકે. સંસ્કાર, સંસ્કાર, નખશિખ નિર્મળો સંસ્કાર!

વાર્તાકારનાં એવાં વખાણે ફાઉની જીભના બંધ ઢીલા કર્યા. એના મોં પરની કડક બનેલી રેખાઓ કૂણી પડી, ને બીજા રોટલાનો લુવો લઇ બે હાથ વચ્ચે ઘાટ કાઢતી કાઢતી એ મારી સામે જોઇને બોલી ઊઠી: 'મારો બાલુભાઇ પણ કયાં ઓછો રૂપાળો હતો! અને સંસ્કારમાં પણ કયાં કોઇથી ઊતરતો હતો!'

'હા બૈ!' વાર્તાકારને મેં ખાતરી આપી: 'બાલુ તો અજબ દેખાવડો હતો; ને સંસ્કારે પૂરો હતો માટે તો એ ગરીબ ગામડિયાને, એ ટયૂશનો કરી કરી ભણનારને વિશાખાના બાપુએ પસંદ કર્યો હતો ને!'

'નહિતર અમારી ન્યાતમાં ક્યાં મૂરતિયાનો તોટો હતો? રૂપાળો કંઇ જેવો તેવો હતો મારો બાલુભાઇ હેં, તમે જ કહોને!' ફ્રાઉએ મારી ગવાહી માગી.

'એ તો તમારા મોં પરથી જ સમજી શકું છું.' વાર્તાકારે ફ્રાઉના વદન પર પોતાની દૃષ્ટિથી જાણે કે સ્પર્શ કર્યો એવું લાગતાં ફ્રાઉ કેવી કમ્પી ઊઠી! ફ્રાઉના ગાલ પર મેં, શાંત સરોવર–સપાટી પર પ્રથમ લહરે લહેરાઇ ઊઠે તેવો મંદ મંદ થરથરાટ જોયો; ને આ વાર્તાકારની ધૃષ્ટતામાંથી બચવા ફ્રાઉએ મારી મદદ માગતી મૂંગી દૃષ્ટિ માંડી. મેં વાર્તાકારને કહ્યું:—

'બાલુ એનો સગો ભાઇ નહિ, પણ ચારેક પેઢી છેટેનો. માશીની દીકરીની ફુઇનો દીકરો થાય.'

'તો પણ શું થઇ ગયું! લોહી તો એક જ ને! હું બરાબર કલ્પી શકું છું બાલુભાઇની સુંદરતાને. પણ તો પછી આમ કેમ બન્યું! એ મૂરખો હોવો જોઇએસ્તો.'

'હા, મૂરખો તો ખરો જ ને?' એમ કહી, લાલાશ પકડતે ચહેરે ફ્રાઉ બોલવા લાગી: 'નહિતર વિશાખાના બાપુએ કહ્યું તે સાચું જ સમજી લઇને શીદ બધું પોતાનું જ માની બેસે!'

'શું માની લીધું? વિશાખાના બાપુએ શું કહ્યું?'

'કહ્યું કે, બાલચંદ્ર, તમે તો મારા દીકરા થયા. મેં તો દીકરી દઇને દીકરો મેળવ્યો. મારી આ બધી સંપત્તિનો ભોગવટો કરનાર કોણ બીજો છે? એક જ દીકરી છે, ને એ તો તમારી છે. તમારે તે હવે ટ્યૂશન ફ્યૂશન કરવાનાં હોય? તમારે હવે સાઇકલ ખેંચવી નહિ. ભણવાનો બધો જ ખર્ચ અહીંથી લ્યો. મારો બાલુભાઇ કહે કે ન લઉં. બડો અભિમાની હતો મારો બાલુભાઇ. માબાપ મૂએ કેટલાં વરસ થયાં, પણ જાતમહેનતથી જ ભણ્યો. કોઇની સ્કોલરશિપ પણ માગી નહિ. બાના બાપા શ્રીમંત હોવા છતાં તેની પાસે પણ

હાથ લંબાવ્યો નહોતો. સસરાનું એ માન્યો જ નહિ. પણ વિશાખાની આંખોના મોટા મોટા ડોળા આંસુડે ડળક ડળક થઇ રહ્યા, ત્યારે પછી એણે ટ્યૂશનો છોડયાં ને સાઇકલ એક ભાઇબંધને ભેટ દઇ દીધી. સસરાની મોટરમાં ફરવા મંડયો. પહેલાં પહેલાં તો વિશાખાના બાપુ જ્યાં સુધી પોતે જ મોટર લઇ જવાનું ન કહે ત્યાં સુધી મારો બાલુભાઇ માગે પણ નહિ. 'મોટર લઇ જાવ' એવા શબ્દોની વાટ જુએ, ને પછી ચાલતો જ પાછો જવા લાગે ત્યારે વિશાખા સોગંદ દઇ દઇને રોકે, એના બાપુને જઇ ઠપકો આપે કે 'બાપુ, તમે તો કાર લઇ જવાનું કહેતા યે નથી!' ત્યારે એના બાપુ મારા બાલુભાઇને ઊલટો ઠપકો આપે કે 'ભલા માણસ! હજુ ય શું મેમાન છો!' અરેરે, છેવટે તો મારો ભાઇ મહેમાન જ બની ગયો ને!'

એમ કહીને ફ્રાઉ ચૂલા બાજુ જોઇ ગઇ. ત્યાં તો બળતું બુઝાઇ ગયું હતું ને રોટલો તાવડીમાં ઠીકરા જેવો થઇ ગયેલો. નવું છાણું નાખતાં નાખતાં ફ્રાઉએ પાછું ચાલુ કર્યું:

'પછી તો મારો બાલુભાઇ મોટરની ના પાડે તો ય એોલી ડળક ડળક ડોળા નિતારવા મંડે. જમવા બેસવાની ના પાડે તો ય ડળક ડળક: કૉલેજની ફી લેતાં અચકાય તો પણ એોલીની પાંપણો પટ પટ પટ વરસવા માંડે. ઝટ જઇને બાપને ઠપકો આપે, એટલે બાપ બસ પોપટની જેમ પઢે કે 'આ મારું બધું ય એનું જ છે, પછી વળી કહેવા વાટ શેની!' આમ મારો બાલુભાઇ એ પોપટ-વાક્યમાં જ ભરમાઇ ગયો એટલે જ આમ બન્યું ના!'

'પણ એમાં ભરમાવાનું શું બન્યું?' વાર્તાકારે ફ્રાઉના ઉશ્કેરાટનો પારો ઓર ઊંચે ચડાવનારું વાક્ય કાઢ્યું: 'હું હોત તો ધીરે ધીરે બધું ય મારા સસરાનું મારું જ કરી લેત. હૈયાફૂટો શીદ બન્યો તમારો બાલુભાઇ?'

'એણે પણ એ જ કર્યું ને!' ક્રાઉ … ાગી: 'એવો ભરમાણો, એવો ભરમાણો, કે પછી … પોતે સસરાનો વારસદાર દીકરો હોય તેમ વાપરવા મં… …રાએ એક જુદી એમી–કાર એને લઈ આપી, એન્ક … ખાતું ખોલાવી દીધું. મારો બાનુભાઈ જેની જેની ના … તે બધું જ વિશાખાના બાપ કર્યે જ રહે. તું મારો … તું જ મારે સર્વસ્વ છે, તું ચાય તે માગ: બસ એ જ રટ … …તીની આંખના ડળક ડળક ડાળાઃ મોત બગાડ્યું એ એ …

એ 'ડળક ડળક' શબ્દ તો ક્રાઉ એવી છટા… …કરતી હતી કે મોહિતપણાની મુદત અમારાં લગ્નજીવનમાં … પૂર્વે જ ખલાસ થઈ ગયેલી છતાં એની છટા પર હું …ો. વાર્તાકાર તો જાણે કે વાટ જ જોતો હતો કે આ … …ક' શબ્દ ફરીવાર ક્રાઉ ક્યારે બોલે!

'હૈયાફૂટા જુવાનોનું એ જ મોત છે ને બેન! … ડળક ડાળામાં જ હૈયાફૂટા જુવાનો ડૂબી મરે છે. હં. પછી …

વાર્તાકારે ક્રાઉને આ વેણું ડાંભી, એટલે ત… …ટમાં પાણી નાખવાનું પ્રમાણભાન ખોઈ બેઠી. કાથરોટમાં … બની ગઈ, પરિણામે ક્રાઉએ જ્વાળા કાઢી:—

'પછી શું! પછી જ્યારે સાચેસાચ મા… … બધું પોતાનું સમજીને વર્તવા લાગ્યો ત્યારે પછી એની … ડળક ડળક થવાને બદલે ભવાં કપાળે ચડવા લાગ્યાં … …ાપનું મોઢું 'આ બધું તમારું જ છે' એને બદલે એમ … …યું કે 'આ ધણીપતું તો ભાઈ! ન ચલાવી લેવાય.' ના… …ાઈએ એક દી' શોફરને ધમકાવ્યો. એક દી' પાછી રસોયાની … કાઢી. એક દી' સસરાની પાસે જઈને બેઠા વગર પરબા… …ા પાસે ગયો. આ એવું એવું બનવા લાગ્યું એટલે સસ… …ા. પણ

મોંમાંથી ક્યારે તો મારા બાલુભાઈને વખતસર સાન આવે ને! બાપ, મા ને દીકરી, ત્રણે જણાં મનમાં ને મનમાં ધૂંધવાય, મનમાં પરણે ને મનમાં રાંડે. મારો બાલુભાઈ બાપડો માયલો ભેદ પામી જ ન શક્યો. એનું તો પેલી કહેવતવાળું, 'રંડીપૂતર શે'જાદો' એના જેવું બન્યું. એક વરસ વેવિશાળ ટક્યું. બીજે વર્ષે પોતે બી. એ. થાય કે તુરત લગ્ન થવાનાં હતાં; ત્યાં તો કાચની બંગડીના કટકા થાય તેમ એનું હૈયું નંદવાઈ ગયું.

'કાં?'

'નાની એવી વાતમાં. એક વાર જઈને સસરાને કહે કે મારે કાલે રૂપિયા અઢીસો જોશે. આ બસ, એ 'જોશે' શબ્દ સસરાને લમણાંમાં બંદૂકની ગોળી જેવો લાગ્યો. કહે કે, 'જોશે' એટલે? મારો બાલુભાઈ બોલ્યો કે 'જોશે એટલે જોશે. બીજું શું વળી? ફી ભરવાની છે તે જોશે.' સસરો કહે કે એમ 'જોશે' કહ્યે નહિ ચાલે. કે 'કેમ નહિ ચાલે?' કે 'નહિ ચાલે. તમે શું કોઈના રણીધણી છો?' આ એમ કહ્યું એને સસરે. અને મારા બાલુભાઈની ખોપરી ખદખદી. ચેતી જઈને ચુપચાપ ચાલ્યો જાય તો તો કાંઈ નહિ, પણ બાખડી પડ્યો: કે 'ત્યારે આજલગી શું ઉલ્લુ બનાવતા'તા!' તો સસરો કહે કે 'તું શું આંહીં ધણીપતું કરવા આવ્યો છો? આ તો ઠીક છે, પણ લગ્ન કર્યાં હોત તો તો તેં શી બાકી રાખી હોત?' આ ઈ 'હોત' શબ્દ પર લાગી પડી. મારો બાલુભાઈ કહે 'લગ્ન કર્યાં હોત' એટલે શું કહેવા માગો છો? સસરો કહે કે 'ઈ વ્યાકરણ ફ્યાકરણ હું ભણ્યો નથી, જા પૂછ તારા પ્રોફેસરને.' મારો બાલુભાઈ કહે કે 'ન ભણ્યા હો તો હું ભણાવી શકું તેમ છું. તમારા ઉપર કાંઈ મૂંગળું બાંધ્યું નથી.' ડોસો કહે કે 'ચાલતો થા.' આ કહે કે 'આ ચાલ્યો.' ઊઠીને મંડ્યો એ તો ચાલવા. ચાલ્યો આવ્યો હોત તો તો કાંઈ નો'તું. પણ બારણાંમાંથી પાછો વળ્યો બચાડો, અને કહે કે 'મારે જરા વિશાખાને મળી લેવું છે.'

'હું,' વાર્તાકારે ટમકું મેલ્યું; 'પછી તો બોલ્યો બા જૂલે!' અને ફાઉ તો રાતી રાતી થઈ જઈને આગળ વધી:—

'હા સ્તો. બચાડાને ભાન ભુલાવ્યા પછી તો બાકી શીદ રાખે? કહે કે 'હાલતો થા હાલતો. મણ્યું વિશાખાને! મોઢું છે મારા ચંપકને જોગ.' તોય બાપો ઊભો રહ્યો. હમણાં જાણે એની વિશાખા દોડતી આવીને બાપની પટકી પાડી નાખશે!

'હું—અ—' વાર્તાકારે ફટકો માર્યો: 'નાટકના તખ્તા ઉપર વીંગમાંથી સબૂર સબૂર કરતું પાત્ર દોડ્યું આવે છે ને કટોકટીની ઘડીએ! એમ આપણા વીર બાલુભાઈને આશા હશે ખરું ને? પણ વિશાખા બાપડી, વિધાતાના નાટકમાં શું કરી શકે? ઘરમાં હશે જ નહિ કાં તો.'

'નહોતી શેણે! રૂપા...ળી ઊભી'તી ત્યાં જ.'

'હેં, ક્યાં?'

'હા. ત્યાં બાજુના ઓરડામાં. બારણાંની પાછળ જ. રૂ...પા ...ળી ઊભી'તી. ઊભી ઊભી તમાશો જોતી'તી.'

'પ્રેક્ષકની પેઠે કે?'

'મૂઆ પ્રેક્ષક! નજરોનજર દીઠી હતી મારે બાલુભાઈએ. બાપ ચંપક મારવાનું બોલ્યો તયેં તો ઊલટાની સરકી ગઈ.'

'બહાર દરવાજે જઈને ઊભી હશે!' વાર્તાકાર એક પણ ફટકો ભૂલતો નહોતો.

'ના બાપુ ના,' ફાઉએ દાઝ કાઢી: 'મારો બાલુભાઈ પણ એ જ આશા રાખીને બહાર નકળ્યો, કે બગીચામાં ઊભી હશે; રાતની રાણીના રોપ પાસે ઊભી હશે; ત્યાં નહિ તો આગળ પારિજાતના છોડ પાસે લપાઈ હશે; કાંઈ નહિ તો છેવટે માળીના ઝૂંપડામાંથી નીકળશે! પણ મારો બાલુભાઈ મૂરખો બન્યો. હળવે હળવે હાલ્યો, પંદર વાર તો પાછું વાળી જોયું, પણ કેવી વિશાખા

ને કેવી વિશાખા! બચાડો મને તે રાતની વાત તો તલેતલ માંડીને કહેતો. ને મેં તો ય પાંચક વાર સાંભળી હશે. મેં કહ્યું કે બાપુભાઈ! એ દશ્યને જ હવે બંધ કરી દે અને બીજે નજર નાખ, આપણી ન્યાતમાં કાંઈ તારે માટે તોટો નથી, પચીસ નાળિયેર કાલ સવારે તારા પગમાં રડતાં આવે છે કે નહિ તે ઓલ્યાને બતાવી દઈએ. પણ એ કહે કે ‘નહિ રે બેન! જગત બદલે પણ વિશાખા ન બદલે; જરૂર એને એની બાએ ઝકડી રાખી હશે; મારા ચાલ્યા આવ્યા પછી એના બાપુની એણે પટકી જ પાડી નાખી હશે; જોજોને, સવારે એની મોટર અહીં આવી જ સમજોને!’ પણ બેન ક્યાં એવી ગાલાવેલી હતી! બેન શું એની પોતાની અસ્ત્રી જાતને નહિ ઓળખતી હોય બાપુ!”

ચૂલો ચૂલાને ઠેકાણે રહ્યો, રોટલા ફઈએ બંધ રાખ્યા, ત્યારે મેં કહ્યું કે ‘તારી વાતોથી સાંજે વાળુ નહિ થાય હો ફઈ! આ વાર્તાકાર ભલે ધરાય, મારે તો બાસ્સો જોટા જોશે.’

‘મારે પણ’ વાર્તાકારે સાહિત્યના કરતાં રોટલાને ઊંચી પદવી આપી.

‘એ તો હું તપેલું ચડાવી દઈશ. ખાઈ લેજો ખીચડી.’

‘તારા ભાઈનું ખીચડું રઝળ્યું એમાં......

‘ના, ના, મારાભાઈનું ખીચડું તો કાંઈ રઝળવાનું નો’તું. મેં એને એ ઘેર આવ્યો ને કહી દીધું કે મેર જોડ ઈવડી ઈને, સવાર પડવા દે, હું તને પંદર છોકરીઉં બતાવું, તારે ગમે તે એક ઉપાડી લે. ને એણે ય કહ્યું કે હા બહેન, એક વાર એને તો બતાવી દઈએ. સવાર પડી ત્યાં ધ્રુસક્યો, કે ના બેન! નહિ નહિ! વિશાખાનાં ને મારાં તો ખોળિયાં નોખાં, બાકી શ્વાસ એક. મારી ને એની ચાર નજરું એક થાય પછી જોઈ લ્યો. ગયો બાપડો ચાર નજરું એક કરવા. ભાઈબંધો મોટરમાં નીકળ્યા, ભેગા ઈવડા ઈ ને બંગલે રાત વેળાના. ઈવડો ઈ સમજ્યો કે કાં વિશાખાને ઉપાડી જવા ને કાં તો

પોતાને મારવા ગુંડા લાવ્યો છે! મોટર ઊભી રહી એટલે એણે એના દરવાન પઠાણને હુડદાવી મૂક્યો.

‘ કૂતરાંને હુડદાવે એમ?’ વાર્તાકારે ઉપમા વાપરી એ કાઉને ગમી ગઈ. કહે કે ‘ હા, મૂઆ માણસો પણ ડાઘિયા કૂતરા જ છે ના! દરવાન, કૂતરા જેવો, તૂટી પડ્યો મારા બાલુભાઇ માથે.’

‘ વિશાખા નહોતી?’ વાર્તાકારે ખંજર માર્યું.

‘ હતી. મારે બાલુભાઇએ સગી આંખે જોઇ ને! મેડીની બારીએ ઊભી’તી. જાંબલી રંગનો દીવો બળતો’તો ને એનાં અજવાળાંમાં ઊભી’તી, મારે બાલુભાઇએ નજરે જોયું. એણે રઢિયાળાએ એક દેશી ભરતનો પોશાક ભેટ આપેલો તે જ પોશાક પહેરીને ઝળાંઝળાં થાતી ઊભી’તી. મારો બાલુભાઇ આવીને પથારીમાં પડ્યો, હું હળદર ભરીને શેક કરતી બેઠી તે ટાણે એ કહેતો’તો કે બેન! શું એનાં ચોળી-ચણિયાનાં આભલાં જાંબુડિયા દીવાને અંજવાળે ઝળક ઝળક થતાં’તાં! મને માર ખાતો દેખીને બાપડી બારીમાં જડાઈ ગઈ હોય એવું લાગ્યું. એ તો ફ્રેમમાં મઢેલી છબી જ જોઈ લ્યો બેન!’

‘ ખરો કવિ!’ વાર્તાકારે ટમકું મૂક્યું.

‘ કવિપણાએ જ આજકાલ ઘર ઘાલ્યું છે ના! નીકર માર ખાતાં ખાતાં કોઇને આવો વિચાર આવે કાંઈ? મેં કહ્યું કે રઢિયાળા, હવે એ દસ્યને મૂકી દે, ને સવાર પડવા દે. ચાલ્ય, તને દેવનાં ચક્કર જેવી ન્યાતની દોઢસો છોકરીઉં દેખાડું. ઈ ટાણે તો કબૂલ થયો કે હા, હા, બેન! સવાર પડવા દ્યો, પરણીને ઈ જ મોટરમાં સજોડે બેસીને ધોળે દા’ડે એના બંગલાને ઘસાઇને નીકળું તો જ હું ખરો બાલુભાઈ! એકવાર તો એને બતાવી દઉં કે તારા કરતાં તો નવટાંક વિશેષ રૂપ મારા પગમાં આળોટે છે! પણ સવાર પડતાં પાછો ફસકયો. કહે કે ‘ ના રે ના બેન! મને બે ગાળ દેવી હોય તો દઈ લ્યો; વિશાખાને માટે વાંકો હરફ પણ બોલશો મા. નીકર મારો જીવ કણીએ કણીએ કપાશે. અરે બાપુ! મારી તો

કાંઈ હલાં કરી છે એ છોકરે! પાકાં ટબા બોર જેવી ત્રણ છોકરીઓને મેં વળતે દા'ડે તેડાવી રાખી, પણ કેવી! તમે જુઓ તો—

'રહેવા દેજે ફ્રાઉ.' હું વચ્ચે પ્રોટેસ્ટ પુકારી ઊઠ્યો; 'મને જોવાનું કહીશ નહિ ભલી થઈને! તું જાણુ છ કે તું વિશાખા નથી ને હું તારો બાલુભાઈ નથી, તારા બાપને બંગલે મેં માર પણ ખાધો નથી, તે છતાં મારું મન એ ત્રણુને દીઠે મજબૂત નહિ રહે.'

'રાખો રાખો હવે! હું એમ જોવાનું ક્યાં કહું છું! એક જુઓ તો બબ્બે અંબોડા લીધેલા, બીજીએ વાંકો સેંથો પાડેલો, ને ત્રીજીને ખંભે કપાળે મોકળી લટો ઝપેટા ખાય. કહ્યું હોય કે ત્રણે પરણી લ્યો તો ત્રણે મારા બાલુભાઈને પરણી લ્યે; પણ એ તો ભરખાઈ ગયેલો જ જાણો ને! નિસાસો નાખીને કહે કે 'ના બેન, વિશાખા તરફડી મરે. એકવાર એને મળું પછી જ બીજો વિચાર. એકવાર વિશાખા મને મોઢામોઢ થાય અને મને ચોખ્ખીફૂલ ના સંભળાવી દે, એટલે પછી મારે ને એને હિસાબ ચોખ્ખો. પછી હું તમે કહેશો તેને પરણીશ બેન!'

'પછી વિશાખા મળી ને?'

'ના બાઈ ના. આવડો આ કાગળો લખ્યા જ કરે, પણ જવાબ જ દે નહિ ને! એના બાપે સોલીસીટરની સલાહ લઈ લીધી હતી ને વિશાખાની સહીવાળું કાંઈક વકીલી લખાણ પણ તૈયાર રાખેલું.'

'પછી તો બાલુભાઈને સાન.........

'સાન ન જ આવી બાઈ! સાન ન આવી તે ન જ આવી. દેવનાં ચક્કર જેવી કન્યાઓ વરવા તલપાપડ હતી તેને એકેયને નજરમાં લેવાની ના પાડી દઈને મારો બાલુભાઈ બેઠો રહ્યો. કહે કે જોજોને બેન! હું બી. એ. થઈશ કે તુરત જ વિશાખા ચાલી આવશે. પણ બી. એ. થાય શી રીતે? હાથપગ તો ભાંગી નાખ્યા'તા ઓલે એને સાસરે. એક વરસ સુધી વારસદાર

બનાવીને રાખેલ. એટલે મારો બાજુભાઈ પુરુષાર્થ જ ભૂલી ગયો, પાંગળો બની ગયો, ટયુશન આપવા જવાનું જોર ન રહ્યું, આવ્યો દેશમાં અમારે ગામડે. એના દાદાને કહે કે લાવો મારે ભણવાના પૈસા—પણ દાદા પગલે પગલે જ્યોતિષમાં માનનારા—જોવરાવી રાખ્યો'તો જોષ: જવાબ દીધો કે 'હે બાલિયા, તારે ભણીને શું કરવાનું છે? તું કાંઈ બી. એ. થવાનો નથી, તને વિશાખા પરણવાની નથી, ને ત્રેવીસમે વર્ષે તો તારું મોત નક્કી છે. મેં જોષ જોવરાવી રાખેલ છે. તારે માથે હું શીદ પૈસા બગાડું!'

'સગા દાદાએ આમ કહ્યું!'

'હા, સગી માના સગા બાપે; આ જ શબ્દો સંભળાવી દીધા. જોષ એણે જોવરાવી રાખેલો! પૈસા આપ્યા નહિ. મારો બાજુભાઈ દાદાને ઘેર બેઠો. ઘરમાં સૌને મોઢે વિશાખાની જ વાત: બસ પરણીશ જ વિશાખાને! ને કહી દઉં છું, કે વિશાખા કાંઈ ઘરચોળું પહેરશે નહિ, ને તમને દાદામા! વિશાખા કાંઈ પગે પડીને મળશે નહિ; અમે કાંઈ અહીં રહેશું નહિ. અમે તો જુદાં રહેવા ચાલ્યાં જશું, આ તમારું કાંઈ વિશાખાને પસંદ પડે નહિ: એવું એવું......

'ત્યારે તો ગાંડપણ......'

'હા, બધાંને એમ જ થયું કે બાલિયો ગાંડો થયો છે, ફટકી ગયું છે. કોઈ બોલાવે ચલાવે નહિ, કોઈ સાંત્વનનો શબ્દ કહે નહિ. એક અમારે ઘેર મારી બા એને પ્રેમથી બોલાવે ચલાવે, એટલે અમારે ઘેર જ પડ્યો પાથર્યો રહે: પણ વાત એક ફક્ત વિશાખાની જ કર્યા કરે. એક વાર મારા બાપુને મોઢે પણ મારી વિશાખા આવી ને તેવી એવું લવવા લાગ્યો, એટલે બાપુએ સંભળાવ્યું કે 'હવે તડકે મૂકને તારી વિશાખાને!' તો બસ, બાપુની સામો થઈ ગયો, કે 'બસ, મારી વિશાખાને માટે એક બોલ પણ આડો બોલનાર તમે કોણ? તમે આવા ને તમે તેવા!' આ તે દીથી

બાપુએ અમારે ઘેરથી પણ એનો ટાંટિયો કાઢચોઃ કૂતરાને હડકારે એમ એને હડકારી મેલ્યો.'

અહીં ફૂઈએ પાલવ ઊંચકીને આંખો લૂછી. વાર્તાકારે પણ વચ્ચે ટમકાં મૂકવાનું છોડી દીધું. મારાથી પણ ખીચડીની કે બીજી કોઈ બાબત કાઢી એને હળવી મનોદશામાં રાખવાનું અશક્ય બન્યું. એણે પણ, પછી તો, થોભ્યા વગર આગળ ચલાવે રાખ્યું—

'એમાં એક દિવસ મારો બાલુભાઈ અમારે ઘેર સવારમાં આવીને ઊભો રહ્યો. અમને તો ઓળખતાંય વાર લાગી. ટસરનાં કોટપાટલૂનને બદલે ખાદીનું પોતિયું અને ખાદીનો ઝભ્ભો, માથા પર હૅટને બદલે ગાંધી–ટોપી, ખંભામાં એક બગલથેલી ટિંગાય, ને મારાં બાને કહે કે, 'ફૈબા! મને ચાંદલો કરો, મને આશિષો આપો, જઉં છું.' બા કહે 'અરે બેટા, ક્યાં?' કે 'ફૈબા, વિક્રમગઢના સત્યાગ્રહસંગ્રામમાં.'

'બા તો હસી હસીને ઢગલા! કહે કે હવે રાખ રાખ ભાઈ, તારે ને સત્યાગ્રહને લાગે વળગે શું!'

કે, 'હા, ફૈબા, વાત તો સાચી, હું કાંઈ ખાદીમાં, મહાત્માજીની હુન્નર લપમાં કે સરદાર વલ્લભભાઈના સત્યાગ્રહોમાં માનતો નથી. પણ આ તો મારી વિશાખાને કારણે.'

'એટલે?'

'ખબર મળી છે ફૈબા, કે વિશાખાએ પણ અમદાવાદમાં સત્યાગ્રહી બની લડતમાં ઝુકાવેલ છે. એને ગમશે તેટલા માટે હું વિક્રમપુરના સત્યાગ્રહમાં જઉં છું. બીજું કાંઈ મારે સત્યાગ્રહ સાથે લાગે વળગે નહિ. વિશાખા રાજી થશે.'

'અરે બાલુ! બેટા!' બા તો મોં વકાસી જોઈ રહ્યાં; પણ બાપુની જીભ ન રહી શકી. એણે કહ્યું કે 'તારી વિશાખા તો અમદાવાદના સંગ્રામમાં ગઈ. ત્યાં એને જેલ મળશે ખરી, પણ **એ** કે **બી** ક્લાસમાં પાંઉં મસ્કા ઉડાવશે. ઘેરથી સુંવાળું બિસ્તર લઈ જશે, મચ્છરદાની ઢાંકેલો પલંગ પામશે, નાશે ધોશે ને તેલ

પોમેડ નાખી ક્યાંયે વાળ હોળશે; ત્યારે તું તો બચ્ચા! વિક્રમપુર-માંથી જીવતો જ નહિ આવી શકે. મઠની કાંજી પી પી મરડામાં મરી રહીશ. વિશાખા વિશાખા શું કર છ વેવલા! વિક્રમપુરના દીવાનને ઓળખ છ? એ માણસ નથી, એ તો વાઘ છે લોહીતરસ્યો.'

'—ને બાપડો બાના હાથનો ચાંલ્લો પણ પામ્યા વગર બાપુની સાથે બાખડતો ચાલી નીકળ્યો. છ મહિને પાછો આવ્યો, બાપુની વાત પણ સાચી પડી. વિક્રમપુરવાળાઓએ મઠ જ ખવરાવ્યા, મારી મારીને હાડકાં ભાંગ્યાં, હાડપિંજર જેવો બનીને બહાર આવ્યો, એકદમ દોડ્યો અમદાવાદ અને ત્યાં એક સંબંધીને ઘેર—જે ઘેર એણે પહેલવહેલી વિશાખાને જોઈ હતી.ત્યાં એ સંબંધીએ વિશાખાને, બાલુભાઈ આવ્યાની ખબર પડવા દીધા વગર તેડાવી હતી. ત્યાં અમદાવાદની જેલમાં મહાલી આવેલી રાતીરાણ જેવી વિશાખાને બાલુભાઈએ જોઈ. ઓલીએ સામું પણ ન જોયું. ઘરવાળા કહે કે 'વિશાખા, આ બાલચંદ્ર! ન ઓળખ્યા! ઓળખાય તેવા નથી રહ્યાને! એ તારે ખાતર માળખું બન્યો છે વિશાખા! બાલચંદ્રે વિક્રમપુરનો સત્યાગ્રહ સહ્યો તે તારે માટે.'

'મારે ને એને કંઈ નથી' એમ કહીને વિશાખા ત્યાંથી સડેડાટ ચાલી નીકળી. મારા બાલુભાઈની સામે પણ ન જોયું. પછી બાલુભાઈ અમદાવાદમાં રહી શક્યો નહિ. નીકળીને આવ્યા વેરાવળ. ત્યાં એક ટંક ભિતર્યો, પછી અમારે ગામડે આવ્યો, અમને સૌને મળ્યો, પછી સાંજે દાદાના મેડા પર ચડી ગયો, કાંઇક પીને સૂઈ ગયો.

'રાતે એની નાની બેન એને વાળુ કરવા તેડવા ગઈ. ઢંઢોળીને કહે કે 'ભાઈ, હાલો વાળુ કરવા.' જવાબ મળ્યો કે 'ઊંઘ આવે છે! ઉઠાડશો નહિ.'

'રાતમાં તો ઘરડ ઘરડ અવાજ સંભળાણા. નાની બેન દોડી ગઈ, જોઈને બૂમો પાડી કે 'એ દાદા દોડો! દાદા! દાદા! બાલુભાઈને દવાખાને પહોંચાડીએ.' દાદા તો જ્યોતિષમાં માનનારા,

કહે કે 'કંઇ જરૂર નથી. ઝટ ન્યાતીલાને બોલાવો ન્યાતીલાને. એ તો થવાનું જ હતું—મેં તો જોવરાવી જ રાખ્યું હતું. દવાદારૂ વળી શાં! બોલાવો ન્યાતીલાને.'

'પણ પોલીસની બીક લાગી. ઇસ્પિતાલે લઇ ગયા. ત્યાં ઝેર ઉતારવા દાક્તર મથતા હતા તેને મરતો મરતો પણ મારો બાબુભાઇ કહે કે 'શીદ મને જિવાડવા કરો છો? મારે જીવવું નથી. વિશાખા વગરની દુનિયામાં મારે જીવવું નથી. મને મરવા દો.'

'મર્યો બાપડો. ને વિશાખા પછી બીજે પરણી ગઇ.'

ક્રાઉિ આથી વધુ કંઇ બોલી શકી નહિ. ડૂસ્કે ડૂસ્કે રડવા લાગી. વાર્તાકાર સડક બની ગયો. મને પણ થયું કે આ લેખકની લપને મેં ક્યાં ઘરમાં ઘાલી!

★

પદભ્રષ્ટ

'**એને** પદભ્રષ્ટ કરો!'

મારો એ ગરજાટ શમિયાણાને ડોલાવી રહ્યો, થાંભલા ધ્રૂજ્યા અને શ્રોતાઓએ સામો પડઘો પાડ્યો. 'એને પદભ્રષ્ટ કરો!'

પરિષદની પૂર્ણાહુતિના એ મંત્ર સમા સૂત્રને ઝીલાવતા હું અને પ્રતાપ નેતાઓના માંચડા પરથી હેઠા ઊતર્યા ત્યારે લોકો અમને વીંટળી વળ્યા. સડેલા, હિચકારા, સ્ટેટની સુંવાળી ગાદીના સ્વાદીલા આગેવાનોની સામે પુણ્યપ્રકોપનો એ પ્રલય—જુવાળ નજરે નિહાળવાને માટે જો ફુલા શેઠ ત્યાં હાજર હોત તો નક્કી એને ઘેર જઈ આપઘાત કરવાનું મન થાત. દુર્ભાગ્યે એ તો બે દિવસ પૂર્વે જ પલાયન કરી જઈ પચાસ ગાઉ દૂર ચંદ્રેશ્વરની જગ્યામાં બેસી ગયા હતા.

દક્ષયજ્ઞમાં રમખાણ મચાવીને પાછા વળેલા શંભુ સમો હું શોભતો હતો. મારી પાછળ શિવના ગણો સમા પ્રતાપ, શિવો અને સુરેશ ઉર્ફે સૂરિયો મારો દિગ્વિજય કરતા બજાર સોંસરા એ જ સૂત્ર બોલાવતા આવતા હતા: 'પદભ્રષ્ટ કરો, જૂનવાણી આગેવાનોને ધૂળ ચાટતા કરો.'

લોકો હાટડાંમાંથી ઊભા થઈ જતા હતા, તોલ કરતા હાથ થંભા રહેતા હતા, ટપાલ લખતા લેખણો નીચે મુકાતાં હતાં; વશીઆતી ખેડુતોનાં ભરતિયાં ગાડાં ચોકમાંથી આગળ હંકારાઈ આવે તે પહેલાં તેમને અટકાવી દેવા માટે સ્વયંસેવકો દોડ્યા ગયા હતા. અમારું સરઘસ સ્ટેશને જતું હતું.

રસ્તામાં છેવટનો સપાટો તો મારા સુરેશ ઉર્ફે સૂરિયાએ લગાવ્યો. કંદોઈની દુકાનેથી એક પૈસાનાં વાસી ભજિયાં ખરીદીને પહેલું મળ્યું તે કૂતરાને એણે ' લ્યો આગેવાન ! ' એમ કહીને નીર્યાં, એ અમારો ફાઈનલ સ્ટ્રોક બલકે માસ્ટર–સ્ટ્રોક ગણાયો અને માણસો બોલ્યાં કે, ' કમાલ કરી. ગજબ હિંમત કરી.'

લોકલાગણીનો ગબારો ચડાવવાની કેટલીક કરામતો તો સુરેશમાં કુદરતી હતી. અણીને ટાણે અમને કોઈને જે કદી ન સૂઝે એવું એની અક્કલમાં આસાનીથી ઊગી જતું. કારણ એ પોતે જ કહેતો કે, ' ભાઈ, જ્યારે હું પૂર્વાવસ્થામાં રજવાડાંના દરબારગઢનો કહીચટ્ટો હતો, ત્યારે બાબરગઢના બાપુની રોનકપ્રેમી પ્રકૃતિને રીઝવવા કૈંક આવી કરામતો મારે ઘડીપલમાં યાદ કરવી પડતી. બાપુ મને હુકમ જ એવો કરતા. કે સૂરિયા, ફલાણા શેઠની પટકી પાંચ જ મિનિટમાં પડે એવો નુસખો કર, પાંચ ઉપર છઠ્ઠી ન થાય, ને થાય તો તને અવળે ગધેડે બેસારી ગામમાં ફેરવવાનો. એક વાર તો મારું મોત ઊભું થયું હોત. ગધેડો તૈયાર રાખેલો, પણ મને પાંચમી મિનિટે જ સૂઝ પડી ગઈ, ને મેં એ જ ગધેડાના શરીર પર, મારું મોઢું કાળું રંગવાનો જે ડામર તૈયાર થયો હતો તે વડે લખી નાખ્યું કે ' હું ...શેઠ છું.' એના માટે મને બાપુએ એ જ સવારે પોતે નવો–નકોર બાંધેલ સોનાસળીનો સાફો રૂા. સોએકની કિંમતનો બંધાવી દીધો હતો.'

' અરે શાબાસ રે સુરેશ !' સૌએ એની પીઠ થાબડી હતી ને મેં કહેલું કે, ' ભાઈ, અમે તો સાફા ક્યાંથી બંધાવીએ ! અમે

હરામારો થોડા છીએ ! અમે તો હરામારોનો ને સડેલા અગ્રેસરોનો નાશ કરનારા.'

સુરેશ કહે, ' એ માટે તો મેં પણ બાપુઓની કઢી અને સાકાની બેટબક્ષિસો છોડી છે ના ! નહિતર મારે શી કમીના હતી બાબરગઢમાં ! કળ દીઠ માણું માણું ઘઉં બાજરો, આહટિયાના ભારા, વાડીએ વાડીએથી શાકપાંદડાં, મારી નાતમાં પણ મોવડીપણું, બધી ય જાહોજલાલીને તિલાંજલી દીધી છે મેં.'

સુરેશભાઇ ઉર્ફે સૂરિયાએ આ ' તિલાંજલી 'ની ટીપ અમને વારંવાર સંભળાવી હતી. મારા એ સુભટોના સાથમાં હું આ ગામમાં નવી ગરમી આણી દઇને ચાલી નીકળ્યો; પણ સુરેશે અને મેં હવે પછી બનનારા બનાવોની પાકી તપાસ ચલાવી.

સુરેશ ખબર લઇને આવ્યો કે કુલા શેઠ તો પાંચ જ દિવસમાં ચંદ્રેશ્વરથી પાછા આવી ગયા છે અને કુંભા માખણ જેવા બની ગયા છે. અહીં એમની ગેરહાજરીમાં સભામંડપમાં એમનું 'મુર્દાબાદ' બોલાવ્યું, એમને પદભ્રષ્ટ કરવાની હાકલ પાડી, એમને શ્વાનસ્વરૂપ આપી ભજિયાં નાખ્યાં વગેરે બાબતો એણે જાણી છે, અને એ તો બધાને કહે છે કે ' સારું બાઇશાબ, મને કાંઇ વાંધો નથી. બીજો કોઇ ભલે આગેવાન થતો. પણ હું તો આ રાજાની સામે ઊઠી શકું નહિ. મને એ કાંઇ આવડે નહિ, મારા કુળમાં કોઇએ સભા ભરી ઠરાવ કર્યા નથી. મને બોલતાં આવડતું નથી. પાંચ લીટી લખીને હું સભામાં વાંચવા ઊઠું છું તો મારા ટાંટિયા ધ્રૂજે છે. મારે હવે એક ભવમાં બે ભવ નહિ થઇ શકે. મારું પંડય બેઠું છે ત્યાં સુધી નવાબસાહેબે પોતે આ ગામની સીમમાં શિકાર ન કરવાનું વચન આપ્યું છે. જેટલું પાળે એટલું બસ છે. મારો ને એનો સાત પેઢીનો નાતો કેમ તૂટે !'

આહ! પેઢી, સાત પેઢી ને સતાણું પેઢી! સુરેશના અહેવાલે મને તપાવી મૂક્યો. આ સડેલા આગેવાનોને એકમાત્ર પેઢીઓનું જ

રટણ રહ્યું છે. પેઢીઓના નાતાના જાપ જપતાં તેઓ થાકતા નથી. ભૂતકાળના નહોર તેમનાં આંતરડાંમાં ઊંડા ખૂંચી ગયા છે. એમની વામણી કલ્પના તો જુઓ! મારું પંડ્ય બેઠું છે ત્યાં લગી—મને આપેલું વચન—મારો ને એનો નાતો—જનતાની કે જનવિરાટની કશી વાત તેઓને વિચારવી નથી. અંગત સંબંધની શરમથી જ રાજકર્તાઓને પંપાળી રાખવાના છે. શું કરીશું? બીજું શું થાય? પ્રદભ્રષ્ટ કરો. જહન્નમમાં જાવ સાત ને સત્તાણું પાછલી પેઢીઓનાં ગુમાન!

સુરેશ પણ બેઠો પાકો છે! દુલા શેઠને ઘેર મહેમાનો જમવાના હતા તે તાકડો રચીને ત્યાં જઈ ચડ્યો. જો ચૂં ચાં કરે તો ત્યાં ને ત્યાં પટકી પાડવાનો હતો, પણ બાર છે કે ઉંકારો ય કરી શકે! શેઠના એક બે સગાની આંખો લાલ થઈ ગઈ, પણ શેઠે વાર્યા, કહે કે 'એમાં શું? મને ચંદ્રેશ્વર ભગવાન આવતે ભવ કૂતરો સરજે તો શું તમે ના પાડવા જશો? આજે આપણે આંગણે આ કૂતરાં બલાડાં આંટા મારે છે, એમાં કોને ખબર કોઈ આપણાં મૂએલાં કુટુંબીઓનો અવતાર નહિ હોય! મને તો આપણી ગાડીનો ઘોડો કેટલી ય વાર મોટાબાપુનો જીવ લાગ્યો છે. આખો દિવસ તગડ્યો હોય, રાતની ટ્રેન પરથી આવતો હોઉં, ઠોકર ખાઈને એ......જઈ પડશે એવી બીક લાગે, ત્યાં તો પાછો ભડકીને દોડવા માંડે......મોટા-બાપુ એવી જ રીતે મને ભૂલ કરતો રોકતા......'

આવી તો એ આગેવાનની વિચારણાઓ! એવા આગેવાનને નવી ગરમી આવે તેની રાહ એક સદી સુધી જુઓ તો પણ નકામું.

સુરેશ પણ ખરો! દુલા શેઠે હાથ જોડીને અરજ કરી, કે 'આંહીં અમ ભેળા ભોજન કરશો? મારે ઉપરેથી જમવા ટાણે કોઈ જાય એ ગમે નહિ.' જાણ્યું કે દબાયા છે—ઝુલાબ લાગ્યો છે! સુરેશને ચૂરમાના લાડુ વહાલા પણ ખરા, અને વળી અમે જેને નવા અગ્રેસર બનાવવા માગીએ છીએ તે વીરેન્દ્રભાઈને ત્યાં સુરેશ બે રાત

રહ્યો ત્યાં તો વીરેન્દ્રભાઈને બહાર જવાનું બન્યું, ઘેર બૈરાંએ એકલાં ઢોકળાં રાંધ્યાં, સુરેશને દાળભાત કંઈક વધુ ફાવે, ઉપરાંત પાછી ફુલા શેઠને ઘેર સામે પરશાળમાં જ ફળફળતાં દાળભાતે સોડમ દીધી, સુરેશ એક વિજેતાની અદાથી પંગતમાં બેઠો, બે લાડુ ચડાવી ગયો. જમવામાં ફોજદાર થાણદાર પણ હતા, ને ગાંડો થઈ ગયેલ એક ભરવાડ પણ હતો—એને પણ ફુલા શેઠે એ જ પરશાળમાં બેસારી પોતે તાણ કરી કરી જમાડ્યો. એ જ પ્રમાણે સુરેશને આગ્રહ કરી ખવરાવ્યું. મતલબ કે ફુલા શેઠ સૌથી ડરે, સૌને રાજી રાખે. બેશક અમારાં માંહેનો સુરેશ અને ગામનો ફોજદાર, બેઉની એક જ ગણતરી રાખનાર માણસ જમાનાને નથી ઓળખતો એ તો સાફ વાત છે.

જમ્યા પછી સુરેશને શેઠે ત્યાં જ આરામ લેવા રોક્યો. સુરેશને વહેમ તો પડ્યો જ, કે પાછળથી કાંઈક પતાવટ થવાની હશે. પણ સુરેશ ચા સુધી રોકાયો ને શેઠ એકલા હતા પણ કંઈ વાટાઘાટ થઈ નહિ. સુરેશે મારે વિશે ઉચ્ચારી પણ જોયું: હું બહુ કંટો છું, લીધો પેંધ છોડતો નથી, વગેરે કહ્યું; પણ શેઠ તો માત્ર એટલું જ બોલ્યા કે 'હા, રવીન્દ્રભાઈના દાદા ભારી જબ્બર માણસ હતા. એની (અર્થાત્ મારી) મા તો જગદમ્બા હતી, વગેરે વગેરે.' બસ એથી વિશેષ કશો સંદેશો કે આજીજી તો ન કહાવ્યાં, પણ મારા પ્રત્યે દુઃખોભો પણ ન ઉચ્ચાર્યો. આ બધું મને ગમ્યું નહિ. ખેર, પત્યું.

એક વાર હું અને સુરેશ મુંબઈથી અમારા પ્રદેશના કેટલાક 'સળગતા પ્રશ્નો' પર નેતાઓની સૂચનાઓ લઈને પાછા વળતા હતા (કહેવાની જરૂર નથી કે અમારા પ્રદેશના પ્રશ્નો સદાકાળ સળગતા જ રહેતા, કદી ઓલવાતા જ નહિ) ત્યારે ગાડીમાં એક વાઘરી કુટુંબ પણ અમારી સાથે જ મુસાફરી કરી રહ્યું હતું. પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે એ બધાં પણ અમારી જ રેલવે-લાઈનનાં

પ્રવાસીઓ હતાં. થોડી વારે સુરેશ કહે કે 'રવીન્દ્રભાઈ, એક તુક્કો સૂઝયો છે.'

'ન સૂઝે તો તું સુરેશ નહિ—આબરગઢની કઢીનો નોક જાય. બોલ, શું છે?'

'તેર આનાનું જ ખર્ચ છે.'

'પણ કહે ને ઝટ!'

'હુલા શેઠને એક તાર ટપકારીએ. રોજ ચા ને પૂરી લઈને અમલદારોની ને મિલવાળાઓની ખિદમત કરવા સ્ટેશને હાજર થાય છે તે ખો જ ભુલાવી દઈએ. લખો તારમાં: 'કુટુંબ સાથે સાંજે ૭ વાગ્યાની એક્સપ્રેસમાં નીકળું છું. ચા નાસ્તો મોકલવા કૃપા કરશો.'

'અરે હેવાન!' મેં કહ્યું: 'એમાં તું શું એની ખો ભુલાવવાનો હતો? મારે તારે નામે તો એ દૂધપાક લાવશે.'

'પણ હું ક્યાં મારી કે તમારી સહી કરવાનું કહું છું?'

'ત્યારે?'

'એલા તારું નામ શું ભાઈ?' સુરેશે વાવરીને પૂછ્યું.

'રામલો.'

સુરેશ મને કહે કે લખો તાર મોકલનાર 'રામલો.'

મેં તારમાં અંગ્રેજીમાં લખ્યું 'Ramla' અને સૂરત સ્ટેશનથી એ તાર ઝણકાવી મૂક્યો.

વળતે દિવસે સાંજે હું ને સુરેશ એવા ભૂખ્યા થયા હતા કે એકબીજાને ખાઈ જઈએ એવું થતું હતું. મેં કહ્યું કે 'ભાઈ, ચાલને રેસ્ટોરાં–કારમાં જઈને પતાવીએ!' સુરેશ કહે કે 'કલાકેક માટે શીદ બાજી બગાડવા બેઠા છો? આ કચરો ખાવો પડે એવું આપણા કપાળમાં વિધાતા કદી ન લખે. હુલા શેઠ લાવશે એ ચોક્કસ છે, આ રામલાનું કુટુંબ થોડું એ પામવાનું છે? હુલા શેઠ એની પોતાની જ શરમ ઢાંકવા માટે આપણને જમાડશે. ને હું

તમને ખાતરી આપું છું, કે એ ઘરની રસોઇ એક વાર ચાખવા જેવી છે.'

'ઠીક ત્યારે!' કહી હું તો પેટે પાયજામો ખચખચાવીને બેસી રહ્યો.

ટ્રેન મહેશ્વર સ્ટેશનના યાર્ડમાં પેસતી હતી ત્યાં જ મને સુરેશ બતાવવા લાગ્યા: 'જોઇ લ્યો, જોઇ લ્યો ભાયડાના ઝપાટા રવીન્દ્રભાઇ! જોઇ લ્યો એ લાંબો કાબરો કોટ, છૂટે છેડે દુપટ્ટો; ને એ કાળી પાઘડી. જોઇ લ્યો પેચવાળો પીતળનો લોટો, કપ–રકાબીની થેલી. અને ટિફિન બાક્સ લઇને ઊભેલા બે માણસો. બટેટાનું શાક પણ ટિફિન બાક્સમાં લાગે છે. ને એ જુઓ! ડબ્બે ડબ્બે ઘાંઘા થઇને દોડે છે. એ જુઓ, આપણે ડબ્બે આવે છે—જવા દ્યો એક વાર—આખી ટ્રેન જોઇ વળવા દ્યો. ઉતાવળ કરશો નહિ. આંહીં તો ઘણો વખત છે. એ... એ એ ફર્સ્ટ સેકન્ડ જોઇ લીધા. હવે જુએ છે થર્ડના ડબ્બા. તમે બેઠા રહેજો. હું જ ઊતરું છું. નીકર ક્યાંઇક બધું પાછું લઇને ઘરભેગા થઇ જશે.'

એમ કહેતો સુરેશ પ્લેટફોર્મ પર ઊતર્યો, ને ડબ્બે ડબ્બે ડોકિયું નાખીને 'કોઇ રામલાલભાઇ છે આંહીં?' એવો પ્રશ્ન કરતા દુલા શેઠની સામે જઇ કહ્યું: 'આપ મહેમાનને શોધો છો ને ઓળખતા નથી?

એ કહે, 'ના, નામ પણ સાંભળ્યું નથી. પણ એમણે તાર કર્યો છે, જમવાનું લાવવાનો.'

'હાં હાં! હવે સમજ્યો.' એમ કહીને સુરેશે દુલા શેઠને લઇ જઇ પેલું વાઘરી કુટુંબ બતાવીને કહ્યું: 'આ રહ્યું એ કુટુંબ.'

ભાળીને દુલા શેઠ જરા છોભીલા પડ્યા. મને દેખ્યો એટલે વિશેષ ઝંખવાયા, છતાં મને પોતે સામેથી નમસ્કાર કરી પૂછ્યું, 'ક્યાંથી મુંબઇથી?'

મેં કહ્યું, 'જી હા.' ને નીચે ઊતરી હું એમને દૂર લઈ ગયો. પછી સુરેશે ફોડ પાડયો.

'એ જ રામલો. આપને તાર કરાવનાર એ જ છે. રવીન્દ્રભાઇને એણે કહ્યું કે આટલો તાર મેલી આપો, અમને નવાઇ તો લાગી, પણ અનુમાન કર્યું કે આપણા નવાબ સાહેબનો કોઇક માનીતો શિકારી હશે ને એ હિસાબે આપને એ ઓળખતો હશે.'

શેઠે સંભ્રમભેર ગજવામાંથી તાર બહાર કાઢીને નીચેની સહી વાંચીને મને બતાવી. મેં જોઇને કહ્યું: 'હં—હં—સમજ્યો, આપના મનમાં એમ થયું હશે કે આ 'રામલા' લખ્યું છે તેમાંથી છેલ્લો 'લ' તારવાળાની ભૂલથી પડી ગયો હશે. મૂળ તો નામ 'રામલો' છે પણ અંગ્રેજીમાં તો 'રામલા' લખાય ખરું ને? ભારી થઇ. આ તો મારી અણસમજણથી આપના મનમાં ગોટાળો જન્મ્યો. ભારી થઇ.'

'ના રે ના,' કહી શેઠે મને કશું જ વધુ પૂછવા કે મૂંઝવણમાં મૂકવા વગર કહ્યું: 'એમાં શું થઇ ગયું? એ તો કણે કણે ખાનારનું નામ લખાઈ ચૂક્યું જ હોય છે. કાં તો પેલે ભવ એ બાપડાએ મને ખવરાવ્યું હશે, ને કાં આવતે ભવ એ ખવરાવવાનો હશે. કોને ખબર, હું જંગલમાં સસલું હઇશ ને એણે મને વગર માર્યે જીવતું જવા દીધું હશે. ઋણાનુબંધ કોઇને ન છોડે રવીન્દ્રભાઇ!' આ એમ કહીને એણે ચાનો લોટો ને ટિફિન બાક્સનું ખાનું મગાવી રામલા વાઘરીને કહ્યું: 'લે ભાઇ, શેમાંક આ લઇ લે.'

'પરભુ તમારું સવાયું કરે બાપા! ધરમના થાંભલા છો બાપ. વાહ દિયાળુ!'

એમ કહીને એ તદ્દન અગ્નણ્યા વાઘરીએ હોંશે હોંશે પૂરીઓની ખોઇ ભરી લીધી, શાક ડબલામાં લઇ લીધું, ને ચાની હાંડલી ભરી લીધી. અને પછી એની પૂરા માસ ખેંચતી લાગતી ભારેવગી સ્ત્રીએ, એનાં એકથી લઇ પંદર વર્ષ સુધીનાં છ સાત છોકરાંએ જે મોટી

રુચિથી આ શાકપૂરીના મોટા મોટા કૂચા વાળવા માંડયા તે નિહાળીને ફૂલા શેઠ કોઇ અદ્દભુત પ્રસન્નતા અનુભવતા બારી સામે ઊભા રહ્યા.

બિચારો મારો સુરેશ! એની તો કંઇ દશા થઇને! શેઠ પેલા વાઘરીની બોઇમાં જાતે ખાનું ઠાલવતા હતા ત્યારે તો સુરેશનાં મોતિયાં જ મરી ગયાં હતાં. ખાનામાંથી પૂરીઓના પડતા ધોધને એણે હાથ આડા દઇને ન અટકાવ્યો એટલી એની સબૂરીની અવધિ ગણાય. પણ એ મોંયેથી તો કહ્યા વગર રહી જ ન શક્યો. કે ' હાંઉ! હવે હાંઉ! બસ, એમાં તો એમને ઘણું થઇ રહેશે. હજી હમણે જ અમે આગલે જંક્શને એને...'

સારું થયું કે બાકીના બોલ સુરેશ ગળી જ ગયો. નહિ તો મને બીક હતી કે રામલો વાઘરી અબઘડી એ નિવેદનની સામે ' પ્રોટેસ્ટ ' ઉઠાવશે.

પૂરીનું બીજું પણ એક ટિફિન બાકસ હતું તે તેમજ બાકીની ચા, શાક વગેરે વેઇટિંગ–રૂમમાં લઇ જવાનું માણસને કહી ફૂલા શેઠ–સુરેશની ધા પ્રભુએ સાંભળી હોય તેમ–અમારા બેઉના તરફ વળ્યા અને એમની હમેશની અદાથી બે હાથ જોડી, સહેજ મોં મલકાવી બોલ્યા: ' તમે તો મને કોઇ દિવસ ખબર આપતા નથી. જમી તો લીધું હશે. છતાં મારું બુઢ્ઢા માણસનું વેણ અત્યારે ઠેલશો નહિ. રાત જેવું થાણું છે. હું બન્ને પૂરી ને ચા લીધા વગર જવા નહિ દઉં. ચાલો વેઇટિંગ રૂમમાં.' એમ કહી સ્ટેશન માસ્તર તરફ ફરી ' એ ભાઇ, કૃપાળુ, પાંચેક મિનિટ ગાડી રોકાવજો! ' કહેતા અમને લઇ જઇ બન્નેની બત્રીશ બત્રીશ પૂરી હાથ ઝાલી ઝાલી ખવરાવી. પાછા અમારે ડબ્બે આવીને રામલા તરફ–સકુટુંબ–ખૂબ આહ્લાદભર્યા જોઇ રહ્યા, બે હાથ ઊંચા કરીને પૂછ્યું: ' કાં, સૌનું પેટ તો ભરાણું ને! પાણી બાણી પીધું? બોલાવું પાણીવાળાને? '

' ના રે મારાં માવતર! ' મોટા પેટને અધખુલ્લું થવા દઇને પણ લાજ કાઢીને વાઘરણ બોલી: ' અમ માથે એટલો બધો ભાર

ક્યાં મૂકો દાદા! સૌએ ધરાઈને ખાધું મારા બાપ! ને પાણી યે પીધું. કેવું હેમ જેવું પાણી આ ડેસણનું! કોઠે દીવા થઈ ગયા સૌને. હાંઉ દાદા! પધારો હવે ઠાકર. અભરે ભરાવ તમરાં.'

'અરે માવડી! તારાં ઠર્યે અમારાં ય ઠરે જ! લ્યો, જે શ્રીકૃષ્ણ!'

શેઠ અને વાઘરણના એવા વેવલા શબ્દોની વિડમ્બના વચ્ચે અમારી ટ્રેન ઊપડી ગઈ. પણ એકાદ સ્ટેશન વટી ગયા ત્યાં સુધી હું કે સુરેશ કંઈ પણ બોલ્યા વિના, રામલાની સામે પણ નજર કર્યા વિના, બહારનાં ઝાડવાં જાણે પાછળ દોડી રહ્યાં હોય એવા વિભ્રમમાં બારી બહાર જોઈ રહ્યાં.

: ૨ :

પરિવર્તન થાય છે, પણ તે અસ્થિર અને ચાંચલ્યમાન વસ્તુઓનું; સનાતન અને સર્વકાલીન જે કંઈ છે તેને તો ફરવાપણું હોતું નથી. સંયોગો ફરે છે, અંતર્ગત અચલ તત્ત્વો એને કારણે જ પલટાતાં ભાસે છે. દોડતી તો હતી આગગાડી, પણ બહારનાં ઝાડવાં જ દોડતાં હતાં, અમે જાણે નિશ્ચલ હતા. મારે વિશે પણ થોડાં વર્ષે એવો પરિવર્તનાભાસ થવા પામ્યો. એકાદ વખતના વિફલ જેલવાસ પછી મને લાગ્યું કે હું કંઈક નિરાળા પંથે કામ કરવા નિર્માયો છું. એટલે હું મુંબઈ જઈ મારા મામા સાથે વ્યાપારમાં જોડાયો. સુરેશને પણ એમ જ લાગ્યું કે પોતે જો કે રાજકારણમાં સૌનો બરોબરિયો અને કેટલાકનાં તો માથાં ભાંગે તેવો હોવા છતાં ફક્ત એક વાર ભૂતકાળમાં બાબરગઢનો દરબારી ખવાસ હતો તેટલા કારણસર એના નેતાપણાની બીજા સૌને સૂગ આવતી રહે છે. એટલે કે સુરેશ હંમેશાં મહાભારતના કર્ણની અવદશાનો અનુભવ કરતો હતો. તેથી કંઈક કરી દેખાડીને પછી જ પાછા આવવું એવા વિચારે એ પણ મારી સાથે આવ્યો. વાત

ખરી હતી. લડતના સંચાલનમાં અમારે હસ્તક ખરચાયેલા રૂપિયાનો હિસાબ વારેવારે મગાય તેને તો અર્થ જ બીજો શો કરી શકાય? એનો અર્થ એક જ, કે અમારે હવે તો સદાના શંકાથી પર, કોઈ આંગળી ચિંધે તો એની આંગળ જ કાપી નાખીએ એવા બનીને જ પાછા આવવું રહ્યું.

સાતેક વર્ષે અમે ઊંચું માથું કર્યું, અને અમે શું જોયું? બાજી બગડી ગઈ હતી. ઈમારત જેટલી ચણીને મૂકી ગયેલ તેટલી પણ તૂટી પડી હતી. પાછળ રહેલાઓ પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠા હતા. મેં કહ્યું 'સુરેશ, હવે તો ચણતર જુદા જ ઢબે ચલાવવું પડશે.' એણે કહ્યું કે 'હું યે રવીન્દ્રભાઈ, તમને એ જ કહેવા જતો હતો. આપણે બન્નેએ સત્ય જોયું છે, માટે એ સત્ય જ હોવું જોઈએ.' મેં કહ્યું કે આપણું સ્થાન રાજ્ય અને પ્રજાની મધ્યમાં. મધ્યસ્થો કહો કે તટસ્થો કહો તેનું છે. મારો પડઘો બનીને એણે હા કહી. મારો પડછાયો બનીને એ જોડે ચાલ્યો.

તે પછી હું ક્યારે મારા ગામમાં આવીને બેસી ગયો, ક્યારે મેં ગામની પાંજરાપોળમાં ટ્રસ્ટીપદ મેળવ્યું, ટ્રસ્ટીઓનો પ્રમુખ બન્યો, ગામની શાળા માટે ગૌચરની જમીન કઢાવીને મારા મિત્રની વિધવા પાસેથી મકાન માટે રૂપિયા મેળવ્યા, ખાતમુરત કાઉન્સિલના પ્રમુખને હાથે અને વાસ્તુ નવાબ સાહેબને હસ્તે ક્યારે કરાવ્યું, અંગ્રેજી કમ્પોઝીટ સ્કૂલના મનોરથો મારામાં ક્યારે જન્મ્યા, ને મેં એ સ્વપ્નનું પણ સત્ય ક્યારે કરી બતાવ્યું, સ્મશાનની છાપરી, નદીનો આરો, સેનેટોરિયમ, સ્ટેશન, બાળક્રીડાંગણ, તળાવ, ઉદ્યોગ-શાળા, ધર્માદા દવાખાનું વગેરે એક પછી એક લોકસેવા પ્રવૃત્તિનાં પગથિયાંની ગગનચુંબી નિસરણી મેં ક્યારે બનાવી કાઢી, એ તો હું આ નિસરણીની ટોચે પહોંચીને ઊભો ઊભો નીચે નજર કરતો હતો ત્યારે મને પોતાને પણ સમજાયું નહિ; તો સુરેશને તો ક્યાંથી જ સૂઝ પડે?

તમ્મર આવે છે. મને પોતાને જ અને હસવું આવે છે. ઓહો રવીન્દ્ર ! આ તે તારી શી બલિહારી ! તારો કાગળનો કકડો, તારનો ટુકડો, બહુ બહુ તો તારો એકાદ ફેરો, ધાર્યાં નિશાન પાડે છે. તને ગાંધીજી બોલાવે છે ને પાણી પાણી બને છે. તને દીવાન તેડાવે છે ને સંકડામણમાંથી માર્ગ કાઢવા કરગરે છે, તને હિંદુઓ પોતાનો ગણે છે ને મુસ્લિમો પાકો પાકીસ્તાની સમજે છે. તને પત્રકારો ગુપ્ત રાજરહસ્યો પૂછતા આવે છે અને અમલદારો એનાં પેટ તારે ખોળે ખાલી કરે છે. તને ઉદ્યોગપતિઓ શોધે છે, અને તું એમની યોજનાઓને પાર ઉતારી આપે છે. તારી ભાગીદારી, તારા શેરો ને કમીશનો તેઓ નક્કી કરી નાખે છે, ને તને તો પાછળથી એની ખબર પડે છે કે જ્યારે ના પાડવાનું અતિ મોડું થઈ ગયું હોય છે. તેં તારાં માતુશ્રીને, પિતાશ્રીને, મૃત પુત્રને, પત્નીને, ધાવણી પુત્રીને, અહો કેટલાકેટલાને ગામની સંસ્થાઓમાં નામ જોડી અમર કર્યાં. સુરેશે તે દિવસ જે પ્રતિજ્ઞા લીધેલી તે સાચી પડી. તે દિવસ સો પાંચસોના કાળાના હિસાબ માટે પણ શંકિત બનતી આંખોને બદલે આજે હજારોલાખોના મારા હસ્તકનાં વહીવટને, ફેરફેરને, ઇજારાઓએ, કોન્ટ્રેક્ટોને, અનાજની વ્યવસ્થાને, કંઈ કરતાં કંઈને પણ આંગળી ચિંધાડનાર કોઈ માઈનો પૂત નથી, કારણ તેઓ જાણે છે, કે એવું ચિંધામણ કરનારી આંગળી છેદાવાને હેઠે પડશે.

જીવનમાં એક પછી એક પર્વો ને પ્રસંગો આવ્યા, તેમાં ફુલા શેઠને તેડાવવાનું હું ચૂક્યો નથી. એની સાત પેઢીની આગેવાની મેં લઈ લીધી છે એવું મેં તો એને લાગવા દીધું નથી, પણ રાજ્ય અને પ્રજા પોતે સ્વયમેવ જે ફેરફાર સમજી બેસે તેનો શો ઉપાય ! એ પણ બરાબર સમજે છે—અથવા તો સમજવા જેટલા અક્કલવાન નથી. નથી ઓળખતા મશ્કરી કઈ ને ગંભીરતા કઈ. એ તો જાણે કે ડઘાઈ જ ગયા છે. નવાબ કે દીવાન કે દેશનેતા એને કંઈ પૂછવા

સલાહ લેવા જાય છે તો બસ એટલું જ કહી દે છે કે 'મને તો શી ખબર પડે? રવીન્દ્રભાઈને પૂછો.' ખબર ફક્ત એક જ વાતની પડે છે—મહેમાની કરવાની. રામલાલ અને રામલો વચ્ચેનો તફાવત એને આજે આટલી સ્થિતિએ પણ ન સમજાયો.

સ્થિતિ એમની સારી પેઠે પાતળી પડી ગઈ છે. બીજાઓને ગમ નથી પડતી, પણ હું જાણું છું. પીરસતી વેળા એમના પુત્રના હાથમાં ઘીની તપેલી ધ્રૂજતી હોય છે એ શું હું ન સમજું? પાંચનું રંધાવી પચીસને પાટલે બેસારે અને પછી 'શાક પીરસો! એલા આંહીં બીજી વાર શાક પીરસો!' એવી બૂમો પાડતા જ હોય છતાં અંદરથી શાક ન આવતું હોય તે પરથી શું હું ન સમજું? અરે સમજુ હોય તેને તો એના ઘોડાની લાદ તપાસ્યે પણ સમજાઈ જાય—એ લાદમાં બાજરાના દાણા કે ચણા દેખાતા નથી હવે.

ધારધાર કૂબી, અમુક ધંધા તો કહેશે કે ગામના બીજાઓની હરીફાઈમાં અમારાથી થાય નહિ, રાજ્યે ખાડાની જમીન પાણીને મૂલે મને આપી ત્યારે એવી જ બીજી જમીન એમને પણ આપવા કહ્યું, તો 'ઉંહું' કહીને લોકોના ડરથી દૂર નાઠા; ને લોકછબ હરફ સરખો ય ન ઉચ્ચારી શકે, ભયથી કમ્પી ઊઠે એવું તો કાંઈ કરતાં આવડ્યું નહિ. કેટલીવાર મેં કહ્યું કે આટલા બધા ઉદ્યોગો રાજ ઊભા કરાવે છે, અરે કુંવર સાહેબો. બેગમ સાહેબા અને દીવાન સાહેબ, સર ન્યાયાધીશ સાહેબ પણ ભાગ રાખે છે, તો તમારો-તમારા નામનો નહિ તો તમારા નાનુભાઈનો. અરે એનો નહિ તો નાનુના દીકરા વિજયચંદ્રનો ભાગ રાખો, નવાબ સાહેબ પોતે કહેવરાવે છે. પણ સીંદરીએ બળ્યા પછી પણ વળ છોડ્યો નહિ.

આજે ઓચિંતા આવ્યા. હું તો મેડી પર હતો. સુલોચનાના દાગીના ત્રણ સાલ પહેલાંના ઘડાવેલા એટલે નવી ફેશન મુજબના નવેસર ભંગાવીને કરાવવા માટે મુંબઈ લઈ જવા હતા તેથી સુલોચનાને પૂછી લેતો હતો અથવા તો એ સાથે જ આવે તો

કડાકૂટ નહિ એથી એને તૈયાર કરતો હતો, લપીલી કંઇ ઓછી છે! દર મુસાફરી ટાણે સાડી પોલકાં ને ઘાઘરા પણ સાથે કયા કયા લેવા તે ય મારી કને પસંદ કરાવીને જ જંપે, નહિ તો ત્યાં સુધી બેગ ને ટ્રંક ભરે જ નહિ!—એ વખતે પોતે આવ્યા હતા. હું તો નીચે ઊતર્યો ત્યારે જોયા. સહેજ ઝોકે આવી ગયા હતા એટલે આવ્યે વખત પણ ઘણો થયો હશે. મેં ધનાને ધમકાવ્યો 'મને ઉપર આવીને કહ્યું કેમ નહિ?' એણે તુરત જવાબ વાળ્યો કે 'તમે જ કહ્યું છે કે બેમાંથી એક ઠેકાણે—કાં ઉપર ને કાં બુલાખીભાઇને ઘેર હો ત્યારે—' બુલાખી મારા મરહૂમ મિત્ર હતા.

'બેસ! બેસ ડાયલા!' કહી એને અસંબદ્ધ વાતો કરતો રોકી મેં હુલા શેઠનો બરડો થાબડ્યો ને કહ્યું:

'હવે તો રાતના ઉજાગરા છોડો! નહિ મારી કાકી સરગમાં હારે આવે.'

એણે મૂંગું મોં મલકાવી પ્રસન્નતા બતાવી. મેં પૂછ્યું—

'કહો, આજે સાંજે મુંબઈ જાઉં છું. કંઈ મગાવવા કરવાનું? કંઇ કહેવાનું? હેમુને કાંઇ બીજે ઠેકાણે બદલવો છે?' (હેમુ એમનો નાનો પુત્ર)

પોતે ડોકું ધુણાવીને જ સહાસ્ય ના પાડી.

'કાં નહિ? રાજના બંગલા પર રખાવી દઉં.'

'ના. ટિપાય તે જ સારું.'

'સા......રું! કહો, બીજો કાંઈ હુકમ? ઓણસાલ કેમ છે ઉઘરાણી? કોઇ કળને દબાવીને ઠેકાણે લાવવા જેવું હોય તો કહો. મહેસૂલી સાહેબને કહું.'

એમણે ફરી ડોકું ધુણાવ્યું.

'પડો ખાડમાં.' એવું મનથી બબડીને હું તો બેઠો. એ બોલ્યા—

'ભાઇ, બરડો તો મારો જોયો ને?' મેં પીઠ થાબડી હતી તે પરથી પૂછવું લાગ્યું. મેં કહ્યું :

'હા, તેનું શું?'

'તેનું તો હવે મોઢું કહેવાય ભાઇ.' હું હવે કાઢી કાઢીને કેટલાંક કાઢીશ?'

'પણ તેનું છે શું? હું તો વરસોથી સમણાં સેવું છું કે તમારો ભાગ એક બે કંપનીઓમાં રાખીએ.'

જોરથી હવામાં હાથ વીંઝીને એમણે કહ્યું : 'એની વાત નથી.'

'ત્યારે?'

'રાજ્ય નવા કર નાખનાર છે. હું હાથ જોડીને કહેતો આવ્યો છું કે હું બેઠો છું ત્યાંસુધી માફ રાખો. મારું મોત ન બગાડો. મારાં ધોળાંમાં ધૂળ પડશે. માણસો મારા નામ માથે થૂંકશે.'

'મેં કહ્યું : 'એમાં તો હવે શું થાય?'

'તમારાથી શું ન થાય?'

'ના. પણ નવાબ સાહેબની સહી થઇ ગઇ.'

'બસ! ને તમે ભાઇ—તમે રવીન્દ્રભાઇ, કાંઇ ન બોલ્યા?'

'બોલવા જેવું નથી.'

'બ...સ? તમે ઊઠીને 'ક્વિસ્લિંગ' થયા કે?'

ક્વિસ્લિંગ શબ્દ એમણે કોણ જાણે ક્યાંથી પકડયો હશે. મને એ બદનામી આપતાં હું ઊભો થઇ ગયો. મેં કહ્યું : 'મારે હવે કાંઇ સાંભળવું નથી. બીજું કાંઇ કામ? બોલો, મારે ઉતાવળ છે.'

'ના, કાંઇ નહિ. હું આ ઊઠયો.' એટલું બોલીને એણે હાથ જોડયા. એની આંખોમાં જળજળિયાં હતાં. એક બે લડથડિયાં

લઈને એ બહાર નીકળી ગયા. મારે રુંવે રુંવે ઝાળ લાગી. મને કિવરિંલગ કર્યો ! દીવાન સાહેબનો મુકામ અહીં જ હતો. મેં જઈ એમને આ વાત કરી.

ત્રણ જ દિવસ પછી દુલા શેઠ પર નવાબસાહેબની સહીથી કાગળ ગયો. લખ્યું હતું કે—

'રાજ તરફથી તમારા ઘરને ત્રણ પેઢીથી મળતાં ગાડીઘોડા પાછા ખેંચી લેવામાં આવે છે અને તમારી સલામ બંધ કરવામાં આવે છે.'

તે પછી પખવાડિયે દુલા શેઠનું અવસાન થયું; અને કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એ ઘોડા ને ગાડી મારે ઘેર આવ્યાં છે.

★

અલ્લામિયાંની ટાંક

કેમ ચમકે છે હેં ?

આજે મને ભેટતાં તેં મારું શરીર ચરબીએ છલકતું જોયું તેથી ?

હા, હા, તેં તો આપણે ત્રણ વર્ષ પર છેલ્લે ભેટેલા તે કરતાં પણ દુબળો, હાડકાંનું માળખું જ બની ગયેલો દીનાનાથ કલ્પ્યો હતો એમને ? તે વખતે હું પચાસ સો જણાની વચ્ચે તારી કને ડૂસકો મૂકી રોઈ પડ્યો હતો ને આજે લાલ ફૂલેલા ગાલે હસું છું તેથી શું તું વિચારમાં પડી ગયો છે ભાઈ ?

આવા ફેરફારનું કારણ બીજું શું હોય ? મેં એક ગાંઠ વાળી લીધી છે યાર, કે અલ્લામિયાંને ઘેરથી હું એક શાપ લઈને જ આવ્યો છું, કે લગ્નનો પ્યાર બંદાના તકદીરમાં નથી. બાકીનું બધું જ છે. પૈસા છે—અને તે તો મેં ટપાવાળાને બે રૂપિયાની નોટ આપી દીધી તે પરથી તું જોઈ શક્યો. તું ઠપકો આપે છે કે આઠ આનાનો જ દર છે ને હું શીદ દાનેશ્વરી થયો ! હું પૈસાવાળો થયો છું તેમ તું નથી માનતો. પણ પૈસા એ આખરે શી ચીજ છે ? એની કિંમતનું ભાન ભૂલી જવું એ જ એની છાકમછોળ માણવા બરોબર છે. મેં પૈસાની કિંમતનું ભાન ખોઈ નાખ્યું છે એટલે હું બાદશાહ બન્યો છું.

એ અર્થમાં મારી કને પૈસો છે.

એ જ અર્થમાં મારી પાસે સત્તા છે. હમણાં જ દિલ્હી જઇ આવ્યો. ઉતારો હતો એક આપણા દેશી હાકેમને ઘેર. સવારે ઊઠતાંની વાર જ સાહેબનો નોકર ગરમ પાણીનું પવાલું ભરીને મારે ઓરડે લાવ્યો. પૂછ્યું કે અલ્યા આ શું? ગરમ પાણીને શું કરું? આ તો સિતમ ગરમીના દિવસો છે ને! એ કહે કે હજામત બનાવી લ્યોઃ કેમ ભાઇ? તો કહે કે તે વગર સાહેબ તમારી સાથે ચહા પીવા નહિ બેસે. કહ્યું કે જા જા હવે, લઇ જા પવાલું પાછું. ને ગયો હું તો સીધો ચહાના ટેબલ પર. 'સાહેબ'ને સંભળાવ્યું, અલ્યા શું છે આ કિશિયારી? હું બિલકુલ હજામત નહિ કરવાનો. ત્રીજે દહાડે કરું છું પણ હવે તો ચોથે જ કરીશ. તું કહેતો હોય તો આ ચાલ્યો બીજે રહેવા. વિલાયત જઇ આવ્યો છે તેથી ચાવળાઇ કરે છે! એક દહાડાની વધેલ દાઢી તેને શું ગોબરાઇ કહે છે? તો પછી તારા માથાના વાળનું શું કહે છે? બોલ્યો કે દીનાનાથ, તારું એકનું તો કંઇ નહિ દોસ્ત. પણ બીજા......' તુરત એને તડકાવીને કહ્યું 'બેસ બેસ હવે. ને ચા લાવ.'

અરે હજુ તો પરમને જ દહાડે, સૂરતમાં સૂર્યાને ચુપ કરી દીધા. બોલાવેલો જમવા. ગયો તો ખરો. પણ મારું ટિફિન બોક્સ ભરીને લઇ ગયો. ટેબલ પર એની સાથે બેઠો. ને મારું ટિફિન ખોલીને ખાવા લાગ્યો. સૂર્યા તો સ્તબ્ધ! કહે કે આ શું? કહ્યું કે બેસ હવે, તું મિત્ર ખરી, સંબંધમાં ફરક નહિ પડે. બાકી તારે બંગલે જમે તે દીનાનાથ નહિ. તારો ભટ અક્કેક વડું મૂકી જાય. ચકલીને ખાવા જેવડી તમોએ ખાસ કરાવેલી વાડકીમાં ચાંગળું શાક પીરસી જાય. ફરી કોઇથી મગાય નહિ, માગીએ તો તળીઆઝાટક હોય. એમ શું હું ભૂખે મરું? અગાઉ કેટલી વાર તારા ભટે તને, તારાં બાને, તારાં ભાભીને ચાટ પાડ્યાં છે તે તો યાદ કર! પેલો બાસુદીનો દિવસ યાદ કર! મિત્રોમાંનો એકેએક જાણે છે કે બાસુદી હોય છે ત્યારે દીનાનાથ બીજી કોઇ ચીજને અડકતો નથી. બાસુદીથી જ પેટ ભરે છે. તે દિવસે ત્રણ વાર માગી, ભટ મને ભૂલવવા બીજું

ત્રીજું લાવ્યો. ને છેવટે તને ભટે ચોખ્ખું પરખાવી દીધું હતું કે નહિ. કે બાસૂદી તો હતી તેટલી ત્રણે વાડકીમાં પીરસી દીધી છે! ભટનો દોષ તો તમે શું મોઢાં લઈને કાઢી શકો? તમે સવારથી સૂપ, પાંઉં, મસ્કો, મુસંબીના રસનાં ટંબ્લર, ધૂડ રાખ ને પાપ પેટમાં ઓરનારાં, ચાર ટંક જમનારાં, રાતે કઈ ભૂખે વાળુ કરો? ને બાસૂદીની એક વાડકી કે એક વડું વધી પડે તો ભટનો એક રૂપિયો દંડ કરનારાઓ તમે, મને ફરી કદી જમવા તેડશો નહિ, ને તેડશો તે દા'ડે હું મારું ટિફિન બાક્સ જ ભરીને લાવવાનો.'

સૂર્યા કહે કે ' એ તો અમારા ઘરની સિસ્ટમ ! '

મેં સામે કહ્યું ' કે તે છો રહી, હું ક્યાં કહું છું કે સિસ્ટમ બદલો ! મારી પણ આ સિસ્ટમ સમજી લો. '

કબૂલ કરે છે સૂર્યા. સંબંધ સાચવે છે, લાગણી એવી ને એવી ધરાવે છે. મારી સત્તા સ્વીકારે છે.

એ અર્થમાં મારી પાસે સત્તા છે દોસ્ત !

એ સત્તાને કદી છોડી નથી. વર્ષોથી પરઘેર રહું છું. પારકું લાગ્યું નથી. જેને જે દહાડે લાગ્યું તે દહાડે—અરે તે જ પળે મેં એમનું ઘર ત્યજ્યું છે.

ત્યજ્યું હતું તે એક રાત્રિએ. ' નહિ, નહિ, બસ એ બિલકુલ નહિ બની શકે ' એવો બોલ પરશુરામના મોંમાંથી પડતાં વાર મેં રાતના અગિયારે એના ઘરમાંથી બેગબિસ્તર ઉપાડયાં હતાં, સીધો ઉપલે માળ ગયો હતો, એ ઉપલા માળવાળાની સાથે નજીવી ઓળખાણ, વર્ષ એકથી પરશુરામના ઘરમાં વાસો એટલે પિછાને, જઈને કહ્યું કે આજની રાત અહીં કાઢવી છે. નવાઈ પામીને પૂછે છે કે કેમ? કહ્યું ' કંઈ નહિ. નીચે ઠીક નથી પડતું એટલે ' કહે કે સુખેથી રહો.

જઈને પડયો. પણ જાણતો હતો કે અંજનીને પરશુરામે નીચે એક ખંડમાં પૂરી દઈ તાળું લગાવ્યું છે. અંજની ગ્રેજ્યુએટ, ને પિતા મહાક્રાંતિકાર. માતા પણ નવયુગની નારી. બાપ નાગર

મા ક્ષત્રિ, પૂરી દીધી પુત્રીને, કારણ કે મારી ને અંજનીની વચ્ચેના પત્રવ્યવહારનો એક કકડો એમને હાથ આવી ગયો. અબ્રહ્મણ્યમ્ ! અબ્રહ્મણ્યમ્ !

સવારે જાગ્યો એમ તો શું કહું ? જાગતો જ બેસી રહેલો. ઉપરની વિશાળ અગાસી માથા પર જાણે આખી રાત દબાતી રહી. છેલ્લા છ મહિનામાં એક પણ રાત અગાસી અમારી બેઉની રક્ષા કરતી અટકી નથી. અમે પણ એને અણજાણ રાખી નથી. ઘરનાં સૌ સૂઇ ગયા પછી અંજની જ પહેલ કરતી, અને પોતાની બાજુના રૂમમાંથી મને કાન ઝાલી અગાસીમાં ખેંચી જતી.

બસ, આખા વિનાશનું રહસ્ય જ ત્યાં છે—એ કાન ઝાલવાની ક્રિયામાં. એ જ ક્રિયા જો હું કરી શક્યો હોત, તો આ દિવસ ન આવ્યો હોત. એ મારી રાહ જોતી એના ખંડમાં બેસી રહેતી. હું જઇને એનો કાન ઝાલું, એને ચિંથતી ઉઠાવું, એને તમાચો કે હંટર ફટકારી આગળ કરું, એવો કોઇ લહાવો એનું નારીત્વ મૂંગું મૂંગું માગી રહ્યું હતું એની મને કમબખ્તને જ્યારે સાન આવી ત્યારે તો બાજી ગુમાવી બેઠો હતો. ઓહ ! એની તાલાવેલી મારામાંથી કોઇ Caveman–કોઇ ગુફાવાસી, રાની, જંગલી મર્દનું પુરુષાતન પ્રજ્વલી ઊઠે તે માટેની હશે ! પોતાને ભુજપાશમાં બીડીને ઉઠાવી ચાલ્યા જનાર ધૃષ્ટ, નફફટ અને લસલસતો દીનાનાથ એને જોઇતો હતો. પણ હું તો અંતની ઘડી સુધી કવિના કોઇ મૃદુલ ઊર્મિકાવ્ય શો, પુષ્પ શો, ભક્ત, પ્રેમગુલામ, નારીસન્માનક રહી ગયો. ધિક્ ! હવે અત્યારે ભુજાઓ ફાટે છે !

હવે સમજાય છે કે એ છ મહિનામાં એક વાર, ઘરમાં કોઇ નહોતું ત્યારે, અંજની મારી પાસે હાથમાં એક ચામડાની શેડવાળો ચાબૂક લઇને શા માટે આવી હતી અને શા માટે એણે મને કહ્યું હતું કે 'ભલા થઇને મને આ ચાબુકે ચાબુકે ફટકારો, મને ફટકારો, ફટકારોને, ઊઠોને, બેઠા છો શું ? નિર્બળ છો ? ઊઠો, ફટકારો ચાબૂક.'

એને મેં ગાંડી ગણી. કોઇક રોગીઅલ મનોગ્રંથિની ભોગ

બનેલી માની. 'માનસિક રોગ' એ શબ્દે પણ કંઇ ઓછા વિભ્રમો જન્માવ્યા છે! એનો મંદવાડ એક જ હતોઃ He-manને, મરદને, આક્રમણશીલ પૌરુષને પામવાનો વલવલાટ. એથી તો એણે મારા ઉપલા પડ સરીખા સત્તાશાળી ઉદ્ધત સીનાને સર્વાંગ સાચો સમજી મને શોધ્યો હતો; અને એથી જ તો, મારામાંથી જે એને મળતું નહોતું તેને લીધે એણે એક રૂપકને પકડયું હતું. એ કહેતી થઇ, કે હું તો આકાશના ચંદ્રને વરી ચૂકી છું. ચંદ્ર પર કાગળો લખતી, ને ચંદ્ર તરફથી જવાબો આવ્યા સમજી પોતે જ પોતાના પર લખેલા કાગળોને ચૂમવા લાગી. એ રૂપક હતું,—મર્દ માટેની જોવાતી વાટનું. હું એને માનસિક વિકૃતિનો મંદવાડ સમજી બેઠો. એ એક મંદવાડને મેં કાઢયો છે એવું જ્યાં મેં બેત્રણ મહિને આશ્વાસન મેળવ્યું ત્યાં તો એણે જાહેરાત કરી—એક કલ્પનાપુરુષની. એ બોલી ઊઠી કે એ પુરુષ આવે છે—ચાલ્યો આવે છે—એ જ મને વરશે. એની જ હું બની જઇશ. તું નહિ દીનાનાથ, તું નહિ, એ તો આવે છે, એ મારા મનનો માન્યો. મારો પ્રણયવીર. ચાલ્યો આવે છે.'

મેં કહ્યું 'અરે ઘેલી ન થા. અંજની! કોઇએ નથી આવતું.'

પણ ઘેલી અંજની નહોતી, ઘેલો હું હતો. એ તો આખરે આવ્યો, સાચો બનીને આવ્યો, શેરસટ્ટાનાં બજારમાંથી આવ્યો—સોનેરોની બાગમાંથી નહિ રે મૂઢ!—અને તમાચા ઝૂડીને ઉપાડી ગયો અંજનીને. ચાબૂકની વાત સાચી પડી.

તું ભાઇ! આ બધો ધડમાથા વગરનો પ્રલાપ સમજતો નહિ. હવે કંઇ હું ગાંડો કે વિભ્રમિત નથી. એ તો તે વેળા હતો. આજે તો અલ્લામિયાંની મહેરબાની છેઃ ને તું જુએ છે, કે મારું શરીર લાલ ટામાટાં જેવું છે, ને ઊંઘ તો એટલી અનુકૂળ છે કે તું કહે તો અબઘડી ઘસઘસાટ ગજાવી મૂકું.

તું જાણતો નથી ને આખી વાત? તો હું કરું. ના, એ કહેતાં કહેતાં હું લાગણીવશ બની જઇશ એવી બીક રાખતો જ નહિ. તું જોઇ લે ને, આખર સુધી મારા સ્વરમાં કોઇ કમ્પારી જુએ,

આંખમાં જળ જુએ, કે નાનકડો યે નિઃશ્વાસ જુએ, તો મને ફિટકાર દેજો.

હું શું કહેતો હતો! હાં, સવારે હું ઉપલા માળ પરથી નીચે ઊતર્યો, પરશુરામની પાસે ગયો, મને જોતાંની વાર તો એમણે તત્કાળ ફરી કહ્યું :

'નહિ નહિ, એ કદાપિ નહિ બને.'

મેં કહ્યું : 'પરશુભાઇ! કબૂલ કરું છું, મારો વાંક એટલો ખરો કે મેં તમને કોઇને કહ્યા વગર તમારા જ ઘરમાં રહ્યે રહ્યે આ પ્રસંગ બનવા દીધો. પણ દોષ મારો નહોતો, તમારી પુત્રીનો હતો. ખેર, પણ હવે તમને વાંધો શો છે?'

'નહિ, નહિ, નહિ,' એ તાડૂકી ઊઠયા: 'એ બની જ કેમ શકે? આખરે તો હું નાગર—ને મારી પુત્રી નાગરને જ પરણશે.'

'હેં! આ કોણ બોલે છે! પરશુભાઇ બોલે છે! ક્રાંતિન ધ્વજધારી......'

'દલીલબાજી કરવી નથી.' એણે એ કહેતે કહેતે પોતાના પગની પાની પરથી એક મૂએલ ચામડી ઊખેડી કાઢી.

'પણ અરે પરશુભાઇ! તમે પોતે શું કર્યું છે?'

'દલીલો મારે કરવી નથી.' દલીલો સિવાય જેણે જીવનભરમાં ભાગ્યે જ કશું કર્યું છે તેમના આ ફરીવારના શબ્દો: અને એણે ઉમેર્યું :

'ને જુઓ, એનો જે કંઇ પત્રવ્યવહાર હોય તેનો નાશ કરી નાખજો. એને નુકસાન ન થાય તે જોવાનું છે. કહી રાખું છું.'

બસ, અહીં મારાથી તપી જવાયું. મેં એની સન્મુખ દષ્ટિ તાકીને કહ્યું કે 'બસ કરો પરશુભાઈ, એ તમારો પ્રદેશ નથી. પત્રવ્યવહારનો માલિક હું છું. ને એનો સદુપયોગ દુરુપયોગ તો મારી એના પ્રત્યેની લાગણીથી નક્કી થશે, તમારી દમદાટીથી નહિ.'

ઊઠી ગયો. આજે પાંચ વર્ષે તો એ પણ કબૂલ કરે છે કે દીનાનાથના હાથમાં અંજનીના કાગળો સલામત રહ્યા છે, સલામત

જ રહેશે. અરે મૂર્ખ ! તું શું કહેતો હતો ? એ પત્રવ્યવહાર શું દૂરવાસી દેહોની લાલસાકૃતિઓ છે ! ના, ના, એ કંઈક જુદી બાબત છે. કંઈ નહિ. જવા દો. મુઉં એ તો બધું.

મૂળ મુદ્દો તો આ રહ્યો છે: અંજનીને મારે જ ઉપાડી જવી જોઈતી હતી તેને બદલે એનાં માબાપ ઉપાડી ગયાં. અંજનીને જે મારામાંથી જોઈતું હતું તે એણે પોતાની અંદરથી મેળવ્યું. એને આબુના પહાડે નવલકથાઓમાંની સંકટગ્રસ્ત સુંદરીઓનો મિજાજ પાયો. પરશુભાઈએ બજારમાંથી તૈયાર માલ જેવો જે ન્યાતીલો જુવાન ત્યાં આબુ પર હાજર કર્યો હતો તેને અંજનીએ તરછોડી નાખીને કહી દીધું, 'મૂરખ થતો નહિ ભાઈ. ચાલ્યો જજે ઝટ આબરૂભેર. હું તો એને—મારા દીનાનાથને પરણી ચૂકી છું. તું મગતરું મને શું પરણવાનો હતો !'

હું બેઠો બેઠો એક કરુણ ગીત ગણગણતો હતો. મારાં આંસુ ધારાબંધ ગાલ પર દડતાં હતાં. મારા મેજ પર એની છબી હતી. એક ત્રીજા જ સ્નેહીના ઘરની એ ઓરડી હતી. હું એકલો એકલો ગાતો ને રુદન કરતો હતો.

અચાનક કોઈક મારો કાન ઝાલ્યો. કોણ અંજની ? ઓહોહો ! આવી ? આટલો બધો સ્નેહ ! એના ખોળામાં માથું નાખી દીધું.

એ મારું માથું, ગરદન, હાથ વગેરે તપાસવા લાગી, ને પૂછ્યું, 'ક્યાં વાગ્યું હતું ? કેવુંક વાગેલું ?'

'વાગેલું ? મને ? શું ?'

'કાચ ને સળિયા !'

'કાચ ને સળિયા ? શાના ?'

'મારા ઓરડાની વેન્ટીલેટરના જ તો !'

'એ શું ?'

'કેમ નહિ વળી ? તમે કાચ તોડ્યો, સળિયા વાળતા હતા.'

'ક્યારે ? શું તું લવે છે અંજની ?'

'તે રાત્રિએ, મને બાપુએ ઓરડામાં પૂરી દીધી, ને તમે

મોડેથી બહાર વેન્ટીલેટર પર ચડ્યા, કાચ તોડ્યો, બારી ખોલી, સળિયાને વાળી નાખી મને બહાર કાઢવા માર્ગ કરતા હતા–લોહી-લુહાણ હતા,–કેવા જબરા તમે! આટલું બધું કાંડા–બળ છ મહિના ક્યાં છુપાવ્યું હતું! મને તો કદી એવું જોર કરી......'

'જકડી નહોતી'–એ શબ્દ એની શરમમાં સમાઈ ગયા. ને મારી શરમે મને તો ગાભા જેવો કરી નાખ્યો. હા! હા! આ છોકરીની કલ્પના મારામાંથી મરદાનગીનો ઉઠાવ કરતી કરતી એ રાત્રિએ આવું સ્વરૂપ ઝંખતી બેઠી હશે બંદિની! હું એ ટાણે આ ઉદ્‌ભ્રાંતિનો મર્મ સમજી ન શક્યો. મેં તો ભિલડી મારી સભ્યતાને જ પકડી રાખીને સત્ય કહી નાખ્યું: 'ના રે ના ગાંડી! હું તે એવું કરું કદી? હું તારા પર જબરદસ્તી વાપરું? મારે તો તને સૌની સંમતિથી જ મેળવવી છે. મારે બદમાશ બની તારો ભવ નથી બગાડવો!'

'ઓહો!' અંજની પોતાનો પાંચ હજારનો હીરો પડી ગયો હોય પણ એ હીરો ચોરેલો હોઈ કોઈને કહીયે ન શકાતું હોય એવો ભાવ ધારણ કરી રહી ને મારા ગળા પરથી હાથ ઉઠાવી લેતી બોલી: 'ત્યારે તો એ સ્વપ્નું!'

'સ્વપ્નું જ તો!'

મેં માન્યું કે એનો એક વધુ રોગ મેં મટાડ્યો.

'બાપાજીએ તમને કંઈ સતાવ્યા તો નથી ને?'

'નહિ રે, હું એવું કારણ આપું જ કેમ? તારું બગડી જાય ને!'

'શું મારું બગડી જાય બગડી જાય કર્યા કરો છો!' એ ચિડાઈને કડવી બોલી: 'મને આબુ પર શોધવા પણ ન આવ્યા?'

'પણ આવું તો તારું બગડી......'

'બસ લો. બહુ થયું. ઘણા સારા, સમજુ ને શાણા માણસ! ખેર, ચાલો, હું તો આવી પાછી!'

તે વખતે નહિ પણ આજે અત્યારે હું એ શબ્દોનો નિગૂઢાર્થ સમજી શક્યો છું. એ પાછી આવવા બદલ કંઈક પસ્તાઈ હતી. એણે આબુ પર જે તોફાન મચાવ્યું હતું તે તો પેલી એની કલ્પનાના તોરમાં. એના ઓરડાનાં વેન્ટીલેટરના કાચ તોડતો ને સળિયા મરડતો લોહીલુહાણ કલ્પનામૂર્તિ દીનાનાથ એને આબુ પર ઉત્તેજી રહેલો. અરે, એ વખતે આ ગમ પડી હોત તો હજુ પણ આ સર્વનાશ રોકી શકાયો હોત. કારણ કે અંજનીએ મને ફરી એક વાર—બે વાર—ત્રણ વાર તક આપી.

અમારાં મિલન, આ ત્રીજે સ્થળે ચાલુ રહ્યાં. ફરી પાછા મહિના ગયા. વર્ષ ગયું. મેં પૂછ્યું ' તું હવે ચોકાપકેરાથી મુક્ત છે ? '

' હા, બાપાજીને તો મેં આ ગજવીમાંજ મૂકી દીધાં છે. ' એમ કહેતે એણે બ્લાઉઝની ગજવી બતાવી.

' શી રીતે ? '

' એમ કહીને કે એમ. એ. નું પતાવી લીધા પછી કહેશો તેમ જ કરીશ, નાગરને જ પરણીશ, પણ મારો મનપસંદ શોધી આપો. એ શોધે છે ! '

બસ, પાછી પેલા વિભ્રમોથી સાવ મુક્ત, શરદની મેઘમુક્ત ચાંદની શી અંજનીની પ્રેમચર્યા વિસ્તરી રહી. રોજ આવે, કલાકો મારી જોડે ગાળે, ડાહી બનીને બોલે, કે તમે સાચું કહો છો દીનાનાથ ! બાપાજીને ને બાને મનાવી લઈ એમના આશીર્વાદ સાથે જ પરણવું—હા, એમની સહાનુભૂતિ વિના તો આપણે દુઃખી બની જશું, આપણને ક્યાંઈ જંપ નહિ વળે, મારા પરનું એમનું વહાલ એટલું તીવ્ર છે કે એનાં હૈયાં ફાટી પડશે. ને તમે ખરું જ કહો છો દીનાનાથ, ભાગેડુ લગ્નોએ આપણી સુશિક્ષિત દુનિયાની ઇજ્જતને હલકી પાડી છે, એવું નથી કરવું......' વગેરે વગેરે મારી જ સલાહો શિખામણોના એ શુકસારિકાની જેમ પાઠ પઢી ગઈ. એ જ્યારે આ મુદ્દાની રજુઆત કરતી હતી ત્યારે મારી કહેલી દલીલોની અંદર પોતાની નવી પણ ઉમેરતી હતી. એના નવા મુદ્દા તો મને ચમત્કારી

લાગ્યા. વાહ! કેવી વિશદ વિચારસરણી ચાલવા લાગી છે! વાહ રે પ્રિય શિષ્યે! આવો બુદ્ધિનો સુમેળ સાધીને અમે સંસાર માંડશું એટલે તો જીવનવાટ અજવાળાઈ જશે.

પણ આજે એટલું જ સ્વચ્છ જોઈ શકે છે દીનાનાથ, કે મૂરખ! એ તો પેલા માસ્તરો પરીક્ષામાં છોકરાઓને પૂછે છે તેના જેવી વાત હતી. પૂછે છે કે 'નીચેનાં વાક્યો હકારાત્મક છે તેને નકારાત્મક કરો.'

મારે પણ અંજનીની 'હા' અને 'ના' ને 'ના' અને 'હા' સમજવાની હતી. સૌ કોઈ પ્રેમીની સામે પ્રકૃતિનો એ પ્રશ્નપત્ર છેઃ નારીના નકારને હકારમાં ને હકારને નકારમાં સમજી લેજો. એ બોલે તેમાં પ્રશ્નાર્થને નિશ્ચયાત્મક અને નિશ્ચયાત્મકને પ્રશ્નાર્થ ગણી લેજો. નહિ તો બચ્ચાઓ! તમે ચોકડી જ મેળવીને પાછા જશો.

મારો પરીક્ષાપત્ર લઈને હું આજે પરીક્ષાના તંબૂમાંથી બહાર આવ્યો છું, ઊભો છું, નિહાળું છું, મોટી ચોકડી મળી છે. કારણ કે જે એક પ્રશ્નમાં તો પાસ થવાનું અનિવાર્ય હતું તેમાં જ હું ઊડી ગયો. અંજનીએ 'હા સાચું, તમે કહો છો તે જ સાચું છે' એમ કહ્યું તેને મારે નકારાત્મક રૂપમાં જ મૂકવાનું હતું. ખરી રીતે તો એ માગતી હતી કે 'ઉપાડી જા, મને તારા ખંધોલા પર ઊંચકીને ચાલ્યો જા. અરે મારા ભરાવદાર શરીરથી બડક નહિ, તારે ખંધોલે ચડ્યા ભેગી જ હું એક ચકલી જેટલી હળવીફૂલ બની જઈશ.'

પણ એ તો આજે સમજાય છે. મનોવિજ્ઞાનનું મારું ભણતર છેક આજે જતું ઉપયોગમાં આવે છે. ભણતરની ખૂબી જ એ છે. બુદ્ધિને એ પરિપક્વ બનાવે છે. અબુધતા અડબંગતા અને ઉદ્‌ભ્રાંતતા- એ જીવનમાં જે ભાગ ભજવવાનો છે તે ભણતરને માન્ય નથી.

ખેર, પરશુભાઈના કિલ્લેબંદ કુટુંબમાં ઘા કાઢી આવનાર તરીકે મને એક નવી જ કીર્તિ મળી હતી. હું એક સીધો સાલસ માણસ, ગરીબનો પુત્ર, સુકોમળ કવિહૃદય ધરાવતો સંસ્કારી, અને પુર્વસંસારમાં અનન્ય આહુતી આપનારો, કીર્તિ ઉપરાંત સહાનુ-

કમ્પાનો પણ અધિકારી બન્યો હતો. કારણ કે પરશુભાઈના નાનકડા શરીર પરનો વિરાટ–ઝભ્ભો મેં ચીરી નાખ્યો હતો. એની આદર્શવાદિતા અને ક્રાંતિવીરતાનાં મોર–પીંછડાંને ખેંચી કાઢી મેં મૂળ કાગડો ખુલ્લો કર્યો હતો. ને મેં જાણે કે ઢૂંઢા રાક્ષસના ગઢકિલ્લામાંથી સુંદરી મેળવી હતી. આ વાતે મને નવા પ્રશંસકો, ભક્તો ને પૂજકો સંપડાવ્યા હતા. એમાં હતો એક રૂપજી. શેર બજારનો એ જુવાન મને શોધતો એક દિવસ આવી પહોંચ્યો. મારી આરતી ઉતારતો હોય તેમ એ મને ધન્યવાદ દઈ ગયો. જૂની ઓળખાણ, પણ જૂજ જેવી. ભણતો ત્યારે કવિતાઓ કરી બતાવવા લાવતો, મેં જોઈને કહેલું કે 'નકામાં શાહી કાગળ શીદ બગાડે છે ? તારામાં કવિપણાનો અંશ સરખો યે નથી. તારો અવાજ જાડો, આંખો રશ્મિહીન, મોં ડાઘા જેવું, શરીર કદાવર, આંગળાં બરછટ, તું આ દિશામાં ભૂલેચૂકે ય ન જતો. જા જગતમાં, પૈસા રળ, પોબાર પડીશ. આશિષ છે.

એ આશિષો એને ફળેલી અને ત્યારથી એ મારો ચેલો બનેલો. કહેતો કે 'દીનાનાથભાઈ, કવિતાને જોડે મારી તે જ દિવસથી તકદીર પ્રકાશ્યું. છતાં કવિઓની ચરણરજ છું. તમે તો હદ કરી છે, પૈસા માટે મુંઝાતા નહિ. ધાર્યું પાર પાડજો, આ લો.'

થોકડી ભરીને લીલી નોટો મૂકી ગયો.

ફરી આવ્યો–ફરી ફરી આવ્યો–એક વાર અંજની હતી ને એ આવ્યો. ઓળખાણ કરાવી. 'આ મારો મિત્ર રૂપજી.'

અંજની તો વારે વારે નાક જ લૂછતી રહી. એ બેઠો ત્યાં સુધીમાં સાતેક વાર એ બહાનાં કરી બહાર જઈ આવી. ને એના ગયા પછી કહે, 'બાપ રે ! કેવો ગંધાતો હતો ! પસીના શું આવા થતા હશે ! માણસનાં શરીરોમાં આટલી સખ્ત ખાટી સોડમ !'

પાસે ગુલાબ પડેલાં. લઈ લઈને પોતે સૂંઘતી અને મારે નાકે પણ દબાવતી રહી. મારા આખા મોં પર એણે ગુલાબો લસરાવવા માંડ્યાં.

મેં કહ્યું, 'તું એવી તો પોપલી વેવલી અમીરીમાં ઊછરી છે અંજની, કે તારી જમાત બહાર બધે પસીનાની જ દુર્ગંધ અનુભવે છે. આપણી એ એક આદત જ છે. પણ તું ભંગીઓમાં સેવાકાર્ય કરવા જનારી થઈને......'

'હા, ભંગીઓની દુર્ગંધ સહી શકું છું, અરે એ તો લાગતી પણ નથી. પણ આવા લોકો—જેઓ અહીં આપણાં દીવાનખાનાં સુધી પહોંચનારાઓ છે, પૈસાવાળા છે, સારાં ઘરોમાં રહે છે, અપ–ટુ–ડેટ કપડાં પહેરે છે, તેમની બાશ શી રીતે સહેવાય?'

'બસ કર બાઈ! તારી વિચિત્રતાઓ ને ધૂનોની કંઈ હદ નથી. પણ એ મારો જૂનો ચેલો છે, મને મદદ કરનારો છે, ભણેલો ગણેલો આબરૂદાર માણસ છે.'

'ગમે તે હો, મને તો બિસાબ! દીઠો ય ન ગમ્યો. ત્રાસ પામી ગઈ.'

'હશે, એ તો આવી ચડેલો. ભોળો છે બાપડો. આપણે આંગળી ચિંધીએ ત્યાં એ પૈસા વાપરે, કહીએ તે કરે.'

'મૂકો એની વાત. ગુલાબોની સામે બેઠાં છીએ. ગુલાબી જ વાતો કરીએ. આજે તો અજબ સુગંધી ગુલાબ મળી ગયાં રસ્તે.'

—તે પછીના બેએક કલાક અમે ગુલાબમય બની ગયાં.

ફરી એક દિવસ પાછો રૂપજી આવી જ અણધારી રીતે ભટકાઈ ગયો. એના ગયા પછી મેં અંજનીની માફી માગીઃ 'મેં બોલાવ્યો નહોતો. એને બાપડાને પણ ક્યાંથી ખબર કે તું અત્યારે અહીં હો! બેવો અકસ્માત જ બન્યો છે. સોગાન ખાઉં છું.'

'ઠીક, મને ચીડવવી જ હતી એમ સીધું કહેવું નથી.'

'નહિ, તારે ખોળે માથું.' એમ કહી મેં માથું એના ખોળામાં ઢાળી દીધું. થોડી વારે એની આંખોમાંથી મારે ગાલે ટીપાં પડયાં.

'પણ શું છે? કહે તો ખરી?'

'ના, કશું નથી.'

હું જાણું જ તો. મારા પરનું વહાલ, ખોળે માથું ઢાળીને સૂતેલા સંપૂર્ણ સમર્પિત માનવી પરનું વહાલ.

રે નાદાન! તું શું ધૂળ જાણતો હતો? આજે તો દીવા જેવું દેખું છું, આ શરણાગતી—આ આત્મસમર્પણ જ એને રડાવતું હતું. એને જોઈતો હતો He-man. : મરદ

માંડ માંડ એ રૂપજીની હાજરીને સહી લેતી થઈ. ત્રણેક મહિને તો માંડ એની સાથે બે શબ્દો બોલતી બનાવી. છતાં પેલો ન દેખે તેમ મારી સામે જોઈ હોઠ મરડી કેટલી ઉગ્ર નફરત બતાવે! હું સ્મિત કરીને મૂંગી ક્ષમા માગતો હોઉં તેવા માર્દવ સાથે અંજનીને શાંત રાખવા મથતો.

એવા દિવસો ય વીત્યા. ને પછી તો અંજની રૂપજીની રૂબરૂમાં જ વિદાય લેતી કહી ગઈ કે પોતે બુધવારે બપોરે ત્રણ વાગે આવશે.

રૂપજી બુધવારે બે વાગે આવ્યો. અઢી વાગે એણે કાંડાઘડિયાળ જોયું. મેં કહ્યું 'અરે કંઈ નહિ, બેસને!'

'ના, જવું છે.'

'પણ અરધા જ કલાકમાં અંજની આવશે. મળીને જ જજેને?'

ના કહીને ત્રણમાં દસ કમ હતી ત્યાં ચાલ્યો ગયો.

અંજની એને નજીકમાં જ ક્યાંઇક ભટકાઈ હશે ને! સમજી ગયો હોવો જ જોઈએ, કે પોતે અંજનીને ગમતો નથી.

આ બધી તો મારી તે દિવસની સમજણ, હાં કે ભાઈ! આજની સમજણ જુદી છે.

વળી પાછાં બેઉ જણાં કોઈક દિવસ મારી પાસે ભટકાઈ જાય, વળી કોઈક દિવસ રૂપજી વહેલો ઊઠી જાય ને પંદર—પચીસ મિનિટે અંજની આવી પહોંચે. હું માનું કે બાપડાને ખબર પણ પડતી નથી કે અંજની ક્યારે આવનાર છે છતાં ઊઠી જ જાય છે અને પછી અરધા કલાકે—કલાકે અંજની આવી પડે. કોઈ કોઈ વાર અંજની

બેઠી હોય ને હાજર થાય. મતલબ કે એ બધાં મિલનોને હું અકસ્માતો જ ગણતો.

પછી તો સિનેમાની બે બે ટિકિટો પણ એ મને આપી જતો.

અંજની કહે કે ' આ તે શું અપમાન કરે છે? શું આપણને પૈસા નથી મળતા તે દાન કરે છે? એનામાં વિવેક તો હોવો જોઇએ ને!'

' શાનો વિવેક ?'

'કેમ શાનો વિવેક ? આપણને પોતે લઈ જવાં જોઇએ પિક્ચરમાં.'

એ બાપડો એ પછી લઈ જવા લાગ્યો. ઓચિંતો એક સારા પિક્ચરની ટિકિટ લઇને ઊભો રહ્યો. મેં કહ્યું કે ' પણ અંજની તો અત્યારે યુનિવર્સિટીમાં હશે.'

' તો ચાલો લેતા જઇએ.'

' હું તો ન આવી શકું લેવા.'

' તો હું તેડી લાવું.'

હું થોથવાઇ રહ્યો. આને જોતાં જ પેલી ઉંટને દેખી ભેંસ ભડકે તેમ ભડકે છે તો આની સાથે બસ કે ગાડીમાં શે આવશે? મારા તો હોશ જ પાછળથી ખાટા કરી નાખશે ને?

' ખેર, જા ભાઇ, જો જોઉં, આવે છે?'

આવી તો ખરી, પણ છણકા કરતી. ત્રણે જણાંએ થીએટરમાં બેઠક લીધી, ત્યારે 'રો' માં હું પહેલો પેઠો, મારી પાછળ રૂપજી ને તેની પાછળ અંજની. પણ એ રીતે અંજની શાની બેસે? મને વચ્ચે બોલાવી લીધો. રૂપજી બાપડો છેલ્લો ગયો, ને અંજનીએ મારી એકલાની સાથે જ વાતો કરે રાખી.

બહાર આવ્યા પછી, રૂપજીના ચાલ્યા ગયા પછી મેં અંજનીને મૃદુ ઠપકો આપ્યો: 'કર્ટસી (સભ્યતા) અંજની! કર્ટસી પણ નહિ? એ લાવ્યો, ને અકસ્માત એ આપણી બેઉની વચ્ચે હતો, તો પછી એમ જ બેસી જવું જોઇએ ના!

‘ એમ કે !’ એનો કંઠ કંપ્યો.

‘ શું થયું વળી ?’

‘ તમે—તમે કેમ એટલું ભાન ન રાખી શકયા ? મને કેમ ‘ રે ’માં પહેલી ન પેસવા દીધી ? આજે, આ વર્ષો ‘કર્ટસી’નાં ચાલે છે કે ‘કોર્ટશીપ’નાં ? પરણ્યા પછી મને ઠીક પડે તેની સાથે બેસારજોને !’

કેટલી બધી વિગતભરી સ્નેહજાગૃતિ ! હું તો છક થઇ ગયો. ‘ કહ્યું, સાચું.’

‘ ના, હું તો જેમ તમે રાજી રહો તેમ કરીશ, પણ કર્ટસીને ખાતર નહિ, તમારે ખાતર.’

‘ મારે ખાતર ’ એણે તે પછીનાં પિક્ચર—ગમનોમાં પ્રથમ અમારી બેઉની વચ્ચે બેસવા માંડયું, ને પછી કોઇ કોઇ વાર રૂપજીને વચ્ચે રાખીને બેસવાની ગોઠવણ સ્વયમેવ ચલાવી.

ને ડાહીડમરી બની રૂપજીની જોડે જ એણે પિક્ચરની ખૂબીઓ ચર્ચવા માંડી.

વચ્ચે વચ્ચે મારી તરફ ફરીને ટકોર કરે કે ‘ જડસુ છે. કશું સમજતો જ નથી.’

હું એનો હાથ દાબી વારું; ‘ ધીરે મૂર્ખ ! ધીરે !’

‘ છો સાંભળતો !’ એ વધુ બરાડતી.

દરમ્યાન હું રૂપજીને જોતો તો ખરે જ એ જડસો દેખાતો. શરીર પહેલવાનનું, અક્કલ ઊંટની. ભલો બાપડો.

આ હા હા ! કાતિલ ભલો ! જાલિમ ભલો !

દરદનું ઓસડ દાડા : દહાડા જતા ગયા ને રૂપજીની રીતભાતને અંજની પચાવતી થઇ. પણ જડસુ ખરો કની, તે એક વાર એ પિક્ચરમાંથી અમને દૂધ કોલ્ડડ્રિંક પીવા લઇ ગયો.

અંજની કહે, નથી પીવું.

રૂપજીએ પૂછયું, કેમ ?

ના, કંઇ નહિ. નથી પીવું.

રૂપજી કહે, પીવું પડશે.
પડશે એટલે?
એટલે પડશે.
નહિ તો?
માથે રેડીશ.
એટલું બધું?
અલબત.

સીન થઇ ગયો બેઉ વચ્ચે. હું ગભરાયો. મેં અંજનીને કહ્યું, 'આ તે શું! એની ઇચ્છા છે તો પી લે.'

'નહિ પીઉં.'

'તો આ લો!' કહીને સાથેસાથ રૂપજીએ આખો ગ્લાસ અંજનીના ઉપર ઢોળી દીધો.

ને હું તો ધડકી ઊઠયો. ભયંકર રમખાણ મચી જશે!
પણ કંઇ ન બન્યું. અંજનીએ કંઇ અદ્‌ભુત સંયમ દાખવ્યો!—
પણ આ તો તે વેળાની મારી માન્યતા. આજની નહિ.
આજની માન્યતા વળી બીજી શી, એમ પૂછે છે તું ભાઇ?

લે કહું: અંજનીને એ જ જોઇતું હતું. એવી કોઇ અદમ્ય લાલસા એને જલાવતી હતી. જેમ પેલો ચાબૂક, તેમ જ આ ગ્લાસ. કોઇ ફટકારે? કોઇ રગદોળી નાખે? કોઇ પોતાની અનિચ્છાને નકારાત્મક સ્વરૂપમાં મૂકી આપે? અહો! એ વખતની અંજનીને યાદ કરું છું તો પહેલી પ્રેમ–હુતાશણીમાં રંગાયાની તૃપ્તિએ ભર્યું ભર્યું એનું મોં તરવરે છે.

અથવા તો ભાઇ! આમ પણ શકય છે: કે એણે એક આપત્તિ નોતરી, ને મારી પરીક્ષા લીધી, કે આ મને બચાવે છે કે નહિ? હું ન બચાવી શકયો. મારે ઠપકો રૂપજીને આપવો જોઇતો હતો. મેં આપ્યો અંજનીને. બસ એણે મારામાં પોતાનો રક્ષણહાર ન નિહાળ્યો. એ ગઇ આક્રમણકારને, He–manને, કેવ–મેનને, પોતે જેને માગતી હતી તેને: સોટાને, સોનેટને નહિ.

લાંબી વાત ટૂંકી કરું.

મહિના ગયા. એ માંદગીમાંથી ઊઠી હતી. ઝડપે શરીર પાછું પાંગરી ઊઠ્યું. એ મહિને મળી, પણ કેવી લાવણ્યભરી! મીણની મૂર્તિ, અડકીશ તો રખે ઓગળી જશે. સર્વ કોમળતા નિતારીને એને પંપાળી. લગાર પણ સતાવણી ન થવી જોઈએ હાં કે! એવું માર્દવ ધારણ કરજો મારા હાથ.

પાંચ કલાક. કસમ ખાવાની કોઈ જરૂર નથી મિત્ર, પૂરા પાંચ કલાક એ મારા ખોળામાં ને હું એના ખોળામાં: પછી એ ઊઠી. અને એક ક્ષણ ઊભી રહી. 'થોડું કહેવું છે.'

'ઓહો! હજુ રહી ગયું? કહે.'

'હું રૂપજી સાથે પરણીશ.'

ફરી પાછું ગાંડપણનું ફીટ કે શું?—હું હસ્યો. એણે કહ્યું:

'હસવાની વાત નથી.'

'ત્યારે શું છે એ?'

'પ્રેમ.'

'ક્યારનો?'

'પહેલો દીઠો ત્યારનો.'

'પસીનો ગંધાયો હતો ને?'

'એ ગંધ જ ધસડી ગઈ છે.'

'નહોતો ગમતો ને?'

'ગમાનું જ એ ઉગ્ર રૂપાન્તર હતું.'

'થિયેટરમાં?'

'ગમતો હતો.'

'વિભ્રમ નથી ને?'

'ના, આગલા સર્વ વિભ્રમોનો અંત આવ્યો છે. હું હવે સાફ રસ્તા પર છું.'

'વારુ!'—કહ્યું, પણ હું તમ્મર અનુભવતો હતો. 'રહે તો થોડી વાર!' કહીને હું પાંચેક મિનિટ ચુપ રહ્યો. પછી મારી કળ વળી. મારા હોઠેથી આ શબ્દો સર્યા:

'અંજની! પાંચ પાંચ વર્ષ પછી?'

'ઇલાજ નથી.'

'પણ થોડો કાળ તો અટકી જા. તારી લાગણીઓને તપાસ. પછી હું આડો નહિ આવું. પણ તું થોડો સમય—'

'અશક્ય છે.'

'કારણ?'

'એના વિના રહી નહિ શકું.'

'પણ છે શું?'

'એની પાસે ગયા વગર ઇલાજ નથી.'

'કેમ વારુ?'

'એણે મને ત્રણ થપાટો ચોડી દીધી છે. 'ટાયરન્ટ' છે. મારા પર ધાક બેસી ગઇ છે. ગયા વિના રહી નહિ શકું.'

વાહ!—ત્રણ થપાટો! ચાબૂક! સોનેટ નહિ પણ સોટા માગતી હતી આ સ્ત્રી: મારી પ્રત્યેક સમસ્યાનો ઉત્તર મળી ગયો. અંજનીને રોગ નહોતો, માનસિક માંદલાઈ નહોતી. કોઇક કબજો કરનાર 'ટાયરન્ટ' જોતો હતો. એ નિર્દોષ હતી.

મેં કહ્યું કે 'સુખેથી. રજા આપું છું. જા, પણ કહી રાખું છું, કે પાંચ પંદર દહાડે કદાચ તારી શરીર–ભૂખ તૃપ્તિ પામી જાય, તને એના પર અણગમો આવે, તું ન રહી શકે, અથવા એ ન રાખી શકે, તો તું ચાલી આવજે. તારે માટે મારા જીવનમાં એ જ સ્થાન હશે. કદાચ તારા પેટમાં બાળક હોય તો પણ ચાલી આવજે. હું પરણીશ, પ્રસૂતિ કરાવીશ, ને બાળકને મારું જ સમજીશ. જા. સુખી થા.'

એ ગઇ.

આજે તો એને બે બાળકો છે.

પાછી નથી આવી.

નહિ આવે.

વર્ષ થઇ ગયાં ચાર દોસ્ત! પૂરાં ચાર. ને પરશુભાઇ કોઇને મોંયે કહેતા હતા પણ ખરા, કે આવી ખબર હોત તો હું દીનાનાથને ધક્કો ન મારત.

મેં કહ્યું કે મૂરખ! તું ધક્કો મારનાર પણ કોણ? ને તું મારા ભાગ્યનો વિધાતા પણ કોણ? તું વળી પ્રસન્ન હોત તો શું નિહાલ કરી દેવાનો હતો? આ લલાટ પર દેખ, અલ્લામિંયાની મારેલ ટાંક છે, કે દીનાનાથને બીજું જે જોઇએ તે મળે, ન મળે એક લગ્નનું સુખ! એ લેખ મેં ઉકેલ્યો, ચાર વર્ષની મહેનતે ઉકેલ્યો. ને ઉકેલ્યા પછી જો આ મારું શરીર! લાલ ઘેલર છે ના? ને નિંદ તો તું કહે ત્યાં ખેંચું. જાગરણ તું કહે તેટલાં ખેંચું. ઘેવર જમાડ કે ભૂખ્યો રાખ દીનાનાથને, દીનાનાથ રાતો રાણ જ રહેશે. અલ્લામિંયાની મારેલ ટાંક વાંચી છે દીનાનાથે.

ચાલ હવે કામ પર બેસીએ.

★

મેં તમારો વેશ પહેર્યો!

એક તો યાચકનો ધંધો પોતે અધમ, અને એમાં પણ યાચકનો વેશ ધરીને પેટગુજારો કરવો, એમાં અધમતા બેવડી ત્રેવડી બની રહે છે.

ગારિયાધાર ગામનો સોની રાણીંગ એવી બેવડી હીનતાને સેવતો હતો. એણે ચારણનો વેશ ધારણ કર્યો હતો. બેશક એને વેશ ભજવતાં આવડતું હતું. ચારણની કાવ્યકળાને એણે સિદ્ધ કરી હતી. ચારણનો પોશાક એને ભળતો હતો. ચારણ બનીને એ ગુજરાત રાજસ્થાનનાં રજવાડાંમાં જતો, નાનભા ચારણના બિરદ–બોલ જ્યાં સંભળાતા ત્યાં મીઠા લાગતા હતા. એનો માનભર્યો સત્કાર થતો, પહેરામણી મળતી, શીખ સાંપડતી.

જાચકોનાં વર્ણમાત્ર ખારીલાં ને ઝેરીલાં હોય છે. ચારણો એમાં અપવાદ નથી. પણ નાનબાઈ ચારણના લેબાસ અને નામની પાછળ છુપાયેલા રાણીંગ સોનીને જાણવા ઓળખવા છતાં સોરઠના જાણભેદુ ચારણોએ એનો ફજેતો કદી કયાંઈ કર્યો નહિ. એને ચારણવેશે ચરી ખાવા દેતા હતા. જરાકે કયાંઈ ચણભણ થતું તો ડાહ્યા ચારણો બીજી જબાનોને ફક્ત આટલું જ કહીને ચૂપ કરતા

કે ' એણે બાપડાએ આપણો વેશ પહેર્યો છે. એ વેશનું તો માન રાખો !'

ચારણોની એવી મનમોટપને આશરે મહાલતો રાણીંગ સોની રાજસ્થાનોમાં વિહરતાં વિહરતાં નાનભાઇ ગઢવી લેખે દાંતા રાજ્યનો મહેમાન બન્યો. મહેમાની માણે છે, ખાય પી મોજ કરે છે, કચેરીને પોતાની કાવ્યકૃતિઓથી રીઝવે છે ને નાનભાઇ ગઢવીની વાહવા બોલાય છે. હવે તો વળતે દહાડે શીખ પહેરામણી થવાની જ વાર છે.

એમાં રાતે મહેમાન-ઘરમાં થોડાક માણસો એને વીંટળાઇને હોકા પીતા બેઠા હતા ત્યારે એક નાની એવી બાબત બની. ગઢવીએ ચલમનો દેવતા ચીપિયાથી સરખો કર્યો. એ પછી બેએક જણા ત્યાંથી ઊઠીને બહાર ગયા. તેમણે જે વાતચીત કરી તેનો ચોક્કસ નતીજો લઇને એક દરબારી મહારાણા જસવંતસિંહ પાસે ગયો. પોતાની શંકા રજૂ કરી: ' આ માણસ ચારણ નથી જણાતો. '

' ત્યારે ?'

' સોની. '

' શા પરથી ?'

' ચીપિયો ઝાલીને હોકાનો દેવતા સરખો ગોઠવવાની રીત પરથી.'

વળતે દિવસે શીખ પહેરામણી તો છેટી રહી, પણ જસવંતસિંહ રાજાએ ગઢવીને તેડાવી, એનાં ગાત્રો ગળી જાય તેવી ધમકી દીધી:

' સાચું કહી દે, તું કોણ છે ?'

' ચારણ છું. '

' ને ન હો તો ? જાણેછ હું કોણ છું ? હું દાંતાનો ક્રૂર જસવંતસિંહ છું. તારા કટકા કરીને બોમાં ભંડારી દઇશ, ને જગત જાણવાય નહિ પામે.'

' સુખેથી. '

' તો એમ કર. તું પાલીતાણા તાબે ગામ ગારિયાધારનો રહીશ છે ને ? ભલે, તો તું ચાલ મારી સાથે મુંબઇ.'

'મુંબઇ !'

'હા, ત્યાં પાલીતાણા ઠાકોર સૂરસંગજી છે. એ તું ચારણ હોવાનું જણાવે તો જ તારો છુટકારો છે, નહિતર—હું કોણ છું તે તું જાણુછ? હું દાંતાનો જસવંતસિંહજી. અને મારે તને એની પાસે લઇ જઇને ચોવટ–ચર્ચા કરવી નથી.'

'ત્યારે ?'

'આપણે એને મળવા જશું, તું એને બિરદાવે એથી સૂરસંગજી ગાદીને જો સામા ચાલી તને ભેટે, તો માનીશ કે તું ચારણ છે.'

આ સમજણ બરાબર હતી. નાનભાઇ ગઢવીએ તે કબૂલ રાખી.

મુંબઈ પહોંચીને નાનભાઈ ગઢવી પાલીતાણા ઠાકોર સૂરસિંહજી પાસે પહોંચ્યા. પાપછૂટી વાત કહીને પછી ઉમેર્યું: 'બાપુ, હું જાણું છું કે દાંતાના રાણા મને જીવતો નહિ મૂકે. બચાવ તમારે હાથ છે. મેં બનાવટ કરી છે તે ખરું, પણ તમારી અપકીર્તિ કરી નથી. કોઇનું બગાડયું નથી. ગાયા હશે તો તમારા ગુણ ગાયા હશે. તો પછી મને જીવતદાન દેવામાં તમને શો વાંધો છે? હું ફક્ત એટલું જ માગું છું, કે મારે દુહે તમે ઊઠીને મને મળો.'

વાત સૂરસિંહજીને ગળે ઊતરી. જૂઠું બોલવાનો કોઇ પ્રશ્ન નહોતો. કહ્યું કે 'સારું જા.'

પછી જસવંતસંગજીની હાજરીમાં જ્યારે નાનભાઇ ચારણે સૂરસિંહજીને બિરદાવતે બિરદાવતે—

એકલવેણો, એકરંગો, એકે જુવો અનેક;
એકે રજવટ ઉજળી, એવો એકે સૂરો એક.

એવો દુહો કહ્યો, કે તુરત સૂરસિંહજી ઊભા થઇ, સામે ચાલી નાનભાઇને ભેટયા, અને દાંતા દરબારના પંજામાંથી છૂટી જઈ પોતે વે'તા મેલ્યાં, તે વે'લું આવે ગારિયાધાર !

ચારણવેશ છોડી દીધો છે. સોની હતો તે સોની થઈને જ રહે છે. ડાયરામાં બેસતો નથી. રાણીંગ સોની ભયંકર મોતને ભાળી ચૂક્યો છે. ચારણોને ખબર પડી ગઈ હતી. મનમાં સૌ હસે છે. પણ ભવાડો કોઈએ કર્યો નથી. કહે કે ‘ હશે ભાઈ ! છેવટ વેશ પણ આપણો દિપાવ્યો તો છે ના ! કોઈની અપકીર્તિ કરાવી છે કાંઈ? એ પૈસા રળી આવ્યો હોય તો ય આપણે વેશે રળી આવ્યો છે ને ! ચોરડાકુનાં કામાં તો નથી કર્યાં. ? ’

આ વાતને વર્ષો વીત્યાં હતાં. રાણીંગ સોની તો એરણ હથોડી અને ફૂંકણી લઈને ઘાટ ઘડવાના કામમાં તલ્લીન હતો. એ વખતે કોઈક પાસેથી જાણવા મળ્યું કે પાલીતાણે તો મામલો મચ્યો છે.

‘ શેનો મામલો ? ’

‘ ચારણો ત્રાગું કરવા બેઠા છે. ઠાકોર સૂરસિંહજીએ ચારણોની જમીનો આંચકી લીધી છે તે વિશે ઘણું કરગર્યા, દલીલો, અરજીઓ કરી, પણ સૂરસિંહજી વિફરી ગયા છે. એટલે છેવટ ચારણ કોમ મરવાને માર્ગે ચડી છે.’

‘ હા ! ઠીક ભાઈ ! એ તો હોય જ ના ! ’ એટલા મિતાક્ષરી ઉદ્ગારો કાઢીને રાણીંગ સોની તો પાછો દેવતા ફૂંકવા મંડી પડ્યો. પીતળની ધમણી મોંએ લગાડી ગલોફાં જાણે હમણાં ચિરાઈ જશે એટલી જોરશીલી ફૂંકો દેવા માંડી, અને અગ્નિની વચ્ચે મૂકેલી કૂલડીની આસપાસ, લાલ, લીલા, વાદળી વગેરે રંગોની જ્વાળાઓ રમતે ચડી. કૂલડીમાં પડેલી સોનાની કટકી હજુ ચસ દેતી નહોતી, ઓગળતી નહોતી, એથી રાણીંગ સોનીની ફૂંકો વધુ ને વધુ જોરથી ધમણીમાં ઘુંટાવા લાગી અને ચીપિયો લઈને એણે છાણાં આઘાંપાછાં ગોઠવી કૂલડીને લાગમાં લીધી. આખરે સોનું ઓગળ્યું, ઢાળકી પડી, મોડી રાત સુધી બેસીને રાણીંગ સોનીએ ઘાટ ઘડી પૂરો કર્યો અને ધણીને તોલ કરી દઈ પછી પોતે રોજની રીતે ચુપચાપ ઘેર ચાલ્યો ગયો.

વળતા દિવસના પ્રભાતે પાલીતાણાની રાજદેવડીની સામે ત્રાગાં કરવા તૈયાર થઈ બેઠેલા ચારણદાયરાએ દૂરથી એક આદમીને આવતો દીઠો. આંખ ઉપર હાથની છાજલી કરીને સૌ ઓળખવા પ્રયત્ન કરવા લાગ્યા.

'ભાળો આ તે કોણ ચારણ ?'

'કોઈ ઓળખતો નથી.'

નજીક આવ્યો. ઓળખાણો. 'અરે આ તો રાણીંગ સોની. ગારિયાધારના.

વધુ નજીક આવ્યો. એના હાથમાં શું છે?

હાથમાંની ચીજ પણ ઓળખાણી: 'અરે, હાથમાં બેરજી છે. ભાળો બેરજી અમને અટાણે શું આવતો હશે!'

બેરજી એટલે સોનું ઓગાળીને ઢાળ પાડવાનું સોનીનું ઓજાર, જેને અણી હોય છે.

ત્યાં તો રાણીંગ સોની ઝડપભેર લગોલગ આવી પહોંચ્યો. ને ચારણોના મુખીએ બૂમ પાડી. 'બાપા! તમે અહીં!'

જવાબ મળ્યો: 'હા બાપ, મેં તમારો વેશ પહેર્યો 'તો.'

એટલું કહેવાની સાથે જ રાણીંગ સોનીએ બેરજીની અણી પોતાના ગળામાં આરપાર પરોવી દીધી. *

★

* આ સાચી વાત છે. એ ત્રાગામાંથી રાણીંગ સોની પાછળથી જીવતો રહ્યો હતો.

ભલે ગાડી મોડી થઇ

સ્ટેશન પર આવ્યા ત્યારે ખબર પડી કે ગાડી તો દોઢ કલાક મોડી છે! યજમાન મૂકવા આવ્યા હતા, તેમને કહ્યું કે તમે તો હવે ઘેર પધારો, ઘણા દિવસનો શ્રમ છે, ઘણી રાતોના ઉજાગરા છે, ને શરીર સારું નથી.

દવાઓની મદદથી જ જેનાં હાડમાંસ ને ચામની પોટલી બંધાયેલ રહેતી હતી તેવા એ સ્નેહીએ જરા વાર તો રોકાવાનો યત્ન કર્યો, પણ પછી કહે, 'ના, ના, ગમતું નથી. ઘેર તો ઊંડ ઊંડ લાગશે. બેઠો છું.'

મન કંઇક કચવાણું. ભાઈ ગયા હોત તો નિરાંતે નોવેલની ચોપડી પૂરી કરી કાઢત. આ તો દોઢ કલાક ખૂટવો કઠણ થશે.

પછી 'ગાડી આવી' એમ સાંભળ્યું ત્યારે થયું કે ગાડી પાંચેક કલાક મોડી હોત તો કેવું સારું હતું! એ બે કલાક પાણીના રેલા પેઠે ચાલ્યા ગયા, અને થેલીમાં પડેલી નવલકથાના કરતાં અધિક રસભરી જીવન-કથાઓનું એક આખું ઝૂમખું જડ્યું.

ચારપાંચ જણા ભેળા થઈ ગયા હતા. વાર્તાલાપના વાણા-તાણા કોઈ વિચિત્ર રીતે ગોઠવાતા ગયા, અને વાત આ રીતે શરૂ થઈ. મેં મારી સાથેના ભાઇને પૂછ્યું:

‘ કાં, કાંઈ હિસાબ બિસાબ આવ્યો કે નહિ ? ’

‘ શેનો ? ’

‘ તમારી ગીતોની રેકર્ડોનો ? ’

‘ ના રે ! ’ કહેતાં મારા સાથીની આંખ ચમકી ઊઠી. ‘ હિસાબ વળી કેવો ? ’

‘ કેટલા સેટ વેચાણા હશે—હું તો માનું છું કે સેંકડો.’

‘ હશે ! ’ ભાઈએ મંદ હાસ્ય કર્યું.

‘ પણ આમ જ ? ’

‘ મેં તમને નહોતી વાત કરી, એક પિનની ડબીની ? ’

‘ શું ? ’

‘ કે મારી રેકર્ડો ઉતારનારી એ કંપનીની કચેરીમાં મને તેડાવ્યો હતો. ત્યાં મેં એક પિનની ડબી માગી. કંપનીના માલિકે એક ડબી કાઢી. એમાંથી પિનો થોડીક હતી તે મને આપી, ડબી રાખી લીધી ! એની પાસેથી મારા સેંકડો વેચાયેલ સેટનો હિસાબ શો વળી ? ’

‘ પણ કાંઈ લખત બખત ? ’

‘ કાંઈ નહિ ના ! ’

‘ કાં ? ’

‘ મને એવી કંઈ ખબર નહોતી. ને એમણે મને કહ્યું હતું કે આ તો આપણું સ્વદેશી સાહસ છે, આ તો રાષ્ટ્રને ખાતર સેવા કરીએ છીએ.’

‘ રાષ્ટ્ર ! સાચું.’ મેં રાષ્ટ્રને વટાવી જનારાઓનો ઠીક ઠીક અનુભવ હોવાથી થૂંકનો ઘૂંટડો ગળે ઉતારતાં ઉતારતાં કહ્યું; ત્યાં એણે ઉમેર્યું :

‘ ને ભાઈ, ગયે વખતે અમે પરદેશી કંપનીમાં રેકર્ડ ઉતરાવી એની એને ખબર પડી ત્યારે તો એણે શું રોષ કર્યો’તો અમારા

ઉપર! લાલચોળ બની જઈને એણે, અમારા...બાઈની ચૂડ કાઢી નાખી કે ઈ પરદેશી 'કૂતરા'ને જઈને આપી આવ્યા?

'એમ! એટલી બધી વાત. કૂતરો કહ્યો?'

'હા જ તો, ઓલ્યું ગ્રામોફોન સાંભળતા કૂતરાનું ચીતર હોય છે ના, ઈ પરથી કૂતરો કહ્યો.'

બેઠેલી મંડળીમાંથી બીજા એક ભાઈએ આ સાંભળીને વાત ઉપાડી: 'કરોડોની નીપજવાળા એક રાજ્યના ધણીની હું વાત કહું. અમારા મહારાજાના એ મહારાજા દિલોજાન દોસ્ત. ને હું તો કહેવાઉં ચાકર, પણ મહારાજા મારા સાહિત્યના શોખીન, મારી વાતોમાં વિનોદ લેનારા, એટલે મને પણ એ મોટા રાજ્યમાં એના દોસ્ત મહારાજાસાહેબ પાસે લઈ જાય. ત્યાં પણ મારે દિલોજાન દોસ્તી બંધાઈ ગઈ. એટલે સુધી કે એ બેઉ જણા ગંજીપે જુગાર રમે તેમાં મને પણ રમવા બેસારે. હવે એ તો થઈ પૈસથી રમવાની રમત. એમાં જેનાં પાનાંમાં જોકર આવે તે રમનાર પોતે જે કાંઈ રકમ કહી હોય તે મુજબ જીતે. એકવાર રમતાં રમતાં એ કોટ્યાધિપતિ મહારાજા મને કહે કે 'હાં, દાનજી, તારામાં જોકર આવ્યો લાગે છે!'

પૂછ્યું 'સાહેબ, આપે કેમ કરી જાણ્યું?'

કહે કે 'તું તારાં પત્તાં જોઈને મલકાઈ રહ્યો છે તેથી. તારામાં જોકર હશે તે જોઈને મલકાતો હઈશ.'

એ વખતે મેં મારે જે ઘણા વખતથી કહેવું હતું તે કહેવાની તક લીધી: 'જોકરને જોઈને ન હસું તો શું તમને જોઈને હસું, સાહેબ! તમારા કરતાં જોકરનું મોઢું સારું છે. એ મને બે પૈસાની પણ પ્રાપ્તિ કરાવશે. જ્યારે તમે તો મને, ગરીબ પગારદારને, જોડે રમવા બેસારીને આ તો કદી વિચાર જ નથી કર્યો, કે હું જે હારું તે ક્યાંથી ભરી શકાશ! તમે મને એક પાઈ પણ આપો છો?'

'પછી એ કાંઈ બોલ્યા?'

'હા, એટલું કહે કે 'કૈસા બેવકૂફ હૈ! કૈસા બેવકૂફ હૈ!'

મંડળીમાંના ત્રીજા ભાઈએ તુરત તાગડો ઉપાડી લીધો: 'ઉદાર કેમ બનાય છે તે કહું. થોડાં વર્ષો થયાં. મહુવા ગામમાં એક જાહેર મેળાવડો હતો. મહુવાના મુલકમશહૂર દાનેશ્વરી એક ખોજા શેઠના માનમાં મળેલ એ ભપકેદાર મેળાવડામાં મેં નવાઈ દીઠી. મેજ ઉપર લોઢાનાં એક કોદાળી ને એક પાવડો, હાથા વગરનાં, મૂકવામાં આવ્યાં હતાં. પોતાને માટેની તારીફ પૂરી થઇ ચૂકયા પછી શેઠ પોતે ઊભા થયા ને એમણે જણાવ્યું: ભાઇઓ, તમે આ જે કોદાળી પાવડો જુઓ છો ને, એને મેં મારી મૂળ કારકિર્દિની યાદ તાજી કરવા માટે અહીં મુકાવ્યાં છે. હું મનજી ખોજો, આંહીં બાળીઆ ખોદીને મજૂરીમાંથી ગુજારો કરતો એ તો તમારામાંથી ઘણાએ જોયું પણ હશે. એક દિવસ, માંડ માંડ ફક્ત ત્રણ રૂપિયાની મૂડી કરીને હું વહાણે ચડયો, મુંબઈ ગયો. ત્યાં પાટો ન બાઝતાં હું કોઈ પણ ઈલાજે કલકત્તા પહોંચ્યો. હાવરાના સ્ટેશન પર ઊતર્યો ત્યારે મોડી રાત થઈ ગઈ હતી. ને મારા ખિસ્સામાં જોયું તો ફક્ત છ આના સિલિકમાં હતા. હું શહેરમાં ચાલ્યો. ચાલતો હતો. ચાલ્યા જ કરતો હતો. ચાલવા વગર બીજું કરું શું? મને ખબર નહોતી કે કયાં જવું ને કયાં સૂવું. મારે રાત કાઢવી હતી. પણ રાત કયાં વિતાવું? ચાલ્યો જ જાઉં છું. એક વીજળીના ફાનસ પાસે થોડી વાર ઊભો છું. એમાં એક મોટર નીકળે છે. અચાનક મોટર મારી પાસે ઊભી રહે છે. અંદર બેઠેલા ગૃહસ્થ મને પૂછે છે. 'કોણ છો? કાઠિયાવાડના છો?'

મેં કહ્યું, 'હા આંહીં ધંધા માટે આવેલ છું.'

'ઠીક, આ લ્યો આ સરનામું. તમે મારી પેઢી પર આવજો કાલે.'

'આવજો—કાલે!'

એટલા જ શબ્દો મારા કાન પર નાખીને મોટર ઊપડે છે, ને હું ધ્રૂજી ઊઠું છું. 'આવજો કાલે!' ભાઇઓ, આપણે કાલની વાત કરીએ છીએ. પણ વચ્ચે પડેલી રાતને ભૂલી જઇએ છીએ! મારે માટે પ્રશ્ન આવતી કાલનો નહોતો, એ રાતનો, એ અધરાતનો હતો.

થોડેક જઇને મોટર પાછી થંભી. મને બોલાવ્યો ને કહ્યું, 'તમારે ક્યાં જવું છે?'

'ક્યાંઈ નહિ.'

'કાં?'

'મને ખબર નથી, કે ક્યાં જવું?'

'હા, મને પણ એ જ વિચાર આવ્યો, કે તમે અજાણ્યા હશો, અરધી રાતે ક્યાં જશો? માટે જ હું ઊભો રહ્યો. ચાલો, બેસી જાવ ગાડીમાં.'

ગૃહસ્થો, તે પછી તો હું કરોડોનો ધણી થયો છું. ને કરોડોની મેં સખાવત કરી છે, પણ એ કલકત્તાવાળી રાતને હું ભૂલ્યો નથી. ને એ નથી ભૂલ્યો તેથી જ મેં કદી કોઇ પણ માગવા આવનારને 'કાલે આવજો' એ કહ્યું નથી. મારાથી બન્યું તે મેં તે જ ક્ષણે આપ્યું છે. કારણ કે કાલની ને આજની વચ્ચે એક રાત છે—ને એ રાત ભયંકર છે, આટલું હું ભૂલ્યો નથી, ભૂલી શક્યો નથી. એટલે જ મારી પેઢીના પ્રત્યેક ટેબલ પર મેં કોતરાવ્યા છે આ શબ્દો કે 'તરત દાન ને મહાપુણ્ય' 'તરત દાન ને મહાપુણ્ય.'

'આવું ભાષણ એ શેઠ મનજી નથુનું, અમારા ગામમાં છેલ્લું ભાષણ હતું, ભાઈ. ઉદારતાની ચાવી એક જ છે: પોતાને માથે વીતેલાં વિતકોની નાની શી પણ યાદ.'

'ત્યારે હું તમને એક નાકની વાળીની વાત સંભળાવું.' એમ બોલીને એક ત્રીજા ભાઇએ મંડળીના કાનને ઉત્સુક કર્યા. ને એણે પણ જીવતા જ જીવનનો નીચલો કિસ્સો કહ્યો—

પોરબંદરવાળા શેઠ અલી દીના વિશરામને તો સૌ જાણતા હશો. પૂર્વ આફ્રિકાના એ તો રાજા કહેવાય. એના મરણ બાદ એની કરોડોની પેઢી, એના દીકરાના હાથમાં, સફા થઈ ગઈ. (ઘણું કરીને તો એનું નામ ગુલામહુસેન કહ્યું છે.) પેઢી સાવ સાફ, ઘર પણ ખાલી, અને ગુલામહુસેન શેઠ ગંભીર લાંબી માંદગીને બિછાને. એમાં એક દિવસ મકાનને બારણે એક માણસ આવી ઊભો રહ્યો. એની અને ઘરનાં લોકોની વચ્ચે કંઈક શબ્દોની રકાઝક થતી હતી તે મેડીએ સૂતેલા માંદા શેઠને કાને પડી. પૂછ્યું, કોણ છે? શું કામ છે?

'કંઈ નથી. જવા દોને!' માણસે એટલું જ કહ્યું, પણ એનો મર્મ મોટો હતો. પચાસ વર્ષથી અઢળક રળનારા અને અઢળક દેનારા એ 'રાજા'ના ઘરમાં આજે ઝેર ખાવા પણ કંઈ નહોતું રહ્યું, તો માગવા આવનારને આપવા શું હોય?

'પણ એને ઉપર તો બોલાવો! હું જોઈને તો સંતોષ લઉં.' જીવ જેના ખોળિયા સાથે આખરની બાંધછોડ કરી રહ્યો હતો તે બેકાર માલિકે ઉગ્ર ઇચ્છા જાહેર કરી.

આવેલ માણસને ઉપર લાવવામાં આવ્યો. આવનારે કદી કલ્પ્યું નહોતું તેવું દૃશ્ય દીઠું. કંગાલિયતને ખોળે એક કોટ્યાધિપતિના છેલ્લા દહાડા ગણાતા હતા.

'કોણ છો, ભાઈ?'

'કાઠિયાવાડનો બામણ છું.'

'કેમ આવેલા?'

'મારે દેશ પહોંચવાનું ભાડું નથી.'

'બીજે ક્યાંઇ ન ગયા? આંહીંના હવાલ નહોતા જાણતા?'

'જાણતો હતો. પણ બીજાઓ જેઓ જાણતા હતા તેમણે જ મને આંહીં ધકેલ્યો. કહ્યું, કે તમે દેશો.' એમ કહીને બ્રાહ્મણે ચોમેર શરમિંદી નજર ફેરવી.

બીમાર શેઠે થોડીક વાર આંખો મીંચી લીધી ને પછી આંખો ખોલીને પાસે ઊભેલા માણસ, કે જે આ જ પેઢીમાંથી લાખો રળીને સ્વતંત્ર વ્યાપારના ધણીઓ બનેલા માંહેલા એક હતા, તેને આ દશા પર ચૂપકીદી રાખીને ઊભેલ દીઠા.

પછી એણે પોતાની સ્ત્રી તરફ જોયું, સ્ત્રીનાં અંગો પર ભમતી એની દૃષ્ટિ સ્ત્રીના નાક પર થંભી, ને એણે સ્ત્રીને કહ્યું:

'ત્રણ—ત્રણ—ત્રણ દી' પછી તો—તારે—આ—નાક—ની વાળી કાઢી નાખવી પડશે ના !'

સ્ત્રીએ નીચે જોયું, ને એનાં નેત્રો ટપક્યાં, પુરુષે કહ્યું:

'હું—સા—ચું કઉં—છું. ત્રણ દી'થી વધુ હું ખેંચનાર નથી. ત્રીજે દી'એ તારે એ નાકની વાળી કાઢવાની જ છે. તો—તો—અત્યારે જ આપણા ઘરની પચાસ વર્ષની રસમ ખાતર—કાઢી—દેને !'

સ્ત્રીએ નાક ખાલી કર્યું, વાળી ખાવિંદના હાથમાં મૂકી, અને અને બીમારે એ વાળી પોતાના માણસને દેતાં દેતાં કહ્યું; 'આને વેચો, બ્રાહ્મણને ભાડું આપો, ને બાકીના પાછા લાવજો.'

ત્રીજે દિવસે શેઠનો દેહ છૂટી ગયો બાઇ !

એટલું કહીને એ ચૂપ રહે છે ત્યાં જ ચોથા ભાઇએ કહ્યું: 'એમ તો આ વિઠ્ઠલ સાહેબ, હતા પરદેશી, ગોરા હતા, પણ એની સખાવતો આ ઝાલાવાડમાં હજુ પણ એની ભાણેજ મિસિસ ચેધમે વિદેશ બેઠે બેઠે ચાલુ રાખી છે, એ તો વિચારો !'

'અરે હાં.' કહેતા ત્રીજા ભાઇ બોલી ઊઠયા; 'એ પણ સમજવા જેવો કિસ્સો છે. વિઠ્ઠલ સાહેબ કોણ હતા ને આંહીં કેમ કરીને તાલેવાન બન્યા જાણો છો? આ રાણપુર ગામમાં તમારા મ્યુનિસિપાલિટીના માજી સેક્રેટરી ઝીણાભાઇ છે ના, એના જ ઘરના વડવા નાનચંદ શેઠ ધોલેરાના જીનમાં વિઠ્ઠલ સાહેબ ઇજનેર હતો.

એમાં એની બૈરી મરી જતાં એને વીમાના પચાસ હજાર મળ્યા. એકાએક નાનચંદ શેઠની આસામી કાચી પડી. વિઠ્ઠલ સાહેબ કહે કે 'શેઠ, આ લ્યો આ મારા રૂપિયા, ને માંડો ચૂકવવા.'

'ના રે ભાઇ, એ તો તમારી વીમાની કમાણી!'

'પણ એ મારી છે, ને હું તારો છું. લે તું તારે!'

'એમ તો ન લઉં. મારું જીન તું રાખી લે, તો જ હું નાણાં લઉં.'

'એ જીન વિઠ્ઠલ સાહેબને સોંપાયું ને એમાંથી વિઠ્ઠલે ગામોગામ કારખાનાં કર્યાં, ગામોગામ સખાવતો વેરી દીધી. ઉદારતાની ચાવી આ છે ભાઇ, આ માણસાઇ છે.'

આવી રસભરી વાતો ચાલવા ટાણે મારો ભાઇબંધ વિનાયક મોં ભારેખમ રાખીને બેઠો હતો. મેં કહ્યું, 'અલ્યા કેમ સોગિયો બેઠો છે?'

'ત્યારે શું કરું!' વિનાયકે મોં બગાડ્યું: 'તમારી વાતો જ સોગિયાવેડાથી ભરેલી છે: કો'કનાં દાન કે કો'કની કંજૂસાઇ ને કો'કના મંદવાડ, એ તે શું કરવા જેવી વાતો છે! નહિ કાંઇ રોનક, નહિ કાંઇ ટીખળ; જ્યાં જુઓ ત્યાં ઉપદેશ, બોધ, નીતિ, દાનવીરપણું......હવે તો બકારી આવે છે, આ બધો ઉપદેશ આરોગી આરોગીને!'

'છે ને ટણક!' મેં ટીકા કરી.

'આ લ્યો ત્યારે, આ દુંદાળા દઃખભંજણો પધાર્યા.' અમારામાંના એકે સામે જોઇને સ્વાગત કર્યું. એ આવનાર રેલવે લાઇન પર 'ગણપતિ' નામે ઓળખાતા હતા. ગણપતિમાં એક સૂંઢની જ ન્યૂનતા હતી. તે સિવાય એમનું દર્શન માત્ર જ ગોળ ગોળ ચૂરમાના લાડુનું સ્મરણ કરાવવા માટે અને એનો આસ્વાદ અમારાં જઠરમાં પ્રદીપ્ત કરવાને માટે પૂરતું હતું. ઉપરાંત પુરાણોના પ્રિય મંગલમય

દુંદાળા દેવને કદરૂપ કલ્પનારો હું પોતે જ આ માનવ–ગણપતિની મૂર્તિ દેખી મારો મત પલ એકમાં બદલાવી બેઠો.

ગૌર બદન : નમણું મોં : પહાડી દેહપરિમાણ. કોટનું ફક્ત એક વચલું બટન, અને તે પણ માંડ માંડ બિડાયું હોય તેવું બોલી દેતી એની ફાંદ હતી. માથા પરથી ટોપો ઉતારીને તે વડે શરીરને વાહર નાખતા બેસનારા એ હતા ત્યાંના સ્ટેશન માસ્તર સાહેબ. કહે કે–

'ઓફિસમાં બેઠો હતો ને થયું કે બહાર આટલું બધું હસે છે કોણ?

'આમના બાપુએ,' અમારામાંના એકે હસવાની વાત પરથી ત્રાગ સાંધ્યો, 'એક અશક્ય કામને શક્ય બનાવ્યું હતું. કેમ દુંદાળા દેવ, યાદ છે ને?'

'હા.' સ્ટેશન માસ્તરે સમજાવ્યું: 'ગોંડળના મહારાજા મર્હૂમ સર ભગવતસિંહજીને હસાવ્યા હતા એક ફક્ત મારા પિતાએ.' ને એના મોં પર ગર્વ પ્રસરી રહ્યો.

'ખરેખર?' અમારામાંના ત્રણચારનાં મોંમાંથી સામટો પ્રશ્ન નીકળી ગયો, અમે જાણતા હતા કે સ્વર્ગસ્થ સર ભગવતને હસાવવા એ પથ્થરને હસાવવાનો યત્ન કરવા બરોબર હતું. કોઈ પણ મળવા જનાર માણસ, પછી એ મહેમાન હો, અરજદાર હો, ચિત્રવિચિત્ર પ્રકારનો માણસ હો, ચાહે તેવો ટીખળી ચારણ હો કે એના મોં પર ન કહેવાના શબ્દો બોલનાર કોઈ બળ્યુંઝળ્યું પ્રજાજન હો, હસાવી તો કોઈ એને શક્યું નથી, એના મોં પરની એક રેખાને પણ કોઈ હલાવી શક્યું નથી.

ભગવત બાપુને એમના બાપુએ શું કરીને હસાવ્યા તેની વાત પછી એ જાણકારે કહી—

'ગોંડળ રેલવે પર હડતાલ પડી. એ હડતાલને સર ભગવતે કચડી નાખી. કેટલા યે નોકરોને તોડી નાખ્યા. એમાંના એક તે

આ આપણા દુંદાળા દેવ. બીજા જે જે છૂટચા તેની કોઈની તો, મહારાજાને પગે પાઘડી ઉતારવાથી પણ કારી ફાવી નહિ, કોઈનાં આંસુએ પણ અસર કરી નહિ, કોઇનાં બાલબચ્ચાં ને ઓરતના વિલાપથી પણ મહારાજા પીગળ્યા નહિ, પણ આ દુંદાળા દેવના બાપુએ જઇને આમ અરજ કરી: કે ગરીબપરવર, દોષ તો દીકરે કર્યો, પણ એની સજા મને એના નિર્દોષ બાપને કાં કરી? આજ હવે જિંદગીને છેડે જતાં મારી પ્રતિજ્ઞા તોડાવશો હજૂર?'

'શી રીતે?' મહારાજાએ પ્રશ્ન કર્યો. તેનો આમના પિતાએ જવાબ વાળ્યો કે, 'ગરીબપરવર, જે દી'થી દીકરો રેલવેમાં છે તે દી'થી હું બજારનાં પાન ખાઇ શકતો નથી, મને રેલવેનાં પાર્સલો-માંથી જ પાન કઢાવીને ખાવાની આદત પડી છે; તેમ નથી મેં આટલાં વર્ષોથી બજારની કેરી ચાખી. મારે પારકાં પાર્સલોની સારામાં સારી કેરીઓ કઢાવીને જમવા બેસવાનો અભ્યાસ છે. એ જ મુજબ સોપારીનું છે, મોસંબીનું છે, હરકોઇ ખાવા વાપરવાની વસ્તુનું છે. બહારની ચીજો મેં તો હરામ જેવી કરી છે. આજે હવે હું ઘેર જઇને જીવી શી રીતે શકીશ તેનો વિચાર કરો. મને નિર્દોષને શીદ મારો છો? મેં નથી હડતાલ પડાવી, કે નથી રેલવેની નોકરી કરી!'

મહારાજાનું મોં આ વખતે જિંદગી ધરીને બીજી ત્રીજી વાર જ મલક્યું, ને એણે આ દુંદાળા દેવને પાછા રાખી લેવા તુરત હુકમ દીધો. એટલે આના બાપુએ ફરી કહ્યું: 'હજૂર, મને તો અત્યારે બે ફાયદા થયા: એક તો દીકરાની નોકરી સંધાણી, ને બીજું, મને... દરબાર સાહેબ તરફથી બસો રૂપિયા મળ્યા!

'રૂપિયા શેના?' મહારાજાએ પૂછ્યું.

'આપને હસાવવાના.'

'એટલે?'

'માણાવદરના દરબાર સાહેબે વચન દીધું છે કે જો હું આપને હસાવું તો મને એ રૂપિયા બસોનું ઇનામ આપે!'

એ સાંભળીને એ પથ્થરને ફરીવાર હસવું આવેલું. આમ બબ્બે વાર ઠાકોર ભગવતસિંહજીને હસાવનાર માણસ બીજો કોઈ નીકળ્યો નથી હજુ સુધી.'

'બાપા બેઠા છે ને?' મેં હુંદાળા દેવને પૂછ્યું.

'ના ભાઈ, એ તો આબરૂ સથૂકા ગયા. નહિતર અત્યારના કાળમાં હવે એમની જીવનભરની પ્રતિજ્ઞા પાળી શકાત નહિ. સમય બહુ ખરાબ આવ્યો. માણસોનાં મન છીછરાં બની ગયાં. પાંચ પચાસ પાન કાઢી લઈએ તો હજુ પાનના કરંડિયાવાળા તો કાંઈ બોલતા નથી, પણ હવે પાંચ હાફૂસ કાઢતાં તો મોટા શેઠિયા ય ફરિયાદે દોડે છે, છાપાંમાં લખાવે તે વળી લટકાનું.'

'હા, બાપા બિચારા બહુ દુઃખી થઈ જાત. ભેજળે મોઢે ગયા એ તો.' વિનાયક, કે જે હવે રંગમાં આવતો જતો હતો તે બોલી ઊઠ્યો.

એટલામાં 'તો ફાટી નીકળ્યો છે ને કાંઈ! ચારે કોર બસ ફાટી જ નીકળ્યો છે!' એવા શબ્દો અમારી પછવાડે સંભળાયા અને જોઈએ તો દડબૂભાઈ બે હાથ પહોળા કરીને ગંભાર મોઢું રાખી બોલતા ઊભા છેઃ 'ગઝબ ફાટી નીકળ્યો છે.' કપાળે ચાંદલો ને તે પર ચોખા ચોડેલા!

'ઓહો! દડબૂભાઈ, શું આ? પરણવા?'

'ના, ઘરઘવા.'

'સિંગાપૂર પાછા જાવ છો શું?'

'હા, એટલે જ કહું છું ને, કે ઘરઘવા નીકળ્યો છું.'

'કેમ એમ?'

'એ તો એમ, કે લડાઈ પૂર્વે જે અમે મલાયા બમાં જઈ રહેતા તે પરણેતર જેવું હતું, હવે તો રાંડેલા જેવા પાછા જઈએ છીએ, હવેનું ત્યાં રહેવું ઘરઘરણા જેવું જ હશે. મૂળનો સ્વાદ રહ્યો નહિ હોય.'

વિનાયક હવે ઠીક ઠીક રંગમાં આવી જઈ બેઠો થયો હતો. એણે પૂછ્યું:

'તે ફાટી નીકળ્યો છે એવું શું કહેતાંતા?'

'રોગચાળો.'

'શેનો?'

'લગનગાળાનો જ તો! કાંઈ જેવો તેવો ફાટી નીકળ્યો છે! હવાને જ અગાડી મૂકી છે. મરકી, કોગળિયું, ઓરી, અછબડા, મેનેન્જાઈટીસ ને મેલેરિયા, એ તો બચાડા મુદ્દતિયા રોગચાળા. બે પાંચ મહિના રહીને ચાલ્યા જાય, પણ આ લગનગાળાનો રોગચાળો, કોઈ દિવસ નહોતો સાંભળ્યો એવા મહિનામાં ય ચાલુ રહે છે. સિંગાપૂર જવું છે તો પણ હું એટલા માટે તો અમાસ ને બુધવાર બેઉ કજોગ ભેગા જોઈને નીકળ્યો. છતાં ગાડી ત્રણ કલાક મોડી. ને આવશે ત્યારે ય સેકન્ડ ક્લાસમાં પણ જો ઊભવા જેટલી જગ્યા જુઓ તો મને કટચ કહેજો. રોગચાળો રગેરગમાં ઊતરી ગયો છે.'

દડુભાઈ આ સ્ટેશનની નજીકના એક ગામના વતની હતા. અને સિંગાપૂરમાં એમના ત્રણે ભાઈઓ સહિત એક ધીકતી પેઢી ચલાવતા હતા. હિંદથી ચીન જાપાન જનારા સંખ્યાબંધ ગુજરાતીઓનું સિંગાપૂર ખાતેનું વિરામસ્થાન દડુભાઈને ઘેર હતું.

જાપાન સાથેની લડાઈ ફાટ્યા પછી જ એ અણીના ચૂક્યા અહીં ઘરભેગા થયા હતા.

'બેસો બેસો દડુભાઈ,' મેં એમને વાતે ચડાવ્યા; 'પોતે તો રૂપાળા પરણી પરણીને દસ દસ વરસથી હિલોળા કરવા અને બીજા-ઓનાં લગનને રોગચાળો કહેવો એ કાંઈ ન્યાય નથી. પણ હવે અમને કહો, જાપાન લડાઈમાં ઊતરી પડશે એવાં તમને કાંઈ ગંધ ત્યાં સિંગાપૂરમાં આવેલ ખરી?'

'હા.' અને એમણે વાત શરૂ કરી: 'નાતાલના દિવસો નજીક હતા. મારે એક સંબંધી ગોરા વેપારીને ક્રિસ્ટ્મસની કંઈક ભેટ આપવી હતી. એ ખરીદવા હું એક જાપાની સ્ટૉલ પર ગયો. પૂછ્યું:

'ઇલેકટ્રીક ટોય-ટ્રેઈન છે?' ઇલેકટ્રીક ટોય-ટ્રેઇન એટલે છોકરાંને રમવાની, વીજળીથી ચાલતી આગગાડી.

જવાબમાં જપાની વિક્રેતાએ મોઢું મલકાવીને મારી પાસે એક લાકડાની નાનકડી રમકડાં-સ્ટીમર ધરી.

મેં કહ્યું: 'આને તો શું કરું? આનો તો દેખાવ જ ખરાબ છે.'

'દેખાવ શીદ જુઓ છો? એનો ગુણ તો વિચારો! ઇત કેન ગો તૂ જાવા, ઇત કેન રન તૂ બોર્નિયો, તૂ ફિલિપાઇન્સ, તૂ બર્મા, તૂ પર્લ હાર્બર, તૂ આંદામાન્સ, ઇત કેન ગો તૂ એની પ્લેસ ઇન ધી પેસિફિક એન્દ ઇન ધ ઇન્દીઅન ઓશન!'

'ટ'ને બદલે 'ત' ઉચ્ચારણ કરતે કરતે આ વાક્ય જ્યારે એ બોલી રહ્યો હતો ત્યારે એનો હાથ એ રમકડાં-સ્ટીમરને કાઉન્ટર ઉપર અહીં ને તહીં બધે દોડાવતો હતો.

હું એની સામે સચિંત નજરે જોઈ રહ્યો. એ મારી સામે મોં મલકાવતો હતો ને કહેતો હતો, 'તેક ઇત, વેરી નાઇસ, વેરી સ્વિફ્ત, ઇત કેન ગો એનીવ્હેર.' (લઈ જાઓ, બહુ સરસ છે, ઝડપી છે, ગમે ત્યાં જઈ શકશે.)

આ શબ્દો મને એ જ સમયે રહસ્યપૂર્ણ લાગ્યા હતા. જાપાની બનાવટનું એ બેડોળ તકલાદી રમકડું બતાવી એણે મને વ્યંગમાં સમજાવી આપ્યું કે રમકડા જેવું ટપૂકડું જાપાની નૌકા-બળ થોડા જ વખતમાં કેવા ઉલ્કાપાત કરી મૂકવાનું હતું.

આ શબ્દોમાં એ લોકોની સંપૂર્ણ તૈયારીનો ગુપ્ત મર્મ હતો. તે પછી તો થોડા જ દિવસમાં રિનાઉન અને પ્રિન્સ ઓફ વેલ્સ

બ્રિટિશ યુદ્ધજહાજોને એમણે તોડી, પર્લ હાર્બરના ભુક્કા કરી જે રમખાણુ મચાવ્યું તે જાણો છો.'

'સીંગાપોરમાં પછી તમારી શી હાલત થઇ?' મેં પૂછ્યું.

'બોમ્બના હુમલાથી અમારી શી હાલત થઇ તે તો એક જ કિસ્સા વડે કહું. મારો નાનોભાઇ મને કહે કે 'મોટા ભાઇ, પરમ દિવસે આખો દિવસ તમે ગુજરાતી ભાષાનો એક પણ શબ્દ બોલ્યા વગર હિંદીમાં જ વાતો કર્યા કરતા હતા તે યાદ છે? મેં કહ્યું કે 'ના ભૈ!' એ કહે કે 'હા.' હું સમજી ગયો. એક સવારે જપાની બોમ્બરો આવ્યાં, શહેર પર મોત વરસાવ્યું, હું એ પડતી ઇમારતો ને માણસોની ગભરામણભરી નાસભાગ મારી બારીમાંથી જોઇને ઓરડીમાં બેસી ગયો હતો. મેં એ જે જોયું તે દૃશ્યે મને ગુજરાતી ભાષા ભુલાવી દીધી હોવી જોઇએ. મને કંઈ ભાન નહોતું કે હું શું બોલતો હતો. સામાન્ય રીતે હું ગભરાટને વશ થાઉં તેવી પ્રકૃતિનો નથી. જે એક સ્ટીમરમાં હું પાછો વળ્યો તેમાં મોટે ભાગે બૈરાં–છોકરાં હતાં. એમાંના ઘણાંખરાં પંજાબી હતાં, અમને ભયની સાઇરન સાંભળી શું કરવું તેની તાલીમ અપાઈ. અમારે મોતને માટે જ સજ્જ બનવાનું હતું. ઝટ ઝટ લાઇફ–જેકેટ (તરવાનો સરંજામ) ધારણ કરી કેબીનની બહાર નીકળી તૂતક પર આવી ઊભવાનું હતું. અમારી પાછળ જપાની વિમાનોનાં ટોળાં દોટ કાઢતાં હતાં. વારંવાર એ ચડી આવતાં, અમારો પીછો પકડતાં, ભયંકર સાઇરન વાગતી, ને ખુદ છોકરાંની માતાઓ પંજાબણો જીવ લઇને એકલી બહાર નીકળી પડતી, મને કહેતી જતી કે 'બાબુજી, બચ્ચોંકો લેકર આનાં!' હું એ બચ્ચાંને લાઇફ–જેકેટ પહેરાવી બહાર લાવતો, ગભરાતો નહોતો એમ તો નહિ, છતાં કલેજું કાબૂમાં રાખતો. એ જ હું ત્યાં સીંગાપુરમાં ભાષા જ ભૂલી ગયેલો. પણ અમારી સ્ટીમર પર એન્ટી એરક્રેફ્ટ ચલાવનારો એક ગોરો ગોલંદાજ હતો, એની સમતાને હું આજે પણ સંભારું છું. જપાની વિમાનોનું ટોળું ચડી આવે, એ ગોલંદાજ અહીંથી તોપ ચલાવે,

પેલા પાછાં ભાગે, હું ‘ સબ સલામત ’ની સાઈરિન થયે બહાર જઈ એને પૂછું : ‘ કંઈ સંકટ છે ? ’ એ જવાબ આપે કે, ‘ ઓ નો નો, બાબુ, ડોન્ટ બી એફ્રેઈડ ઑફ ધીઝ નેસ્ટી બર્ડ્ઝ. ’ (ઓહ, નહિ રે નહિ, એ કમબખ્ત ગીધડાંથી ડરો નહિ.)

આ શબ્દોને હું કેમ ભૂલી શકું ! પલે પલ જ્યારે જહાજ મૃત્યુની હાથવેંતમાં હતું, શત્રુ–બોમ્બરો ભયાનક ચીસો પાડતાં ધસી આવતાં હતાં, અમારે માટે કોઈ રક્ષણ નહોતું, અફાટ સમુદ્રનાં પાણી પર એક પણ ઓથ નહોતી, એ બાપડાની પાસે એકાદ એન્ટી એરક્રેફ્ટ તોપ હતી, સ્ત્રીઓ બાળકોનાં ક્રંદનો ચાલી રહેતાં, તે વખતે એના પ્રશાંત મોંમાંથી ‘ એ કમબખ્ત પંખીડાંથી કશું જ ડરવાનું નહિ.’ આ શબ્દો નીકળે, ત્યારે હું સીંગાપુરમાં એક જ બોમ્બમારે મારી માતૃભાષા ભૂલી ગયો હતો ! ક્ષેમકુશળ અમે મુંબઈ પહોંચ્યાં ત્યારે મેં જતી વેળા એને પાંચ પાઉન્ડની નોટ કાઢીને આપતાં આપતાં કહ્યું : ‘ લે દોસ્ત, લજ્જતથી શરાબ પીજે. ’

‘ શા માટે ? ’ એણે ચકિત બની પૂછ્યું.

‘ એટલા માટે ભાઈ, કે તેં પેલા શબ્દો વારંવાર કહી કહીને મારા તૂટતા જિગરને ટકાવી રાખ્યું હતું.’

આશ્ચર્યચકિત મોંયે ઊભો ઊભો એ હાથમાં પાંચ પાઉન્ડ રાખી મને જોઈ રહ્યો ને હું ચાલી નીકળ્યો.

‘ અરે વાહ ! ’ અમારા મોંમાંથી ધન્યવાદ નીકળી પડયા, પણ બગડૂભાઈએ છેવટ જતે મોં બગાડીને પેલું અસલ ધ્રુવપદ હાજર કર્યું : ‘ કયાં સાલી એ પ્રજા, ને કયાં આપણી આ લગનના રોગચાળામાં મરી રહેલી પ્રજા ! ’

એ વખતે સ્ટેશન માસ્તરને કોઈક ઑફિસમાં તેડાવ્યા, થોડી-વારે એણે પાછા આવી કહ્યું : “ લ્યો ભાઈ, વધામણી.’

‘ શું છે ? ’

'તાર છે કે અપટ્રેનમાં એક લાડડી આવે છે.'

'એટલે ?'

'એટલે કે એ લાડડીને મારે અહીં ઉતારી લઈ ડાઉન ટ્રેનમાં પાછાં બેસારી દેવાનાં છે.'

'લાડડી ! કન્યા !'

'હા, હા, મૂરતવંતી ચૂંદડી ને ઘરચોળું પહેરેલી, મીંઢળબંધી, આજે જ માવતરે વળાવેલી.'

'પણ એકલી ?'

'હા, એકલી જ તો !'

'ભાગી નીકળી છે ?'

'ના, બદલાઈ ગઈ છે.'

'શું કહો છો ?'

'તાર આવ્યો છે તે જ કહું છું. આગલે જંકશને બે જાનો ગાડી બદલતી હતી. બેઉની લાડડીઓ હતી, આછા નહિ પણ ઘાટા ઘૂંઘટડાવાળી. ઓલી તરફ જવાવાળી જાનમાંથી એની લાડડી ઉતાવળમાં ને ઉતાવળમાં આ જાનની સાથે આ તરફની ગાડીમાં ચડી ગઈ. એને તો હરકોઈ એક જાનમાં જ જોડાઈ જવાનું હતું ખરું ને ?'

માસ્તર મશ્કરી કરતા હતા તેથી મને તો ક્રોધ ચડ્યો: 'પેલો વર કેવો સમજવો ! બાઇડીને મૂકીને ટ્રેનમાં બેસી ગયો !'

'ગાડીઉંના મામલા છે બાપલા !' માસ્તર ઠંડે કલેજે બોલતા હતા : 'કન્યાની વાટ જોવા બેસે તો પોતે ગાડી ચૂકી જાય ને !'

'પણ ગાડીમાં એકલો ઘેરે જઈ એ કમબખ્ત કરત શું ?'

'કરવાનું ક્યાં થોડું છે ! લગનનાં આવક ખરચનો હિસાબ કેટલો ચડી ગયો હશે ! તે રાતે બેસીને નામું લખી નાખત. પછી વળી ખબર પડત ત્યારે પોલીસમાં જાહેર કરત.'

આખરે ગાડી આવી અને જાન જેમાં બેઠેલી તે ડબા પર જઈને સ્ટેશન માસ્તરે એકસ્ટ્રા લાડડીને ઉતાર્યાં. મૂળ વણિક વરરાજાની પરણેતર, તે સોનીની જાન સાથે ચડી ગઈ હતી.

મારા મનમાં એક કરુણ પ્રહસન ભજવાવા લાગ્યું. એક જ જાન સાથે બે કન્યાઓ ચડી ગઈ તેને બદલે જો બેઉ કન્યાઓ અદલ બદલ બની ગઈ હોત, તો રવિબાબુએ 'નૌકાડૂબીમાં' આલેખ્યું છે તેવું જ કંઈક બની બેસત. કન્યાને અગાઉ ન જોયેલી તેવા વર અને વરને અગાઉ ન જોયેલ તેવી વહુ, રાત્રિએ શયનખંડમાં તેમના મેળાપ થાત. જેને સુંદરી સાંપડવાની હતી તેને લલાટે શીળીના ચાઠાં વાળી જડાઈ જાત; અને પેલા રસિક, રૂપાળા સોનાં–ઘાટ ઘડનાર જુવાનને, સાંભળી હતી તે કદરૂપીને બદલે ફૂટડી વાણિયણ મળી રહેત. પણ વિધાતા કદાચ ટીખળ કરવાના તોરમાં આવેલ હશે તે પછી વળતી જ પલે એનું મન ફરી ગયું અને આગલા સ્ટેશને એણે પ્રારંભેલું પ્રહસન પાછું સમેટી લીધું.

'જોયોને રોગચાળો!' એટલું કહીને બગડૂભાઈ હજુ પ્લેટફૉર્મ પર ઊભા ઊભા પેલી ઘૂંઘટાળી લાડડીને દુંદાળા દેવ સ્ટેશન માસ્તર પાસે ઊભેલી જોતા હતા.

'હવે ચાલો ચાલો, ચડી જાવ.' એમ કહીને મેં એનું બાવડું પકડી ગાડીમાં ચડાવ્યા. અને અમારા સંગાથી વિનાયકભાઈની સાથે અમે એ લાડડી સહિત સ્ટેશન માસ્તરને કશીક વાત કરતા પણ જોયા. વિનાયક સામી ગાડીમાં પાછો જવાનો હતો.

'અલ્યા એઈ!' વિનાયક અમને કહેતો હતો, 'આ તો લફરું અને વળગાડવા માગે છે.' એમ કહી એણે દુંદાળા દેવ તરફ જોયું.

'તમને ક્યાં જનમારો વેઠવાનું કહું છું. બાપલા!' સ્ટેશન માસ્તરે અમારી ટ્રેનને લીલી ઝંડી બતાવતાં વિનાયકને કહ્યું: 'ફક્ત એ જાનેવાળાને સોંપી આવે કરાવજોને!'

તે પછી ત્રીજે દિવસે મારે ઘેર મને વિનાયકનો નીચે મુજબનો કાગળ મળ્યો અને મને લાગ્યું કે ગાડી મોડી થઈ તેનો સૌથી વડો લાભ એને સાંપડ્યો. પત્રમાં લખ્યું હતું :

'આપણે બેઠા હતા ત્યારે ચાંદલા કરવા આવેલ મૂંગા બ્રાહ્મણને મારું એકલાનું જ કપાળ ચિંધાડી દઈ તમે બધા મોં ફેરવી ગયા, પણ મને તો એ ચાંદલાનો ચૂકવેલ એક આનો અદ્ભુત રીતે ફળ્યો છે. આ વાંચીને તું સળગ્યા કરજે—

તમારી ગાડીના ચાલ્યા ગયા પછી જ્યારે અમારી ગાડી આવી ત્યારે મને એક તાજી પરણેલી, ચૂડલીઆળી ચૂંદડિયાળી ઘૂંઘટવાલી યુવતી સાથે ચડતો જોઈ અંદરનાં ઉતારુઓ તાકી રહ્યાં. સેકન્ડ ક્લાસના બેત્રણ કમ્પાર્ટમેન્ટોમાંથી જુદા જુદા સ્વાગત–સ્વરો વરસ્યા : 'અહીં આવો અહીં', ઘણી જગ્યા છે—અહીં જ ચડી જાવ–અરે લાંબે જશો નહિ, અહીં સાંકડમોકડે બેસશું.'

'હં–અં.' મેં મનમાં જ કહ્યું : 'તમે બચ્ચાજી !–તમે શા સારુ સાંકડ વેઠવા તૈયાર થાવ છો તે હું જાણું છું. તમે કાળાં બજારનાં તાજાં જણેલાં જંતુઓ, સેકન્ડ ક્લાસનાં સંડાસો પણ કેમ વાપરવાં એની યે આવડત વગરના તાજા તાલેવાનો, તમે ત્રણ સીટ પર પાંચ જ હો તોયે છઠ્ઠાને–ખાસ કરીને જો એ બુઢ્ઢા કે બુઢ્ઢી હોય તો–'બેસો' એટલું પણ નહિ કહેવા વાળાઓ, અત્યારે આવો આવો કરો છો તે મને પિસ્તાલીસ વર્ષનાને નહિ પણ આ મારી સાથે અઢાર વર્ષની છે તેને કરો છો. મને તો તમે–અર્થાત્ તમારા નવા ભિભરાયેલા સેકન્ડક્લાસીઆના ટોળાએ એક સ્ટેશનં પર સવારની ટ્રેનમાં બે સ્ટેશન સુધી ઊભા રહેવા માગણી કરવાના બદલામાં મેથીપાક જમાડેલો એ હું ભૂલું તેમ નથી. રહો, તમારી પાસે જ ચડું છું.

'ચાલો, ચડી જાઓ,' એમ કહી, એ લાડડીને મેં ખાસ્સી મજાની બાવડું પકડી ટેકો દઈને ચડાવી, અને પછી હું ચડ્યો. તે વખતની

મારી છટા જોવા જેવી હતી, મારા શરીરમાં નવી સ્ફૂર્તિ હતી, ગૌરવ હતું, નવાં લગ્નની વિજયશ્રી હતી. રંગભૂમિના તખ્તા પર આવે પ્રસંગે જે કંઈ કુશળ ખેલાડીએ ધારણ કરવું ઘટે તેમાંથી મેં કશાની મણા રાખી નહિ. અને સાચો રંગ તો મૂંગા બામણે મને કરેલ મોટા ચાંલ્લાએ રાખી દીધો. ડબ્બામાં અમે દાખલ થયા કે તુરત ચાર કાળાં બજારિયા ખડા થઈ ગયા, ને અમને કહે કે પધારો. મેં પણ મારો એ સ્વાભાવિક અધિકાર સમજી, આભારનો શબ્દ પણ ઉચ્ચાર્યા વગર, મોં પર મૃદુ ભાવ સુધ્ધાં લાવ્યા વગર, હક્કદાવે બેસતો હોઉં એમ બેસીને, લાડડીને બાજુની બેઠક બતાવી કહ્યું : 'આવો અહીં.'

'બરાબર? કમ્ફર્ટેબલી સીટેડ?' ફુંદાળા દેવે પણ મારી ભૂમિકાનો મર્મ પામી જઈને બહાર ઊભે ઊભે પૂછ્યું :

મેં કહ્યું : 'ક્વાઈટ : થેન્ક્સ.'

'ત્યારે સ્ટાર્ટ કરાવું છું.'

'બેલાશક !'

એણે લીલી ઝંડી ફરકાવી અને ગાડી ઊપડતાં મને કહ્યું : 'વિશ યુ ગુડ લક.' (તમને સૌભાગ્ય ઇચ્છું છું.)

એના આ શબ્દોએ મારી ભૂમિકા પર પાકી મોહર લગાવી દીધી. એનો પ્રભાવ એ તમામ પેસેન્જર પર સચોટપણે છંટાઈ ગયો. કોઈ અજબ તમાશાની હવા બંધાઈ ગઈ. સામી બે સીટો પર ઠાંસોઠાંસ બેસીને પણ એ તમામે અમને બેને એક આખી બર્થ કાઢી આપી ને એના પર એમણે વેરેલો ચીવડો, ગાંઠિયા–પૂરીનો કચરો પણ પોતાના રૂમાલે ઝાપટી આપ્યો !

માણસ પોતાના ગુલાબી સંસારમાં જે એક ચોકસ છટાથી, જે એક ચોકસ સ્વજનને જ કહે છે તેવી છટાથી મેં એ ઘૂંઘટાળી કન્યાને નરમાશથી કહ્યું : 'નિરાંતે બેસો. તરસ લાગી છે ?'

ત્યાં તો 'હા હા લ્યોને, આ પાણી છે, ઠંડું છે.' એમ કરતા એક ભાઈએ સામી સીટ પરથી પોતાનો તાજો ખરીદેલ ચાંદીનો

કટોરો ભરી ચંબુમાંથી પાણી આપ્યું જે મેં કન્યાને આપ્યું, એ પાછળ બારી તરફ ફરીને ઘૂમટો ઊંચકી પીવા લાગી. મને તિરછી નજરે એનું મોં જોવા મળ્યું. બાપડી મેં કલ્પી હતી તેવી જ : શીળીઆટ ઘોબાઃ ઘંટીનાં જેવું મોં ટોચાઈ ગયેલું. પીતી હતી તેમાં પહેલી જ વાર હોઠે અડેલા રૂપાનું સ્પર્શસુખ પણ લહેરાતું દેખાયું. પ્યાલો મને એણે પાછો આપ્યો, ત્યારે એનો હાથ મેં નિહાળીને જોયો. મોંના કરતાં હાથની જાત જુદી હતી. શામળા પણ બાટીલા ને ભરેલા હાથ : સફેદ ચૂડી પર નિરોગી રાતા લોહીની ઝાંય પડે છે.

હશે, મારે શું !

મેં એ કટોરો વીછળી દેવાનો બિલકુલ વિવેક ન બતાવતાં પાછો દીધો, આભારપ્રદર્શન જેવી કશી કુમાશ પણ મેં મોં પર ધારણ કરી નહિ, છતાં કટોરો પાછો લેનાર ભાઇએ જ એ લેતાં લેતાં મારા તરફ પોતે આભારી બન્યો હોય એવી અદાથી માથું નમાવ્યું અને હોઠ નચાવ્યા.

પછી બીજા ભાઇએ પોતાના કરંડિયામાંથી હાફૂસની પાંચ કેરી કાઢી એક રકાબીમાં સમારવા માંડી, મને થયું કે 'બાઇ! શીળીના ઘોબા વાળી લાડડી ! તારાં ભાગ્યની પણ બલિહારી છે ! ટટકાવ તું તારે.'

'જમશોને કેરી ?' પેલાએ પૂછ્યું.

'ભલે.' મેં મહેરબાની કરી; 'હું તો દેવસ્થાને જઈ પગે લાગ્યા પહેલાં નહિ ખાઈ શકું, પણ એ ખાશે.'

રકાબી મેં 'એ'ને આપી. એ તો બારી તરફ મોં રાખીને આરોગવા જ મંડી.

પછી એ ટાફેટાનાં શર્ટમાં સુસજ્જ નવ–ધનિકોના મંડળમાંથી મારી સાથે વાર્તાલાપ શરૂ થયો. તાતાનું સુગંધી તેલ તેમનાં માથાંમાંથી તીખી ભભક દેતું હતું. એક જણ મને ઓળખતો હશે તેણે પ્રારંભ કર્યોઃ—

'સારું કર્યું આપે, કે છેવટે આ વિચાર કર્યો.'

એ જાણતો હશે કે હું સાત વર્ષથી વિધુર હતો.

મેં કહ્યું: 'બેશક.'

'છોકરાંનાં સુખ ખાતર પણ વિચારવું જ જોઇએ ને!'

'ના.' મેં સ્પષ્ટ કહ્યું: 'આમાં તો મારા જ સુખનો વિચાર હતો. પાંચ પૈસા કમાયો છું તે શું જખ મારવા!'

સૌ હસ્યા, જોરથી દાંત કાઢવાની તેમની મગદૂર નહોતી. હું અક્કડ જ રહ્યો.

'આપનો તો હવે આ નવા ધંધામાં ભાગ જ છે ના?'

એમણે મારા કયા નવા ધંધાને નિર્દેશીને પૂછ્યું તે તો હું પણ ન કલ્પી શક્યો, કારણ કે હું તો જે હતો તે જ હતો. છતાં મેં જાય ખિલાડી મોબામોબ જેવું કરી કહ્યું: 'હા, હું સિનિયર પાર્ટનર છું.'

'આ તો વિધવા પુનર્લગ્ન હશે.'

'નહિ રે!' મેં તોરથી જવાબ વાળ્યો; 'એવી શી જરૂર? કુંવારી કયાં નથી મળતી?'

તેઓ ઝંખવાયા એ હું જોઇ શક્યો. એટલે મેં કહ્યું: 'નાણાંને શું નથી મળતું? ચાર ગણાં બેસે એટલું જ ને! ઉપાડ ચાર ગણાં, કર નિકાલ, એ મારું સૂત્ર છે.'

'અને આજે તો—' એકે સમર્થન કર્યું, 'રૂપિયાની કિંમત જ પાવલી જેટલી છે ના!'

'અરે બે આની કેમ નથી થઇ જતી!' મેં ધૃષ્ટતાને રગરગમાં ધારણ કરી હતી.

'આપની ન્યાતમાં પણ ત્યારે તો પુખ્ત ઉંમરનું કુંવારું બૈરું મળી શકે છે.'

'એ તો જેવાં નાણાં.'

'હા એ તો.' એકે કહેવત લાગુ પાડી; 'ગોળ નાખીએ એટલું ગળ્યું કરી શકાય. ડીલે હાડેતું માણસ હોય તો આવીને તુરત ઘરનો ભાર ઉપાડી લ્યે ના બાપા!'

'ના રે!' મેં ટાઢે કોઠે એનું મોં તોડી લીધું; 'ઘરનો ભાર ઉપાડનારા નોકરો ચાકરો ક્યાં ઓછા છે! આટલે પૈસે ચાકરડી ખરીદી લાવનારો તો હોય કોઇક મૂરખાનો સરદાર.'

'સાથે કોઇ કેમ નથી?'

'છે, થર્ડમાં. શું કરું? તમને સંકડાશ કરવી પડી, રેલવેએ ફર્સ્ટનું રિઝર્વેશન આપ્યું નહિ.'

'એટલો અમને લાભ થયો.'

મેં મૂંગો તુચ્છકાર બતાવીને એવી અસર પાડી, કે તમે મુફલીસોએ જ મારા રંગમાં ભંગ પાડયો છે!

આ વાર્તાલાપ ચાલવા દરમ્યાન લાડડી તો નિરાંતે અમારી સૌની તરફ પીઠ રાખીને, જંગલનાં ઝાડપાંદ તેમજ વાડીઓના હરિયાળા છાસઠિયા જોતી જોતી હાફૂસની ચીરો આરોગતી હતી. અમારા વાર્તાલાપના એક પણ મુદ્દા પર એણે ચમક, ગભરાટ અથવા હાસ્યગ્લાનિ દર્શાવ્યાં નહોતાં, એ પરથી અનુમાન કરવું સહજ હતું કે એ અતિ ભૂખી હશે, અને એકસાથે બે જ્ઞાનેન્દ્રિયોને કામે લગાડવાનું શીખવનાર યૌવન અત્યારે તો એ ક્ષુધાતૃપ્તિના કાર્ય હેઠળ દબાઈ ગયું હશે. એણે કોણ જાણે ક્યારે છેલ્લું ખાધું હશે. સ્ટેશનથી કેટલું છેટું એના મહિયરનું ગામ હશે. માએ છેલ્લીવાર ભાણા પર બેસારી પરાણે કોળિયા ભરાવ્યા હશે, પણ આંસુની ધારાઓએ એ કોળિયાને ખારા ખારા કરી મૂક્યા હશે. સ્ટેશને આવીને સૌ જાનવાળા સાથે એને ટીમણ કરવા બેસારી હશે, પણ એને ખાવું નહિ ભાવતું હોય એટલે નણંદે ઠેકડી કરી હશે કે, 'હંઅં, ફુત્તી! ઈ તો મારો ભાઇ ઘેર જ્યારે રાતે કોળિયા

ભરાવશે ત્યારે જ ખાવાની હઇશ! આમ તો એ કોણ જાણે ક્યાં સુધી ભૂખી રહેત, ને હાફૂસ તો જનમારો ધરીને દીઠી ય શેની હશે! અહીં હાફૂસ મળી, મોકળાશ મળી, ઠંડે કલેજે આરોગીને ઓડકાર પણ ખાધો. ખાલી રકાબી મારી તરફ સેરવી. મેં એ ઉપાડીને કૃપાનિધાનની છટાથી એના માલિકને આપી, એ બાથ-રૂમમાં જઈ, ધન્ય બન્યો હોય તેમ ધોઈ આવ્યો. પછી મેં એ લોકોને પૂછ્યું: 'તમે ક્યાં ઊપડ્યા છો?'

'લગ્ન પર.'

'કોનાં?'

'આપણે મુલુંદવાળા મહાસુખભાઇના દીકરાનાં. તમે તો ઓળખતા હશો. એમણે મહાત્માજીનાં ચશ્માંની એક ભાંગેલ ડાંડલીના હમણાં જ રૂપિયા દસ હજાર દીધા......!

'ખરું ખરું, અને એ પૂર્વે સરકારના વૉર ફંડમાં જેમણે પચાસ હજાર ભર્યા તે આઝાદ ઇન્ડસ્ટ્રીઅલ કંપની વાળાને?'

છોભીલા પડીને તેઓએ મૂંગાં માથાં ધુણાવ્યાં.

'જાનમાં કેટલાક છો?'

'પચાસેક હશું. બીજા પાછળના ફર્સ્ટ સેકન્ડમાં છે.'

'ત્યારે તો સામા પક્ષને આકરું પડશે ખરું.'

'ના રે ના, એમને લખી નાખ્યું છે મહાસુખભાઇએ, કે મુંઝાશો નહિ, ખર્ચ હું મજરે ચૂકવી દઇશ.'

'પેલા કંઈ એમ લેવા બેસે?'

'ખરું, એ તો પોરબંદરનું ખાનદાન નગરશેઠ કુટુંબ છે, જરા મોળા પડી ગયા છે, પણ એને ઘસારો નહિ આવવા દે મહાસુખ શેઠ. હરકોઈ બહાને પણ એના ગજવામાં બે ચાર હજાર પેસારી દેશે.'

આટલી વાતોએ અમારી વાટ ખૂટવાડી દીધી અને ગાડી જંક્શને હજુ ઊભી રહી ન રહી ત્યાં તો પ્લેટફૉર્મ પર લીલા લૂગડાના

મોઢાંકણુવાળી ત્રાંબાની ગોળીએ લાડડીને દૂરથી જાણે કે ઝંડી દેખાડી. પણ રેલગાડીના ખાતામાં જ્યારે લીલી ઝંડી સુલેહસલામતીની હોય છે, ત્યારે સંસાર–ખાતામાં લીલું લૂગડું ભયસૂચક ઠર્યું છે. લીલો રંગ એ લગ્નનું ચિહ્ન છે, ને લગ્ન જેવી કોઈ બીજી આફત નથી. પ્લેટફોર્મ પર પડેલા એ મા–માટ ફરતા ઊભા થઈ ગયેલા પંદર–વીસ જણાએ ગાડી તરફ દોટ દીધી 'આ રૂયાં વઉ! આ રૂયાં વઉ! આ રઈ ભાભી!' એવા શોર કરતાં કરતાં સૌ ગાડીની સાથે દોટ કાઢતાં હતાં, ને એની વચ્ચે એક પંદર વર્ષનો છોકરો ગરીબડે મોઢે 'ઓ બેન!' એવું બોલી હર્ષાવેશમાં રુદન કરતો ઊભો હતો.

બીજા કોઈના ઘુમરાણની સામે નહિ ને એક ફક્ત આ 'બેન' કહી રડી પડનાર કિશોરની સામે ઘૂમટો જરાક ઊંચો કરી 'એ ભૈલા!' એવા શાંત શબ્દે લાડડી નિહાળી રહી, ને હું એક જ સાંભળી શકું તેવા સ્વરે ગદ્ગદિત બનીને એ બોલી : 'બાપડો બેનને પોંખાવવા સાથે આવે છે, ફફડ્યો હશે. અરેરે, એને બધાં ખૂબ વઢ્યાં હશે!'

હું કશું કહી શક્યો નહિ. ગાડી ઊભી રહી ત્યાં તો પંદરેક જણા ડબાના ફુટબોર્ડ પર ચડી ગયા. કોઈ કહે 'ભાન વિનાનાં તે તો!' બીજું કહે 'આવું તે હતું હશે! સંચોડી પોતાની જાનને ભૂલીને ચડી ગ્યાં ને ચડી બેઠાં કોકની જાન હારે!' ત્રીજો કહે 'આ તો બોતડું કે માણસ!'

એ તો ઠીક, પણ આ નવો તાલ જોઈને મારા સંગાથી પેસેન્જરો બાઘા જેવા બની ગયા. મેં તો લજ્જતથી ઊભા થઈને કહ્યું, 'ચાલો સાહેબજી! મઝા પડી.' ને હું નીચે ઊતર્યો, પછી પેલી લાડડીને કહ્યું, 'ઊતર બાપુ! બેટા! જો સાચવીને ઊતરજે. ગભરા નહિ.' કહી મેં ફરી એનું બાવડું પકડીને ઉતારી.

ડબાની અંદરના બાબાઓ આથી વળી વિશેષ ડઘાયા, પણ મારે તો અહીં જ ઊતરવાનું હતું એટલે એમને મારી મશ્કરી વિશે ચર્ચા કરવાનો અવકાશ જ ન રહ્યો.

બાઇને મેં પ્લેટફોર્મ પર લઇ જઇ પેલા ટોળાને પૂછ્યું, 'કોણ છે આનો સસરો?'

'હું—હું છું સા'બ.' મને એણે સાહેબ ધાર્યો.

'લ્યો સંભાળો તમારી કન્યાને. ઊભી રહે બેટા!' કહી મેં એ કન્યાના હાથમાં બે રૂપિયા મૂક્યા ને હું ચાલી નીકળ્યો. કંઇક યાદ આવ્યું હોય એમ પાછા ફરીને મેં પેલા ડેન્જર—સિગ્નલ મા—માટ પાસે નજર કરી.

એક તેર વર્ષનો છોકરો વરવેશે બેઠો હતો. એના હાથમાં રાતું લૂગડું વીંટેલ લાકડાની તરવાર હતી. વહુ પાછી આવી તે વાતના કશા પણ પ્રત્યાઘાત વગરની સ્થિતપ્રજ્ઞ દશામાં એ બેઠો હતો. ને એના મોં પર ત્રણેક માખીઓ ફરતી હતી.

આ પરથી તને ખાતરી થશે, કે ગાડીને મોડી કરવાની મહેરબાની બદલ રેલવેવાળા મારી પાસેથી આભારના શબ્દની વાજબી આશા રાખી શકે. એવો આભાર—પત્ર મેં આપણા ટ્રાફિક ઉપરીને લખી પણ નાખ્યો છે.

વિનાયકનો આ કાગળ વાંચી મને ખૂબ ખીજ ચડી.

★

ધૂંસાલાલ ઠૂંઠો

ચોપડી ઉઘાડીને હજી તો અમે વાંચવાનો આદર કરતા હતા. ત્યાં પાછી ચર્ચાઓ ને તકરારો ચાલુ થઈ ગઈ.

અમે એકબીજાની સામે જોયું; અને બબડ્યા:

'આ વખતની જેલજાત્રામાં અભ્યાસને તો ગર્દને જ મારવાનું નિર્માયું જણાય છે.'

'શું છે વળી?'

એક જણે આવીને કહ્યું: ફૂફાભાઈ અને છોકરાઓની વચ્ચે જામી પડી છે.

'શી બાબત?'

'ફૂફાભાઈની પત્રિકા બાબત. એમણે છપાવ્યું છે ને, કે જે રીતે લડત ચાલે છે તે રીત બરાબર નથી, 'સીક્રસી' (ખાનગી)ના માર્ગ પર આ લડત ન ચાલવી જોઈએ; એટલે હવે છોકરાઓ ચડી બેઠા છે, કે તો પછી આ પત્રિકા જ તમે કેમ ખોટી પ્રેસ-લાઇન આપીને છપાવી છે? અને તો પછી આ પત્રિકા દૂધવાળા જોડે કેમ છૂપી રીતે અહીં જેલમાં મોકલી હતી?'

'લોહી ઉકાળ્યાં આમણે તો!'

એમ કહેતા અમે ચોપડીઓ બંધ કરીને પાછા કૂકાભાઇ પાસે જઇ ઊભા. એ પેલા છોકરાઓને જવાબ દેતા હતા કે 'અમુક હદમાં સીક્રસી ચાલી શકે.'

સામે વિનોદ ઊકળી ઊઠ્યો કે 'એ 'સીક્રસી'ની હદ નક્કી કરનાર તમે કોણ ?'

જવાબ કાંઇ મળ્યો નહિ એટલે છોકરાઓએ હો હો કરી મૂક્યું.

એના એ ધમરોળ ફરી પાછા પ્રાર્થનાને વખતે ! કૂકાભાઇનું મંડળ સાયંપ્રાર્થના કરવા બેસે એટલે છોકરા કહે કે 'નહિ, અમારે ગરબા ગાવા છે.' પેલા રાતે વહેલા સૂવાના મતના, તો છોકરાઓને મોડી રાત સુધી જાગવાની જીદ. પેલા પરોઢિયે ઊઠવાનું ઠરાવે, તો છોકરા કહે કે પરોઢિયાની ગુલાબી ઠંડીમાં તો અમને ઊંઘવાની લહેર પડે છે !

તોબાહ છે આ ૧૯૪૨–૪૫ ની જેલ ! અમારાં પુસ્તકો રઝળી પડ્યાં છે. ઉર્દૂના વર્ગો ચલાવી શકાતા નથી. વ્યાખ્યાનોની વેળા નથી. અમે આ છોટા ચક્કરમાં સૌ ધીંગરની સાથે ક્યાંથી પુરાયા ? અગાઉ એ ને બી વર્ગો અલગ હતા તે જ બહેતર હતું. આ તો શંભુમેળો મળ્યો છે. બિચારા ગનુભાઇ પકડાયા અને પેલો ઘૂંસાલાલ પકડાયો એ બેઉ અહીં એક સાથે ઓરાઇ ગયા. આ તો એક દાખલો દઉં છું. ગનુભાઇએ પરોઢિયે ઊઠી ઘરમાં સ્નાન કર્યું, પ્રાર્થના કરી, રામધૂન બોલાવી, ને પોલીસ આવે તેની રાહ જોતા બેઠા રહી પકડાયા, ત્યારે ઘૂંસાલાલ ઊંડામાં ઊંડી પોળના ઊંડા વેરાન એક ઘરની અંદર બોમ્બ બનાવતો હતો, બોમ્બ ફૂટી ગયો, ગોટમગોટ ધુમાડાની વચ્ચે પોલીસે એને કબજે કર્યો, ને સબઇન્સ્પેક્ટર એનો જમણો હાથ ઝાલવા ગયા તો એ હાથ જ છેક કોણીથી ઊડી ગયો હતો—પકડવા જતાં અમલદાર છોભીલા પડ્યા. પછી ડાબો હાથ પકડ્યો. એને બહાર કાઢ્યો ત્યાં તો એક આંખ પણ મળે નહિ !

ગમનભાઇ અને ઘૂંસાલાલ, બન્નેને રાજકેદીઓ ગણ્યા છે, બન્ને છોટા ચક્કરમાં, બન્નેનાં રેશન એકત્ર, બન્નેને એક જ રસોઇ જમવાની, બેઉ જુદા વાતાવરણના જીવડા, પણ અહીં તો એક જ દારકા–છાપવાળી જમાતમાં!

એમાં પણ અમારું ગમનભાઇનું મંડળ પચાસ–સોનું, ને ઘૂંસાલાલની જમાત એક હજાર જેટલી બહુમતી ધરાવી રહી છે. આ એક હજારથી છૂટવાની કોઈ બારી નથી રહી. સૂર્ય ઊગ્યા વિના રહે તો જ દા'ડો કંઇ ને કંઇ લોહીઉકાળા વિનાનો જાય. કાં તો કહે કે બસ આજે ધ્વજવંદન કરવું છે: કાં વળી હુજ્જત કરે કે બરાકમાં નહિ પુરાઇએ. કાં તો રાતની ગિનતીનો કોઇ મેળ ન મળવા દે, અને જેલર જબરદસ્તીથી પૂરવા આવ્યો એટલે ઘૂંસાલાલ પોતાનો કોણી સુધીનો કપાઇ ગયેલો હાથ ઉલાળતો ઉલાળતો આગળ આવીને જેલરને કહે છે—

'પૂરીને પછી શું, તાળાં લગાવવાં છે ને? વારુ, એ તાળું લાવો જોઉં?'

તાળું જેલરે બતાવ્યું. ઘૂંસાલાલ કહે 'બંધ કરી દો જોઉં!'

જેલરે તાળું ચાવી વડે બંધ કર્યું, પછી ઘૂંસાલાલે પોતાની ટોપી ઉતારી અંદરથી કશુંક લોઢાનું કાઢી એ તાળામાં ભરાવી ટપ ટપ દઇ ઉઘાડી નાખ્યું.

જેલરને કહે 'જુઓ, અમારે અંદર ન પુરાઈને કંઇ નાસી જવું નથી, નાસવું હોય તો અંદર પૂરશો તે પછી પણ આટલી જ વાર છે. અમે તો અહીં રહેવા આવ્યા છીએ. માટે શીદ નાહક હવા ખાતા રોકો છો?'

જેલર બાપડો આભો બનીને પૂછે છે, 'આ ખોલવાનુ બનાવ્યું શામાંથી?'

'આ રેંટિયાની ત્રાકમાંથી ને તકલીમાંથી સ્તો!'

એ જવાબ દેનાર ઘૂંસાલાલની બાડી સૂરત સામે અને એના હાથની બેડોળ છુંદાઈ ગયેલી કોણી સુધીની ભુજા સામે અમે તો જોઈ જ રહ્યા. ત્રાક ને તકલીનો ઉપયોગ તાળાં ખોલવાની તરકીબ માટે થયો એ તો ફૂકાભાઈ અને ગમનભાઈ માટે ઉપવાસ કરવાને પાત્ર બાબત હતી, પરંતુ તે દિવસોમાં ફ્રુટ, ગાયનું દૂધ અને ઘી તો આવી ગયાં હતાં એક્સ્ટ્રા રેશન તરીકે, અને એ બધું બગડે તેમ હતું.

ઘૂંસાલાલ કંઈ છોકરાઓનો આગેવાન નહોતો. એ તો આટલું રોનક કરી બતાવ્યા પછી પાછો ઠૂંઠો હાથ ઉલાળતો ઉલાળતો ચાલ્યો ગયો. એને ત્રણ વર્ષની સજા હતી. એ તો કન્વિક્ટ હતો. બીજી એકે ય બાબતમાં એ કદી આગળ આવ્યો નહોતો. ઘણીવાર એ ગમનબાઇ ફૂકાભાઇની પ્રાતઃપ્રાર્થનામાં તેમ જ સાયંપ્રાર્થનામાં જઇ લપાઇને બેસતો અને ગાવા પણ લાગતો. શરૂ શરૂમાં તો ગનુભાઇને એના પર શંકા હતી કે પ્રાર્થનાનું ટીખળ કરવા આવી બેસે છે, પણ એક દિવસ એની આંખોમાંથી પ્રાર્થના દરમ્યાન પાણી વહેતાં હતાં. મને લાગ્યું કે પેલી બોમ્બ ફૂટતાં જખ્મી બનેલી આંખની કશીક પીડાને લીધે હશે, પણ પછી બીજી આંખે સાક્ષી પૂરી કે, ના, ઘૂંસાલાલ ખરેખર રડતો હતો. અને રામધૂન લેતાં લેતાં બધા જ્યારે તાળીઓ પાડતા હતા ત્યારે હું જોઇ રહ્યો હતો કે એનો કોણીથી ભાંગલો હાથ તાલબદ્ધ હલતો હતો. એને જાણે કે તાળી પાડવી હતી, પણ પાડે શા વડે?

એક દિવસ સવારે એણે ફૂકાભાઈને ધોયેલ કપડાં પહેરીને તૈયાર થયેલા જોયા. સુંદર જબ્બો, તે પર જવાહર–જાકીટ, માથે ટેડી ખાદી–ટોપી ને હાથમાં બગલથેલી.

ગનુભાઇ વગેરે અમે કેટલાક એમને કવરવાળા કાગળો આપતા હતા તે પોતે કબજાના અંદરના ગજવામાં સેરવતા હતા.

'ચાલો ત્યારે,' ફૂકાભાઇએ કહ્યું; 'જઇ આવું.'

મેં ધીમે રહી કહ્યું: ‘પત્રિકા જરૂર...’

‘વારુ.’ કહી એ જેલ દરવાજા તરફ ચાલ્યા.

ઘૂંસાલાલે મને પૂછ્યું: ‘ક્યાં ગયા?’

‘શહેરમાં–સિવિલ ઇસ્પિતાલમાં.’

‘કેમ?’

‘લીવર બગડ્યું છે તેથી લીવર–એક્સ્ટ્રેક્ટનાં ઇન્જેક્શન લેવાની સુપરીન્ટેન્ડેન્ટે સલાહ આપી છે. એને પોલીસવાનમાં સિવિલ ઇસ્પિતાલે લઈ જશે.’

ઘુંસાલાલ એક આંખે પણ કોઇ હિંસક પશુની પેઠે એ ચાલી નીકળેલા ફૂકાભાઈની પાછળ તાકી રહ્યો.

બપોરે ફૂકાભાઇ પાછા આવ્યા અને એકાક્ષ ઘૂંસાલાલની નજરથી એ અછતું ન રહી શક્યું કે ફૂકાભાઇએ મને, ગનુભાઇને વગેરેને અક્કેક બબ્બે પરબડિયાં આપ્યાં. એ અમારા પરના ઘરના કાગળો હતા. મારો કાગળ ઘણો મહત્ત્વનો હતો. મારે એક આંટો શહેરમાં સિવિલ હોસ્પિટલ જઇ આવવાની તત્કાલ જરૂર ઊભી થઇ હતી.

બેત્રણ દિવસ મને પ્રયાસ કરતાં થયા. પણ છેવટે હું સુપરીન્ટેન્ડેન્ટને ખાતરી કરાવી શક્યો કે મારામાં આવી રહેલી વિટામિન ‘બી’ની ડેફીસ્યનસી (ન્યૂનતા) ઘણી હાનિ ઊભી કરશે. મને પણ એણે ઇન્જેક્શનો લેવા જવા વળતે દહાડે શહેરમાં મોકલ્યો. જેલવાસી સાથીઓનાં પરચૂરણ કામકાજ હું પણ સાથે લેતો ગયો. પણ મારું મુખ્ય કાર્ય તો ત્યાં જુદું જ હતું. ઇન્જેક્શન અપાતાં પહેલાં મારી પેઢીના મેનેજરને અને એની સાથે આવેલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર મી. જોગીઆને મેં મળી લીધું. વાત તો નાની હતી પણ મારી ગેરહાજરીને કારણે ગંભીર સ્વરૂપ ધારણ કરી બેઠી હતી. અમારા ક્વોટાના ચારેક ગાંસડી કાપડને વિશે ચૂંથણાં ચાલતાં હતાં. મેનેજરે કાળું બજાર કર્યું હશે, પણ એ પોલીસને

'મેનેજ' ન કરી શકયા એટલે જોગીઓ ઊછળતો હતો એને શાંત પાડી હું બપોરે પાછો આવી ગયો. પછી તો હું ત્રણ ચાર વાર ઈન્જેકશન લેવા ગયો. એનો તો આખો 'કોર્સ' પૂરો કરવાનો હોય છે ખરો ને! વળી આમે પાછાં 'હાર્મલેસ' ઈન્જેકશન, એટલે આખો કોર્સ લેવામાં કશી હાનિ નહોતી. ત્યાં દર વખતે મેનેજર આવીને દરેક બાબતનું 'ગાઈડન્સ' લઈ જતા. મી૦ જોગીઆ પણ આવી જતા ને કહેતા કે 'કશી ફિકર ન રાખશો.' મારી સાથે કવિ રાજપાલ પણ જેલમાંથી સિવિલમાં આવતા. એની આંખોમાં ખીલ ભારી ઊભળી પડયાં હતાં એટલે એને ખીલ ઠોલાવવા મોકલવામાં આવતા. ખીલ ઠોલાવીને પછી એ પાછલી પરશાળમાં બાંકડા પર સૂતા, અને ત્યાં એનાં પત્ની ચંદ્રલેખા બહેન આવીને એની પાસે, મોં માથું પંપાળતાં બેસતાં. એમને બેઉને ત્યાં મળવાની સગવડ કરી આપનારો દાકતર જ પાછો અમારી કને આવીને એવું ટીખળ કરતો. મારે તો એવી કશી ઉપાધિ નહોતી, કારણ કે મારી પત્ની છેલ્લા એક દસકાથી ગાંડી છે; ને છોકરું તો એક પણ નથી. ફક્ત મારી પેઢીને કાપડનો કવોટા મળતો તેનો જ નિકાલ કરવાનો રહેતો. ને તે દરેક વખતે થઈ જતો.

અમે જોઈ શકતા હતા કે અમારા કેટલાકના વારંવારના શહેર—ગમનથી ઘૂંસાલાલ ઊંચો નીચો થઈ રહ્યો છે. હું એને પૂછતો પણ ખરો કે 'ઘૂંસાભાઈ, તમારું કંઈ કામ કરી લાવવાનું હોય તો કહો.'

એણે ઘણી સબૂરી પછી એક વાર મને છાનાંમાનાં કહ્યું:

'ના, એ તો હું જાતે જ જવાનો.'

મને મનમાં રમૂજ ઊપજી. આ બાપડો આવી કઢંગી શરીર-સ્થિતિમાં એનાં બૈરીછોકરાંને મળવાના ઉમળકા શે સેવતો હશે! મારી આવી હાલત હોય, તો હું તો ભાઈ, એવી ઉત્કંઠાને અહીં બેઠો બેઠો છૂંદી જ નાખું.

મેં પૂછ્યું: 'તમારાં બાળબચ્ચાંને મળવા અહીં કેમ નથી તેડાવતા?'

એ કહે, 'એને તે અહીં રાખું કે? આની બે મહિના અગઉથી જ અમારે ગામડે વળાવી આપેલાં.'

'આની અગઉ' એનો અર્થ સમજાવવા વળી એણે એ જમણા હાથનું ઠૂંઠું હલાવ્યું. મને એ દેખી દર વખતની જેમ ચીતરી ચડી. ઘણું ય કહેવા મન થયું કે એમ વારંવાર હાથ મહિ ડોલાવો! પણ ન કહેવાયું. પશુનાં કાન અને પૂછડીની પેઠે ઘુંસાલાલનો ઠૂંઠો હાથ હર્ષ શોક અગર તો હર કોઇ હૃદય–સંવેદનની સાથે હલી ઊઠતો. કોઇ વાર એમ થાય કે બોમ્બ ફેંકવા માટે એ હાથ ઉઠાવતો હશે, કોઇ વાર કોઇને તમાચો લગાવવા માટે, અગર કદાચ કોઇકને શિરે હાથ ફેરવવા પંપાળવા માટે. પણ કોણી સુધીનો હાથ કઈ ચેષ્ટા કરવા ઊછળતો હશે એની ખબર શી પડે!

'છોકરું છે?' મેં પૂછ્યું.

'હા, એમ કહી પ્રથમ એણે જમણો ભાંગેલો હાથ હલાવ્યો, પણ પછી એને પણ ભોંઠાપણ થયું હોય તેવું લાગ્યું, પછી એણે, થયેલ ભૂલ સુધારતો હોય એમ ડાબે હાથે જમીન પર બતાવ્યું: 'મારો છોકરો આવડો ક થયો હશે.'

એ રીતે માળી લોકો ફૂલરોપનું સંવર્ધન સમજાવતા હોય છે.

'બોલો,' મેં પૂછ્યું, 'ક્યારેક શહેરમાં જવા ઇચ્છા છે?'

'રહો, બે દિવસ પછી કહીશ.'

એ બે દિવસ સુધી હું જોતો હતો કે ઘુંસાલાલ અમારા માંહેના જે ડેટેન્યુ કેદીઓ સીગરેટ પીનારા હતા (તેમને બહારથી મળતી) તેમની પાસેથી પાંચ પાંચ મેળવતો હતો. પછી ત્રીજે દિવસે મને એક કેદીએ આમ વાત કરી કે 'ઘુંસાલાલે પંદરેક સીગરેટો વેચી.'

'વેચી ?'

'હા, ને રૂપિયા પાંચ કમાયો.'

તલબથી મરતા જેલવાસી ક્રિમિનલો અકેકેક બીડીનાં પણ મોટાં દામ ચૂકવતા હોય છે અને એ માટેનાં નાણાં ઘેરથી અનેક તરકીબો દ્વારા મેળવતા હોય છે તેની મને ખબર હતી.

સાંજે પ્રાર્થના પછી ઘૂંસાલાલે મને કહ્યું કે પોતે આવતીકાલે સિવિલમાં જવાની જોગવાઈ કરી લીધી છે.

વળતે દિવસે કવિ રાજપાલને પોતાની આંખો માટે ચશ્માં લેવા જવાનું હતું. એની સાથે ઘૂંસાલાલ પણ પોલીસ–વાનમાં ચડચો. એણે પણ આંખનું કારણ ઊભું કર્યું હતું.

બપોરે કવિએ આવી અમને વર્ણન આપ્યું કે ઘૂંસાલાલે તો અવધિ કરી ભાઈ! પોલીસને પાંચ રૂપિયા આપ્યા ને કહે કે બીજું કાંઈ નહિ, રિચીરોડ પર એકવાર લઈ જા યાર, ને ત્યાં ચા નાસ્તો કરવા દે! મારે ચશ્માં લેવા જવું હતું એટલે પોલીસને અનુકૂળતા હતી. મને ઘુંસાલાલે ઘણું કહ્યું કે ચાલો ચમન–હોટેલમાં, ચા નાસ્તો કરાવું, પણ મારું જિગર તો ચાલ્યું નહિ. હું સામી લાઈનમાં ચશ્માં લેતો ઊભો રહ્યો, ને ઘૂંસાલાલે ચમન હોટલમાં ચા ચડાવી, પાનપટી ખાઈ, સીગરેટ સળગાવી, બહાર રિચીરોડની ફુટપાથ પર ઊભા રહી ચારે બાજુ જોતે જોતે ધુમાડા કાઢચા. મને કહે કે કવિશ્રી! બસ આટલી ઉરકંઠા હતી, કે કે'દાડે બહાર રિચીરોડ પર ઊભો ઊભો ચા પીને સીગરેટ ફૂંકું! બસ, એ એક જ તમન્ના હતી.

'ઊભો ઊભો! બહાર રસ્તા પર ઊભો ઊભો?' અમે સૌ ચોંકી ઊઠચા.

'નહિ ત્યારે! પાદશાહી અદાથી.'

મારું કુતૂહલ ન શમ્યું. હું અંદર ગયો. ઘૂંસાલાલના શબ્દો સંભળાતા હતા: ‘લો દોસ્ત! લો આ સીગરેટો, ને લો આ પાન-પટ્ટી: ખાસ દિલખુશ કાથાવાળાને ત્યાંથી જ આણી છે યાર! તમારી સૌની સારુ. હું તો ભારી ટેસ કરી આવ્યો ભાઇ! રિચીરોડ પર ઊભાં ઊભાં સીગરેટ પીધી. પણ કલેજું તૃપ્ત થઈ ગયું. ચાલો, હવે કહો તો આજે રાતે જેલ તોડું.’

‘હા–હા–હા–હા’ એ હસાહસ સાંભળતો હું પાછો ફરી ગયો. સારું થયું કે ફૂકાભાઇએ ને ગનુભાઇએ આ કશું જોયું કે સાંભળ્યું નહિ, નહિ તો તેઓની છાતી બેસી જાત.

સાંજે પ્રાર્થનામાં મેં એ ઠૂંઠો હાથ ડોલતો દીઠો.

મારી તો પ્રાર્થના બગડી.

★

દેવનો પૂજારી

ગાંજાની ચલમો ખંખેરાઇ ગઈ અને એ નાની ઓરડીમાંથી મિજલસ વિખરાઇ, ત્યારે સવાર પડી ગયું હતું, પણ સૂરજનો પ્રકાશ ઓરડીમાં ભરાઇ બેઠેલાં ચામાચીડિયાં જેવાં એ ધૂમ્ર–ગૂંચળાંને બહાર કાઢી શકતો નહોતો. ચડેલો સૂર્ય એકાદ કિરણ લઇને જાણે કે એ ઓરડીમાં ફોગટનો ઘોંચપરોણો કરતો હતો.

બાજુની ઓરડીઓમાંથી કાંદાલસણ અને માંસમચ્છીના વઘારવાસ ઘોળાવા લાગ્યા. પચાસેક ઓરડીઓની ચાલીમાં ચાલીનો કઠેડો ઝાલીને ઊભેલો એક ચાલીસેક વર્ષનો પાતળો આદમી નીચેના સાંકડા ચોગાનમાં મરઘીઓનાં લોહિયાળ પિંછડાં અને મૂએલાં ઉંદરોને જોઇ જોઇ મોં ફેરવતો હતો. પણ ફરી પાછી ગાંજાના ધુમાડાની ગંધ એના મોંને દિશા બદલવાનું કહેતી હતી. બાજુની ઓરડીઓમાં મારપીટ અને ગાળાગાળીઓ પણ ચાલતી હતી.

જે ઓરડીના બારણા પાસે આ માણસ ઊભો હતો ત્યાંથી તેણે મહેફિલના છેલ્લામાં છેલ્લા રસિયાને નીકળતો જોયો અને એ તમામના કૌતુકનો વિષય બનતો પોતે જ્યારે ઓરડીમાં દાખલ થતો હતો ત્યારે બહાર ચાલ્યા જતાં માણસો બોલતા જતા હતા કે,

"ક્યા અપની મેહેફિલમેં બેઠા થા યે? બમન તો પૂરા લગતા હૈ. મેહેફિલમેં બેઠનેવાલી સૂરત યે ક્યા હો શકતી?"

"અરે, હોગા સરકારી કોરટવાલા કોઈ, ચાય તો હોગા યે મકાનવાલે કા કારકૂન."

"માર માર કે હડ્ડી તોડ ડાલની ચાહીએ. દસ સાલ હૂઈ તો ભી મકાનકી મરામત ભી નહિ કરતા હૈ."

"ઠીક હૈ યાર! પડે હૈય અપન તો. ઐસી હી ઝિન્દગી ખત્મ હો જાયગી. બાકી તો હિન્દુ વો હિન્દુ ઔર મુસલમીન વો મુસલમીન; ક્યા કભી ફરક પડ સકતા હય!"

"કભી નહિ, કભી નહિ."

વહી જતા આ વાર્તાલાપને પકડીને આ નવીન તરેહનો આદમી એ નાની ઓરડીમાં ગયો. અંદર હવે પાતળા પડેલા ધુમાડાની આછી મચ્છરદાની વચ્ચે એક માણસ બેઠો હતો. એની બેઠક એક મેલી ફાટેલી સાદડી પર હતી. સાદડી પર અને સાદડીની આસપાસ આખી રાતની ચલમોએ ઠલવાઇ ઠલવાઇને રાખની ઢગલીઓ પાડી હતી. સુગંધિત રંધોળીઓ પૂરેલા દેવઆંગણમાંથી આવેલા આ માણસે બહુ બહુ સૂગ અનુભવી.

બેઠેલા માણસને શરીરે ફાટેલી સુરવાલ હતી. એક પહોળું જિર્ણ બદન હતું. બન્ને પર ચલમના તિખારાની દાઝયો પડી હતી. જાણે કે ખાંસી ખાવામાં પણ એ તાલબદ્ધ બનવા પ્રયત્ન કરતો હતો. એના હાથમાં એક તંબૂર હતો. નજીકના ખૂણામાં એક ફાટેલી થૂંકદાની ગંધાતી હતી. બીજે ખૂણે એક છોકરો પાણીથી માંજે ભીંજાવીને હથેળી વચ્ચે નિચોવતો હતો.

"શું છે ભાઈ?" બેઠેલા બુઢ્ઢાએ બેપરવા નજર કરીને આ નવા માણસને પૂછ્યું. ઝીણી આંખો કરીને એણે આવનારના દિદાર તપાસ્યા. એના તાજા સ્નાન કરેલા લાગતા શરીર પર આખી પહોળી પાટલી-

આણી, સહેજ રતાશ પકડી ગયેલી ધોતી હતી, કોટ હતો, ગળા ફરતો દુપટ્ટો હતો, કપાળમાં ચંદનના ચીપિયાકાર વચ્ચે કંકુનો મોટો ચાંદલો હતો, માથે લાંબા વાળ હતા,

"શું છે? અહીં કેમ આવેલ છો?' બુઢ્ઢા માણસના એ સવાલમાં સૂરો બધા તાજ્જુબીના હતા. જાણે કોઈ કવલી ગાય કસાઈવાડે ભૂલી પડી હોયને, એવો એ પ્રશ્નનો ભાવ હતો.

"સાંભળવા આવ્યો છું." નવા આવનારે હાથ જોડીને કહ્યું.

"ક્યાંથી આવો છો?"

"મુંબઈથી."

"વાહ ભઈ, વાહ!" બુઢ્ઢાએ મજાકનો અવાજ કાઢ્યો.

"ખાસ આપનું ગણું સાંભળવા માટે."

"મશ્કરી કરે છે બમન!" ત્રાડ નાખીને બુઢ્ઢાએ મોંએ ચડી તેટલી ગાળોનો ત્યાં ઢગલો ઠાલવી દીધો. ઓરડીના શણગારમાં જે ન્યૂનતા હતી તે આ ગાળોના છંટકાવથી પુરાઈ ગઈ.

"હું નથી જાણતો એમ? હું શું બચ્ચું છું? મારા દુશ્મનો..."

એમ કહીને એ બુઢ્ઢા ગવૈયાએ એક પછી એક કેટલાંક નામો લીધાં. દરેક નામની આગળ અને પાછળ એણે કોઈ ઊંડે ખજાને સંઘરેલી નવી નવી ગાળોની મોતનમાલાઓ પહેરાવી- દરમ્યાન છોકરાએ જમાવીને આણી આપેલી ચલમનો પોતાના હાથમાં સ્પર્શ થયો એટલે બુઢ્ઢો ચૂપ બન્યો. બ્રાહ્મણે હાથ જોડીને કહ્યું:

"હું આપની એક જ ચીજ સાંભળવા માગું છું."

એક જ ચીજની વાત થતાં વૃદ્ધે ચલમને થંભાવી.

"કૌન સી?"

બ્રાહ્મણ જણાતા માણસે એક રાગનું નામ આપ્યું.

"હાં, તબ તો બરાબર. હાં, અબ સમજમેં આયા."

એટલું કહેતાં કહેતાં બુઢ્ઢાના મોં પરની કરચલીઓ જાણે કે સંકેલાઈ ગઈ. મધરાતે સાફ થઈ જઈને ગળતા કંઠની પેઠે એનો

ચહેરો સ્વચ્છ બન્યો. એણે આ માણસની સામે મીઠાં નેત્રો માંડ્યાં. ગર્વની છાંટ છાંટીને એણે પૂછ્યું: "તને કોણે પતો બતાવ્યો કે એ રાગ મારી પાસે છે?"

"ભટકતાં ભટકતાં પતો મળ્યો."

"દુનિયા મને જાણે છે?"

"નથી જાણતી. હું જાણુ કરીશ."

"તું? કેવી રીતે?"

"આપની ચીજની સરગમ બાંધીને."

'સરગમ! મારી ચીજની! તું બમન બાંધીશ? અબે ગદ્ધા! ઉલ્લુ! તેરા દિમાગ ખટ્ટા નહિ કર દૂંગા તબ તો?'

એવી ગાળોનું એક વધારે ઝૂમખું ખંખેરીને બુઢ્ઢાએ ચલમ મોંએ ચડાવી. બે ચાર ફૂંકે આખી ચલમને એ હાડપિંજર ખલાસ કરી ગયું, બુતાન વગરના એના કુડતામાંથી એની છાતીની એકેએક પાંસળી એ ધુમાડાને પીતી દેખાતી હતી. જરાક લોહી કમતી હોત તો ધુમાડાની ધાર સુધ્ધાં આરપાર દેખી શકાત.

તે પછી એણે તંબૂરને પોતાના ખોળામાં, બાપ બેટાને સુવરાવે તેવી અદાથી સૂવરાવ્યો. એની આંગળીનાં ટેરવાંને એ તંબૂર, પાળેલા પ્યારા પ્રાણીની પેઠે જવાબ આપવા લાગ્યો. તંબૂરનો નાદ જાણે નાનો થાળ થઇ રહ્યો. બુઢ્ઢાનો કંઠ કોઈ અશ્વની માફક એ થાળમાં રમતો થયો.

"ઇસકી સરગમ તૂ બાંધનેવાલા આયા ગદ્ધા! ચલ આ, બાંધ, બાંધ તો દેખું!"

વચ્ચે વચ્ચે એટલા શબ્દોનું વિવેચન ઉમેરીને બુઢ્ઢાએ કંઠ રમતો મૂક્યો.

એણે જ્યારે ખતમ કર્યું ત્યારે એને પોતાને ભાન નહોતું કે એને ઉજાગરા કેટલા છે, ભૂખ છે કે નહિ, શરીરમાં લોહી કેટલા રતલ બાકી છે.

"ચલ બતા તેરી સરગમ." એણે ગુસ્સામાં પૂછ્યું.

જવાબમાં બ્રાહ્મણ ઊઠયો. આ ગંધાતા ગવૈયાના ખોળા સુધી ઝૂકીને એણે હિન્દુ શૈલીએ નમનની તાઝીમ કરી પૂછ્યું:

"આપની દિલરૂબા લઉં?"

"લે લે, બતા, બતા તો સઇ ગમાર!" પરદામાં છુપાવેલ સુંદરી સમી દિલરૂબા કાઢીને એના હાથમાં દેતે દેતે પણ બુઢ્ઢાએ એત્રણ અપશબ્દો સંભળાવ્યા.

દિલરૂબા પર બ્રાહ્મણના પાતળા હાથની કામઠી ફરી. સામે કાગળ પડયો હતો. તેમાં જોતાં જોતાં બ્રાહ્મણે બજાવવા માંડ્યું.

શિકાર પર તરાપ મારવાની રાહ જોતા દીપડા જેવો બુઢ્ઢો ગવૈયો પોતાના ગળાની એક પછી એક સૂરાવળ દિલરૂબાના દિલમાંથી ઊઠતી જોતો હતો. પણ હજુ વાર હતી. હજુ એના મનમાં ઉમેદ હતી કે એના કંઠની જે મીંડ આકાશની વિદ્યુત જેટલા વળાંક લેતી હતી એ મીંડ બ્રાહ્મણને કાગળિયે કેમ ઝલાશે? અકબરશાહના જમાનાથી બાપ બેટાને ને બેટા ફક્ત તેના જ બેટાને જે આપતો આવ્યો છે, બીજે કોઇ સ્થાને જેની હયાતી નથી, કંઠની બહાર જેને કોઈ મુકામ નથી, જેનાં હિસાબ ને ગણતરી છેલ્લાં પાંચસો વર્ષોની સંગીતકળાએ પોતાના સીમાડાની બહાર સમજી લીધેલ છે, તેને આ નાચીઝ બ્રહ્મન કયા બંધને બાંધશે?

પણ એ બંધનો સાચાં બન્યાં. બુઢ્ઢાના ગળાની ગુપ્તમાં ગુપ્ત એ મેનાને બ્રાહ્મણે પોતાની સ્વરગણતીના પાંજરામાં પૂરી બતાવી. બુઢ્ઢો ઝાંખો પડયો. એણે મૂંઝાયેલા અવાજે પૂછ્યું:

"હવે તું આનું શું કરીશ? તેં મારો છેલ્લો ઇલ્મ લઇ લીધો. હવે મારે દુનિયામાં જીવવાનું શું બહાનું રહ્યું?"

ગવૈયાના દયામણા અવાજમાં ઇતિહાસ હતો. એ એના જીવનનો ઇતિહાસ હતો. હિંદી સંગીતની સૃષ્ટિ માંહેલી એ એક જ વિશિષ્ટતા

એની પાસે હતી. એના ગળામાં બીજું કોઈ દૈવત નહોતું રહ્યું. સેંકડો સાધારણ ગવૈયાઓમાં પણ એની ગણના નહોતી. જિંદગીએ એને એક ઉકરડામાં ધકેલી દીધો હતો. જીવવાનું એક જ બહાનું એને આ એક જ સ્વરરચના હતી. વિધુર, સંતાનવિહીન, કંગાલ એ વૃદ્ધ મુસલમાન ખુદાને વીસરી જઈ એ એક જ ગાનની પરસ્તી કરતો કરતો જીવન પર દાવો રાખતો હતો. બુઢ્ઢો છેવટે કરગરી પડ્યો:

"ભાઈ, મેરા ગાન મુજ કો પીછે દેદે!"

બ્રાહ્મણે સહેજ મોં મલકાવ્યું. લખેલા કાગળના ટુકડા કર્યાં.

"યાદ રખના!" બુઢ્ઢાએ એ ઊઠતા બ્રાહ્મણને ચેતવણી આપી. "દિલમાંથી પણ ટુકડો ફાડી નાખજે. નહિતર, જો એનો ઈલમ તારા પાસે હોવાની વાત હું જાણીશ તો તને જહન્નમની આગમાં નાખવા હું ખુદાને અરજ ગુજારીશ."

"દિલમાંથી તો કેમ ભુંસાશે?" બ્રાહ્મણે જવાબ આપ્યો.

જવાબ સાંભળીને ગવૈયો ઊભો થઈ ગયો. બ્રાહ્મણની ગરદન ઝાલી એને હડબડાવ્યો: "તું કોણ છે? તું શયતાનના બચ્ચા! આ મેલો ઇલમ તું ક્યાંથી શીખી આવ્યો? અમારી વિદ્યા, અમારી રોટી તું શું ઝૂંટવી જઈશ?"

હોહોકાર મચ્યો. આખો લત્તો સળવળી ઊઠ્યો: કોઈક મેલા ઈલમનો હિન્દુ આવીને આપણી વિદ્યા પણ ચોરી જાય છે! મારપીટમાં નહાતો—નીતરતો બ્રાહ્મણ ત્યાંથી માંડ માંડ બચીને બહાર નીકળી ગયો. એનું નામ ગોસ્વામી યદુનંદન: સ્વરલિપિનો નિષ્ણાત સંગીતકાર.

: ૨ :

વર્ષો વહી રહ્યાં છે.

ગોસ્વામી યદુનંદનની ચલગત ઠેકાણે નથી. કોઈ કોઈ રાત એ મંદિરમાં હોતા નથી. કોઈ કોઈ વાર દેવની આરતી કરવા પણ ન

જતાં એ તંબૂર લઈને બેસી જાય છે. સારાં આબરૂદાર ઘરોની સૂતેલી સૃષ્ટિને હચમચાવી નાખનારા એના સ્વરો પ્રભાત સુધી ચાલુ રહે છે. એક ઝોકું પણ ગોસ્વામી ખાતા નથી.

મુસલમીન ગવૈયાઓની શ્વાસબદબો એના શરીરમાં પેસી ગઈ છે. એના નામ પર ગીલા ચાલે છે. એક ગોપાલવંશી આ ગંદવાડાની દુનિયામાં ઊતરી જઈ પોતાની રસવૃત્તિ અને સંસ્કાર ગુમાવી બેઠો છે: ગોમાંસના ભક્ષકોની વચ્ચે પડ્યો પાથર્યો રહેનાર એ ઉચ્ચ હિન્દુ, રંગોળીપૂર્યાં હિંદુ આંગણાંમાં પગ મૂકવા જતો લગભગ બંધ થઈ ગયો છે. ધાર્મિક જનોને ખટકા રહી છે ફક્ત બે જ વાતો: આ ઊખડેલ માણસની પ્રાતઃપૂજા અને તિલકચાંદલો.

વાત તો એટલી હદ સુધી પહોંચી ગઈ કે આ બગડેલ ગોસ્વામી હવે તો મુસલમાન ઉસ્તાદોને ગાંજાની ચલમો ભરી ભરીને આપે છે. કોને ખબર છે, એ ફૂંકતો પણ નહિ હોય?

વાત આટલે સુધી સાચી હતી કે, રાતે છૂપા ચાલ્યા જનાર યદુનંદન ઉસ્તાદોની ચલમો ભરવા લાગ્યા હતા. ને મંદિરે આવતા ત્યારે સ્વાભાવિક એનાં કપડાં સારો દિન કે સારી રાત ખાધેલ ધુમાડાની એક હલકી વાસ આપ્યા કરતાં. દસેક વર્ષ વીત્યા પછી પણ હજુ એને પોતાનું ગળું આ ગંધથી સાફ કરવાને માટે ઊબકા કરવા પડતા. ને હજુ એના ઉપર ગાળો–અપશબ્દોની તરપીટ અટકી નહોતી. છતાં યદુનંદન શા માટે પોતાનો સંગીતશોખ દક્ષિણનાં દેવમંદિરો અને ગુજરાત તેમજ રાજપૂતાનાની હવેલીઓ તરફ નહોતા વાળતા?

આખરે એક દિવસ વાત વધી પડી. દેવાલયની નજીકમાં યદુનંદનની બેઠકમાં જ મુસ્લિમ ગવૈયા આવતા થયા. ભાવિકોનાં દિલ દુભાવા લાગ્યાં. તેમણે મકાનધણીની ધાર્મિક લાગણીને કમ્પાયમાન કરીને યદુનંદન પાસે ઘર ખાલી કરાવ્યું. એનો દેવપૂજાનો અધિકાર

પણ છિનવાઈ ગયો. તે પછી થોડા જ દિવસે મકાનમાલિકે પોતાના દીકરાના લગ્નમાં તાયફાનો નાચ ગોઠવ્યો હતો ત્યારે આવી કોઈ બૂમ ઊઠી નહોતી. કેમકે, તાયફાના નાચમાં સુગંધો બહેકતી હતી. દેવદાસીઓ તો દેવને પણ ગમે છે, એવું દેવભક્તોનું કહેવું થયું.

ઓચિંતાની એક દિવસ સંગીતની દુનિયા પર પાંચસો નવીન ' ચીજો 'ની વૃષ્ટિ થઈ. પાંચસો ગાનરચનાઓ ગોસ્વામી યદુનંદને સરગમ બાંધીને રજૂ કરી. બુલંદ સંગીતાચાર્યો એને તપાસવા બેઠા. ચકાસણીમાં માલૂમ પડયું કે આ પાંચસો સ્વરરચનાઓની પ્રાપ્તિ સંગીતના જગતમાં નવી છે.

" નવી નથી, જૂની છે, આપણે કોમી ગણીને ફેંકી દીધેલી ચિરંતન છે." ગોસ્વામી યદુનંદને જવાબ આપ્યો : " ને મને એ પ્રાપ્ત કરાવનારા આ ગંજેડીઓ છે, આ તમે દૂર રાખેલા ગોભક્ષકો છે."

યદુનંદને બાંધેલાં સ્વરગાન ઘરઘરનાં વાજાં પર રમતાં થયાં. નાનાં બાળકો ને સ્ત્રીઓ એ ગાનરચનાઓની મસ્તી અનુભવી રહ્યાં, ને ' કોમી ચુકાદાનો બહિષ્કાર ' એવા કોઈ અકળ અગમ આંદોલનને જ્યારે પ્રજામાં છાપાં જોર કરીને બેસાડવા મથતાં હતાં, ત્યારે પેલી મુસલમાની ગાનરચનાઓ, કોઈ પણ છાપાંના પ્રચાર વગર લોકપ્રાણમાં રમવા લાગી.

પછી યદુનંદનનો દેહ પડયો ત્યારે એ સમાજ બહાર હતા. એનું શબ પણ સમાજને માટે અસ્પૃશ્ય હતું. એની અંતક્રિયા કરવાની ઉચ્ચ બ્રાહ્મણોએ આનાકાની બતાવી. અફવા પણ હતી કે ગોસ્વામી આ ગવૈયાઓ જોડેના આહારવિહારથી યે સાવ મુક્ત નહોતા.

આખરે પંદર વીસ મેલા ગંધારા ગવૈયાઓ આવ્યા. એમણે શબને સ્નાન કરાવ્યું. યદુનંદનના ઘરમાં ચંદન પડયું હતું તે ઘસ્યું. યદુનંદનના લલાટ પર રોજિંદા તિલકે પોતાની જે પાતળી રેખાઓ પાડી હતી તે તે રેખાઓ તેમણે ચંદનથી પૂરી અને વચ્ચે કંકુનો ચાંદલો કર્યો.

જ્યારે ગવૈયાઓએ શબને પોતાના જ કાંધ પર ચડાવીને સ્મશાનયાત્રા કાઢી ત્યારે નગરની ઊભી બજારે, ઘરોની ખોલીઓમાં, ઠેકાણે ઠેકાણે જે સંગીત બજી રહ્યાં હતાં, તેમાં ગવૈયાઓ પોતાના કંઠોની કૃતિઓ નિહાળીને કહેતા હતા: "આપણુને અમરત્વ આપ્યું ગોસ્વામી યદુનંદને."

"કમનસીબ એક આ રહ્યો." એમ કહેતા એક ડોસાએ એ સમૂહમાં પોતાનો દેહ હડસેલ્યો; "મેં એને મારું ગાન નહોતું લેવા આપ્યું. મેં એને મતલબી કોઈ હિન્દુ માન્યો હતો. મેં એને મારપીટ કરાવી હતી."

"તબ તો બુઢ્ઢા! ચલ, તૂ ભિ આજા. ઉઠા લે મૈયત!"

ને એ ડોસાએ ગોસ્વામીની નનામીને પોતાનો ખભો ટેકવ્યો.

★

કડેડાટ

ગામમાં નીકળવાની મારી આદત વિચિત્ર હતી. બીજું કંઈ હું જોતો નહોતો. પણ કયું ઘર ઉઘાડું ને કયું બંધ, એ નિહાળવાનો મને શોખ હતો. આજે જે ઘરનાં બારણાં ઉઘાડાં હોય, તેને થોડા દિવસે પાછું તાળું લાગી ગયું હોય; આજે જ્યાં છોકરાં ધૂળમાં રમતાં રમતાં ખારી શીંગ કે રોટલાનું બટકું ખાતાં હોય, ત્યાં ફરી નીકળવા ટાણે પડોશીઓ કચરાના સૂંડલા ઠાલવતા હોય; આજે કોઈ ઘરને ઉંબરે વાળી ઝોળીને એકાદ બે સ્ત્રીઓ ઓળેલ માથે ને સીધે સેંથે બેઠી બેઠી પિંડી સુધી ઉઘાડા પગનાં લીલાં છૂંદણાં બતાવતી હોય, કાલાં ફોલતી હોય, જૂની સંઘરેલી જુવાર વાવલતી હોય, ને એ વાવલવાની ઊંચી ઘોડી પર ઊભાં ઊભાં એનાં ઓઢણાં લહેરાતાં હોય; તો બીજી વાર નીકળું ત્યારે એ તાળાં લાગી ગયેલ બારણાંને ઉંબરે એકાદ ખસુરિયું કૂતરું પોતાને શરીરે ચટકા ભરતી બગાંઓને જમી જવા આમ તેમ ડાચિયાં નાખતું થોડીવાર ઊઠતું, થોડીવાર બેસતું ને થોડીવાર પાછું રઘવાયું બનીને ભાગાભાગ કરતું હોય. આજે જ્યાં દીવા બળતા હોય ત્યાં પાંચે પંદરે ફરી નીકળું ત્યારે મકાનમાં અંધારું હોય અને ચાલ્યાં ગયેલાંની ભૂલથી ઉઘાડી રહી ગયેલી બારીનું નાનું એકાદ બારણું પવનમાં ભટાક

બટાક ઊધડબીડ થતું હોય અને પડોશીઓ ત્યાં ઊભાં ઊભાં ચોર અવીતરની શંકાએ બીકભરી વાતો કરતા હોય. આ બધું જોવાનો મને આનંદ પડતો; ને ઘણીવાર એવા કલ્લોલ કરતા એકાદ ઘરને એકાએક મૂંગું મરી રહેલું દેખી પડોશીને પૂછતો પણ ખરો, કે—

"ટીડા ગોરને ઘેરથી ક્યાં ગયાં બધાં?"

પડોશી જવાબ દેતાં : 'ઇ તો વડલી–ઝાંપે રહેવા ગયાં ભાઈ! આંઈ તો ઘરધણી ધના મિસ્ત્રીએ ખાલી કરાવીને રૂની ગાંસડીઉ ભરી છે રોયે! ને બાપુ! અમને તો રાત ને દી' બો લાગે છે. ધનાને સુઆને દસ્મન કાંઈ થોડા છે! નૈ ને કોક તણખો મેલી દ્યે તો અમારું શું થાય? અડોઅડ એક પડાળે છયેં ભાઈ!"

"આંહીં પ્રેમજી ખોજો ખારી શીંગ વેચતો'તો તે કેમ દેખાતો નથી? ઘર કાં બંધ? ને આ ખડકી ક્યારે પડી ગઇ?"

જવાબ મળતો : 'આ હાથીઓ મે ત્રાટક્યો એણે ખડકીના કરાનું દાટણ વાળ્યું બાપુ! ને પ્રેમજી ખોજે ઘણું ય મોહન મારફતીઆને કરગર્યો કે કરો ફરી ચણાવી આપ; પણ મોહન મારફતીઓ કહે કે, 'મારે મર ઓરડું પડીને ખંડેર થાય, તું તો એક વાર નીકળ, પાંચ મૈનાનું ભાડું નથી આપ્યું તે ય તને માફ, ઓરડું ખાલી કર, મારે ઘણી ખમા લડાઈને! સરકારે ઘઉંની વખાર ભરવા મોમાગ્યું ભાડું કબૂલ્યું છે.' એમ પ્રેમજીને તો ઉચાળા ઉપડાવ્યા, ને પ્રેમજી નવે ઓરડે સુખી ન થ્યો. એનો છોકરો મરી ગ્યો, ને બાઇડી માંદી મટતી નથી. આ ઓરડે એને લેણું હતું. ધરતીએ ધરતીએ ફેર તો છે જ ના ભાઇ! ઘણો ય પ્રેમજી મોહન શેઠ આગળ રગરગ્યો કે પડી ગયેલ ખડકીમાં ય રે'શું, ભલો થઇને પાછાં આવવા દે, પણ મોહન શેઠને તો માડી, આ ખંડેરનું ય સરકારે પસ્તાલીશ રૂપિયા ભાડું ઠેરાવ્યું છે. હવે તો આંઇ જીવતાં માણસુંને બદલે દાણાની જિવાત રે'શે. ઊંદરડા તો વખારમાં કાળા

કોપના થ્યા છે. અમારા ઘરમાં ય સોંસરવાં ફાંકાં પાડ્યાં છે. ને મજો છે બસ કાગડાને! ઊંદરડાને ખાઈ ખાઈને ઓડકારી ગિયા છે માડી! નવો દાણો ઊંદર ખાશે, ને ઈ ખાતાં પોર જે વધશે તે આપણને દેશે બાપુ! હું તો પરભુને કહું છું કે ભૂંડા! ઓલ્યે અવતાર કાં ઊંદર ને ને કાં કાગડાને પેટે નાખજે, એટલે હવે પછીની નવી લડાઇમાં સળેલ ધાન ખાવાની તો અભાગ્ય ન રહે!'

આમ મારા ગામના વિદ્વાન વકતા વનિતાશંકર વકીલને પણ લંબાઇને હિસાબે પરાસ્ત કરે તેવી એ પડોશણ બાઈ માંડ માંડ છેવટે ચુપ બની; ને મેં ત્યાંથી આગળ ચાલતાં ચાલતાં કહ્યું કે 'બહેન, નવી લડાઈની તમારે આવતા ભવ સુધી વાટ નહિ જોવી પડે.'

'ઇમ! શું કહો છો ભાઈ! સાચે જ! વોય મારા રોયાઓ! પૂરો સાસેય નહિ લ્યે પીટયાઓ!'

'રોયાઓ' ને 'પીટયાઓ'નો ખિતાબ હિન્દની એક સન્નારી તરફથી ટ્રુમાન, ઍટલી તથા સ્ટેલીન પર મોકલી આપવાનો કેબલ (તાર) મનમાં ઘડતો ઘડતો હું આગળ ચાલ્યો. અને ધના ભગતના ચોકમાં આવ્યો. ધના ભગત, જેમનાં અનેક જીવનસ્મરણોમાંનું એક તો હજુ યે લોકોને હૈયે હતું—લૂંટારાઓ ગામ પર આવ્યા ત્યારે આ ચોકમાં તેણે આડા ઊભા રહી પહેલી ગોળી ખાધી હતી—એ ધના ભગતનું જૂનવાણી નામ બદલીને નવી પેઢીના બેત્રણ જુવાનોએ નવી ફેશન પ્રમાણે જવાહર ચોક નામ પાડયું છે. પણ હું રહ્યો જૂનવાણી માનસનો, એટલે જવાહર ચોક એ નામ મારી જબાન પર ચડતું નથી, હું એને ધના ભગતનો ચોક જ કહું છું—ક્ષમા માગું છું.

આ ધના ભગતના ચોકની જમણી બાજુ, નીલકંઠેશ્વરના મંદિરની સામે જ આવેલા એક મેડાવાળા ઘર પર મારી નજર હેવાયું કૂતરું ઊભું રહે તેવી રીતે થંભી ગઈ. નીચેનું હાટડું ને

ઉપરનો મેડો, બેઉ બંધ હતાં, હાટના ખંભાતી તાળા પર કાટ ચડી ગયો હતો, ને ઓટા પરનું કૂતરાંએ ખોતરી કાઢેલું રહ્યું સહ્યું લીંપણુ એક ભેંસ એનાં શિંગડાં વડે ઉખેડી રહી હતી. મેડાની બારી પાસે, છાપરાંને નેવે લટકાવેલું એક અજમાના છોડનું કૂંડું હજી એમ ને એમ હીંચતું હતું ને એમાંથી હજુ પણ લીલું પાંદ ડોકિયું કરતું હતું. પાણી રેડનારાં તો નહોતાં જણાતાં એટલે માન્યું કે ઝાકળ પીને નાનો છોડ જીવતો રહ્યો હશે.

મને યાદ આવ્યું : એક દિવસ આ અજમાનાં પાંદનાં મેં મારે ઘેર ભજિયાં કરાવીને ખાધાં હતાં. મારા મોંમાં જરા વાર પાણી પણ છૂટયું. અત્યારે તો એક ઢેઢગરોળી કૂંડા ઉપર બેઠી બેઠી જિવાત પકડતી હતી.

'કેમ? કયાં ગયા?'

મેં જેને પૂછયું તે હતો, નીલકંઠ મહાદેવના ઓટા પર બેઠેલો એક બીડી વાળતો જુવાન. હતો તો દવાખાનાનો પટાવાળો, પણ ઉપરીનો માનીતો હતો. દવાખાને ડોકિયું કરી આવીને પછી અહીં બીડીઓ જ વાળ્યા કરતો.

'કોણ લાલો મેરાઇ?' એણે બીડીને વળ દેતાં દેતાં પ્રશ્ન કર્યો. મેં ડોકું હલાવ્યું.

'મુંબઇ.'

'ને એનો ભાઈ ઓધો ?

'એય.'

'કયારે ?' ગામમાં જવલ્લે જ નીકળનારો હું જાણતો નહોતો.

'નવ મૈના થઇ ગયા!' મારા અજ્ઞાન પર બીડી વાળનારો હસ્યો. પણ સાચી વાત એ હતી કે હું યે કાપડની તંગીને કારણે નવાં ન સિવડાવતાં જૂનાં 'કન્ડમ' કરેલાં કપડાંને પણ પાછાં ગાભામાંથી કાઢીકાઢી પ્રેમથી પહેરતો હતો.

'અને વહુઓ?' મેં વધુ પૂછ્યું.

'એનેય તેડી ગ્યા. એને તે આંઇ રાખે? આંઇ હતા તોય બજારમાં હાટડી રાખતા'તા? એક મૈનો બજારમાં બેઠા ત્યાં તો ધરાઇ ગયેલ, ને બાર મહિનાનું ભાડું પણ કુરબાન કરીને પાછા ઘેરે સંચા લઇ આવેલ. ખબર નથી? લાલો ને ઓધો તો હતા ઘાયલ જીવડા! ઈ તો ઈ સંતી ને સૂરજ સામી બેઠી બેઠી ગાજ બટન કરતી હોય, તો જ બેઇ ભાઇયુંના સંચા ધૂઘરવેલ ઘોડે ચાલે. એઈ પાંચક વાર ચા કરીને પાતી હોય, પાણીનાં બેડાં લઇને મેડે ચડતી ઊતરતી હોય, બેય જણીઉં મેડાને માથે રૂમઝુમ કરતી રાંધતી ને ચીંધતી હોય, તો જ હેઠે હાટડામાં બેઇ ભાઇના ટાંટિયા કામ કરે. ઈ ઘાયલ તે કાંઇ મુંબઈ જેટલે જઈ એકલા રહી શકે ભાઈ! ઈ તો ચાર મહિને આવીને તેડી ગ્યા.'

'ઓરડી મળી મુંબઈમાં?'

'મળે ને? રૂપિયા સવા સાતસો પાઘડીના ફગવી નાખ્યા.'

'એટલું બધું રળી પણ લીધું?'

'રળશે શું! નાનાની વહુ સંતીએ પોતાનાં ઘરેણાં વેચવા દઇ દીધાં. ઓધો કહે કે શી ફિકર છે? લશ્કરના દરેસ સીવીએ છીએ તે બે મહિનામાં પાછી સંતીને સોને મઢી દેશું—પગથી માથા લગી પીળી હળદર રેખી કરી નાખશું, કડેડાટ કરતા બેય ભાઇ આવ્યા, કડેડાટ લબાચા ભરી લીધા, અને તાળાં મારીને કડેડાટ ચારે જણાં ઘોડાગાડીએ ચડી સ્ટેશને ચાલ્યાં ગયાં.'

એટલું કહીને એણે બીડીઓ વાળવા માંડી.

હું કાંઇક ભારે હૈયે પાછો વળ્યો. આ લાલો ને ઓધો, બેય જુવાનો મારા કાયમના દરજી. ગામમાં ફેશનદાર કટનાં કપડાં સીવનારા બીજા હોવા છતાં મારું સિલાઈ કામ હું આંહીં જ આપતો. મારી આદત જ એવી, કે પાસેનાં કપડાં ઘસીને પહેરું, છેક જ

ખાલીખમ થઈ જાઉં અને ઓચિંતું ગામતરું આવી પડે ત્યારે જ આંહીં કપડાં નાખું, ને પછી કલાકો સુધી અહીં મારે બેસવું પડે—ના, સાચું કહું તો મને બેસવું ગમતું. મને એક મુરબ્બીએ એકવાર સમજાવેલું કે ભાઈ, વાળંદ પાસે વતું કરાવતી વેળા જ્ઞાન–વૈરાગ્યની વાતો કરીએ, ને દરજી પાસે કપડાં સીવડાવવા બેસીને શરાતનની વાતો ચલાવીએ, તો જ કામ ફતે થાય. (હજામત કરાવતાં વીરતાની વાતો ન કરવી નહિતર હજામ ઉત્તેજિત બની અસ્તરો વગાડે !) એ મુજબ હું પણ અહીં બેસીને આ લાલા ઓધાને સંચા ચલાવવાનું શૌર્ય ચડાવતો. ગાજ બુતાન કરવા સંતોક ને સૂરજ સામે બેસતી, જરાક નહિ જેવી લાજ કાઢતી, પણ બોલવાનો વાંધો નહોતો. વચ્ચે વચ્ચે ઊઠતી, મેડે જતી, નીચે આવતી, હરફર કરતી. ત્યારે મને વિક્રમના સિંહાસન પર જ્યારે રાજા ભોજ બેસવા જતો હતો ત્યારે એ સિંહાસનના કોતરકામમાંથી રૂમઝુમાટ કરતી એક પછી એક જે બત્રીશ પૂતળીઓ બોલી ઊઠેલી તે યાદ આવી જતી.

બન્ને સરખી લાગે: જગતમાં કોઈ કોઈ વાર સોગંદ ખાવાને માટે જ સાંપડી જતી જોડય માંહેલી એકાદ જોડય લાગે. દેરાણી જેઠાણીનું આવું જોડલું મેં ક્યાંય જોયું નથી. એકને જોઈએં ત્યાં બીજીને ભૂલીએ. મેડેથી સોય બુતાન કે પાણી લાવવું હોય, તો સબ દેતી બેઉ ઊઠે. પહેલું કામ કરવાની જ જાણે બેઉ વચ્ચે હરીફાઈ. અને લાલો ને ઓઘો સાંજે બહાર ગયા હોય, બન્ને જણીઓ મેડાની બારીએ બેઠી હોય, ત્યારે ફ્રેમમાં મઢેલી કોઈ કલાકારની કૃતિ જાણે જોઈ લ્યો.

બેએક મહિને ફરી પાછો હું કયે ઘેર બારણાં ઊઘડ્યાં છે ને તાળાં વસાઈ ગયાં છે તે જોવાનો શોખ લઈને નીકળ્યો, અને નવાં રોનક નિહાળવા મળ્યાં. કાસમ શેઠ—આંખો મીંચીને ઊંચે ભાવે રૂની ગાંસડીઓ સંઘરનારા અઘ લાખના આસામી—તેના આલીશાન મકાન પર કડી લાગી ગઈ છે, અને પોતે બાજુમાં એક ઘોલકી

જેવા ઘરમાં રહેવા ગયા છે; તરભોવન મહારાજ જૂનું ખોરડું છોડીને ગામડે રહેવા ચાલ્યા ગયા છે, કારણ કે એના પહેલા ઘરમાં બે કાળા નાગ કોણ જાણે ક્યાંથી આવીને દિવસરાત આંટા દેવા લાગ્યા, કેમે કર્યા ખસે નહિ, સાંડસામાં પકડી નદીપાર મેલી આવે તોય રાતે પાછા હાજર ને હાજર, એક ચૂલા પાસે ને બીજો પાણીઆરા હેઠળ, ઉંદરના દરમાં બેઠા બેઠા ડોકું બહાર રાખી જીભના લબકારા કર્યા જ કરે. દીવા કર્યા, નિવેદ જુવાર્યાં, પણ નીકળે નહિ. બીજું ઘર બદલાવ્યું તો ત્યાંય હાજર. અંતે તરભોવન મહારાજને ગામ છોડવું પડ્યું. ને ખાલી કરેલાં ઘરમાં કોઈ બાહુત ઢૂકતો નથી. બેઉ ઘરને મેં ભૂતખાનાં જેવાં પડેલાં દીઠાં. આગળ ચાલ્યો ત્યાં પટવારીના પટારા જેવા કહેવાતા ખીચોખીચ ખાંચામાં નવું રોનક નિહાળ્યું. પાનબાઇ વિધવાનું અને જગજીવન ગાંડાનું, એ બેઉ ખોરડાંનાં નામનિશાન પણ નહોતાં રહ્યાં. તે બેઉને ઠેકાણે શ્રાવકોના અપાશરાનું પાકું બાંધકામ ધમધોકાર ચાલી રહ્યું હતું. અને ત્યાં ઊભેલા શ્રાવક આગેવાન મને શું બન્યું તે સમજાવતા હતા :

'ભાઇસાબ! પાનબાઇએ તો અમને પાંચ વરસમાં હાથ જીભ કઢાવી છે. જગલાને તો ભોજનશાળાનો ઓટો ભળાવી દીધેલ, અને એ નિર્વંશીઆને બે વરસ નભાવી લેવામાં કશી અડચણ ન પડી, પણ આ પાનબાઇ અમારા માથાની નીકળી—ભલભલાને ભૂ પાઇ દે તેવી હતી રાંડ. પાછળ પીપળે પાણી રેડનારું કોઇ કરતાં કોઇ ન મળે તોય બસ હઠ લઇને બેઠેલી કે અપાશરા માટે તો નહિ જ આપું. આ છેવટે ખોડસામાં ગઇ ત્યારે જમીન અપાશરાને માટે હાથ આવી.'

પાનબાઇને મેં દીઠી હતી—હજુ તો બે જ મહિના ઉપર!— માથે સીમમાંથી છાણનો સૂંડો લઇ આવતી, કમ્મરેથી નદ્દન બેવડ વળી ગયેલી, મોંએ લાળો ચાલી જાય. તો પણ મને બોલાવતી કે 'આવો બાપા! છોકરાં નરવ્યાં છે ના?'

ખેર, હું એ યાદને ભૂંસી નાખતો શ્રાવક આગેવાનને પૂછવા લાગ્યો: 'આટલી મોંઘવારીમાં જબરું કામ ઉપાડ્યું.'

એણે જવાબ દીધો: 'રૂડા પ્રતાપ એક ટોજોના, ને બીજા 'કરેંગે મરેંગે' ના.'

'એઉના ભેગા?'

'નહિ ત્યારે! જાપાનની લડાઈ અને ગાંધીજીની લડત, આ બેઈ એને પ્રતાપે જ હરખચંદ શેઠ રળ્યા, ને એક તડાકે પચીસ હજાર અપાસરા સારુ કાઢી આપ્યા. હવે સો વરસ સુધીની નિરાંત થઇ. એક ભોંયતળિયું ઉતારીએ છીએ. એ દેશું વખારો માટે ભાડે, ને માથે દુકાનું દસ ઉતારીએ છીએ તેને માથે અપાશરાનું થાનક. એ...ઇ ને લેર કરે સાધુઓ.'

'ખરા!' કહી હું આગળ ચાલ્યો. ને મારા માનીતા ધન્ના ભગતના ચોકમાં નીકળ્યો. ઊંચે જોયું. લાલા ને ઓધા મેરાઇ બંધુઓનો મેડો ઉઘાડો દીઠો.

અનિર્વાચ્ય એક સુખની લહર મનમાં ઊંડાણમાં વાઇ ગઇ.

પણ પછી હું 'સેકન્ડ રીડીંગ'ની ભૂમિકા પર આવ્યો, ને મેં મેડાની બારી પર દૃષ્ટિ લગાડી. પેલું અજમાના છોડનું કૂંડું જેમનું તેમ ધૂળે ભર્યું કેમ? એનું પાંદ અધસૂકું કાં? ને ત્યાં હજુ ય ઢેઢગરોળીઓ કાં ફરે?

નજર બારીની અંદર પેઠી. ત્યાં એક ખાટલો ઢાળેલો હતો. તે ખાટલાની ઇસ પરથી નીચે લબડતો એક હાથ દેખાતો હતો. સૂતેલું માણસ નજરે પડ્યું નહિ

જરાક ચશ્માં સરખાં કરીને નજર ઠેરવી: એ લબડતા હાથનો રંગ શ્યામ હતો, સોનાની બંગડી દીઠી, પણ એ બંગડી કાંડા પર નહિ, કાંડાની નીચે ઊતરી ગયેલી, આંગળાંનાં હાડકાંએ જ હેઠે પડી જતી રોકી રાખેલી લાગી. ભૂલતો ન હોઉં તો હાથ પર

છૂંદણાંનો યે ભાસ થયો, થોડીવારે એક વૃષનો બાળક બારીએ ડોકાણો. પાછળથી એક ક્ષીણ અવાજ આવ્યો : ‘ બાપા, પ...ડી...જા...ઇ...શ ! ’

બાળક બોલતું હતું : ‘ ખાવા દે. અં...અં...અં ! ખાવા દે !

દૂબળો—જાણે જમીનના પેટાળમાંથી જવાબ આવ્યો: ‘ ખા...વા ...નું...અંહ...અંહ...હ...મ...ણે...માલા...વ...શે. ’

બાળકને મેં બારીએથી પાછો ફરતો, ખાટલે જતો, ને ધડ ધડ ધબ્બા લગાવતો જોયો. ખાટલામાંથી અવાજ ઊઠ્યો: ‘ અહહહ ...રે...વા...દે, હા ! હા ! હા ! ડા...યો...છો...ને ! ખા...ને મ...રા...ય ? ’

‘ હા, મલાય—ખાવા દે. ખાવું છે.’

મેડા પર ચડી જવાનું મન વારીને મેં નજર પાછળ ફેરવી અને દીઠો, પેલા દવાખાનાના પટાવાળાને. નીલકંઠને ઓટે બેઠો બેઠો, કોઈ સ્થિતપ્રજ્ઞની અદાથી, એ સપાટાબેર બીડીઓ વાળતો હતો ને મારી સામે જોઇ હસતો હતો.

પૂછ્યું, ‘ ઉપર કોણ છે ? ’

જવાબ : ‘ લાલાની વઉ, સૂરજડી.’

‘ ક્યાંથી ? ક્યારે ? ’

‘ મુંબઇથી. અઠવાડિયું થયું.’

‘ કેમ ? ’

‘ માંદી પડીને આવી છે. ’

‘ લાલો ક્યાં ? ’

‘ મુંબઈ. ’

‘ ત્યારે સાથે કોણ છે બીજું ? ’

‘ કોઇ નહિ. ’

‘ સૂરજ આવી કેવી રીતે ? ’

'કડેડાટ ! સથવારે.'

'એકલી ?'

'હા જ તો ! છોકરો છે ના ભેળો !'

'પણ આંહીં એને કોણ રાંધી ચાંધી આપે છે ?'

'આવી ત્યારે તો કડેડાટ હાથે કરી લેતી. હવે પાડોશીઓ રોટલો નીરી આવે છે.'

નીરી આવે છે !

ગાયને કે કૂતરાંને અમે 'રોટલો નીરવો' કહીએ છીએ આ પ્રદેશમાં.

'પણ દવા દારૂ ?'

'હોય નહિ.'

'કાં ?'

'ટી. બી. છે.' દવાખાનાનો પટાવાળો ક્ષયનું ઠસ્સાદાર નામ જાણતો હતો.

'પણ ચાકરી કરવા કોઈ નહિ ?'

'ટી. બી. ની ચાકરી ! વાત શી કરો છો ? ઘરનાં દસ હોય તો દસે જણાં લાંબાં થઇ જાય ! ટી. બી. છે બાપા ! રાજરોગ છે એ તો ! લાલો તે કમાય કે ચાકરી કરવા બેસે ! ભૂખ ભેળો જ થાય ને !'

'પણ સંતોષ ન આવી—એની દેરાણી સંતોક ?'

'ઈ તો બાપા, સંતોકનો વર ઓઘો જાણે. મને શી ખબર ! પારકા પંચાતમાં આપણે તે કેટલુંક પડીએ ? આ તો ટી. બી. છે. અને ટી. બી. એટલે તો ચૂડેલ. ચાકરી કરનારને જ ચોંટે. ને સંતોકડી તો છે બિલોરી કાચ: પાણી પીએ તો ગળા સોંસરવું દેખાય. એને ટી. બી. ની ઝપટ થાતાં વાર લાગે ? લાગે નહિ. કડેડાટ કરતી લાગે.'

આ બધું બોલતાં બોલતાં એના હાથ જે સ્ફૂર્તિ તેમજ ગતિથી ટપોટપ પાંદડું ઉપાડતા હતા, કાતરથી પાંદને કોરતા હતા, ભૂંગળું વાળતા હતા, જરદો ભરતા હતા, ટોપકું વાળતા ને દોરો બાંધતા હતા, તે નિહાળવામાં મારી આંખો મગ્ન રહી; અને મને પાકી ખાતરી થઈ કે મેડા પર ખાટલે પડેલી સૂરજ દરજણ કડેડાટ બીડીઓની જ ઝડપે સ્મશાનની બીડી બની રહી હતી.

પટાવાળો મારી દિલગીરીને ઉડાડવા માટે બોલી ઊઠયો: 'ફિકર જેવું નથી, લાલે રૂપિયા ભેળા બંધાવ્યા છે. ને પાછું કાલ રજિસ્ટર પણ આવ્યું છે. પાડોશીઓ ય બાપડાં ખાટે છે. રોજનો એક રૂપિયો તો સૂરજ ૪ છોકરા માથે ભાગી નાખે છે. જે છોકરી રમવા તેડી જાય એને પાવલી પાવલી આપે છે. અરે પાણીનો લોટો મેડે લઇ જનારને ય આનો કમાવી દે છે ના! તો ખાવાનું દેનારને અરધો તો મળતો હશે ના!'

'પણ લાલો મૂકવા ય આવ્યો નહિ જ?'

'આવે તે ક્યાંથી સાહેબ? સૂરજને અહીં મોકલી છોકરા ભેળી. ઘોડાગાડીમાંથી ઊતરી કે તરત સૌ એની દશા દેખીને પૂછવા માંડેલાં કે તારો વર ન આવ્યો? સૂરજ કહે કે શી રીતે આવે! લશ્કરનો કંત્રાટ કેમ મેલાય? મોટા કંત્રાટીએ અગાઉથી રૂપિયા પાંચસે દીધા છે ને દસ્તાવેજ કરાવી લીધો છે. દમ ભીડયો કે જો કામ રઝળાવીને જા તો લશ્કરને જ સુપરત કરી દઇશ! અને લશ્કરને સોંપતાં વાર લાગે? એકવાર સહી કરી આપ્યા પછી તો પતાળમાંથી યે પકડે, ને કડેડાટ જેલમાં બેસાડી દે. આ તો લડાઇના મામલા છે સાહેબ! મલાઇ મલાઇ જમી જવાની વાત નથી. આ તો લોહીનાં નાણાં છે. જલેબી નથી.'

પછી તો હું ન રહી શકયો. પડોશીને ઘેર ગયો. વિગતે વાત પૂછી જોઇ. બીડી વાળતા પટાવાળાની વાત સાચી હતી. પણ એક મુદ્દો રહી જતો હતો તે આ પડોસીએ પૂરો પાડયો. કહે કે 'આખો

દિવસ, નથી ધણીનું નામ લેતી, નથી જીવવાની અબળખા, નથી મરવાની બીક, નથી છોકરાની વળગણ, ફકત એક દેરાણીનું રામ–રટણ કરે છે. બસ, સંતોક કેમ ન આવી ! સંતોકને તેડાવો.'

'સંતોક છે કયાં ?'

'એને પિયર આવી છે મુંબઈથી, આંઈ ગરવાળા ગામે.'

'ત્યારે તો ઢૂકડું, તેડાવીએ તો ?'

'તેડવા મોકલ્યું'તું માણસ.'

'તો પછી ?'

'પછી શું ! ના પડાવી મેલી, કે નહિ આવું.'

'કાં ?'

'ભગવાન જાણે. અમારાથી તો માન્યું ય જાતું નથી બાઈ ! બેયની આંતરે ગાંઠયું (બન્નેનાં આંતરડાં જાણે કે ગાંઠ પાડી બાંધેલાં), બેય એકબીજા વગર જીવે નહિ, એકનું ડીલ તપ્યું હોય તો બીજીને ખાવાનું ન ભાવે એવાં બેનપણાં. પણ આજ કોણ જાણે શું થયું કે ના પડાવી દીધી !'

'સૂરજને ખબર છે ?'

'હા, પણ ઈ માનતી જ નથી. કહે છે કે રાતનો દિવસ થાય તો જ મારી દેરાણી ના પડાવી મેલે. ઈ બાપડી પરભુના ઘરનું માણસ, આવડી બધી ગેરમાણસાઈમાં વશવાસ મૂકી શકે નહિ.'

મને જરા રમૂજ થઈ. આમાં વિશ્વાસ ન મૂકવા જેવું હતું જ શું ! એ બે દરજણોનાં રૂપ લાવણ્ય અને શીલનો પ્રશંસક હું પોતે જ ત્યાંથી એટલી તસ્તપાસ કરીને ઘેર ચાલ્યો ગયો, મારા ધંધામાં એકધ્યાન બની ગયો, એ જો બની શકયું તો પેલું કેમ ન બને ? એમ થવામાં મને થોડી મહેનત પડી એ સાચી વાત. કારણ કે પેલી મેડા પરની બારી વાટે લબડતો દીઠેલો એ સાંઠીકડા જેવો કંકુણવાળો હાથ મારી કલ્પનામાં સતત લબડયા જ કરતો

હતો. નવ મહિના પૂર્વે લાલા ઓધાની હાટડીએ બેસી મારાં કપડાં તૈયાર કરાવતો હતો ત્યારે સાડીના પાલવ નીચેથી બહાર નીકળીને બુતાન ટાંકતો હતો તે જ શું આ હાથ હોઇ શકે? મારે ભજિયાં ખાવાનું મન છે કહી અજમાનાં પાંદ માગ્યાં એટલે સબકારે ઊભી થઇને ઉપરથી કૂંડામાંથી તોડી લઇ આવી હતી, ને જે હાથે મને એણે પાંદ આપ્યાં વે શું આ હાથ હોઈ શકે? ને એકવારનો ગુલાબી રંગનો, ગુલાબ ઉપર કાળી મધમાખો બેઠી હોય તેવાં છૂંદણાંથી ભરેલો, નખમાંથી લોહીના ટશિયા હમણાં જાણે ફૂટશે એવો હાથ જો આજે આવું કરગઠિયું બની જઇ શકે છે તો પેલી દિલોજાન દેરાણી સંતોક અત્યારે સારવાર કરવા આવવાની પણ ના પાડે છે એ શા માટે ન માનવા યોગ્ય ગણવું? બન્ને વાતો બની શકે છે.

ફરીથી તો હું ગામની લટારે જરા વહેલેરો—પંદરવીસ દિવસે જ નીકળી પડ્યો અને ચક્કર લેતો લેતો એ ધના ભગતના ચોકમાં પહોંચ્યો ત્યારે એ લાલા–ઓધાના ઘરની મેડી ફરી પાછી બંધ થઇ હતી. નીચે નવું તાળું દેવાયું હતું. પેલું અજમાના રોપવાળું કૂંડું ત્યાં હતું નહિ, ઘોડાગાડીના તદ્દન તાજા ચીલા ને પેશાબના રેલા ત્યાં પડેલા હતા, અને તાજી લાદના ત્યાં પડેલ એક પોશકાની માલિકીને માટે એક આધેડ સ્ત્રી તથા એક નાની છોકરી 'નભાઇ' 'રાંડ' એવાં 'થૂંક ગ્રેનેઇડ' વડે લડાઈ કરતાં હતાં.

'કાં સાહેબ!' પાછળથી અવાજ આવ્યો ને મેં નીલકંઠના ઓટા પર જોયું. તુરત અવાજ સાંભળ્યો: 'ઈ તો આવ્યાં ને ગયાં કડેડાટ કરતાં.'

એ બોલનારો પેલો બીડીઓ વાળતો પટાવાળો હતો.

પૂછ્યું : 'કોણ?'

'લાલો, ઓધાની વહુ સંતી, ને ઓલ્યો નાનકો છોકરો.'

ફક્ત ત્રણ નામ—ચોથું ન લેવાયું. મને ફાળ પડી. મારે પ્રશ્ન કયા શબ્દોમાં મૂકવો તે સૂઝ ન પડી. પણ પ્રશ્નની વાટ જોયા

વિના જ એણે બીડીઓ વાળતાં વાળતાં વેગ વધારીને મને કહ્યું: 'ટી. બી.—ને આ તો સાહેબ, પાછો 'ગેલપીંગ' ટી. બી.' હું ન સમજ્યો હોઉં તેવી ધારણાથી તેણે સમજ પાડી : 'આ તો ઘોડાપૂર ટી.બી. કડેડાટ આવ્યો. જોતજોતામાં ઢાળી દીધી. નીકર કેવી જોધાર ને મસ્તાન હતી!—હેં! કેવી ખૂંટિયા જેવી! પણ ઢાળી દીધી. કાલ સાંજે કાઢી ગયેલ. અટાણે તો રાખે ય ઉની નહિ રહી હોય.'

આભા જેવો હું ઊભો રહ્યો. થોડી વારે પૂછ્યું: 'લાલો ક્યારે આવેલો?'

'ઈ બધું ય ભેળું જ પતી ગ્યું. લાલો કાલ્ય મેલમાં જ આવી પહોંચ્યો. આંઈથી તાર કરેલ, કે હવે આવી જા, ફેરો ફોગટનો નહિ થાય.'

'ને સંતોક ક્યારે આવી?'

'ઈ બધાં ય કાલ્ય સાંજે કડેડાટ કરતાં ભેળાં થ્યાં. સંતોક આવી જેતલસરની મેલમાં ને લાલો ધોળા માથેથી. તાર મેલેલ તાર, મુંબઈથી ગરવાળે. ઠીક મારા ભૈ, ટાણાસર પહોંચ્યા ગ્યાં'

'મેળાપ થઈ શક્યો?'

'ના, એમ ટાણાસર નહિ પણ દેન પાડવામાં ટાણાસર. જીવ તો મેલ પહેલાં જ ગયેલ, પણ મડું ઢાંકી મૂકેલ. એક રીતે સારું થયું સાહેબ, કારણ કે મરનારે સંતોકડીને જોઈ હત તો બહુ થાત. એણે તો છેવટ સુધી કહ્યાં કર્યું કે મારી દેરાણી ન આવે એ બને જ નહિ. અહાંઠ દૂરે તે ય બને નહિ. નક્કી મારી દેરાણી માંદી હશે, ખાટલા-વશ હશે, મને ચિંતા ના કરાવવા માટે થઈને જ ના પડાવી હશે. મારી સંતોક—મારી બેન—મારી કાયાનો માયલો પ્રાણ, આવ્યા વગર કેમ રહે? આમ એ મરનારને પણ પ્રેમ રહ્યો, ને વાતે સાચી નીકળી.'

'શું?'

'સંતોકે તો આંઈ આવી માથાં પછાડયાં છે કાંઈ!'

'કેમ? એને ખબર નહોતી પડી?'

'ના, ખબર તો હતી. એના વરે—ઓઘાએ પોતે જ કાગળ લખેલ, કે ખબરદાર તારે સુરજ પાસે ચાકરી તો શું પણ જોવા નિમિત્તે ય નથી જવાનું. તને તરત ચેપ લાગી જશે. આમ સંતોકડી વારેવારે આંઇ ના કહી મેલતી'તી એનું કારણ કે વરની મુંબઇથી સખત મનાઇ હતી. એટલે હાંઉ, આંઈ આવીને માથાં પટક્યાં. કહે કે મને ઉપરાઉપરી કાગળ લખીને આવવાની મના જ કરી! મને તો પાણુય પડત નહિ. મારો અવતાર બગાડી મૂક્યો. હું જેઠાણીને જીવતે જોવાય ન પામી. આ એમ કહેતી કહેતી બહુ રોઇ સાહેબ!—સાલું મને નહિતર કોઈ કરતાં કોઇ દી આંસુ આવે ને, હું મારો છોકરો મુઓ તે ટાણે ય નહિ રોયેલ, ઇ કાલ મને ય સંતોકના રોણાએ રોવરાવી દીધો. કડેડાટ આંસુ આવી ગ્યાં. ખેર! પતી ગ્યું. હું કેથી પત્યું કહોને સાહેબ! નીકર આ તો ટી. બી! રાજાના રાજભંડારેય ખુટવાડે. પણ લાલો ભાગ્યશાળી. પતી ગયું. ને ઘરનો બરોબર બંદોબસ્ત કરીને આજ ને આજ ઊપડી યે ગ્યાં. અટાણે તો ગાડી હસે પહોંચી હશે.'

હું કશું બોલ્યા વગર ઘેર ચાલ્યો આવ્યો.

★

'મારો વાંક નથી'

'એનાં માણસ મરે રે એનાં!'

પોતાના સ્વજનને શરીરે આટલો રાક્ષસી માર જોતાં કોઈ પણ કાળા માથાનું માનવી આમ કકળી ઊઠ્યા વગર રહે નહિ; તો પછી રાયાં તો એક ભરવાડી હતી, અને પોતાની નજર સામે જુવાન ધણી ખાટલે ઢળ્યો હતો. એના મોંમાં રૂડાને મારી લોથ કરી નાખનારાઓ માટે મીઠી દુવા તો ક્યાંથી જ હોય?

'હવે તું જ મરને! પારકાંને શીદ મારવા ફરી છો?' રૂડો સૂતો સૂતો ચલમ પીવાનાં વલખાં મારતો પણ હાથ અને મોં બેઉને ભેગાં ન કરી શકતો વહુને વઢ્યો; 'કોઈ પોતાનો ઊભો પાક બાઇબંધીએ ચારી દેવા દ્યે કે? ઠાલી ગાંગરી રહી છો તે પરભાતના પો'રમાં.'

'તે નો ગાંગરું? આ તુંને ગૂંદીને લોટ કરી નાખનારાનાં ઠાકર અભરે ભરે એમ કહું, ખરું ના?'

'હવે એનાં તો ઠાકર મનને ઠાલાં ઠમકાવતો. તારે ને મારે ક્યાં ઠાકરનો નીયા તોળવા બેસવું છે? હું તો એમ કહું છું કે ભૈ, પારકા શેઢાના આપણે ચોર, ઇ તો ચારે, મારે, ને માર પણ

ખાય. બાવડાં તોડીને વાડિયું ઉઝેરી હોય જેના કંધોતર દીકરાઓએ, ઇ કાંઈ પોતાના ઊભા મોલ ભેળાવા ન દે.'

'તયેં' તેં કેમ આખું ભરોટું કડબનું લીધલ તે પારકાં ગાયુંને નિરાવી દીધું, મોટો શાવકાર થા છ તે!' થોડાક દિવસ પર રૂડા ભરવાડે પોતાની માલિકીનું આખું ભરોટું સંધીઓની પરદેશી ગાયોને નિરાધાર જોઇ ખવરાવી દીધું હતું તે વાત યાદ કરાવીને રાયાંએ જૂની દાઝ કાઢી.

'ન નિરાવી દિયે ત્યારે શું ગામને પાદર ગાય માતાજીઉંને ભૂખી મરવા દે? અસલ તો આપણે ક્ષત્રી હતા ખબર છે? બારોટને ચોપડે ટાંક મારી છે તે ખોટી ન હોય. ને અસલ ક્ષત્રીનું દૂધ થઇને હું ગાઉંને પાદરમાં ભૂખી મરવા દઉં?'

'પણ એ ગાયું તારા સગાની હતી?' રાયાં ધણીના શરીર પરની ભરોળો પર ખદખદાવેલી આંબાહળદર ચોપડતી બોલી: 'હતી ના પરદેશી સંધીઓની.'

'પણ હતી તો ગાઉં ને! અધાડીઉં તો ન'તી! ન જેવાણું, તો ધરાર ભરોટું ભેળાવી દીધું.'

'ને આપણે?'

'આપણે આપણી ગાઉંને એકે દી ભૂખી તો નથી રાખીને?' પોતે રોજ રાત્રિએ ચોરી કરતો તેનો ગર્વ કરીને બોલ્યો. 'રાતે લીલા ભારા બાંધતો ય આવું છું, ને ગાઉંને ધરવતો ય આવું છું. હવે આજ ટોયો જાગતો હશે ને પટલના પાંચે છોકરા લાગ જોઇને વાડીએ બેઠા હશે ઈ શું હું ઠાકરનો દીકરો હતો તી જાણી શકું?'

'પાંચ છ જણ તૂટી પડ્યા? અરર! આ તો જો, કડીઆળી લાકડીઉંની છાપું ઊઠી છે. ને આ પરોણાના સોળા તો જો! છોલી નાખ્યો જ છે ને પછાડીને પછાડીને.' રાયાં હળદર ચોપડતી જતી હતી, અને હળદરની વાટકામાં એની આંખો ટપકતી જતી હતી.

રૂડો માર ખાઈને આવ્યો છે એ જાણતાં ભરવાડવાડો એને વાડે એકઠો થઈ ગયો. એ સૌને બતાવતી રાયાં લાજ કાઢીને કહેતી હતી: 'જુઓ તો ખરા ભીમા આતા! આમ જુઓ ગોકળ કાકાજી, માણસને શું આમ ચેપી નખાતો હશે?'

'તેં આમ કેમ થ્યું હે રૂડા?'

'મારે વાંકે જ તો. આપણને તો ખબર છે કે ખેડૂને આપણી ઢૂકડો ન આવવા દેવો. ઈ જો આવીને બથ નાખી વાળે, તો પછી આપણે રાંક.' રૂડો સંગ્રામનું શાસ્ત્ર ચર્ચવા લાગ્યો.

'પણ તને—તું જેવા પલીતને બથ શે નાખી શકયા?'

'હવે ઈનો કાંઈ નેડો છે કાકા? કોક દી' આપણે શી (સિંહ), તો કોક દી' શિયાળ. દનરોજ શી (સિંહ) થવાતું નથી. મને ઓસાણ રિયું નૈ કે વાંસેથી પટલનો વચેટ છોકરો બથ નાખશે. નીકર તો લાકડીનું ચકર ફેરવું ને પાંચેને ઢાળી દઉં. ઠીક, ગાઉને તો ઊભે છાહરીએ ધરવી! બાકી તો કોક દી મારતા બસા, કોક દી માર ખાતા બસા. ગાઉને કે'દી ય ભૂખી નથી રાખ્યા, ઠાકર મા'રાજ સાક્ષી છે.'

રાયાં છાણું લઈને વરને શેકવા લાગી હતી તેણે કહ્યું, 'ઈ વાતની હું ના કયાં કહું છું? મારી ગાઉ કે'દી ય અરધે પેટ પાછી નથી વળી.'

'તયેં હાંઉં. આ માર થોડો બેઠો રે'શે? આ માર સારો, ગાઉના પેટનો માર ભૂંડો.'

'પટલે પણ હવે ઠીકાઠીકનો ઉપાડો લીધો છે.' ભીમો તપતો હતો. 'ચરિયાણ પણ કાળમખો ખેડવા મંડયો.'

'ઇમાં પટેલ શું કરે? રાજ જ ચરિયાણ ખેડાવે છે.'

'રાજે ય શું કરે? હાલ પ્રથમીને માથે દાણાનો દકાળ ફરી વળ્યો છે.'

' એમાં દક્કાળ શું કરે? ધાનના મોટા ડુંગરા ને ડુંગરા રાજવાળાએ સડવા દીધા ને પછે નાકે ડૂચા માર્યે ય ન રહેવાણું ની નદીઉંમાં ને દરિયામાં ઝીંકી દીધા, કાંક બાળ્યા, કાંક બજારમાં વેપારીઉંને વેચ્યા.'

' કોનો વાંક કાઢવો આમાં ?'

' આપણાં કરમનો.'

' રૂડાને ઘેરે સૌ રાયાંના હાથનો, સારી પેઠે ઉકાળેલો રાતો-ચોળ ચા પીને ઊઠ્યા ત્યારે એકે કહ્યું :

' તો હવે પટલના છોકરાને આપણે ઢાળી દયેં.'

રૂડો કહે કે ' ના, એમ કલોગે નહિ, લોગે લડાય. આપણે રાતે એના મોલ ચોરીએં ને પકડાઇ જાયેં તો પે'લી તો પાઘડી ઉતારીએં, કે ભાઇ, બાપુ, માફ કર, શેઢાના ચોર તો છયેં જ, ખાધું છે તો ગાઉએ, અમે એક સાંઠો ય નથી ભાંગ્યો, તેમ છતાં પણ એ ન માને તો પછી લોગે લેખાં લઇએ, કલોગે નહિ. ને સૌએ સરત રાખવી, બેડૂને ઢૂકડો ન આવી જવા દેવો, જો એણે આપણને બથ ભરી લીધી તો પછી થઇ રહ્યું. ઇ તો બથ લઇ વાળે તે પહેલાં જ ડાંગે પોંખી નાખવા. ને આગળ આવી બે જણા વઢવેડ કરતા હોય તે ટાણે વાંસે સરત રાખવી, ગફલત ન કરવી.'

' હા ભાઇ, ઈ કણબા તે સતવારા તો પલીત હોય છે; ઈ વરણ જ બાબરા ભૂતનો વસ્તાર છે. એનો ઢૂકડા આવ્યે વશવા ન કરવો.'

' ને પાછો દયાનો છાંટો ય પેટમાં હોય છે એને? વાડીમાં ઢોર દીઠું કે દોડે, ખરપો હોય તો ખરપો લઈને, ને કોદાળી હોય તો કોદાળી લઇને. ઢોર લાગમાં આવે તો આંખ્યું મીંચીને હકાડે, આંખ ફોડી નાખે, ખોપરીનાં કાછલાં ઉડાડી મૂકે, ગાભણી ગા'ના ગાભ પણ ન જુએ. એવું ખાટકી વરણ છે બેડુ તો.'

નિષ્ઠુરતામાં તો, કાચરોટ કુંડાને હસે એ કહેવત પ્રમાણે, ખેડૂતને માથે સવા વેંત શગ કાઢનારા આ ગોવાળો આવી આવી ચર્ચા કરતા કરતા, બાઇડીઓએ આવીને જ્યારે હડબડાવ્યા ત્યારે પોતપોતાને વારે ગયા, કેટલાકે ગાયોનું ધણ સીમમાં ધોળ્યું, બાકીના થોડા તાજા જન્મેલા જીવતા બોકડાને ગધેડાં પર લગડાંમાં ઠાંસી ઠાંસી બાજુના શહેરની પાંજરાપોળ તરફ રવાના થયા.

: ૨ :

રૂડો ત્રીશેક વર્ષનો હતો. રાયાં એના કરતાં દસ વર્ષ મોટી હતી. કારણ કે મૂળ તો રાયાં રૂડાની ભોજાઇ થાય. એ દસેક વર્ષનો હતો ત્યારે રાયાં એના મોટા ભાઇને પરણીને ઘરમાં આવેલી. સદ વર્ષના સંસાર પછી વર ગુજરી ગયો, એટલે ભરવાડની ન્યાતના કડક રિવાજ મુજબ રાયાંને અમસ્થી પણ 'વીંડા બહાર' કુટુંબીઓ જવા દેવાના જ નહોતા, એને ફરજ્યાત દેરવટું વાળવું જ પડત. આ તો ઠીક કે રૂડો તે વખતે વીશ વર્ષનો જુવાન હતો, પણ બાર વરસનો કિશોર હોત તો યે એનું જ ઘર રાયાંને માંડવું પડત. પણ દેર દેખાવડો અને જુવાન હતો એટલે રાયાંએ રાજીખુશીથી રૂડાનું દેરવટું વાળ્યું. બાળક જેવો તો પોતે આવી ત્યારથી હતો, એટલે રાયાંની જીભ તુંકારો ન છોડી શકી અને એનો જીવ મા–પણું ન મેલી શક્યો. અમસ્થું પણ આ વર્ણમાં પુરુષો પશુ જેવા રહી જાય છે ને સ્ત્રી ચબરાક, વાક્પટુ ને વ્યવહારકુશળ બને છે. રૂડાને તો પશુપણું અને બાળકપણું બન્નેના લાભ ગેરલાભ મળ્યા. એ ગભરુ જ રહી ગયો.

પાંચસાત દિવસમાં તો રૂડાને શરીરે પાણી ઢોળાયું ને એણે પાછી લાકડી લઇ ગાયોને સીમમાં લીધી. સીમમાં તો જમીન ચાટીને જીભ જરા તરા ખારી કરવા સિવાય ગાયો માટે કંઇ બાકી રહ્યું નહોતું. 'વધુ અનાજ વાવો !' એવા સરકારી સૂત્રને અપનાવી લઇ રાજ્યે ખરાબા ખાડા પણ ખેડાવી નાખ્યા હતા. ખેડૂતોએ છેલ્લાં વીશ વરસમાં પૂર્વે આવા ઊંચા ભાવ જોયા નહોતા.

મગફળીનાં વાવેતર રોજ વિસ્તરતાં હતાં, ને ઠેકાણે ઠેકાણે શીંગ પીલવાના તેલ–ઘાણાના સંચા રાતદિવસ ઘડી પણ અટક્યા વગર ચાલુ હતા. રૂડો વધુને વધુ ઝનૂનથી ખેતરો વાડીઓના શેઢા ગાયોને ચરાવી દેતો રહ્યો. ને એ એક બાબત નિરંતર ગોખ્યા જ કરતો કે ખેડુ આવે તો એ બથ નાખી ન શકે એટલે અંતરે રાખીને જ એને લાકડીથી ઢાળી દેવો.

એક દિવસ સીમની એક વાડીમાં રૂડાએ નવી જાતનું વાવેતર નિહાળ્યું. પાસે જઈને પાંદડાં તપાસ્યાં. પણ કાંઈ સૂઝ પડી નહિ. પાણોતીઓ ક્યારા વાળતો હતો તેને પૂછ્યું. જવાબ મળ્યો—

'બજર.'

'બજર?' રૂડો ચકિત થયો. 'બજર આંહીં ક્યાંથી?'

'ગુજરાતમાંથી.'

'કોણે વવારી?'

'ચરોતરનો એક પાટીદાર આંઈ ઊતર્યો છે. એણે જમીન રાખી છે, કૂવા માથે અંજીર મેલીને બજરનું વાવેતર કરે છે.'

'આંહીં શીદ આવ્યો?'

'આવે તો ખરો જ ના! બજરના ભાવ કેવા બોલે છે જાણતો નથી?'

હાં, યાદ આવ્યું રૂડાને. શહેરમાં દૂધ વેચવા જતી રાયાં હમણાં હમણાં રૂડાને ચલમમાં પીવાની જે તમાકુ લાવતી, તેની પૈસામાં તો પડતલી ભરાતી તેને બદલે હવે એ આના ભાંગતાં પણ માંડ પાંચ છ વાર પીવા જેટલી આવતી, અને પોતે ટકોર પણ કરતો કે, 'આવી છાણ જેવી ગડાકુ શું લાવછ?'

'છાણ જેવી કહે કે મૂતર જેવી. આ આવે છે.' એવા જવાબ પછી એની ને રાયાંની વચ્ચે એક વાર બોલાચાલી પણ થઈ હતી. પણ રાયાં જે તમાકુ લાવતી તેમાં દિન પર દિન બેસ્વાદ વધતો

જતો. કૈંક જેવું કોઇ તત્ત્વ જ તમાકુમાં નહોતું રહ્યું. ગામમાં ચપટી માગનારાઓ હવે કડવા ઝેર લાગતા. પોતે એકલો પડતો ત્યારે છાનોમાનો પીતો, એકલાં પીવાથી મોજ નહોતી આવતી એટલે પાછો ટોળામાં જઈ પીવા બેસતો.

પાણોતીઆએ કહ્યું: ' દોઢસો રૂપિયાની મણ બજાર બોલે છે રૂડાભાઇ, ને ચરોતરના પાટીદારો ઠેઠ કલકતે ચડાવે છે. એમાં તો ચરોતર ન્યાલ થઇ ગયું. વીઘા વીઘાનો ધણી યે લાખું રળ્યો. કૈંક પાટીદારે પચી પચી વરસની દીકરીઉં ઘરની કોઠીમાં ઘાલી મૂકેલ તે ફુલહૉલ બોણ પરણી ગઇ.'

' એટલે ? '

' એટલે એમ કે પાટીદારુંમાં તો વરને ગુંજે હજારૂં ઘાલવા પડે ને! તી વન્યા પરણે કયો બા એની છોકરીઉંને! અરે કૈંક જુવાનોએ તો આગલી વહુઉંને કાઢી મેલી, કોક કોકે તો ઠાર મારી નાખી, ને ગુંજા ભરી ભરી ફરી ફરી પરણ્યા.'

' ગુંજામાં તે કેટલુંક ભરાતું હશે ! ' રૂડા કલ્પના કરી શકતો નહોતો. ' બી બી તો પંદર વીશુ.'

' અરે બાઇ, રૂપિયા નહિ, લીલીઉં નોટુંની થોકડીઉં.'

' લીલીઉં નોટું ? ' રૂડાને કદી દર્શન થયાં નહોતાં.

' હા, સો સો રૂપિયાની એકેકે. ઈ લીલીઉંનાં તો પાટીદારો લગનટાણે માંડવે તોરણ બંધાવે છે ! '

' ટૉડા માર મા હવે.'

' પૂછી આવ ઈ આવ્યો છે તે પાટીદારને. આ બેઠો વાડીએ.'

' આંઇ ઇ બધા જમીનું લેશે ? '

' અરે આંઇ તો આપણા ખેડુ ય બજર વાવવા મંડી ગ્યા છે.'

' પાપનો કામો.'

'બસ કર. આમ આઘેરાક તો ગાંજો ય વાવવા મંડયા. ઝાંઝ–પખાજની ઝૂક બોલે છે.'

'ઝાંઝ–પખાજ ?'

'તયેં નહિ ? ગાંજો કચરાવે દાડિયાં પાસે. જેમ ભાખા દેવરાવે તેમ ગાંજો કચરાવે. ખૂબ શરાતનથી કચરે તે માટે ઝાંઝપખાજ વગડાવે.'

એ ઘડી ઊભો રહીને પછી રૂડા ગાયોને હાંકતો આગળ વધ્યો. એના ડાહ્યા જેવડા માથામાં પણ આ નવી બાબતો સ્પષ્ટતા પામી નહિ. મહાભારતના કરતાં પણ મોટી એક લડાઇ દુનિયામાં ચાલતી હતી એવું એણે સાંભળ્યું હતું. આઘે આઘે જ્યાં પોતાને નિસ્બત નથી એવા દેશાવરમાં છતે અવાજે લાખો માણસો તરફડી તરફડી રસ્તા પર સુઆં, પણ રસ્તે ઉઘાડી કટાક ચાલી રહેલી મીઠાઇની ને દાણાની દુકાનોમાં ભરી ભરી તાવડી કે સૂંડલામાંથી એક ગાંઠિયાનો દાણો કે ધાણીની ચપટી પણ તેઓ ન ઝૂંટવી શક્યાં તેવું એણે સાંભળ્યું હતું. પણ પોતાના પ્રાંતમાં તમાકુ અને ગાંજાનાં વાવેતર આવ્યાં એની મોડી ખબર પડી. કારણ કે આવી ખબરો તો શહેરમાં દૂધ લઈ જનારી રાયાં જ લાવતી, રાયાંએ આવું કાંઇ કહ્યું નહોતું. હૉટલને બારણે કે કંદોઇને હાટડે બેસી આવતી રાયાં જે કંઈ ખબર લઈ આવે તે સિવાયનું કશું જ ન માનવાની રૂડાને આદત હતી.

: ૩ :

'તું હમણે કાંઈ વધુ પાણી ભેળવ છ એલી !' રૂડાએ એક દિવસ સાંજે ગાયો દોહીને ઘેર આવી પૂછ્યું.

'ના, જેટલું નાખું છું તેટલું જ નાખું છું.'

'ચોખ્ખું, હાંડામાંથી જ નાખછ ?'

'હા જ તો. માટલામાંથી તો કેં દી'ય ન નાખું. ચોમાસે વળી ટેશન લગી ભાર ઓછો પડે એમ ગણી કેડ નદીનું નાખી લઉં. એટલું તો હું યે સમજું ને, કે શે'રનાં ઊંચાં વરણને અભડાવાય નહિ.'

'તયેં મને હમણે આખે વગડે ગંધાણા જ કેમ કરે છે? માતા રૂઠી છે કેમ?'

'કેવી ગંધ આવે છે?'

'અરે મુએલી ગાયુંની—હજારો ગાયું જાણે સડતી હોય ના.!'

'ઊભો રે.' રાયાં ગાયો દોહવાનું બોઘરું વીંછળતી અટકી ગઈ ને વિચારે ચડી. પછી પૂછ્યું:

'કઈ સીમમાં ગંધાય છે?'

'ઊગમણી.'

'ટેશણ દીમનીને? અરે ઘેલા! માતા તો ભૂખે ય નથી રૂઠી. માને ગોખલે દીવો મેલતાં ભૂલું તો ને? તને ગંધ આવે છે ઈ તો ટેશણમાંથી ત્યાં પાર વિનાના ચામડાં ચડે છે તેની. મોટા ગંજ ખડકાણા છે ચામડાંના ને હાડકાંના. એંથી તો હવે શેરમાં જઈ ચપટી ભજિયાં મોંમાં મેલાતાં નથી. થૂકી થૂકીને મોઢું થાકી ગ્યું મારું તો!'

'ચામડાં! એટલાં બધાં? ક્યાંથી આવે છે?'

શેલરના ડુંગરની કાંટયમાંથી. ખોજા ચડાવે છે ચામડાં ને હાડકાં. ઢોર લાગટ મરે છે માડી! પોર ને પરાર બામણું એ હાંક્યું કે ઝાંપડાની દેવી રોગચાળો મેલે છે, કારણ કે ઝાંપડા દેવીને જુવારે છે……'

'હા. તે ઝાંપડાનાં તો અમે મારી મારીને હાડકાં ભાંગી નાખ્યાં.'

'હા, મુઆ બામણોને ચડાવ્યે તમે ભરવાડો પણ ચડી હાલ્યા. એક ઝાંપડો ચોય ફરતો ક્યાંઈ ન રયો. જડાબીટ કાઢી નાખ્યું. તો ય ઢોર તો આટલાં મરે છે. રોગચાળો તો સાંભળ્યો નથી.'

'તયેં શું હશે?'

'ઠાકર જાણે માડી! હું તો રાત દી' ફફડું છું. આપડીઉં પંદર છે તે સાંજે પાછી હીમખીમ ઘરે આવે છે ત્યાં લગી જીવ થર રે'તો નથી. ને રોગચાળો, ને દવા કવા, ને ઝાંપડાનાં ડાકલાં.

ફાફલાં, કાંઇ કરતાં કાંઇ નૈ. ને ડુંગરમાં તો ચરિયાણ પણ ચોમાસે હોય, રાજ માગે છે તેટલી મસવાડી દઇને ચારે છે માણસો. જેઠ વૈશાખે તો ઠીક કે ઢોરાં ભૂખે મરે, પણ શ્રાવણ ભાદરવે આટલાંના સોથ કેમ વળી રહ્યા છે! ગાડીમાં રોજ વાતું થાય છે—બોરડી, ગુંદવડી, ગાજરડા, બાવળી, સમીઆણું, હરએક ' ગામનાં ઢોર નખમાંય રોગ વગર ટપોટપ કાંટચમાં ઢળી પડે છે; કાંટચમાં ને તો ઘરે આવીને ખીલે મરે છે. તું ભલો થઇને સંભાળજે. નાહક ઝાંપડાની ખાલ ઉતારી તમે અભાગીઆ ગોકળીઓએ, ને વાણિયા, બામણ તો છેટે રિયા સીસકારતા'તા.'

રાયાં એ બધું કહેતી કહેતી સીમમાંથી આવેલી ગાયોને ખાણ મેલતી હતી, ગાયો ધરાઈ છે કે નહિ તે, એનાં પેટ પર હાથ થાબડીને નક્કી કરતી હતી, બોઘરાં વીછળતી હતી, ગાયને પગે, દોવા ટાણે બાંધવાનું નોજણું થાંભલીએથી છોડતી હતી; ને એની ખુલ્લી છાતીએ રૂપાની સાંકળી ઝપાટા દેતી હતી. બગલ તરફ અને ખંભા પર ફાટેલ કાપડું એના દેહને ખુલ્લો કરતું હતું, તે પણ એની સમગ્ર શોભા સાથે સુમેળ લેતું હતું. એના દેહપરિધાનની ગરીબી અને ગમાર ગોબરાઇ પર એના શરીરની સચિંત સ્ફૂર્તિ તેમ જ નરવરાટ એક અનેરી શોભા છાઈ દેતાં હતાં. એ ચિંતામગ્ન હતી, તેથી કદાચ વધુ રૂપાળી લાગતી હતી. વાછરૂ પાસે જઈ ખીલેથી છોડતી વેળા એ વધુ સુંદર ભાસતી, માનવીનું સૌંદર્ય એના દેહમાં છે તે કરતાં એના 'સેટીંગ' રૂપી જીવનસ્થિતિમાં વિશેષ છે.

રાયાંની વાત પછી રૂડો ઊંડા વિચારમાં પડી ગયો હતો. સ્ટેશન એક ગાઉને છેટે હતું. એક વાર ત્યાં જઇને જાતે જોવાની ઇચ્છાને એ ન રોકી શક્યો. નાકે મોહરિયું વાળીને પણ એ ગયો. આજ સુધીનું કંગાલ આ સ્ટેશન એકાએક લખપતિ બની ગયેલા કોઇ વરદાનધારી માનવી જેવી ઉગ્રભાગી દશામાં દેખાયું. ત્યાં એક નવી સાઇડીંગ નખાઇ હતી. અગાઉ જે કેવળ પાટિયું (ફ્લેગ

સ્ટેશન) હતું તેની ઓફિસમાં તારના કડકડાટો ચાલતા હતા. અને લાકડાં ચામડાંના ગંજ તો એણે રાયાંની વાતે કરાવેલી કલ્પના કરતાં સાતગણા મોટા દીઠા. રૂડાનો જીવ ઘુમરાઇ ઊઠયો. ત્રણચાર મોટાં વેગનો ચામડે ભરાતાં હતાં. બે ત્રણ મેમણો ને ખોજાઓ ઉતાવળે ચોમેર આંટા મારતા હતા. માસ્તરની ઓફિસમાં એ બધા ટેબલ ફરતા વીંટળાઇ વળ્યા હતા, અને તડાતડ આવા શબ્દો સંભળાતા હતા:

'તાર કરો!' 'અમારે વાધીન જોઇએ' 'માલ ભરાવો તો જાણશો ને?' 'આ તો મિલિટરીનું કામ છે. પછી તમે જાણો માસ્તર, પાછળથી અમને ઠપકો દેશો નહિ' 'તમારે શું વાંધો છે? તમને અમે કાંઇ કહેવાપણું રાખીએ છીએ? હજી તો કાંટવમાં કેટલા ઢગલા પડયા છે તે જાણો છો? સાહેબ ના પાડતા હશે તો સાહેબ જાણે ને મિલિટરી જાણે.'

'મિલિટરી' એ શબ્દ જ્યારે આમ નૂરભાઇ જમાલભાઇના મોંમાંથી પણ ધમકીરૂપે વપરાતો હતો, દેશી રાજ્યના દીવાનો ને રેલવે ઉપરીઓ પણ 'મિલિટરી જરૂરિયાત'નો દમ છંટાતાં કમ્પતા, ત્યારે આ નાનકડા સ્ટેશનના સ્ટેશન માસ્તરે નાકે સુગંધી છીંકણીની સટ મારીને ગાવા માંડયું:

સબૂરી રાખજો શાણા!
સબૂરી ઇશ્કની ફાકી.
હજુ તો ચાર વેગનનું
રહ્યું છે આચમન બાકી.

'આચમન' એ લાંચરુશવતને માટે એમણે પોતે યોજેલો એક નવતર પ્રયોગ હતો ને પછી એણે સૂર ઊંચો કરી, તાનપલટાની એક અનોખી રીતે ગાયું—

રહ્યું છે આચમન બાકી
અમે તો રાંકડા સાકી;
પરંતુ સાકીને મૂકી
તમે ટી. એસ. ને સાધ્યા.

ટી. એસ. એટલે રેલવેના ટ્રાફિક સુપરીન્ટેન્ડેન્ટ.

'હવે રાખોને મે'રબાન!' પેલા પાંચ જણમાંના એકે કહ્યું: 'કોઈક સાંભળશે.'

સ્ટેશન માસ્તરે નાટકના તખ્તા પરથી શેર બોલવાની છટા ચાલુ કરી.

સૌ સાંભળે એમ જ કહું,
પરવા નથી કો'ની;
મોટા તણાં મોટાં ખિસાં
(તો) ગજવી ગરીબોની.

'મોટાંનાં ખીસાં ભરશો અને અમારા જેવા ગરીબોની ગજવીને ખાલી રાખશો? ગરીબો થયા એટલે શો ગુનો અમારો! સમરથકુ નહિ દોષ ગુંસાઈ! ગરીબો ખાય એ ચોરી ને અમીરો જમી જાય તે નીતિ! અનીતિ નીતિનાં કાટલાં તો મિંયાં! મારી ફરે છે. કોઈ બેટો એકબીજાને કહી શકે તેમ નથી. અમો પણ આચમન કરાવીએ છીએ ઠેઠ ઉપર બેઠેલા સુધી.'

એવા કશાક ધૂમધડાકા સ્ટેશન ઑફીસમાં ચાલી રહ્યા હતા તેને વાડ બહાર ઝાડવાં પાસેથી સાંભળી રહેલો રૂડો બીજાને પૂછતો હતો: 'કોણ બાઝે છે?'

જવાબમાં સાંધાવાળાએ કહ્યું:

'કોઈ બાઝતું નથી, ગોકળી! સૌ પોતપોતાની વેતરણમાં છે.'

પોતાને માટે કોઈની વહારે જવાનું કર્તવ્ય આવી પડ્યું નથી એટલું જ જાણીને એ કૂવે ગાયોને પાણી પાવા હાંકી ગયો. ચામડાની

બોખથી સિંચી સિંચી એ કૂંડી ભરતો હતો ને ગાયો ઊભી હતી. એ વખતે એક માણસ આવ્યો. એણે ધોતિયું, પહેરણ ને કબજો પહેર્યાં હતાં.

'ગાયો વેચાઉ છે?' એણે ચોખ્ખી બોલીમાં પૂછ્યું.

'ના બાપુ!' રૂડો સમજ્યો કે કોઇક વેપારી માણસ છે.

'ગૌશાળામાં જોઇએ છે. બીજે ક્યાંઇ નથી મોકલવી. હોય તો કહેજો. દામ પૂરાં, તારા બે ખોબા ભરાય તેટલાં દેશું.'

'ના બાપુ.' રૂડાએ બોખ પાણીમાં વહેતી મૂકી.

'સુખમાં પડશે ઢોર. એક ગાદલું ને ગોદડું નહિ. બાકી બધી વાતે સુખમાં.'

'ના રે બાપુ.' રૂડો કૂવામાંથી વાંભો ભરી ભરી બોખ ખેંચતો બોલ્યો. એનું ખુલ્લું બદન લોહીથી ધમધમતું હતું.

'તો મરજી.' એટલું કહીને એ ચાલ્યો ગયો. ગાયો પ્રત્યે જોવાની એ માણસની રીત રૂડાને ગમી નહિ. હીણુનજરો લાગ્યો.

જઈને એ માણસ એક વેગનને છાંયે બેઠો. ત્યાં બીજા બે બેઠા હતા. પેલો કંઈક કહેતો હતો તે પરથી એ બે જણ પણ રૂડાની ગાયો તરફ તાકી રહ્યા, ને પછી ગુસપુસ વાતોએ ચડ્યા. રૂડાને સંદેહ પડ્યો કે મારી ગાયોની વાતો હશે. એણે ઝટઝટ પાઈને ગાયોને હાંકી. સ્ટેશન–માસ્તરની ઓરીસમાંથી ગાયનના ને ભાષણના સ્વરો હજુ ઊઠતા હતા. એ વોપ અટકી ગયા. સ્ટેશન માસ્તર બહાર નીકળ્યા, એણે કપાળે વૈશ્નવ–ટીલાંનો, 'વી ફોર વિક્ટરી'માં પણ ચાલી શકે તેવો આકાર તાણ્યો હતો. સિમલા રેલવે બોર્ડનું ઇન્સ્પેક્શન આવ્યું હતું તેમાંના ગોરા સાહેબે આ માસ્તરના કપાળ–તિલકને જોઈ ઘણો હર્ષ બતાવ્યો હતો. એને જોઈ રૂડાને વિસ્મય થયું. આ સીમમાં પણ ન સહેવાય તેવી બદબો આ ટીલાંટપકાંવાળો માસ્તર શે વેઠી શકતો હશે!

વળી આગળ ચાલ્યો ને રેલવેના કૂવાને કાંઠે થોડા રાડાં પડેલાં તેમાં ગાયોએ મોં નાખ્યાં એટલે પોતે ઊભો રહ્યો. એક વૅગનની પછવાડે બીજા બે જણ વાતો કરતા હતા. વાતો રૂડાને કાને પડીઃ—

'પાંચ હજાર ચામડાં તેં જેઠ વદ નોમ સુધીમાં આપવાં કહેલ.'

'ના, ચાર હજાર.'

'ખા તારી દેવીના સમ.'

'ખાવ તમારા ઈમામના સોગાન.'

'ચુપ મર.'

'તયેં પછી? સૌને સરખું છે તો. માટે સમ બમની વાત મેલો પડી.'

'પણ હવે કરવું છે શું?'

'શું કરે?'

'હજી તો અઢી હજાર બાકી છે.'

'પણ લાવું કયાંથી?'

'એમાં હું શું કરું? તારો જે કસબ હોય તે કર.'

'કસબ તો કરું જ છું ને! નીકર આ ચામડાના ઢગલા આભેથી વરસતા હશે ખરું ને?'

'તો ગરમાં કોઇને મોકલ.'

'મોકલ્યા છે બે, ચારને મોકલ્યા છે.'

'ઢાંગામાં?'

'ત્યાં દરબારો પેસવા નથી દેતા.'

'ગમે તેમ કર. નીકર આકરું પડશે. આ તો મિલિટરીનો કંત્રાટ કહેવાય. પકડીને પૂરી દ્યે. યાં કોઇનું મોઢું ય જોવા નહિ પામ. કહી રાખું છું. ને નથી નથી શું કરછ? આ પંદર ઊભી. આંધળો છો? ધણનાં ધણ ચરે છે.'

'ગેડા લઈને માથે બેઠા હોય છે મુછાળા.'

'ઈ હું કાંઈ ન સમજું. મારાં ચામડાંનાં નંગ પૂરાં કરી દે. નીકર તારાં ઉતરડાશે. ને ગાંડા! આજ તો વારી છે. પછી તો કોઈ સૂંઘશે ય નહિ.'

'વારી સમજીને તો સૌ મંડાણા છયેં. જુવાન છોકરો ત્રણ દીના તાવમાં ઊડી પડચો, વઉ સુવાવડમાં માંડ મરતી બચી, માતાનાં નિવેદ જારી જારીને મારો તો ડૂચો નીકળી ગ્યો ભાઈ! હત્યા તો લાગે જ ને? દેવી કોપ્યા વિના રે' છે કાંઈ?'

'કોપ્યો હવે મારા ભાઈ. મોટા કન્ટ્રાટી તો ઊંચ વરણના હિંદુ છે, દિલ્લી કલકતે બેઠા મોજ કરે છે. એને કેમ કોઈ દેવ કોપતો નથી?'

'એને કાંઈ મારી જેમ હત્યા લેવી પડે છે? કરે ઈ ભરે. મારે નિવેદ કર્યાં વિના નો હાલે.'

'આ લે, નિવેદ કરજે. રોતલ રાંડ જેવા!' કહેતેક પેલાએ સો રૂપિયા કાઢીને આપ્યા.

રૂડો મૂછ ઊઠચો. એણે સીમમાં પણ ન રોકાતાં, ઝાઝા દહાડા આપ્યા હતા તે છતાં ઘેર ગયો હાંકી મૂક્યા. રાયાંને દેખી ત્યારે એના જીવમાં જીવ આવ્યો.

: ૨ :

એક દિવસ રાયાં રૂડાની બહેનની સુવાવડ કરવા બીજે ગામ ચાલી. બપોરે સીમમાં રૂડાને કોઈકે ખબર આપ્યા કે રાયાંને તો પોલીસે રસ્તામાં પકડી અટકમાં લીધી છે.

'કેના સપાઈયું?'

'રાજના. સીમાડે સીમાડે ઘોડેસવારો ચોકી કરતા ઊભા છે એમણે.'

પ્રથમ તો રૂડાએ વાત માની નહિ. પછી એને પાકી ખાતરી મળી ત્યારે એ વિચારમાં પડચો. આ પંદર જીવને કોના વસુ છોડીને

જાઉં? આવશે એ તો આફૂડી. જબરી છે. કોઇની ગાંજી જાય તેવી નથી. ભૂંગળી પીતાં પીતા વળી વિચાર આવ્યો. શાદ પકડી હશે? ચોરી છિનાળી તો એ કરે તેમ નથી. દૂધમાં પાણી ભેળે. પણ આ તો બેનને ઘેર ગઇ છે. દૂધ વેચવા ક્યાં ગઈ છે? હશે. મરશે. આવશે ઈ તો આફૂડી. બાલીસ્ટરને ય ભૂ પાઇ દે તેવી છે. હું તે શી રીતે જાઉં? છોકરાં હોય તો ચાર રોટલા ઘડાવી ઘંટી માથે મૂકાને કહું કે કરડજો પાછો આવું ત્યાંસુધી, ને હાલી નીકળું, પણ આ ગાઉં હું કેને ભળાવું! નૈ ને વાંસેથી શું થયું.

એને સ્ટેશન પરની તે દિવસની કાળવાતો યાદ આવી ને દિલ ધડકી ઊઠયું. ઢગલા ને ઢગલા ઢોર ચારે તરફ મરતાં હતાં. અને ચામડાંની બુલંદ કમાણી માટે મરતાં હતાં. ને એમાં નાના મુસલમાન વેપારીઓ, અડીખમ હિંદુ ઉદ્યોગપતિઓ, વાઘરીઓ, આંટાડિયાં, ફેરિયા, ને બ્રાહ્મણો પણ ભળેલા હતા. પોતે નવાં કાંટારખાં શીવડાવવા ગયેલો ત્યારે મોચીએ પાંચ રૂપિયા કહ્યા હતા. સવાના પરબારા પાંચ! પાણી ભરવાની બોખને હથેળી જેટલું થીગડું દેવાના પણ ચમારે પાવલી માગી હતી. વગર વાંચ્યે પણ એને સૂઝ પડી ગઇ હતી. મનવો બોલ્યો કે ગાયોને રેઢી ન મેલાય.

પણ ત્રીજી વાર જ્યારે ખબર આવ્યા કે 'ભૂંડા, મારી એક રાત કુલેસ–થાણામાં એક જુગ જેવડી ગઇ છે, તું વે'લો આવ!' ત્યારે પછી એ ગાયોને પણ હાંકી લઇને બેનના ગામને માર્ગે પડ્યો. મહાલનું પોલીસ–થાણું મોટું હતું. રૂડાએ ઝાંપડાને માર મારનારાઓમાંના એક તરીકે ગયે સાલ આ થાણાનો અનુભવ એકેક દિવસ કરેલો. એટલે એ ગાયોને બહાર ઊભી રાખી લૉક–અપ પર ગયો. ત્યાં એણે રાયાંને જોઈ. જીવ વલોવાઇ ગયો.

'તારી બાયડી પરહદમાં અનાજ ખસેડી જતી હતી!' એને અમલદારે એ શબ્દોમાં શું કહ્યું તે રૂડો સમજ્યો નહિ. અનાજની

નિકાસબંદીની તો ઠીક પણ પોતાનું ને એનનું ગામ બે જુદી હકૂમતોની સરહદમાં આવેલાં છે તેની પણ એ જાડપછેડિયા જુવાનને સાન-ભાન નહોતી.

'શું હતું તારી આગળ?' રૂડાએ રાયાંને પૂછ્યું.

ગઈ કાલે ઘેરથી નીકળેલી ત્યારે જે રાયાંએ ટાંસીને માથું ગૂંથેલું, ભરત ભરેલો રાતો ઘાઘરો પહેરેલો અને ઉપર કસૂંબલ કામળી ઓઢેલી, તે જ રાયાં વિખરાયલે માથે અને રજોટાયેલ પોશાકે તાડૂકી પડી : 'કાંઇ નો'તું. આ દસશેર ઘઉંની પોટલી બાંધીને લઈ જાતી'તી.'

'હં—અને કહે છે કે કાંઈ નો'તું.' પોલીસે વ્યંગ કર્યો.

'પણ ભાઈ, હું કાંઇ વેચવા થોડી જાતી'તી? મારી નણંદની સુવાવડે જાતી'તી. નણંદે બાપડીએ કહેવરાવેલું કે આંહીં જિલ્લામાં સજેલ ઘઉં મળે છે ભાભી, મોંમાં નખાતો નથી, તે મારા સારુ રાબ શીરો થાય એટલા ઘઉં ઉપાડતી આવજે, આંઇ જાર બાજરો પણ ગંધારાં મળે છે. આ લ્યો, ઇ સારુ લઇ જાતી'તી, સંતાડીને ચોરીને કાંઇ નં'તી લઈ જાતી. જનમારો ધરીને ચોરવું શું કે'વાય ઈ યે મેં તો જાણ્યું નથી.'

'દૂધમાં પાણી કેટલું ભેળવ છ?' પોલીસ હસ્યા.

'ઈ કાંઈ ચોરી થોડી છે? ઇ તો દેવીનું કરી મેલેલ છે. ભેળવાતું હોય એટલું ભેળવાય મારા બા! ને તેય તે ચોખ્ખાસું ભેળવીએ છયેં. કોઇની દેઇને અભડાવતા નથી. માથે દી જેવો દી છે. શા સારુ ખોટું બોલવું!'

રૂડાને માટે તો આ આખી વાત શાસ્ત્રના જેવી અકળ ને અગમ હતી. અનાજની નિકાસબંધી આવી, ક્યારે આવી, કયું અનાજ ક્યાં લઈ જવાય ને ક્યાં નહિ, એક ગામથી બીજે ગામ તો ઠીક પણ એક ઘેરથી બીજે ઘેર પણ ફેરવાય કે નહિ, ને એનનું

ઘર એ પોતાનું કહેવાય નહિ, એમાનું એ કશું જાણતો નહોતો. પોતાની 'બાલીષ્ટર' પત્ની રાયાં તડાક તડાક જવાબ દેતી હતી તેનો જ અહોભાવ અનુભવતો પોતે ઊભો હતો.

પછી રૂડા અને રાયાંની સાથે એક દલાલે વિષ્ટિ ચલાવી. 'જુઓ, તમારા પર રહેમ લાવીને જ સાહેબે હજી કાગળિયાં કર્યાં નથી. કર્યાં હોત તો તો જેલમાં બેઠા વિના છૂટકો જ નહોતો. પણ હવે એમ કરો, એક ગાય દૂઝણી હોય તે સાહેબને ઘેર—દોહી પીવા પૂરતી જ હો—બાંધો, પછી વસૂકશે એટલે પાછી મોકલશે.'

'આ તો હું મરી જાઉં તો પણ ન દઉં.'

છેવટે રોકડ રકમ ઠરી. ને એ રાયાંએ ચાર આનાને વ્યાજે હોટલવાળા કનેથી ઉપાડીને ચૂકવી. ઘઉં ફોજદારને ઘેર રહ્યા, રાયાં નણંદની સુવાવડ કરવા જઈ શકી, ને રૂડો ગાયો હાંકી પાછો વળ્યો ત્યારે એનું જ્ઞાન અતિઘણું વધી ગયું હતું.

: ૩ :

રોટલાનાં પાંચેક બટકાં લીધાં પણ પછી તો દૂધનો કોગળો પણ ગંધાઇ ઊઠયો એટલે રૂડો ઊભો થઈ ગયો. રાયાં પણ કાંઇ બોલી નહિ. રોજ તાણ કરી કરી ખવરાવનારી સ્ત્રી હવે ઉલટાની એવું કહેતી થઇ ગઈ હતી કે દૂધ ખા દૂધ, રોટલો ઓછો ખાતો જા. રૂડાને રાયાં પર રોષ કરવાનું આવડતું જ નહિ, એટલે એ રોજ ખાતી વેળા મનની અંદર ખિજાતો છતાં ગુસ્સો બતાવવાના બોલ ગોઠવી શકતો નહિ. પણ દિન પ્રતિદિન જુવારના રોટલામાં અસલનાં સ્વાદ સુગંધ આવતાં બંધ પડયાં હતાં, પછી તો જુવાર બાજરો અઠવાડિયાં સુધી અદૃશ્ય થઇ જતાં તે મગમઠના રોટલા પીરસતી રાયાં અણગમો ઉપજાવતી હતી.

'મનમાં ને મનમાં શીનો ધુંધવાછ ?' એક વાર રૂડો ઊના રોટલાને પણ ઠેલીને ઊભો થઇ ગયો તેથી રાયાંએ કહ્યું: 'એવી ચાગલાઇ કાંઇ ચાલે ? સૌ આપણા જેવી જ જાર ખાય છે.'

'સૌની વાત શીદ કરછ? હું તારે મન સૌ જેવો જ છું એમને?'

'પણ ન મળે તેનું શું?'

'ગામમાં તો મોતીના દાણા જેવી પાકી'તી.'

'તે લઈ ગ્યા રાજવાળા.'

'કોને ખવરાવવા?'

'ઠાકરને ખબર કોને ખવરાવવા.'

'શે'રમાં જાછ ને એટલી ખબર નથી?' પોતાની બાલીસ્ટર સ્ત્રીને માટે રૂડાને ઓછું આવ્યું.

'કોઈ ખબર નથી પડતી. કોઈને નથી પડતી. જાર બાજરો ઘઉં આંઈથી દાણેદાણો લઈ વાળીને શે'ર ભેગાં કરે છે. પછી કોણ જાણે ક્યાં પગ કરી જાય છે દાણો. આપણને તો માપે મળે છે. ને એ પણ કોઈક પરદેશી દાણો મળે છે. વાતું કરે છે, કે આમ ક્યાંક આઘેરાંક અનાજ ખડકી મૂકેલ ને સડી ગંધાઈ ગયાં, એટલે ફિરંગી લોકને આપણો નવો દાણો મોકલાવે છે ને આપણને ઈનો સડેલ દાણો મગાવી આપે છે. આ માલગાડીઉં દી ને રાત હાંકું કરે છે સાંભળ છ ને? પલનો ય પોરો નથી અંજીરવાળાઓને. હાના ઈ અંજીર હાંકનારા. રાત દી'ની ખેપું ખેંચે, પછે તો આંખ્યું કામ કેટલુંક કરે? લમણાં હાલે નહિ. એટલે ગાડીઉં સામસામી બટકાવે, ક્યાંક અંજીર ઉંધાં વાળે, ક્યાંક નદીઉંનાં પૂરમાં ગાડીઉં ને ગાડીઉં આખી જઈ પડે છે; ક્યાંક વળી અંજીર છૂટું પડીને ડબા વિનાનું એકલું ભાગ્યું જાય, ને વાંસે આખી ગાડી વગડામાં ઊભી ઊભી વા ખાય! રોનક પણ છે ને માડી!! હું તો જોઈ જ રહી. માવતર જેવું અંજીર પોતાનાં છોરૂડાંને ઊભે વગડે મેલીને ભાગી નીકળે! કળજગનાં એંધાણ જ તો. પરમને દા'ડે શામજી ડરાવરની માલગાડીનું એવું જ બન્યું. સંચોડી ગાડી સીમમાં અંતરિયાળ

મેલીને શામજી એકલું અંજીર હાંકી આવતો રહ્યો. કેસણે આવ્યો ત્યારે તો ભાન આવ્યું. નોકરીમાંથી કાઢી મેલ્યો.'

'તું ય એવું જ કરછ ના!'

'શું?'

'મુદ્દાની વાત આપણા રોટલા ગંધાય છે તેની હતી. તેને અંતરિયાળ મેલીને તું ચડી ગઇ શામજી ડરાવરના અંજીરની વાતે.'

'હવે થોડા દી' કડવું કરીને ખાઈ લેને મારા બૈ! આ ડીંડવાણું હાલી હાલીને તી કેટલુંક હાલશે? ત્રણ વરસ ભેળું એક નીકળી જાશે. કડવું ઓસડ કેમ પીઇ છઈ, એમ નરસું ધાન પણ ગળા હેઠ ઉતારી જાયેં.'

'પણ પેટ હડૂડે તેનું શું?'

'ઇ તો હડૂડે કે ગડૂડે. એમ કરતાં બધું ય કોઠે પડી રે'શે.'

આશ્વાસનનાં આવાં એક પછી એક પગથિયાં મૂકતાં મૂકતાં મહિના ખેંચતાં આ ભરવાડ દંપતી આખા યે લોકસમૂહની મનોદશાનાં પ્રતિનિધિ હતાં. સારી ય વસ્તી સમયપલટાની આશામાં જીવતી હતી. શહેરો કસબાઓના લોકો સભાઓ ભરે છે, રાજને તાર કરે છે, મોટા અમલદારોને બંગલે સરઘસો લઇ જાય છે, તુરદાળ, ખાંડ ને ચોખાની અછતથી અકળાઇ ઊઠે છે, એવું આ ગામમાં દૂર દૂરના ઘનગર્જન સમું સંભળાયા કરતું, ને રાધાં એ રોનક શહેરમાં જોઇ પણ આવતાં. જોઈ જોઇને હસતાં. એની તો આંખો કામ નહોતી કરતી, કે આ ગામડાંમાં મગમઠનાં યે ફાંકાં છે ત્યારે આ શહેરની હોટલો કેમ રાત દી' ચિકાર રહે છે, આ કંદોઇઓના તાવડા ઘડી પણ ટાઢા કેમ નથી પડતા, આ લાડુ બરફી ને ઘેવરની તાસકો હમ્મેશ કયાં ઊપડી રહી છે, આ પતરાવળીઓ ને પડિયાના ઢગલે ઢગલા ઊકરડે ઊકરડે ખડકાય છે, તે શું જમણવારોને પોરો જ નથી! મલક કાઢે છે કયાંથી આટલાં લોટ ઘી ને ખાંડ!

ત્રણ દિવસનાં ટાઢાં ભજિયાં આઠ આને શેર મળતાં તે પાશેર
૧ ખરીદીને, કંદોઇ કે હોટલવાળો વાટકી ચા આપે તેની સાથે ચાવતી ચાવતી રાયાં બજારે બેસી બોલતી કે 'રોનક તો જો મુઇ રોનક!'

એ રોજના રોનકમાં એક દિવસ ખલેલ પડી. દૂધનાં બે હામ માથે મૂકીને રોજ સવારે સ્ટેશને પહોંચતી એ આજે આધેડ ઉંમરે પણ ગાડી ચૂકતી નહિ. ટ્રેનના ધુમાડા દેખાતા હોય તો પણ દોડીને ગાડીમાં પહોંચી જતી. અરે કેટલીક વાર તો એની ને ટ્રેનની વચ્ચે હોડ થઇ પડતી. રોજ મોડી પડતી ગાડી ઓચિંતી ટાણુસર આવે તે દિવસ તો દૂધવાળીઓની શી દોટાદોટ મચી જતી? શ્વાસધમણ, પરસેવે નહાતું શરીર, ઊછળી ઊછળીને પછડાતાં સ્તનો, પેટમાં આંટી, લફર લફર લૂગડાં, કામળી ખભે પડે, નીચે સરકી જાય, કેડે બાંધી દેવી પડે, મોં પરથી નૂરતેજ ઊડી જાય, 'હે વાછરા દેવ! ગાડીને સીંગલ જરી મોડો દેવરાવજો. દીવો કરીશ સાંજે' એવી માનસિક કાકલૂદીઓ, સામે કોઈક માલગાડી આવી પડજો એવી પ્રભુપ્રાર્થના, અને આ ગાડી ચૂકયે બપોરે બે વાગે શહેરમાં દૂધ કોણ લેશે એનો ઉચાટ—એવી દશા વચ્ચે પચીસ ત્રીસ ભરવાડણોની સ્ટેશનની ઊગમણી સીમમાંથી અને પચાસેકની આથમણેથી દોટાદોટ ચાલતી. રોજે-રોજનું એ દૃશ્ય હતું; રાતાંચોળ મોં, પીત્તળનાં હાંડાના શિર પર ચકચકાટ, વસ્ત્રોનાં ઠેકાણાં નહિ, ટ્રેન પર કોઇ રીતે નહિ જ પહોંચાય એવી ખાતરી છતાં અધ અધ ગાઉથી, આશાના એકાદ ક્ષીણ તંતુને ટેકે દોડી આવતી ગોવાલણો—

એની વચ્ચે જે રાયાં લગભગ રોજ પહેલો નંબર લઈ જતી, તે રાયાં હવે એક દિવસ ગાડી ચૂકી. જગતના કોઈ પણ ચેમ્પીઅનને કે ક્રીકેટના સેન્ચરી બેટ્સમેનને પંચાંગી ક્રીકેટ જેવા મોટા તમાશામાં મીંડું મુકાવીને પાછા વળવું પડતાં જે શરમ ને સંતાપ થાય તેની માત્રા તે દિવસની રાયાંના રોષ, આત્મધિઃકાર અને અપમાનવૃત્તિ કરતાં વધુ હોઇ શકે નહિ. તે દિવસે એની દોટ

ભયંકર હતી, મરણિયાપણાથી ભરેલી હતી. રૂડો ભડાકુ વિના રહે તેમ હતું. બેહદ ઝનૂન કરીને દોડ્યો. પણ એ માંદી પડી તે દોડવાને લીધે હતું તે કરતાં પહેલી જ વાર પાછી પડી, ભોંઠી પડી, સ્ટેશન પર મશ્કરીનું પાત્ર બની તેને લીધે વિશેષ હતું. એનો મદ ભાંગ્યો.

રૂડાએ ઘણું ઘણું સમજાવી, કે એમાં તારો વાંક નથી, અનાજનો વાંક છે, આપણે બે સાલથી સળેલાં ફોફાં આરોગીએ છીએ. પછી તે શરીર કેટલીક ઝીંક ઝાલે ! મુવું હવે ન પોંચી તો.'

' કહો ન કહો, પણ મારામાંથી રામ ઊઠી ગયા હવે, ગોકળી !' રાયાં ગોદડી પર પડી પડી બોલી.

બાઈઓ જોવા આવી, ને ' રાયાં માશીનું રોનક ' કરવા લાગી. ' હં—અં, દા'ડો અમારાં જુવાનડીઉનાં પાણી ઉતારતાં તે લ્યો હવે.'

' અરે મુઈ, મોતડી, ઈ તો તેં મને ધોડતાં દાંત કઢાવ્યા તેના જ પરતાપ.' રાયાંએ કહ્યું. ' તારો જ વાંક છે. પણ એક વાર મને ઊભી તો થાવા દે, તને હસાવીને રોજ હાંડો ઢોળાવું તો હા કહેજે ને ? '

પણ રાયાં ફરી ઊઠી ત્યારે ગાયોમાંથી બે દૂઝતી હતી, બાકીની પાચ દૂઝણી હતી તે વસૂકી ગઈ. છ તો હજી પાંકડી જ હતી. હવે શહેરમાં જવાનું નહોતું. તેમ તેર વસૂકેલ ઢોરને ખવરાવવાનું કાંઈ નહોતું. ખડનું તરણું પણ સીમમાં નહોતું રહ્યું. ધરતીનો ક્ષાર પણ ઢોરાં ચાટી ચૂક્યાં હતાં. બીજા ઘણાખરા ભરવાડો વેળાસર વાંઢયે નીકળી ગયા હતા. પણ રાયાંની માંદગીથી રૂડાને માટે અતિ મોડું થઈ ગયું. ફાગણ ચૈત્રમાં ફરીવાર કૉળેલી ઝાડવાંની ટીશીઓ દાંત કાઢતી હતી, ને વગડો વરાળે ફુંફાડતો હતો.

ઢોરની નિકાસબંધી હતી. બહાર લઈ જવા માટે ' પરમેટ ' (પરમીટ) કઢાવવા રાયાં દોટાદોટ કરી રહી. એમાં એને એની છેલ્લી રહેલી કાંબીની જોડ વેચવી પડી. પછી ચાલ્યાં બેઉ જણાં.

પણ કાંટચમાં ઢોરાંનો પાર નહોતો. વળી રૂડાને પેલી સ્ટેશને સાંભળેલી વાત ડરાવતી હતી. સગાંને ઘેર જઈને ખાવું શું? એનને પુછાવ્યું તેનો જવાબ મળ્યો કે 'આંઈ દાણા નથી. નવી ચિટ્ઠીઉં કાઢી દેતા નથી.'

ઘર તો મેલ્યું, પણ જવાનું ઠેકાણું નહિ. અંતરિયાળ રહી ગયાં. દિશાએ દિશામાં લખ્યું હતું: દાણાની માપબંધી ને ઢોરની નિકાસબંધી.

તે દિવસ સ્ટેશનને કૂવે જે પેલો ઝીણુનજરો મળ્યો હતો તે ફરી પાછો એક ખીજડા પાસે મળ્યો: 'કાં, હવે તારે વેચવી છે ગાઉં? કે હજી ય મરડ કરવો છે?' એણે એવી ઢબથી પૂછ્યું કે એ પોતે જ જાણે બધા કારસ્તાનનો કરનારો હોય એવું લાગે.

હા કે ના રૂડો કહી શકયો નહિ.

રાયાં કહે કે 'કાઢી નાખીએ. જીવતાં હશું તો ફેર ધણ જમાવશું. તારી કાયા હશે તો મારે ગાઉંનું ગોકળીઉં જ છે. હવે વધુ તાણ મા.'

'ઠીક, તો તું એની હારે ઘડ કરી જો. કેટલીક કિંમત કહે છે તે તો નક્કી કર. તું બાલીષ્ટર છો તે પહોંચીશ એને. મારો કાંઈ ગજ વાગે નૈ.'

'ઠીક, હું એના આગેવાનને મળી આવું.'

રાયાંના ગયા પછી રૂડો સારી વાર વિચારમાં બેઠો. પોતે કાંઈ ખોટું તો વિચારતો નથી ના, એની ખાતરી કરવા માટે ચલમ પણ ભરીને પીધી. પછી ભૂંગળી સાફ કરી ચકમક લોઢું ને સૂતરની વાટચ ચીવટથી સમેટી ચામડાના કાળા કમ્મરપટાની પડતલીમાં મૂકયાં. પછી એણે ડોકું હલાવીને પોતાની જાતને કહ્યું કે 'ના, ઈ જ બરાબર છે.'

ઊઠીને એણે પોતાનું માથાબંધણું ઝાડની ડાળીએ બાંધ્યું. એક છેડે સરકણી ગાંઠનો ગાળીઓ કર્યો.

ભોખાં થઈ ગયેલી ગાયો ઊભી હતી. તડકેથી છાંયે જવાની પણ ગાયોમાં શક્તિ નહોતી. ઘણું ખડ ખાધું હોય તેવો ડોળ રાખીને કેટલીક તો ખોટેખોટું વાગોળતી પણ હતી.

હળવે પગલે રૂડો પહેલી ગાય પાસે જઈને ઊભો રહ્યો. ગાયે એનો હાથ ચાટયો. પછી રૂડો પોતાનું મોઢું છેક ગાયના કાન સુધી લઈ જઈને બોલ્યો: 'માતાજી, મારો કાંઈ વાંક છે? તું જ કહે. મારો કાંઈ વાંક નથી.' એમ બોલી એણે ગાયની સામે હાથ જોડયા. રૂડો ખજવાળશે એવી આશાએ ગાયે ડોક લાંબી કરી. પણ રૂડો ખસી ગયો. બીજી પાસે ગયો. હાથ જોડયા. કહ્યું, 'માતાજી, મારો આમાં કાંઈ વાંક નથી.'

એ ગાય 'આંહ' એવો ક્ષીણ અવાજ કાઢીને રૂડાની સામે તાકી રહી.

ત્રીજી પાસે—ચોથી પાસે—એક પછી એકની પાસે—પંદરે પંદરને કાને મોઢું લાવીને રૂડાએ કહ્યું: 'આમાં મારો કાંઈ વાંક નથી, માતાજી!'

—ને પછી એણે ઉતાવળ રાખી. બીક હતી કે રાયાં કયાંક આવી જશે. ઝાડ પર ચડીને જ્યાં પાઘડી બાંધી હતી તે ડાળ પર પહોંચ્યો. પાઘડીનો ગાળિયો કર્યો હતો તેમાં માથું પરોવી, ગાળિયો ગળા પર ગોઠવી, પોતે નીચે લટકી પડયો. ગાળિયાની ગાંઠ સરકણી હતી. થોડી ઘડી એ લટકતા રૂડાના પગ તરફડીને રહી ગયા.

✶

જાત્રા

આકાશનો પટ અને પૃથ્વીનાં પાણી એ બેઉ જ્યારે આછરીં ચોખ્ખાંચણાક બની જાય છે તેવા આસો મહિનાનું પ્રભાત હતું. ઉબેણ નદી ક્યાંક છીછરે વહેતે તો ક્યાંક વળી ઊંડા ધરા સંઘરતી ચાલી જતી હતી. એના હૃદયમાં આકાશ પોતાનું મોં જોતું હતું. અને આકાશે સૂર્યની બીકે સાંજ સુધી પોતાના તારા નદીને સાચવવા દીધા હોય તેવી માછલીઓ પાણીમાં લળક લળક થતી હતી. કાંઠે ઊંચા ટેકરા પર મજેવડી ગામ એના ગઢકોઠાનું બખ્તર પહેરીને જ ઊભું હતું. હજુ જાણે એને સધરા જેસંગના હુમલાની બીક હતી. સામે ધૂસર યોગી ગિરનાર બેઠો હતો.

મહામહેનતે મેં સરોજને સેનેટોરીઅમની બહાર કાઢી હતી અને એનો હાથ પકડીને એને ઉબેણના સર્પાકારે વહેતાં સાંકડાં વહેન ટપાવતો નદીની હરિયાળી પર લાવતો હતો.

‘મચ્છરનું ટોળું જાણે!’ છોકરાંને અમારો પીછો પકડતાં દેખીને સરોજ કકળી: ‘એક ઘડી ય વેગળાં ન ખસે. મુંબઈ તો ઠીક કે જાણે સંકડાશ હતી, પણ આંહીં લાવ્યા તો પણ છાતી પર ને છાતી પર; મરોને છેટાં! આવડી બહોળી નદી પડી છે.’

'અરે સરોજ!' હું એને બીજી વાતે વાળતો હતો: 'આંહીં–તું જ્યાં ઊભી છે ત્યાં જ એક દિવસ રાણુકદેવી ઊભી હશે. એના કુંભાર બાપના ઘરનું પાણી ભરતી હશે. આ મજેવડીનો જ એ કુંભાર.'

'પણ હવે લોહી શીદ પીવછ ગનિયા!' ગનુ, અમારો પગલીનો પાડનાર નંબર ત્રીજો સરોજનો છેડો પકડીને સામી બેખડે એક ગધેડું ઊભું હતું તેને બતાવીને બૂમ પાડતો હતો 'જો આ સિંહ! આપણને કરડી ખાશે.'

બાપડાએ ગધેડું મુંબઈમાં પાંચ જ વર્ષની ઉમ્મરમાં ક્યાંથી દીઠું હોય! ને વિક્ટોરિયા ગાર્ડનમાં લઈ જઈને મેં એને સિંહ પણ કદી બતાવ્યો નહોતો.

'એ ગધેડું જોયું સરોજ?' મેં ગનુને એની માના તમાચાના વાસ્તવમાંથી બચાવવા પત્નીને કલ્પનાપ્રદેશમાં ઉપાડી લીધી: 'એની પાસે એક છોકરી ઊભી છે ને, બરાબર એની જેમ જ બાળ રાણુકદેવડી. એના બાપનું ગધેડું હાંકીને માટી ખોદવા આંહીં રોજ આવતી હશે.'

પણ સરોજની નજર નહોતી મજેવડીમાં, ગધેડામાં, કે રાણુકદેવડીમાં. એ જોઈ રહી હતી ઘેટાંનાં ટોળાંને. ઘેટાં નદી પાર ઊતરતાં હતાં. એક જુવાન આગળ ચાલતો હતો. ને પછવાડે ફેરી જતાં છૂટાંછવાયાં ઘેટાંને સૌની સાથે કરવા માટે વારંવાર પાછળ દોડતો, પ્રવાહ ઠેકતો, ડાંગ ઉછાળતો, મોંના સીસકારા કરતો, ને ડાંગ જરા પણ અડકાર્યા વગર ઘેટાંને આગળ લેતો એક બુઢ્ઢો રબારી સરોજની નજરને રોકી રહ્યો હતો.

'ધોળાં–ધોળાં–ધોળાં–ધોળી રૂની ઢગલીઓની જ એક હાલતી હાર......ઊંઘ આવી જાય એવું લાગે છે.' બોલતી બોલતી સરોજ આંખો મીંચી જતી હતી.

વાંકાચૂંકા વહેન પર કેટલી વાર ઠેકી ઠેકીને બુઢ્ઢો ઘેટાંને હાંકી લાવતો હતો! 'જો સરોજ!' મેં કહ્યું: 'એને આ ત્રણુસો, ને તારે ત્રણ; પણ એ કંટાળે છે? કેટલી વાર પાછો જઇ જઇને લાવે છે?'

'હં—અં! મા મુઇ છું એટલે શું કરું? લાચાર છું. મોહ મુકાતો નથી. નહિ તો ત્રણે તમને ભળાવીને હું આવાં ત્રણુસોને સાચવવાનું જ પસંદ કરત.'

બુઢ્ઢો પશુપાલ નજીક આવ્યો ત્યારે મેં એને કહ્યું: 'હે ભાભા, આ બાઇને રાખશો ઘેટાં સાચવવા?'

મરકીને બુઢ્ઢો ઊભો રહ્યો. લાકડી ખંભા પર ટેકવી. પછી સરોજને તેમને ધીરી ધીરીને નિરખ્યાં, ને પછી બોલ્યો: 'આજ તો મારે તમ બૈઇના જેવડાં જ હોત—દસ બાર.'

'કોણ?'

'છોરડાં, બીજું કોણ? બેચાર તમ જેવડા કંધાતર હોત, તો એક બે આમના જેવડી ધેડીઉં ય હતને! ઠાકરને તો ડાબી ને જમણી બે ય આંખ્યું સરખીઉં ને બાઇ!' (ધેડી એટલે દીકરી.)

'ઓ બાપ!' સરોજ તો ગભરાઇ ગઇ. 'દસ બારની વાત કરે છે ડોસા!'

'ને તમે?' કેટલાં વરહ ખાઇ ગિયો છું ખબર છે?'

'કેટલાં?'

'એંશી ને માથે પાંચ.'

'છતાં આવું ત્રાંબાવરણું શરીર?' મારા ડાચા સામે જોઇને સરોજે ઘા માર્યો.

'ઈ તો આ ત્રણુસેં જીવની હુવાથી બેન!'

'તો શું આગળ ચાલ્યો જાય એ એક જ છે?'

મારા પ્રશ્નના જવાબમાં એણે કહ્યું: 'ના રે ના, ઇ તો છે ભતરીજો.'

'ત્યારે તમારે શું છે ?'

'ચૂલા માયંલી !' ડોસાએ હૃદયની રાખોડી બતાવી; 'એક ને, બે ને, ચાર ઘર કર્યાં, પણ પેટે એકેય વિયા ન થ્યું.'

વિયા એટલે છોરૂ.

'અરે રામ ! ચાર ઘર ?'

'હા.' એ ચાર છૂટાં પડેલાં ગાડર હાંકીને એ આગળ વધ્યો, પણ વળી અમારા તરફ ફરીને કહે: 'લ્યોને તયેં કહી જ લઉં.'

'કહોને બાપા !' સરોજે ગનુ પોતાને બાઝયો હતો તે ગણકાર્યાં વગર ઇંતેજારી બતાવી.

'ઈ ચારમાં પેલી હતી પરણેતર. એક દીકરો મેલીને મુઇ.'

'દીકરો થયેલો ?'

'હા, પણ હું જ્યાં બીજીને ઘરવીને લાવ્યો, ત્યાં પાછો દીકરો મુવો. એટલે ઇ બીજીને મેં દીકરો ભરખનારી કહીને કાઢી મેલી.'

ડોસાના એ બોલવામાં અપરાધીની કરુણતા હતી. સરોજે પૂછ્યું, 'એ બીજી ક્યાં છે હવે ?'

'એ નવું ઘર કરીને બેઠી. નવા સંસારમાં એને વસ્તાર છે. સારું છે. બધી વાતે પાધરું છે. ઠાકર રાજી છે. એની મને ફકર નામેય નથી.'

'નહિતર તમે મેલી દીધેલની ફિકર કરો ખરા ?'

'કરીએં તો શું, આકુડી, માલીપાથી, એની મેળે જ થાય. કોડા જ કળકળે. કાઢી મેલી ખરી ના ? પણ વાવડ મળી રે'છે, કે પરભુ સાયદે છે એને.'

'પછી ?'

'પછં તો ઇવિડી ઈ જ કે'વરાવતી ને, કે ભગત, ફરી ઘરવી લ્યો, કહો તો ઘર બતાડું, હજી જુવાન છો, ઠેકાણે પડી જાવ. પણ મને કોઠામાં ઓલ્યો વે'મ બેસી ગયેલો ખરો ના, કે ઇનો જીવ

ડાકણ્યો છે, એટલે એને ગોતેલ ઠેકાણું તો ન ધરધ્યો, પણ આમ વણુથળી ઠાળીથી ત્રીજી આણી. જુવાનીનો મદ હતો ખરો ને તે દી' તો ?'

'ખરો, ખરો. સૌને હોય એ તો ભાભા!'

સરોજને એ બાબત મારી પૂરી ખબર હતી.

'ત્રીજી લાવ્યો. પણ ઠાકરની ગતિ જુઓ એને એના આગલા ઘરે સયું હાલતી'તી, પણ મારે ઘરે ઈ વણુકાળી જ રહી.'

'સયું હાલતી'તી—એ શું કહે છે હેં!' સરોજે મને પૂછ્યું ને એણે ઉત્તર દીધો.

'સયું હાલતી'તી એટલે એમ બા, કે આગલા સંસારમાં એ દોઢ દોઢ વરસે છોરૂ જણતી'તી પણ મારે ઘેરે આવ્યા પછી કોરી કાટ! સરવાણી જ સૂકવી નાખી ઠાકરે. પાંચ વરસ વહ્યાં ગયાં. મારા જુદાનો વલોપાત મેં કેં'દી દેખાડયો તો નહિ, પણ ઈ મુંડે જ કળી ગઈ. એક દી એણે જ મને હાથ જોડીને જણવ્યું કે 'ભગત, મારે ને તારે લેણું નૈ. મને રજા દે.' રજા લઈને ગઈ. પાછી વળી ગઈ.'

'પાછી વળી ગઈ એટલે જે પતિને છોડીને આવી હતી તેનું જ ફરી ઘર માંડ્યું.' મેં સરોજને સમજ પાડી.

'હા, એમ. અને ત્યાં ફરી પાછો એનો વંશવેલો હાલ્યો છે. મારાં જ પ્રાલબદમાં (પ્રારબ્ધમાં) નૈ ના! મેં ચોથી આણી. ઈ આજ સુધી અણુફળી જ બેઠી છે. મારા જેવડી જ અવસ્થા છે. હાલી શકતી નથી. આ તો ભત્રીજો છે, બાઈ! પેટનો નથી. 'જેવો શેડ્યે સો, એવો દોણું ના'વે દાદવા'! એવું એક દુહાનું ચરણ બોલીને એ ઊભો રહ્યો.

'કાંઈ વલોપાત કરો મા ભાભા!' મેં કહ્યું: 'એ તો બધી ઈશ્વરની માયા છે.'

મનમાં એમ કે ડોસા! અમારે વણુ જોતાં ત્રણુ છે—કડવાંઝેર લાગે છે, સરોજને ખબર નથી કે મારા મનમાં શું હતું. મારાં

એ ઠાકરે ઓછાં કરીને પણ આ ડોસાની ચોર્યાને દીધાં હોત તો હું રાજી થયો હોત.

દાંત કાઢીને ડોસો ચાલ્યો. ઘેટાં બધાં નદીપાર ચડીને સામે કાંઠે ચારો બટકાવતાં હતાં. બત્રીજો ત્યાં ઊભો હતો. વળી એક વાર પાછો ફરીને ડોસો બોલ્યોઃ

' તયેં હવે ભેળાભેળી બધી જ વાત ડાલવી દઉં.'

' સુખેથી બાબા ! સાંભળવું ગમે છે.'

' મારી પેલુકી વારની ઓલી પરણેતર હતી ના, એની જુવાની ડાકાડીકની હતી હો કે ? મને બૌ ઇયાદ આવે છે.'

' આટલાં વર્ષે ? ' અસાવધપણે પુછાઇ ગયું.

એણે ઉત્તર વાળ્યો : ' નથી વિસરાણું. ઈ એની નમણાઇ, એના ગુણ, અદબ...'

એટલેથી વાતને છેલ્લી સમાપ્તિ આપીને એ ચાલ્યો જશે કે હજી એક વાર કંઇક બાકી રહેલી પેટની વાત કહી નાખવા પાછો વળશે, એ સમસ્યાને લઇને અમે ત્યાંનાં ત્યાં જ ઊભાં રહ્યાં. પણ એ તો ઉમેણનો સોનેરી પ્રવાહ ઓળંગી સામી ભેખડે ચડી ગયો. વળી પાછાં વેરવિખેર ગાડરડાંને ભેગાં કરવાની એની ક્રિયા ચાલુ રહી.

માણસ એકાએક કોઇ પ્રબળ ભાવની અસર તળે આવતાં સમૂળો પલટી જાય છે એમ કહેવાય છે. હું એવા પલટામાં માનતો નથી. પણ તે પછી અનુને સરોજે જે કુમાશથી આંગળીએ વળગાડચો તે તો મને યાદ છે. અમે નદીકાંઠે બેઠાં ત્યારે આપોઆપ એ બોલવા લાગીઃ

' આજ સુધી છોકરાંને જાણે કે હેત કરવાનો વખત જ નથી મળ્યો. એવું જ લાગ્યા કરે કે હરએક હલનચલનમાં હડફેટે આવતાં રહ્યાં છે છોકરાં. આને ચાર સ્ત્રીએ એકેય ન મળ્યું એની વેદના છે; ને તમને એક જ લગ્ને ત્રણનો હગલો થયો એનો ત્રાસ છે.'

'મને !'

'હા. તમને.'

'શી રીતે ? ત્રાસ તો તું જ અનુભવતી હોય છે !'

'હા, પણ એ તો તમારે મને સિનેમામાં ને સભામાં લઈ જવી હોય તેને લીધે જ.'

'તો હવેથી હું એકલો જઈશ.'

'હું—અં, જજો !' સરોજે મને અંગૂઠો બતાવ્યો.

"તો ચાલ આપણે કરાર કરીએ.'

'કરો કરાર.'

'કરાર એમ કે આપણે છોકરાંને મૂકી સિનેમામાં ન જવું, મારે એકલા નાટકસિનેમામાં ન જવું, ન તારે છોકરાંને વઢવું નહિ.'

'એ તો વઢીએ, ઢીબરડીએ ને પછી વહાલ પણ કરીએ.'

'તો આપણો કરાર ફોક.'

'લ્યો હવે આંહીં સ્મશાન–વૈરાગ્ય સેવતા લાજો, ને હવે મને વધુ બાળકોથી બચાવો, નીકર ડોસાના જેવું થશે. સીતેર વર્ષના બુઢ્ઢા બનીને સંભારશો, 'ઇ નમણાઇ, ઇ ગુણ, ઇ અદબ......'

: ૨ :

પગથિયાં પર ઠબ ઠબ ઠબ લાકડીઓ પડતી આવતી હતી. અમે ગિરનાર ચડતાં હતાં. હું ને મોટાં છોકરાં પગે ચાલતાં હતાં. સરોજ ડોળીમાં, ને ગનુ તથા કીકીને બે મજૂર બાઇઓ તેડીને આવતી હતી. લાકડીઓના ટેકા લઇને ડોળી ઉપાડનારા બે જણા ઠબ ઠબ ઠબ એવે રવે ઝડપ કરીને ઉપર જતા હતા, ને હું મજૂરણોની વાતો પકડવા માટે ધીરો ચાલતો હતો. મારા કાનની સરત પછવાડે હતી. ગનુને તેડનારી ડોસીના બોલ મારા શ્રવણે પડયા:—

'શું કરું બાઇ, માંદી થઇ જાઉં તો મલક ઠેકડી કરશે કે રાંડ હારીને માંદી થઇ ગઇ. એટલે જ આ ડુંગરા રોજ ચડવા ઊતરવા સારા છે. માંદપણ તો ન આવવા દે !'

'હા બેન!' બીજી ટોકો પૂરતી હતી: 'જાત્રાળુ હારે કડાકૂટ કરીએ, લમણાં ઝીંકીએ, કાંક છેતરીએ, તો કાંક વળી પંડે ય છેતરાયેં, પારકાં છોકરાંને કેડયે વળગાડતાં પોતાનાં સાંભરી આવે તો પારકાંને ચોંટિયો પણ ભરી લઈએ, આ એ બધી આળ-પંપાળમાં આગલી વાતું તો દટાઈ જાય.'

'હા, બસ, મૂળે એક ગાંઠ વાળવી કે દઃખની મારી રાંડ ગાંડી થઈ ગઈ એવું બોલીને દુનિયા દાંત ન કાઢે.'

'બસ, બસ મારી બેન! કે'નારા કહી ર્યા.'

શ્વાસની ધમણ ચલાવતી બેઉ મારી પાછળ પાછળ ચાલી આવતી હતી. કાકા તો લગભગ એકની કમ્મરે કોથળી જેવી લબડતી જ આવતી હતી, ને ગનુ બીજીનાં ખભાં પર ઝોલે ગયો હતો.

મેં કહ્યું : 'બાઈ, છોકરીને કેડ બરાબર તો ટેકવો!'

'હા લ્યો ભાઈ!' કહીને એણે કાકાને સહેજ ઊંચે લીધી. પણ એ પછી થોડી જ મિનિટે કાકા બાપડી 'જૈસે થે!' ની સ્થિતિએ લબડી પડી.

મેં પૂછ્યું, 'શુ માડી, શી વાત ગાંડા થઈ જવાની કરતાં'તાં?'

'ઈ તો ભાઈ! આ ડોશીની વાત કરતાં'તાં. એને આગલું ઘર હતું તેના બે દીકરા હતા તે આઠ દસ વરસના થઈને મુઆ. એને વહેમ પડયો કે ઘરવાળો દારૂ પીવે છે એને લઈને કુળદેવી કોપી છે. એટલે એણે ઈને છાંડીને બીજું ઘર માંડયું. ત્યાં ત્રણ દીકરા થ્યા, ત્રણેને પરણાવ્યા પષ્ટાવ્યા, એમાંથી એક પલટણમાં ગ્યો તે પોરૂકી લડાઈમાં માર્યો ગ્યો, ને બે મરકીમાં ગ્યા. વહુવું ઘરથી ગઈ એનું તો શું દઃખ, ન ઘરથે તો રોટલા કોણ પૂરે, પણ છાતી માથે આંઈ જૂનાગઢમાં ને જૂનાગઢમાં ઘરથી! તીયે ઠીક, ડોશી તો એ નવા ધણીઓને પણ પોતાના દીકરાને ઠેકાણે ગણી

ફુવા દેવા ય ગઇ 'તી. પણ પછી એને ય સૂતા મૂકીને વધું પારકા મરદોની પથારીએ જાય……'

હાંફેલી બાઈ જરા થંભીને પછી બોલી, કે 'આ ઈ એક રાતે આ ડોશીનું માથું ફેરવી નાખ્યું હતું. ફટકી જ જાય ને બાપુ! જીવ ઠેકાણે રે' કાંઈ? બે દા'ડા તો વિચારવાયુમાં પડી રહી, પણ પછી કેડ બાંધીને ઊઠી.

'શું ઉપાય સાબ!' યાતનાઓ સહન કરનાર ડોશીએ કહ્યું: 'આપઘાત કરું તોયે મશ્કરી હસે, ગાંડી થાઉં તો ય હસે, રોઉં તો ય કોઈ રોવા ન લાગે. એટલે ઊઠીને ડુંગરાને કહ્યું કે 'બાપા! તું દાતાર છો, દેવ છો, તારાં પગથિયાં રોજ ચડશું ઊતરશું એટલે ભોળા મનસૂબા આપોઆપ આઘા ભાગશે.'

ગૌમુખી ગંગાએ અમારો પડાવ હતો. ડોળી વાળા ચાર જણાએ અને તેડવા વાળી બે બાઇઓએ વળતા પ્રભાતે અમારા કાફલાને નીચે ઉતારવા જૂનાગઢથી પાછા આવવાનું હતું.

સવારે ત્રણ ડોળીવાળા હાજર થઇ ગયા હતા. ચોથાની રાહ જોવાતી હતી. આસો મહિનાની ગરમી આંહીં પહાડ પર પહોંચી શકતી નહોતી. ટાઢમાં ત્રણે જણાએ તાપણું કર્યું હતું.

'એ આવ્યા આવ્યા, બાપુ આવ્યા.' તેમણે વધાઇ આપી, ને ચોથો એક બુકાનીદાર ને ખડતલ આદમી આવી પહોંચ્યો. બહુ તો સાઠ વર્ષનો લાગે. સાથીઓએ એને સ્નેહથી બોલાવ્યો:

'આંઇ ધૂંણે આવો બાપુ, જરા તાપી લ્યો ને સા 'પી લ્યો.'

મૂંગા મરદે નાખ્યું. ચા પતાવી, પછી સરોજદેવીના પ્રચંડ પુદ્ગલને વહતી ડોળી પગથિયાં ઊતરવા લાગી. કઠોડા વગરની સાંકડી પગદંડી અને નીચે ઊંડી ખાઇઓ દેખીને મને થતું હતું કે આ ડોળીવાળામાંથી એકાદને તમ્મર આવે, એકાદનો પગ લપસે, કે એકાએક એકાદ ગાંડો બની જાય, તો સરોજના નમણા (એના

પોતાના (માનવા મુજબ), ગુણિયલ મોંને મારે પણ પેલા ઉબેણકાંઠાના રબારીની માફક પોણોસો વર્ષ યાદ કરવું પડશે !

ડોળીના પાસોપાસ ચાલતાં મેં પૂછ્યું 'આમને બાપુ કેમ કહો છો ?'

'ઈ અમારા હુસેન બાપુ છે ભાઈ.' એક ડોળીવાળો બોલ્યો; 'સૌમાં મોટેરા છે. બાકી તો દઃખ માણસને મોટાઈ આપે છે.'

'દઃખ નૈ,' બીજાએ તુરત સુધારો કર્યો : દઃખને પી જનવાની મોટપ.'

'એના ચાર દીકરા ચાલ્યા ગયા. અરે દીકરાના પણ જુવાન જોધ દીકરાઓ પરણાવેલા, તેની યે મૈયત એણે ખંભે લીધી. દીકરાની વહુ, ને દીકરાના દીકરાની જુવાન વહુ પણ નવાં ઘર માંડી મજૂરીએ ચડી ગઈ. આજ બાપુ એકલ પંડ, એંશી વરસની અવસ્થાએ પણ ડોળી ચડાવે ઉતારે છે ગરનાર માથે.'

ને પછી બાપુએ પોતે આટલું કહ્યું : 'બીજું તો કાંઈ નહિ ભાઈ. પણ ઈ વહુઓને જોઉં છું ત્યારે છાતી ફાટી જાય છે.'

બુકાનીમાંથી બૂંગીઓ ઢોલ વાગતો હોય તેવા બોલ મેં સાંભળ્યા અને આ માણસની ઉંમર એંશી વર્ષની જાણીને તો જીવ ઊંડો જ ઊતરી ગયો. જીવનના ઉંબરમાં જ લાગતો થાક મને શરમિંદો કરતો હતો.

સરોજ કે જે ડોળીમાં બેઠી બેઠી 'એ...એ...એ...પડ્યાં હો ! એ ભાઈ જરી ધીરા તો ચાલો, હું જઈ પડીશ ક્યાંઈક !' એમ કર્યા કરતી હતી તેને આ પહાડ–ખીણોનાં કરતાં જીવનકંદરાઓનાં તળિયાં, 'બાપુ'ની કથા સાંભળીને વધુ ભયાનક દેખાયાં. એ જેની પીઠ પર હતી તે માણસનો કદમ કદી ચૂકે નહિ.

'અરેરે !' સરોજે અનુકમ્પા બતાવી : 'રોટલા કોણ કરી આપે ?'

'અલ્લાના દીધેલ આ બે હાથ કરી આપે બોન!'

'વહુઓને ખબર છે?'

'સપાઈવાડામાં જ રહીએ છીએ બધાં. ખબર તો હોય, પણ કરે શું?' બાપુએ વહુઓને નિર્દોષ ગણાવી.

'અરે બોન,' જાણકાર બીજો બોલ્યો : 'બાપુને રોટલા ઘડી દેનારી તો સાઠ વર્ષે પણ એક કરતાં એકવીશ તૈયાર હતીઃ સાઠ વર્ષે પણ બાપુનું ઘર માંડવાનું કહેણ બેત્રણ રાંડીરાંડુંએ મોકલ્યું'તું; ને પાછી કેવી? ઈજ્જતવાન ખાનદાન. અસલ સપાઈનાં ખુંદ. પણ બાપુએ કહ્યું કે હવે શું ચાથરાં ફાડું? દીકરાને ને તેના પણ પરણેલા કંધોતરને દફનાવ્યા પછી હવે કાંઇ ઘર માંડવાનાં હોય? ઈ તો અલા, અલા! ગરનારી દાતાર મોટો છે, પાંચ પંદર જે મુકદ્દરમાં માંડેલ હશે તે ખેંચી નખાવશે.'

'શાબાસ!' મેં કહ્યું.

'ના રે બાઈ,' બાપુ બોલ્યા : 'ઇન્સાનને શેનું શાબાસ? ઇ તો સાઠ વરસથી જાત્રાળુઓને ચડાવું ઉતારું છું, બાયુંને બેન્યુંને આ ડોળીએ બેસારી છે, કોઇની સામે કોઈ દી નજર માંડી નથી, કોઇને કદી કપટ દીધું નથી, આઘુંપાછું વેણ કહ્યું નથી, એનો બદલો દાતાર દઇ રહ્યો છે. કાયાને ને મનને એ માલિક જ ટકાવે છે, માણસનું ગજું કેવું!'

અમે તળેટીમાં આવી પહોંચ્યાં ને જાત્રા કરીને પાછાં મુંબઇ પહોંચ્યાં, તે પછી તો પાંચ વર્ષ વહી ગયાં છે. કોઈ કોઈ વાર હું સરોજને પૂછું છું–'હેં ભલા, ઉમરકોટના નેમીનાથ ભગવાનનાં આભૂષણો કેવાં હતાં? દત્તાત્રયની મૂર્તિ યાદ આવે છે?' વગેરે વગેરે.

જવાબમાં સરોજ કહે છે કે 'પેલા રબારી ડોસા અને મુસલમાન 'બાપુ' સિવાય કશું યાદ નથી.'

★

સહુબા

'હળવાં બોલો! ભાભીજી, ભલાં થઈને—'

'હળવી જ બોલું છું તો! ક્યાં પોળમાં જઈ બૂમો પાડું છું?'

'ભાભીજી! માતાની દુવાઈ, ધીરાં બોલો. ભીંત્યને ય કાન છે, આદમી ગામતરે છે.'

'ભીંત્યથી બીએ છે તો શા સારુ કજિયો ઘરમાં ઘાલે છે?'

'મેં કજિયો—'

'તેં નહિ ત્યારે શું મેં? તારો વર જજમાનોમાંથી એ શેલું લાયો એટલે શું એ તારું થઈ ગયું?'

'મેં ક્યાં કહ્યું મારું? મારા જેકે જ એના ભટ્ટને કહ્યું કે બા સહુવઉ પહેરે. લઈ જા.'

'તો શું તારો જેઠ ટંટો કરવા બેસે? કહે કે લઈ જા એટલે લઈ આવ્યો—કોને પે'રાવવા? રૂપાળી બૈરીને જ તો. બૈરું શેલું પે'રીને ચટક મટક ચાલ્યું: કોની આંખ્યો ઉલળાવવા?—હેં—કોની?'

'ભાભીજી, ઓ ભાભીજી! ગજબ કરો ના, હવે કંઈ બોલો ના, કોઈકને કાને પડશે. પાલવ પાથરું.'

'પડ્યો કાને! જૂઠું કહું છું? કોનાં હૈડાંને હરખાવવા તું શેલું પે'રી ફરીશ પોળમાં?'

'ઉતારી નાખું છું હમણાં. લોને, તમને નહિ ગમે તો નહિ પહેરું. અરે, ખડકી તો ઉઘાડી છે......'

એમ કહેતી એ નવું શેલું પહેરીને ઊભેલી જુવાન બાઈ ખડકી વાસવા ગઈ, ને બંધ કરતાં કરતાં એણે, આ ઘર-કજિયો કોઈ સાંભળતું તો નથી ના, એ જોવા સ્વાભાવિક રીતે જ બહાર નજર ફેરવી. તુરત જ એણે ખડકીનાં કમાડ બીડી દીધાં, પણ એના મોં પર ભયની છાયા પડી ગઈ.

કોણ ઊભો હતો એ?

અત્યારે બપોરને સમયે, બારોટોના ચોરા પર કોઈ નથી ત્યારે, પોળમાં પણ કોઈ ફરકતું નથી તે ટાણે, ભાદરવાનો ઘામ મધ્યાહ્ન ધીકી રહ્યો છે તેવી વેળાએ, એ કોણ બહાર, બરાબર અમારા જ ઘરની પાસે ઊભો હતો!

પીઠ વાળીને ઊભેલો હતો. જાણે સાંભળતો હતો. મારી સામે જોઈ લીધું, ચાલી નીકળ્યો, ઘાસમાં થઈને સાપ સરી જાય તેમ સરસરાટ પોળની બહાર નીકળી ગયો!

કોણ હતો એ? માથે પટણી પાઘડી હતી—રાતી ને સોનેરી પટાવાળી: અંગરખી હતી. દુપટ્ટો હતો. હશે, કોઈક ગૃહસ્થી માણસ જ હશે. લાગ્યો તો આબરૂદાર.

ખડકી બીડતાં બીડતાં જ એ સ્રીને આટલા વિચારો આવી ગયા. અંદર ગઈ ત્યારે મોટેરી સ્રી પોતાના ઘરભાગની બારીએ ઊભી હતી. એણે આ સહુઆ નામની દેરાણીની સામે જોઈને પૂછ્યું:

'કોણ હતો એ?'

'તે જ હું વિચારું છું.'

'તમે નથી ઓળખતાં?'

'હું!—શી રીતે ઓળખું?'

'એ.........મ કે!—'

એ 'એમ કે' શબ્દના લહેકાથી દેરાણી લેવાઈ ગઈ.

'ત્યારે અમસ્થા, ઓળખપાળખ વગર અહીં ઊભા હતા?'

દેરાણીથી વિશેષ સંભળાયું નહિ. એ પોતાના ઘરભાગમાં ચાલી ગઈ. ઘોડિયામાંથી નાનું બાળક રડી ઊઠયું. એ એની ત્રણેક મહિનાની, પહેલા ખોળાની દીકરી હતી. એને ખોળે લઈ પોતે ધવરાવતી બેઠી, ને વળી પાછી એ જ વિચારે ચડી.

કોણ હશે? કોઈક ઈજ્જતવાન ગૃહસ્થ જ તો! અત્યારે કેમ આવ્યા હશે? કદાચ અમારે ઘેર જ પુરુષને મળવા આવ્યા હશે. જેઠાણીનું બોલ્યું સાંભળી ગયા હશે. બાપડા ભોંઠા પડયા હશે તેથી જ કશું પુછ્યા ગાછ્યા વગર ચાલ્યા ગયા હશે. પૂછે પણ કોને? અમે બૈરાં આવું ફાટતે ડાચે બોલતાં હતાં તેથી એવા આબરૂદાર તો સમજી જ ગયા હશે ના, કે ઘેર પુરુષ કોઇ નહિ હોય. ને પછી તો મલાજાળું અમારું વરણ, કેમ કરીને ખડકીએ ચડે આબરૂદાર માણસ! અરેરે! પુરુષના કોઈ મિતર ભાઇબંધ હશે, મારે વિશે શું ધારશે? પુરુષને કહી તો નહિ દે?

ખોળામાં ધાવતી છોકરી રડવા લાગી. ને રડતી રડતી થોડી વાર માની સ્તન—ડીંટડી મોંમાંથી કાઢી નાખી, વળી પાછી મોંમાં લેતી, વળી પાછી કાઢી નાખતી, ઉછાળા મારતી ચીસો પાડવા લાગી. સ્ત્રીએ એને બીજે પડખે લઈ ધવરાવવા માંડયું. પણ ત્યાં યે બાળકની અકળામણ ચાલુ હતી.

કારણ કે, થોડીક જ પળો પૂર્વે, હાથમાં આઠ બલૈયાંનો છંદ, ગળામાં ગોપ ને તુળશી ઘાલી શરીર પર શેલું પહેરી આરસીમાં એણે જોયું હતું તે વેળા એનાં ઉરમાં જે પાનો ચડયો હતો ને કાંચળી પણ પલળી ગઈ હતી તે ધાવણ એકાએક સુકાઇ ગયું હતું. શરમ ને સંતોષના આટલા વિચારોએ એની છાતીને શોષી લીધી હતી.

રડતી બાળકીને ફરી ઘોડીએ નાખી, બે ઠેલા મારી, પોતે નવું પહેરેલું શેલું કાઢી નાખી, સાદો સાળુ પહેરી લીધો, ને મન સાથે વાતો કરી :

'શા ભોગ લાગ્યા કે આજ શેલું પહેર્યું ! પરણ્યાં તેર મહિના થયા, એકેય દા'ડો સારું ઓઢયું નં'તું. આજે ગામ જતા બારોટે બહુ કહ્યું એટલે દલ રહ્યું નહિ. પહેરીને જેઠાણીને પગે પડવા ગઇ ત્યારે શી માલૂમ કે જેઠે મારે પહેરવા એના નાનેરાને આલ્યું તે ભાભીજીને નહિ ગમ્યું હોય ! અરે માતાજી ! આ શહેરમાં પહેરી ઓઢીને પોળ પાર પણ નેંસરાય નહિ, તે તો જાણું જ છું. શિવના દેરા સુધી પણ મેં કયારે પગ માંડયા છે હેં મા ! આ તો બેઉ બારણું, ઉંબરાની આડીવાડીમાં પહેરીને ઊભી કારણ કે બારોટે જીદ લીધી આજ સવારથી જ. હશે, માને નહિ ગમતું હોય. ભૂલ થઈ મા ! અનો માફ કરજો. મારું ફૂલ ન કરમાવજો મા હીંગળાજ !' એમ કહેતી એ ઘોડીએ સૂતેલી ભૂખી દીકરીને જોઇ રહી.

અમદાવાદનો એ શાહપુર લત્તો હતો. શહેરકોટના રાંગ પાસે, હલીમ જૂની ખડકી સામેનો એ ભાટવાડો હતો. આજે સદુ માતાની પોળ નામે ઓળખાય છે તે ખાંચામાં, બારોટોના ચોરા પાસે, આંબલીની સામે જ આવેલું એ ઘર હતું. એ ઘર બારોટ હરિસિંગ જેસિંગનું. હજુ તો બે વર્ષો પૂર્વે જ જુવાન ભાટ હરિસિંગ આ કલાણીઆ કુટુંબની રૂપાળી દીકરી સદુબાને પરણી લાવ્યો હતો.

એક જ મહિનાથી સદુબા સાસરે આવી હતી. સુવાવડ પહેલાં પણ સાતેક મહિના મહિયરમાં રહી હતી. આ શહેરમાં આબરૂદાર બૈરાંથી સારાં લૂગડાં લત્તાં પહેરી બહાર ન નીકળાય એવી કોઇક વિચિત્ર રસમથી પોતે વાકેફ હતી. ગરબા ને મેળામાં સારાં માણસોએ ન જવું એવું કોઇ કોઇ કહેતાં. પણ એની અંદર રહેલા રહસ્યની એને જાણ નહોતી.

: ૨ :

અપોરવેળાનો એ પટણી પાઘડીવાળો 'ગૃહસ્થ' વેશી આદમી ભાટવાડામાંથી નીકળીને શાહપુર ખાતેની કૂવાવાળી પોળને પોતાને ઘેર ચાલ્યો જતો હતો ત્યારે એનું દિલ કોઈ ન જાણી શકે એવી જોખમી રીતે અંદરથી નાચતું હતું. પોતાની પોળમાં પેસતાંની વાર જ એને જોઇ જોઈ લોકો પોતાની ખડકીઓ કે બારણાં બંધ કરી દેતાં હતાં. આવી લોકચેષ્ટા જોઇ જોઇ એ મલકાતો જતો હતો. ઘેર પહોંચ્યો ત્યારે બેત્રણ માણસો એની વાટ જોઇને દયામણે મોઢે બેઠા હોય તેમ લાગતું હતું. પોતે બેઠકમાં જઇ એ બેત્રણને તેડાવ્યાં. સાથે એક રૂપાળી બૈરી પણ હતી.

'લો ઉત્તમભઇ!' માણસો પૈકીના એકે આ ગૃહસ્થને કહ્યું: 'આ બાઇને લાયો છું.'

'...નું નામ દેશે ને સૂબાની કચેરીએ આવીને!' એમ કહે-તે એણે શહેરના એક આબરૂદાર શ્રીમંતનું નામ લીધું.

બાઇ લજવાઈ ગઈ. પણ એ ઉત્તમભાઇ નામના ગૃહસ્થે મોં પર લજ્જત લાવીને જણાવ્યું: 'એમાં શરમાય છે શાની?'

'પણ મને કંઇ થાય તો?'

'તને કશું થાય તો હું ઉત્તમચંદ જવાબદાર. તને તો ઉલટાનાં વસ્ત્રો અલાવીશ, તું તારે એમનું નામ લેજે, કે એ મારે ઘેર આવે છે.'

'પણ એમનું નામ—કશા જોયા બાળ્યા વન્યા—કેમ કરી લઉં!'

'ગોટા વાળીશ ના બાઇ! તો પછી તું ને એ બેઉ સંડોવાઇ જશો. હું તને બચાવી નહિ શકું. તારું નામઠામ બધું ક્યારનું પહોંચી ગયું છે ભદ્રમાં.'

'ઠીક તો ભઇ! જેવી મરજી તમારી!' કહીને બાઇ શાંત બેઠી.

'ચાલો ત્યારે કચેરીએ.'

એ બાઇને અને એના સાથીઓને રવાના કરીને આ ઉત્તમચંદ નામના વણિકે બીજી ત્રીજી પોળોની વચ્ચે થઇને ભદ્રની વાટ પકડી. એને ભાળતાં જાહેર રસ્તાઓ પર કંઈ ચમત્કારભરી અસર પડતી જતી હતી. કોઈક ઉઘરાણીએ ફરતો વ્યાપારી એને દેખી પોતાની ઉઘરાણીની પોથી સંતાડી દઈ જાણે કંઈક બીજે કામે નીકળ્યો હોય તેમ ઊભો રહ્યો ને ' જે ગોપાળ ઉત્તમચંદ ભઇ ! ' કરી મોં રાંકડું બનાવ્યું.

' જાણું છું તને ! ' ઉત્તમચંદે એને જવાબ વાળ્યો; ' ઉઘરાણી કેટલી પાથરી છે તેની ખબર છે. સૂબાને કહીશ ત્યારે સાન આવશે.'

' ઉત્તમભાઈ ! ' ઉઘરાણીવાળાએ આવી હાથ પકડ્યો; ' કૃપા કરીને એવું ના કરશો. તમે કહો તે રીતે હું—'

' ના રે ના, એ તો ભદ્રમાં પૂરી, છાતી પર પથરો મૂકી, એકાદ રાત સૂવરાવી મૂકશે ત્યાર પછી આ જે કંગાલિયતનો વેશ પહેરો છો તેની અંદરખાને શું છે તે જણાઈ આવશે.'

બોલતો બોલતો ઉત્તમચંદ ચાલ્યો જ જતો હતો, ને પેલો એની પાછળ પાછળ રગતો જતો હતો. છેવટે ઉત્તમચંદે એટલું કહેવાની મહેરબાની કરી : ' રાતે ઘેર આવજે.'

ભદ્રમાં પ્રવેશ કરવા ટાણે આ ઉત્તમચંદ પ્રત્યે દ્વારપાળો ને પહેરગીરો ઝૂકી પડ્યા. પેટમાં સાપ ભર્યા હોય તો પણ મોં પર એક રેખા સુધ્ધાં ન કળાવા દેતો ઉત્તમ ગંભીર ચહેરે અંદર ચાલ્યો ગયો. હવેલીની મેડી પર જતાં તો ત્યાં બેઠેલા બીજા આઠદસ જણાએ એને સત્કાર આપ્યો. એ પણ બધા એના જેવા જ ગૃહસ્થાઇના વેશપોશાકમાં શોભતા હતા. પણ એ બધાની દૃષ્ટિમાં ઉત્તમચંદની મહત્તા સર્વોપરિ હતી એવું સાફ દેખાઇ આવે.

' કેમ જીવણ ઝવેરી ! ' ઉત્તમચંદે સૌથી સારી બેઠક પર આસન લેતે લેતે એકને પૂછ્યું : ' તમે તો તે દા'ડાના કંઇ દેખાયા જ નહિ; ને ગોરધન ભઇ, તમે પણ પાતાળે પેસી ગયા હતા કંઇ !

'પેસવું પડે સ્તો પાતાળે !' જીવણ ઝવેરી નામના ગૃહસ્થે આંખોને ચિંતાથી ભરપૂર કરીને કહ્યું: 'હવે સપાટી પર તો આ શહેરમાં કંઈ રહ્યું નહિ, એટલે તળિયે જવું પડે છે.'

'માંઇથી છેક જ સડી ગયું શહેર, હો ઉત્તમ ભાઇ! છેક જ કોહી ગયું.' ગોરધન નામે ઓળખાવેલ ત્રીજા ગૃહસ્થે પોતાના શરીર પર હાથ ફેરવીને અમદાવાદ શહેરનો સડો સૂચવ્યો.

'સડેલું છે શહેર પોતે, છતાં ભેલટાનું આપણને ચાડિયા ચાડિયા કહી નિંદે છે.'

'નિંદવા દો !' ઉત્તમના મોં પર તત્ત્વજ્ઞાન પથરાઇ રહ્યું: 'આપણે આપણું કાર્ય કરો. પણ આપણે ઢીલા પડયા છીએ. સૂબા સરકારની કૃપાને પાત્ર નથી. તે દા'ડે દૂધપાક જમવા તેડયા ત્યારે અઢાર મણ ઉડાવી ગયા તેટલા બધા આવ્યા હતા; એક પોળ ખાલી નહોતી રહી; પણ તેના પ્રમાણમાં કાર્ય થતું નથી.'

'કાર્ય તો પુષ્કળ થાય છે ઉત્તમભાઇ!' જીવણ ઝવેરીએ કોચવાઇને કહ્યું: 'પણ પરિણામ કેટલું બધું વેરણ છેરણ થઇ જાય છે તે વિચારો ને તે અટકાવો. વચલાં માણસોની જોડે મળીને આપણામાંના કેટલા બધા બારોબાર આરોગી જાય છે તે જાણો છો?'

'સૂબા સરકારની પાસે શહેરના ઇજારાની રકમ ઉપરાંત જેટલું બની શકે તેટલું આપણે ધરવું જોઇએ. નહિતર એ જ ભેદીને આપણા કાર્ય પર પ્રતિબંધ મૂકશે ત્યારે રડશું માથું ઢાંકીને.'

એટલું કહીને ઉત્તમ રાજહવેલી પર ચાલ્યો ગયો. અમદાવાદ શહેરના ગાયકવાડી સૂબા સરકાર રાઘુ રામચંદ્રની રાજહવેલી એ આ ઉત્તમચંદ નામના 'ગૃહસ્થ'ના ઘર બરોબર હતું. ઉત્તમ એ હવેલીમાં છૂટથી હરીફરી અને રહી શકતો. જે અઢાર મણ દૂધપાક જમી જનાર મહામંડળનો અગાઉ નિર્દેશ થયો છે તેના બસો

જેટલા સૂબ્યોનો શિરોમણિ ઉત્તમ હતો, કારણ કે ગાયકવાડી સૂબાની પાસે શહેરના સારામાં સારા શિકાર ઉત્તમ લઇ આવતો.

સૂબા સરકાર રાઘુ રામચંદ્રનું હૃદય ઉદ્વેગભર્યું હતું. બળેવને દિવસે પોતે હાથી પર બેસીને સવારી કાઢી, પોતાના હાથીની આગળ સેંકડો લોકોએ શિર પર ઉપાડેલા મોટા પાટ પર ગુણિકાઓના નાટારંભ કરાવતા કરાવતા નીકળ્યા, ઉત્તમ વગેરે બસો અઢીસોના પ્રચાર મુજબ પ્રજાજનોએ સરકારના શિર પર પુષ્પોની વૃષ્ટિ કરી હતી, ભેટો ધરી હતી, છતાં સરકાર ભાદરવે મહિને ગમગીન હતા. કારણ કે શહેર અમદાવાદની હજારાની જે મુકરર રકમ કરવેરા માંડવી વગેરે દ્વારા એકત્ર થઇ હતી તેથી વિશેષ બહુ કંઇ આ બસો અઢીસો જણાએ રળાવી આપ્યું નહોતું. પોતાના માનીતા ઉત્તમ પ્રત્યે પણ સરકારે મોં બગાડ્યું.

ત્યાં તો ઉત્તમે અરજ ગુજારી 'રજા હોય તો એક બાઇને લાવું.'

'લાવો.'

પોતાને ઘેર આવી હતી તે ઓરતને ત્યાં લાવીને ઉત્તમે એને કહ્યું, 'જો બાઈ, પાપ છુપાવીશ તો તું તુરંગમાં પડીશ. ને સાચું કબૂલ કરીશ તો તને આંચ નહિ આવે. કહી દે. તારે ઘેર કોણ આવે છે ?'

બાઇએ એક ધનિકનું નામ લીધું. થોડી વાર પછી એ ધનિકને ભદ્રમાં હાજર કર્યા. આવું દુષ્ટ કાર્ય કરવા માટે એમનો ખાનગી રાહે મોટી રકમનો દંડ ફરમાવાયો, પણ એ ધનિકે અજ્ઞાતપણું બતાવ્યું. ખેર, એને તુરંગમાં લઇ જઇ સુવારવામાં આવ્યા ને છાતી પર શિલા મૂકવામાં આવી.

'હવે ?' ઉત્તમે સરકારની સમક્ષ મંદ મંદ મરકતે મરકતે વાત ઉચ્ચારી : 'સરકારના દિલનો અફસોસ અને અસંતોષ

લગાર હેઠા બેસે એવું એક ‘ કાર્ય ’ ગોઠવી લાયો છું. વળી બીજાના પ્રમાણમાં આ કાર્ય સહેલું ય છે. કોઈ વૈરીને અહીં સુધી બોલાવી લાવવાની પણ જરૂર નથી, તેમ કોઈ પુરુષની છાતીએ પથ્થર ચડાવીને મનાવવાની પણ ખટખટ નથી. લગાર સિપાહીને મોકલીએ એટલે બસ છે.’

‘ ક્યાં ? ’

‘ ભાટવાડે.’

અમદાવાદ શહેરનાં આજ સુધી ખંખેરેલા લતાઓ અને પોળો-માંથી બાદ રહેલા આ ભાટવાડા નામના લતાનું નામ સૂબા સરકારે પહેલી જ વાર સાંભળ્યું. ને કહ્યું, ‘ એ તો માંગણ લોકો કહેવાય.’

‘ સરકારની વાત સાચી છે. પણ આ માંગણ લોકો એક વાર નજરે જોવા જેવા છે. ઘેર ઘેર ઘોડવેલો ને ડમણિયાં છે, ઘોડાં તો બબ્બે ત્રણ ત્રણ બાંધ્યાં હોય છે. પગમાં સોનાનો અગર રૂપાનો તોડો, ગળામાં ગોપ અને કાંડે કડાં ન હોય તેવો કોઈ પુરુષ ત્યાં નથી. મોટે પટે હીરકોરી ધોતિયાંના તો કછ મારે છે, અને ચોરે બેસી કસુંબા કાઢ્યા કરે છે.’

‘ કરવેરો કંઈ આપતા નથી ? ’

‘ બિલકુલ નહિ. ઊલટા ઘોડાં ડમણિયાં હાંકી હાંકી શહેરના રસ્તા ખોદી નાખે છે. આપ જુઓ તો ફાટીને ધૂંહ ગયેલા છે ભાટ લોક. ઉપરાંત એક બીજી બાબત વધુ ગંભીર છે. આ ભાટ-વાડાના તમામ મર્દો માગશર મહિનાથી ઘોડાં ડમણિયાં લઈ ઘરબહાર નીકળી પડે છે, ને યજમાનોમાં ફરી ફરી છેક વૈશાખ જેઠમાં પાછા વળે છે. એટલો વખત, એમની બૈરીઓ શાં કામાં આચરે છે ! કેવા કેવા લોકોનો ત્યાં અવરજવર હોય છે ! હું જાણું છું. ભાટ-વાડામાં મારી ઊઠબેસ છે. હું નજરોનજરનો ને કનોકનનો સાક્ષી છું.’

‘ વાત સાચી હશે, પણ એ લોકો ધડાપીટ કરશે નહિ ? ’

'નહિ રે! એમ પાણું લાજાળું વરણ છે. મૂળ તો મરદો જ કચેરીએ આવવાના કાયર, તેમાં ઓરતને હાજર કરવાનું કહેશું એટલે તો માંગ્યાં દામ દેશે. ભાટવાડો તો સરકાર! સોને રૂપે ભાંગી પડે છે આજે. ફક્ત એક સિપાઈને જ મોકલવા જરૂર છે.

: ૩ :

એવું સલાહું કરીને ઉત્તમચંદ સાંજે ઘેર આવ્યો, જીવણ ઝવેરી, ગોરધન, અને બીજો ગોરધન, એ ત્રણ જણા પણ સરકાર પાસે નવા શિકાર સાદર કરીને પ્રસન્ન ચિત્તે તથા પ્રસન્ન ગજવે પાછા વળ્યા; રાત પડી. સદુબા પોતાના ઘરમાં એકલાં હતાં, હરિસિંગ બારોટ સગાંવહાલાંમાં બહારગામ ગયા હતા, ત્યાંથી સાંજે જ આવવાની વાટ હતી. જેઠાણી તો ઝઘડો લઈ પોતાના ઘરમાં ભરાઈ સૂઈ ગયાં હતાં. તે વખતે પોતાનાં વૃદ્ધ પડોશણ અને સગાં એક ડોશીમાને સદુબાએ બેસવા બોલાવ્યાં. ઘરમાં બેસારીને છાનુંમાનું પૂછ્યું: 'હેં ફૂલબા બૈજી, આજે બપોરે કોઈ એક આબરૂદાર લાગતા પુરુષ અહીં ઘર પાસે ઊભા હતા તેની ખબર છે!'

'ધીમાં બોલો, વહુ!' એ ડોશીએ ચોમેર જોતાં જોતાં ગુસપુસ અવાજે કહ્યું: 'મેં જોયો હતો એને. હું જાણું છું રડ્યાને.'

'કોણ?'

'કાળો નાગ.'

'શું!' સદુબા કંઈ સમજી નહિ.

'ચાડિયો આ શહેરનો. ચાડિયાનો સરદાર ઓતિયો. હમણાં હમણાં અહીં જોઉં છું વારંવાર એ રડ્યાને. સરકારનો ચાડિયો છે. એવા તો પોળે પોળે છે. કાળા નાગની જેમ ફરે છે શહેરમાં, જ્યાં આળ મૂકીને દંડો પડાવે છે. તેમાંથી દલાલી ખાય છે.' ભાંગનો સડાકો લેતાં લેતાં ફૂલબા બૈજીએ કહ્યું.

'પણ આપણે એમાં શું?' ભોળી નવવધૂ સદુબા તો સ્તબ્ધ બની ગઈ. એણે આબરૂદાર કલ્પેલો આદમી એવી તે શી બદમાશી કરતો હશે!

'અરે બચ્ચા!' ડોશીએ સમજ પાડી: 'આપણાં બૈરાંનાં જ મોત ઊભાં કરાવે છે ને એવા એ ચાડિયા રોયા! આબરૂદાર બૈરું જોઈને પકડે કે તું ફલાણા જોડે વહેવાર રાખે છે, અમારી કને પુરાવા છે. હેંડ ભદરમાં, ત્યાં નિરદોષ સાબિત થજે! કહો, શું કરે આબરૂદાર લોક? માગે તે પૈસા ચૂકવીને વળાવે સ્તો! અરેરે! મુશલમાન પાદશા હતા, દેરાં ભાંગતા, હિંદુ છોકરીઓને પરણતા, પણ આવાં કરમ કદી નો'તા કરાવતા. વેપાર ધંધા ને ખેતીને કેવા ખીલવતા! માણસ શાંતિથી સોડ તાણીને સૂઈ રહેતું. પણ આ મરેઠા આવ્યા તેમણે તો વપરિત જ માંડયું છે. શહેરને પાયમાલ કર્યું છે. પારકા પરદેશના, અહીં કંઈ રાજા તો રહે નહિ, સૂબાને ધકેલે. સૂબાએ શહેરમાં ચાડિયાનું લશ્કર જ ગોઠવ્યું તો! આપણા ને આપણા ચાડિયા બન્યા છે. પરદેશથી કંઈ નથી ઉતાર્યા. ચાડિયા દલાલી ખાય, ને સૂબો દંડ ગજવામાં ઘાલે.'

'આવડી મોટી વસ્તી—આવડું મોટું મહાજન—અને કોઈ કશું કરે નહિ, હેં નાની બૈજી?'

'કંઈ કરે કે કારવે વહુ! કાળજાં જ દબૈ ગયાં છે. શહેરની પોળો જાણે શ્વાસ જ લેતી નથી. આ તો બની ગઈ છે પેલી વાર્તા જેવી નજીવા નગરી. વધુ વાતો કયાંઇ જઈને કાઢતી નહિ વહુ, ચોળાચોળ કરતી નહિ. ભાટવાડામાં સાપ પેઠા નથી તે જ ઘણું છે. નહિ તો આપણી શી મંજાલ! પુરુષો ગામતરે ભમે, બૈરાં વસુ જ પોળ: અદબ રહી છે પોળની, ત્યાં લગી જીવીએ છીએ સુખે.'

સદુબા સમજતી હતી કે ભાટવાડાએ એની અદબ આજે બપોરે જ ગુમાવી છે, સાપ પોળમાં પેસી ગયો છે, અને ગુનેગાર

એ પોતે જ છે. ડોશી ગયા પછી એ ઊંઘતી છોકરીના ઘોડિયા પાસે જઈ બેઠી.

નગરનો કોટ ભાટવાડાની પાસોપાસ ઊભો હતો. રાત કાળી હતી. કોટની બહાર શિયાળ રડતાં હતાં. ચીબરીના અપશુકનિયાળ સ્વરો સંભળાતા હતા. રાતમાં સૂતી ઝબકીને એનાથી વારેવારે પુછાઈ જતું હતું: 'કોણ?' 'કોણ છે?'

'કોઈક હશે સ્તો!' બાજુના ઘરમાંથી કાવતરાંબાજ સ્વરે જેઠાણી જવાબ વાળતી. 'જાને ઉઘાડવા! આવવા દેને અંદર!'

વિખવાદનું કારણ કેટલું નજીવું હતું! મોટાભાઈ ને નાનોભાઈ બન્ને યજમાનોમાં જતા, દાયરા થતા, તેમાં વારતાઓ માંડતા, વંશાવળીના ચોપડામાં યજમાનોનાં નવાં બાળકોનાં નામો, યજમાનોની જાતરાઓ, સારામાઠા બનાવોની નોંધ માંડી જે ભેટસોગાદો લાવતા તેની બેઉ ભાઈઓ વહેંચણ કરી લેતા. છેલ્લે વખતે સદુબાનો વર જે લાવ્યો તેમાં એક ઓઢણી હતી. નવોઢા નારીને પહેરાવવાના કોડને લીધે એ ઓઢણી એણે માગી ને મોટાભાઈએ પ્રસન્ન હૃદયે એ આપી. જેઠાણીથી આટલું ન સહેવાયું. ઓઢનારી ઉપર રોષ ઠાલવવા માટે જ એણે આવા ગંદા શબ્દો ઉચ્ચાર્યા. દેરાણીનાં શીલમાં એણે કદી કોઈ એબ દીઠી પણ નહોતી. ફક્ત ઈર્ષાએ એની જીભમાંથી આટલું ક ઝેર ટપકાવી આપ્યું અને એટલું ઓતીઆ ચાડિયાના સંકલ્પને સારુ ઘણું બધું થઈ ગયું. ભાટવાડાને લાગમાં લેવાનું બહાનું જડી ચૂક્યું.

એ દિવસની ઘટનાને વીસરી જતાં, સદુબા જેવી સરલ નિષ્કપટ નારીને એના સ્વામી હરિસિંહ બારોટ ગામતરેથી ઘેર આવ્યા પછી વાર લાગી નહિ. સ્વામી આ ફેરે પણ નવાં આભરણો લઈ આવ્યા હતા અને મોટાભાઈએ 'તારી વહુને પહેરવા દે' કહી નાનાભાઈની વહુ પ્રત્યે આદરભાવ બતાવ્યો હતો. પણ સદુબાએ જઈ એ સર્વ પોતાની જેઠાણી આગળ ધરી દીધાં હતાં.

જેઠાણી બખબખણી હતી. પેટમાં બીજું કાંઈ પાપ નહોતું. પેલા શેલાની વાતમાં દાઝે બળતી જે બોલી ગઈ હતી તે પણ ફક્ત પ્રલાપ જ હતો. શું બોલી પડી હતી તેનું ય એને ભાન નહોતું. કહે કે: 'સારું, તમે પહેરો વહુ!'

'ના ભાભીજી, આ વેળ તો તમે—' એમ કહીને સહુબા પગે પડી.

'લો ઊઠો ઘેલાં! પહેરો ઓઢો ને ઘરડાં બુઢાં થાવ બાપા! મારી આંખો ઠરે.' કહીને એણે સહુબાના શિર પર ટાઢો હિમ હાથ મૂક્યો.

બારોટ ભાઈઓને તો પોતાની ગેરહાજરીમાં જે બાણાં ખડખડ બની ગઈ હતી તેની હવા પણ આ જોઈને આવી નહિ. નહોતી પોળમાં કોઈને ગંધ આવી. બારોટ—શેરી આખી જ એકંદરે સુખી ને સંપીલી હતી. પુરુષો યજમાનોમાં ઘૂમીને લાંબે ગાળે ઘેર આવતા તેથી સ્ત્રીઓની સાથે અતિ ઉલ્લાસ રહેતો. ને મરદોની ગેરહાજરીને કારણે બૈરાં લાજલૂગડાં સંકોરીને જીવન વિતાવતાં હતાં. રાતે પોળનાં દ્વાર બંધ થતાં, પોળ રાજદુર્ગ જેવી બની જતી. અજવાળિયું હોય તો બૈરાં બહાર આવી ઓટલે બેસી ધીરે સ્વરે ટોળટપ્પાં મારતાં ને અંધારિયામાં તો ઘરનો ઉંબર ઝાલી બેસતાં. બંધ દરવાજાવાળી પોળો, એ મરાઠા—સમયના અમદાવાદ શહેરનાં અપવાદરૂપ શાંતિસ્થાનો હતાં.

એવી શાંતિને ખોળે ગામતરાં કરી આવેલા મરદોના હુક્કા ગગડતા હતા, ઘેર ઘેર ઘોડાંના ફરરર એવા પ્રસન્નતાના અવાજ અને પગના પછડાટ ઊઠતા હતા, અને સહુબા પોતાની વહાલી દીકરીને ખોળે રમાડતી ઘરમાં બેઠી.

બાળક જોરશોરથી બાળપ લઈ રહ્યું હતું. મા દીકરીને ધવરાવી રાબડી કરતી હતી તો દીકરી માના દૂધનું સાર્થક્ય બતાવી માને હૃષ્ટપુષ્ટ બનાવતી હતી. બેઉ પરસ્પર જીવનરસ પાતાં હતાં. પોતાના

લાંબા કરેલા પગમાં સાથળ પર છોકરીને ચત્તી સુવાડીને એના હાથ ઝાલી હાથને વાળ વાળ કરતી સદુબા બોલતી હતીઃ

'આ કાંડાં પર તો બેરખા તસોતસ થાય છે માડી! કાલે તો બેરખાનો દોરો બદલવો પડશે. ને હવે મારું કેટલુંક લોહી પીવું છે હેં ઢબૂકલી! હેં હબૂકલી! હબૂકલી ને ઢબૂકલીઃ હબૂકલી ને ઢબૂકલીઃ હસ છ? દીકરીની જાતને ઝાઝું હસવું હોય કે? ચુપ કર! ઝટ મોટી થા, ઘાઘરી ચૂંદડી પેર્ય, લોટી લઈને પાણી જા ને, રંધાવ, ને કામ કરવા લાગ—ને—ને—ને.'

સાદને સાવ ધીરો પાડી કહ્યું: તારે માટે એક ભાઈ લાવવો છે ભગવાન કનેથી. ભાઈને માટે ઝટ ઘોડિયું ખાલી કરી દે—હાં—ઝટ ખોળો ખાલી કરી દે—હાં, ભાઈને હાલાં ગાજે. ભાઈને ચાંદો ચોળી હબૂક પોળી કરજે, ભાઈને પાપા પગી કરી હીંડવજે,—હાં—હાં—હાં—હું—અં, ભાઈ તને પરણાવશે, પછી તને તારે સાસરે ભાઈ તેડવા આવશે, કારણ કે ભાઈની વાડીએ, લચકાલોળ ફૂલ થયાં હશે. એ ફૂલ વીણવા બીજું જાય કોણ?' સદુબા ગાવા લાગી—

વાડી ફૂલી વનફૂલડે.
  ફૂલ કોણ વીણવા જાય!
બેનીબાનું સાસરું વેગળું
  ત્યાં કોણ તેડવા જાય!
જાશે વીરોજી પાતળા
  ઘોડલીએ અસવાર.
લીલી ઘોડી ને પીળો ચાબખો.
  પાતળિયો અસવાર.
ગામને ગરાસીએ પૂછીઉં
  ક્યાંનો રાજા જાય?
નથી રાણો ને નથી રાજીઓ
  બેની તે બાનો વીર!

રો' તો વીરાજી, રાંધું લાપસી
    જાવ તો કઢિયલ દૂધ'
ના રે બેની બા હું નૈ રહું
    રે મારો સંગ ચાલ્યો જાય.

એવું ઝીણા સ્વરનું ગીત ગાતી ગાતી જનેતા નાની પુત્રીના શરીરને ઝુલાવતી તાલ આપતી હતી.

'ઘેલી થઈ જઈશ ક્યાંઈક, ઘેલી!' એમ કહેતા પતિ હરિસિંગ બારોટે હુક્કા સાથે ઘરમાં પ્રવેશ કર્યો ને શરમાઈ ગયેલી સદુબાએ પૂછ્યું:

'ક્યારૂકના ખડકાએ ઊભા હતા?'

'તારું ગાણું શરૂ થયું ત્યારનો.'

તે પછી બન્ને અંધકારની સોડમાં લપેટાયાં.

: ૪ :

સંવત ૧૮૭૨ના ભાદરવા વદ ચોથનો ચાંદો સવાર સુધી ઝળાં ઝળાં થઈને પછી આકાશમાં આછો પડી રહ્યો છે.

પ્રભાત પડતું આવે છે. કસુંબા ને હુક્કા પીવા બારોટ-ડાયરો હજુ ચોરે આવ્યો નથી. હરિસિંગ બારોટ બહાર ઓટે બેઠા બેઠા દાતણ કરે છે. એના ખોળામાં એ ત્રણચાર મહિનાની દીકરી સૂર્યના ઉજાસ સાથે રમી રહી છે. એ વખતે સરકારી સિપાઈઓની એક નાનકડી ટુકડી સાથે મિંયા મરઘા જમાદારે પોળમાં પ્રવેશ કર્યો. આવીને ટુકડી સીધી હરિસિંગ બારોટને આંગણે ઊભી રહી.

'કેમ બા, કોનું કામ છે?'

'તમારું. તમે જ હરિસિંગ બારોટ ને?'

'હા, હું જ. કહો.'

'તમારાં ઘરવાળાંનું નામ સદુબા?'

'હા.'

'એને તેડાવેલ છે.'

'કોણે?'

'સૂબાએ.'

'ક્યાં?'

'ભદ્રની કચેરીએ.'

'કેમ?'

'આરોપ છે.'

'શેનો?'

'ચાલચલગતનો.'

એ એક શબ્દ ઉચ્ચારીને જમાદારે ચહેરા પર એક આછું સ્મિત ફરકાવ્યું.

બારોટની જુવાની એ એક જ બોલના પ્રહારે બેવડ વળી ગઈ. પોતે આ શું સાંભળે છે? છે આવો કોઈ શબ્દ વિશ્વની વાણીમાં? ગુસ્સો કદી નહિ કરવાને ટેવાયલું રાંક હાડવાળું બારોટ વર્ણ: વેર તો શું પણ પોળમાં જેણે કદી સિપાહી જોયો નહોતો: કચેરીનાં જેણે બારણાં દીઠાં નહોતાં: જે બાર મહિને માંડ બે–ત્રણ મહિના શહેરમાં ગાળતો હતો: રાજનું તેડું એ જેને જમના તેડા બરોબર લાગતું: એવો બારોટ જુવાન બંદૂકધારી પાંચ સિપાહીઓની સન્મુખ, આ એક જ શબ્દ સાંભળીને સૂનમૂન બની ગયો.

'જમાદાર સાહેબ! મહેરબાન!' બારોટ કરગર્યો, 'આ તમને કહ્યું કોણે મારા બાપ! આવું કહેતલ કોણ નીકળ્યો?'

'એ બધું કહેશે તમને ઉત્તમ શેઠ.'

'ઉત્તમ શેઠ! ઓતીઓ ચાડિયો!' બારોટનાં કાનના પડદા તૂટવા લાગ્યા. 'અહીં! અહીં ભાટવાડામાં ઓતીઓ પહોંચ્યો? જમાદાર સાહેબ! માવતર! આ શું કહો છો? ઓતીઓ!' એ રાંક હાડના જુવાન બારોટની રગેરગ ઊકળતી હતી. એના શબ્દો એના ગળામાંથી નહિ પણ જાણે એની નસોમાંથી આવતા હતા. એના ખભા પર નાની દીકરી હતી.

ઓતીઓ, એ શબ્દ પતિ બોલ્યા કે તુરત ખડકીમાં ઘરની અંદર અફળાયો. બારસાખ ઝાલીને સદુબા અંદરને ઉંબરે ઊભી હતી. વાર્તાલાપ સાંભળતી હતી. પડતી બચવા એ શાખને ટેકો લઈ ગઈ. એણે ફરી આજ પેલું સોનેરી શેલું પહેર્યું હતું. કારણ કે પતિ ઘેર હતો.

'રહો રહો જમાદાર સાહેબ!! કહેતે હરિસિંગે અંદર જઈ છોકરી સદુબાને સોંપી, બહાવરો બહાવરો બહાર આવ્યો, અને એણે બહાર જઈ બૂમો પાડી: 'મોટા ભૈ! બેચરજી કાકા! શા ભઈ! અહીં આવો.'

પોળમાં સિપાઈ આવ્યા જાણતાં તો નાના મોટા સૌ પુરુષો કસૂંબાપાણી લીધા વગર જ બહાર નીકળી આવી રહ્યા હતા.

કોઈના પગમાં તોડા, કોઈના ગળામાં ટૂંપિયા, કોઈને કાને કોકરવાં, કોઈના હાથમાં હુક્કા, કોઈની મૂઠીમાં અફીણની રૂપેરી ડાબલી. સૌએ ભેઠો બાંધેલી. શિર પર ટૂંકાં ફાળિયાં. સર્વ ડરતા ગભરાતા 'શું છે ભૈ! કેમ મરવા જમાદાર! કયારે આયા?' એવું એવું બોલતાં ઊભા. જનમારો ધરી પોળમાં સપાઈ દીઠેલ નહિ.

'મોટા ભાઈ, કાકા, ભૈયો, સાંભળો, આ શું કહેવાય!' જુવાન હરિસિંગની રાડ ફાટી ગઈ. એના હાથમાં હજુ દાતણ હતું.

એ રાડથી ઘરમાં જનેતાએ તેડેલું બાળક ઝબકી રડી ઊઠયું. સદુબાએ દીકરીને છાતી સરસી ચાંપી રાખી, બહાર ખડકીએ ગઈ. અધઉઘાડાં બારમાંથી જોયું. હરિસિંગ બારોટ પોતાનાં બેઉ લમણાં દબાવી ઓટા પર બેસી ગયો છે.

'હેમત રાખ બા! હેમત રાખ!' કહેતા એને બેચાર જણાએ સંભાળ્યો. બીજાઓએ પૂછ્યું, 'શું છે જમાદાર?'

'શું હોય બીજું? કેટલીક વાર કહેવરાવવું છે? ગામતરે રઝળો છો મરદો, પાછળ બૈરાં શા ધંધા કરે છે તે જાણો છો?'

'અરે અરે ! માતાજીની દુવાઈ ! જમાદાર ! આવાં વેણ ?'

'તમે તમારે ઠેકાણે જાવ. ને એ સદુબાને આગળ કરો.'

'ના જમાદાર, કહો તો અમે મરદો આવીએ—બૈરાં તો અમારાં કચેરીને ઉંબરે નહિ ચડે.'

'નહિ ચડે તો ચડાવીશું.'

એ વખતે ખડકી ઊઘડી અને સદુબા બહાર આવી—છાતીએ દીકરી હતી: હૈયા સરસી ચાંપીને તેડેલી.

'હં—હં—વહુ ! તમે માંઈ રહો.' મોટેરામાંથી એક બોલી ઊઠયો.

એનો જવાબ વાળ્યા વિના જ કાઠાળી પાતળી, સોનેરી શેલામાં શોભતી એ સ્ત્રી મરઘા જમાદાર તરફ વળી.

'કોનું મારું, સદુબાનું કામ છે ?'

'હા, તું જ ને ? ચાલ.'

'હું ચાલું છું—હું પછી ચાલી આવવાની જ છું. પણ હમણાં તો—'

'હાં, હાં, હાં' એવા શોર બારોટ ડાયરામાંથી ઊઠયો, ત્યાં તો—

'હમણાં આને લઈ જા બાપ !'

એટલા શબ્દો કહેતે એણે છાતીએ ચાંપેલી ત્રણ મહિનાની પુત્રીને ઉપાડી, જોરથી એ જમાદાર પર ફગાવી. જમાદાર ખસી ગયો. નાની બાળકી નીચે ભોંય પર પટકાઈ. એ તો ફૂલકળી હતી. ઘડીક તરફડી, પછી નિષ્પ્રાણ કલેવર પડયું રહ્યું. રક્ત ચાલ્યું જતું હતું.

બારોટની શેરી આખી ત્યાં ઠલવાઈ પડી હતી. બસો પાંચસો ઊભા હતા—ડરતા, ગભરાતા ને કાકલૂદીઓ કરતા. પરંતુ જે ઘડીએ સદુબાએ પેટની પુત્રીને પ્રાછટી, તે ઘડીએ હવા બદલી ગઈ. ધરણું

શરૂ થયું. 'અરર !' કહેતા કેટલાક પાછા હઠયા, કેટલાક આગળ ધસ્યા, સૌની આંખો બાળકના કલેવર પર ચોંટી.

'લઈ જા બાપ, લઇ જા એને કચારીએ. હું અબઘડી આવું છું.' સદુબા—ઘડી પૂર્વેની લજ્જાળુ, વિનયવંતી, પગની પાની યે પતિ વગર કોઇને ન દેખાડતી કુલવધૂ, વિફરેલો અવાજે ને ઉઘાડે માથે રાડ પાડી ઊઠી.

'જાવ, જાવ જમાદાર, કાળું કરો !' ટોળામાંથી આગેવાને કહ્યું. હુકળ મચી. દૈન્ય ગયું. દહેશત ગઈ.
બીજો બોલ્યોઃ 'જશે ક્યાં હવે ?'

આંખો બદલી દેખતાં જ જમાદાર ટુકડીને લઈ પાછો વળી ગયો. ઊપડતે પગલે ચાલ્યો, પાછળ સદુબાની બૂમ આવતી હતીઃ આને 'લેતો જા કચારીએ, હું હમણાં આવી સમજ.'

'હાં–હાં–હાં–' બાળકનું શબ લઇને પાછળ દોડવા જતી વહુને બારોટો રોકી વળ્યા.

'બેસો બાપ ! ટાઢાં પડો વહુ મા !' એક બુઢ્ઢાએ કહ્યું.

ચરડડ–પહેરેલ શેલું ફાડીને સદુબાએ એક ટુકડો કાઢયો, પુત્રીની લાશને એક છેડે બાંધી અને ચોકમાં આંબલી હતી તેની નીચી ડાળે બીજો છેડો પોતાને હાથે જ બાંધી દીધો. લાશ લટકતી રહી. પોતે ઘરમાં પેઠી, મોં ઢાંકીને બેસી ગઈ. બારોટોનાં બૈરાંએ એને વીંટી લીધી. લાશની નીચે ભોંય પર ઘીનો દીવો મૂકી ઉપર ચારણી ઢાંકી સૌ બેઠાં.

બારોટ ડાયરો આંબલીની સામે બેસી ગયો. વખત જતો ગયો તેમ તેમ તો પરબની પોળમાંથી, વડી કોટડીની પોળમાંથી, બુખારાની પોળમાંથી પણ ભાટ ડાઘુઓ ટોળે ટોળે આવવા લાગ્યા. સૌ સુમસામ હતા. કોઇના હોઠ પર શબ્દ નહોતો. આંબલીએ ઝૂલતી છોકરીની લાશની સામે કોઇથી જોવાતું નહોતું. સૌનાં

માથાં નીચે ઢળ્યાં હતાં. ડાઘુઓ આવતાં આવતાં સાંજ પડી ગઇ. કોઇને મોઢે કસુંબો લાગ્યો નથી. લાશ આંબલીએ લટકે છે.

'હવે કોની રાહ છે?' એકે કહ્યું.

'ના,' સદુબાનો સ્વામી બોલ્યો: 'નથી ઉતારવી લાશને.'

'પણ હમણાં આવ્યા સમજો.'

'એની જ રાહ છે.'

'પોળનાં કમાડ વાસી વાળો.'

'આવે છે!' એ શબ્દ જીભે જીભે રમવા લાગ્યો. કેટલાકે એકબીજાની સામે જોયું. બીજા પોળને બીજે છેડેથી આવીને કહે કે 'આવ્યા છે.'

'પોળની બેઉ બાજુથી આંતર્યા લાગે છે આપણને.'

'આવવા દો!' કોઇક કહ્યું.

કોઇ ન હલ્યું કે ચલ્યું.

પોળના દરવાજા પર વિશેષ ધણધણાટી બોલી. કમાડ હમણાં તૂટી પડશે જાણે.

'ખોલી નાખો કમાડ.' કોઇકે કહ્યું.

દરવાજા ઉઘાડા મેલાયા. અંદર સરકારી ગીસ્તે પ્રવેશ કર્યો. તલવારો ખેંચાઈ ગઇ હતી.

ભાટ જુવાનો ને ડોસાઓની જીવતી દીવાલ થઈ ગઈ.

'ચાલો કચેરીએ.' ફોજના ઉપરીએ ભાટોને આજ્ઞા સંભળાવી. જવાબમાં ભાટોએ કહ્યું:

'ભલે, અમે મરદો આવીશું.'

'નહિ, બૈરાંએ પણ આવવાનું છે.'

'એમનું શું કામ છે તમારે?'

'એમને ત્યાં જે પૂછે કરે તેના જવાબો દેવાના છે.'

ડોસાઓ ફરી વાર ઊઠયા, સમજાવવા લાગ્યા. 'ભાઈ, અત્યારે મોડી રાત છે, સવારે તમે કહેશો તેમ કરીશું.'

પણ સામા અપાયા જવાબો તોછડા હતા. ફોજ હસાહસ કરતી હતી. સમય જતો હતો. બારોટો જોઈ શક્યા કે આમાં અસલ રાણીજાયો બીબીજાયો નથી આવ્યો, હાલી મવાલીને જ મોકલ્યા છે. લાંબી સમજાવટ પણ નિષ્ફળ નીવડી. રાતના ત્રણચારનો ગજર થયો. ફોજ છેવટે બળજબરીના નિર્ણય પર આવી. એણે કહ્યું કે એ સદુબા બાટડીને તો સોંપી જ દો, નહિતર અમારે હથિયાર ચલાવવાં પડશે.'

'ન સોંપાય ફોજદાર સાહેબ! હથિયાર ચલાવવાં હોય તો તમારી ખુશી.'

'હટી જાવ.'

કોઈ ન હટયું.

કતલ ચાલી.

બૈરાં પણ સદુબાના ઘરની બહાર નીકળી ગયાં હતાં. અંદર એ એકલી હતી.

'બારોટાણી! બારોટાણી!' હરિસંગ બારોટની હાક પડી: 'કયાં છો?'

'આ રહી.'

'બહાર જુવાનો કપાય છે, ખૂણું થઇ રહ્યું છે, ને તમે કેમ માંઇ પેસીને બેઠાં છો હવે બારોટાણી! તમે જો સતી હો તો સતીપણું સિદ્ધ કરો.'

'આ ઊઠી. નથી પેસી રહેવું. ને સતી તો શી રીતે સાબિત થાઉં! પણ તમે તો તરવાર લ્યો. ચાલો, વાટ શી જુઓ છો?'

એમ કહેતી સદુબા બહાર નીકળી. એણે કમરે શેલાની ભેટ બાંધી લીધી ને એણે ગીસ્તની સામે જઇ સ્વામીને કહ્યું, 'જુઓ

છો શું ! કચારીએ લઈ જાવ મને. સૂબો રાહ જોતો બેઠો હશે. ઓતીઓ અધીરો બન્યો હશે. ચાલો, કચેરીએ પોગાડો મને.'

એટલું કહીને એણે ઘૂંટણભેર બેસી, હાથ પાછળ રાખી, મસ્તક ભોંય પર ઢેરવ્યું.

ધણીની તલવારનો ઝટકો સદુબાને શરીરે જનોઇવઢ પડચો. એણે કસૂંબો નહિ લીધેલ હોવાથી ભૂખ્યાં તરસ્યાં લાગ ન ફાવ્યો. પછી તો રિબાતી મામીનું મસ્તક ત્યાં બાણેજ ઊભો હતો તેણે જ છેદયું.

—સરકારી ગીસ્ત ફરીવાર નાઠી.

' હવે ? હવે ભાટ ડાયરો કોની વાટ જુઓ છો ? કોઇના ઘરમાં કળોઈ દીકરીઓ છે કે નહિ ? '

' શું કરવું છે ? '

' શું કરવું છે કેમ ? આની દીકરી ચડી ગઇ ને આપણીઓને સાચવશું ! ચાલો કચારીએ જવું છે. કચારીને આજ જોઈ લેવી છે. પ્રથમ દીકરીઓને વધેરીશું. પછી આપણે પ્રાણ કાઢશું. સૂબાને તૃપ્ત કરી દેવો છે.'

ઘેરે ઘેર ભાટ પુરુષો દોડચા. કોઈ પોતાની બે વરસની, કોઇ પાંચની, સાતની, દસની, બારની, એવી અક્કેક દીકરીને બાવડે ઝાલી બહાર લઈ આવ્યા. હાથમાં તરવારો લીધી.

';ચાલો કચેરીએ.'

' ચાલો, ચાલો કચેરીએ.'

' કાં આજ ભાટ નહિ, ને કાં ચાડિયા નહિ, ઓતીઓ નહિ, ગોધીઓ નહિ, જીવણ ઝવેરી નહિ. આ જ હિસાબ ચોખો કરીએ. કહીએ કે સદુબા પર સાબિત કરી આલ્ય.'

' મા ! માડી ! ઓ માડી ! ' કુમળી કળોયણ છોકરીઓના કળેળાટ ઊઠચા.

'મીઠાઈ આલો. છાની રાખો.'

ઘેરે ઘેર બંધાણીઓ હતા, કસુંબા માથે ખાવા માટે મીઠાઈના લાડવા રાખતા. લાવીને છોકરીઓને અકેક લાડુ આપ્યો.

અકેકે હાથમાં અકેકે છોકરીનું બાવડું, બીજે હાથે ખુલ્લાં ખડ્ગો, એવા બસો ભાટ, પોળ પછી પોળ વટાવી, શહેરની મોટી બજાર પર મૂંગા મૂંગા ચાલે છે. સવારનું મોંસૂઝણું થઇ ગયું છે. એ મૌન શહેરને ચોંકાવે છે. આગળ ભાટ, પાછળ શહેર, મનખ્યાનો મહાસાગર. મૂંગા મૂંગા ઊછળતા માનવલોઢ.

દખણી સૂબો રાધુ રામચંદર બેઠો છે રાજગઢમાં. પાસે ચંડાળ ચોકડી ચાડિયા છે, ઓતીઓ છે, ગોધીઓ છે, જીવણ ઝવેરી છે.

'હું તો કહેતો'તો હજૂર.' ઓતીઓ બોલે છે, 'કે એ ભાટની જાત નાની ફોજથી ન માને. મોટી ફોજ મોકલવી જોઇએ.'

'તો મોટી—'

એ શબ્દો સૂબાના મોંમાં રહ્યા.

'આ શું ગરજે છે?'

એ ઊઠ્યો. બારીએ જઇ જોયું. રાજગઢની બહારના ચોગાન તરફ ચાલી આવે છે કદી ન દીઠેલી એવી મહાલીલા.

ઉઘાડી તલવારો, બાવડે ઝાલેલી કિશોર કન્યાઓ, ડાઘુવેશી ભાટો, ને તેમની પાછળ નગરનાં બેસુમાર લોક.

આવડી મોટી વસ્તી—આ શહેરમાં! બકરાં ઘેટાં પર અમલ કરતો મરાઠો વિસ્મય પામે છે.

—ને ચોગાનમાં ભાટો ગોઠવાય છે. અકેકે કન્યા, અકેકે તલવાર—

મહાજન દોડ્યું છે. નગરશેઠ હેમાભાઈ આવ્યા છે. પગે પડે છે ભાટોને. 'ન કરશો કેર, ન કરશો.'

'તૃપત કરશું સૂબાને, સેનાને, અને ચાડિયાઓને.' ભાટો જવાબ વાળે છે.

પાછળ વસ્તીનો ઘોષ વજ્રગર્જન શો ઊઠે છે.

ભાટો જ્યારે એ તરવારો કુમળી છોકરીઓની ગરદન પર ફેરવશે, ત્યારે વસ્તી લોહી જોશે, વીફરી જશે!

સૂબાના મહેલમાં દોટાદોટ મચી છે. નીચેથી પોકાર પડે છે: 'ચાડિયા ક્યાં છે? ચાડિયાને લાવો. ઓતિયાને લાવો. ગુનો સાબિત કરો. નહિ તો ઓતિયાને સોંપો.'

મહાજન પાઘડી ઉતારે છે. નગર શેઠ રાજગઢની પાછલી બારીએથી ઉપર પહોંચે છે. સૂબાના હૈયામાં હોશકોશ નથી. 'નગરશેઠ, શું છે આ બધું?'

'કાળો કેર થશે હમણાં સરકાર! નગર વીફરી ગયું છે.'

'શાથી?'

'એક સ્ત્રીના બલિદાનથી. તમારી ખેર નથી હો!'

નીચેથી શોર આવે છે:—

'ક્યાં છે સૂબો? ક્યાં છે માતાનો બોકડો? ક્યાં છે ચાડિયા? ઓતિયાને લાવો. સદુબાની ગેરચાલ સાબીત કરો.'

સૂબો સાંભળે છે, પસીને નીતરે છે, નગરશેઠ એક જ વાત કહે છે, 'સરકાર, ચાડિયાને સુપરદ કરો, જલદી ઓતિયાને બહાર કાઢો.'

'પણ હું ઓતિયાનો જાહેર ઇન્સાફ કરાવું.'

નગરશેઠ પાછા પ્રજાજનો પાસે આવ્યા, કહે કે 'ઓતિયાનો જાહેર ઇન્સાફ તોળાવે તો?'

'એ ઇન્સાફની જરૂર નથી. એ ઇન્સાફ થઈ ચૂક્યો છે. સોંપી દો, ઝટ સોંપી દો.'

'સોંપી જ દો સરકાર!' નગરશેઠે સૂબાને છેલ્લી ચેતવણી આપી દીધી. રાઘુ રામચંદ્રે ઊંચેથી નજર કરી. નીચે એટલી મોટી લોક–ઠઠ જામી હતી કે ફોજની પણ કારી ફાવે નહિ. સૌની મોખરે નિર્દોષ કુમળી કન્યાઓ, પિતાઓનાં ખુલ્લાં ખડ્ગો તળે લાડુ ખાતી હતી.

'આમાંથી એક છોકરીની ગરદન પર તલવાર પડશે ને સરકાર!' નગરશેઠે સૂબાને સમજ પાડી, 'તો પછી આ ભદ્રનો પતો નહિ મળે.'

થોડી વારે દરવાજા બહાર એક 'આબરૂદાર' માણસનું શરીર ધકેલાઈ આવ્યું. પાટણશાહી સોનેરી લાલ પાઘડી, સફેદ અંગરખી, દુપટ્ટી ને ચમચમતા જોડા.

સૂબા સરકારનો કલેજાનો કટકો એ ઉત્તમ હતો.

'ઓતિયો! ઓતિયો! આવ્યો, સોંપાયો.' લોકો ગર્જ્યા.

'મારી નાખો.'

'નહિ, એમ નહિ.'

'ત્યારે?'

'હજામને બોલાવો.'

હજામ આવ્યો. ઓતીઆનું માથું મૂંડ્યું. માથે ચૂનો ચોપડ્યો.

'ગધેડો લાવો.'

એ ગધેડે એને બાંધીને ચડાવ્યો.

'ચાલો વિવાહમાં.'

સરઘસ ઊપડ્યું. રસ્તામાં એક નાયક બૂમ પાડી પાડી કહે છે: 'આ ઓતિયો ચાડિયો છે ભાઇઓ! ઘણાંનાં ખૂન પીધાં છે. દરેક જણ અકકેક પથ્થર મારો એને. ન મારે તેને શિરે શહેરનું પાપ!'

પથ્થરોની ઝીંકાઝીંક વચ્ચે ઓતીઆને લઇ ગધેડો ચાલ્યો.

સરઘસ આખા શહેરમાં ભમ્યું. 'ચાડિયાનો નાશ કરો, ચાડિયાને ખતમ કરો.' એ શબ્દો પોળે પોળે પડ્યા. ને કૈંક

પોળો વાળાં ટોળે વળી ચર્ચા કરવા ઊભાં રહ્યાં. ' આપણી પોળનો પેલો ગોધીઓ—તે પણ ચાડિયો છે.'

' મારો એને. પૂરો કરો.'

બીજી પોળમાં ટોળાએ પોકાર્યું: ' આપણી પોળમાં જીવણ ઝવેરી ચાડિયો છે.'

' પકડો, ખતમ કરો. '

એમ પોળે પોળનું લોક પોતપોતાના ચાડિયાને ઘેર દોડ્યું.


બપોરે જ્યારે ઓતિયાનું સરઘસ પાછું ફર્યું ને પ્રેમ દરવાજા પાસે એને પથ્થર મારી મારી પ્રાણ કાઢી દાટી દીધો, ત્યારે બીજી દરેક પોળના પણ સમાચાર આવ્યા, કે દરેકે પોતપોતાના ચાડિયાને પતાવી નાખેલ છે.

અઢાર મણ દૂધપાક આરોગી જનાર એ તમામ ચાડિયાઓનો સં. ૧૮૭૨ ના ભાદરવા વદ પાંચમની સાંજ સુધીમાં નાશ થઈ ગયો.

સદુબાનું શબ સૂતું હતું તેને તે પછી નગરજનોએ નાની પુત્રી સહિત દેન પાડ્યું.

ત્યાં આજે એક દેરી છે. એની દીકરીની લાશ જ્યાં લટકી હતી તેની નીચે દીપમાલ બાંધી છે. ચોરો છે. આંબલીનો અતિશય વિસ્તાર થઈ ગયો હતો તેથી એને મૂળથી કાપી નાખી છે. એ લતાનું નામ સદુમાતાની પોળ છે.

★


paillard
મહેતા ફોન ટોકીંગ મશીન કું

ગરવી ગુજરાતણોના
દીલને સાદ દેતું

વડોદરાનું

એક અને અજોડ

વસ્ત્ર પરીધાનનું મથક

અમે દરેક જાતનાં સોનેરી રૂપેરી અબરખીયાં–સાડી, પાતળ
રેશમી પટોળાં બ્લાઉઝ વગેરે મનમોહક રંગોમાં
રંગી આપીએ છીએ.

**દરેક જાતના છાપકામ તથા રંગવા ધોવા માટેનું
આ માનીતું મથક છે.**

•

અજમેરી, જામનગરી બાંધણી અને જોધપુરી
બીકાનેરી લહેરીયાં બનાવી આપવામાં આવે છે.

•

**અબરખીયાં, રેશમી સાડી તથા બનારસી સાડીને બેઝબે
ફેશનનું ડ્રાયક્લીનીંગ કરી પોલીસ કરી આપવામાં આવે છે.**

ભરત કામનો સામાન, બટી, મોજાં, ફૂમતી, ગંજીફરાક,
બોડીસ, રૂમાલ વગેરે મળે છે.

કંટ્રોલ ભાવે કાપડ પણ મળે છે

વિશ્વાસપાત્ર મથક:

બોમ્બે બરોડા બ્લીચીંગ, ડાઈંગ
એન્ડ કેલીકો પ્રીન્ટીંગ વર્કસ

કારખાનું:–શાસ્ત્રીની પોળ | શોરૂમ:–ટાવર પાસે,

વડોદરા.







વસંત એન્જીનિયરીંગ લી.